શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણ-
મહાપ્રભુજીના ૫૦૯મા
પ્રાકટ્યોત્સવના શુભપ્રસંગે
સદૈન્ય વંદન સાથે

કૃપાકાંક્ષી
તિલક

# તમે પણ પુષ્ટિમાર્ગીય છો!

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ॥

અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્ વર્જનમાચરેત્।
નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ।

બ્રહ્મસંબંધ વિના બધા દોષોની નિવૃત્તિ સંભવ નથી તેથી અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો જોઈએ. તેથી પરિવારજનોને સેવામાં સહયોગી બનાવવા જોઈએ તેમજ અચેતન ગૃહ, વિત્ત, અન્ન, વસ્ત્ર, આભૂષણ વિગેરેને પણ યોગ્ય રીતે ભગવત્સેવામાં વાપરીને પોતાના કામમાં લાવવા જોઈએ. આ આપણા ભક્તિમાર્ગની નિર્દિષ્ટ મર્યાદા છે. (પુરુષોત્તમજીની વ્યાખ્યા શ્લો. ૪-૫)

બીજાદકર્થપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા...... કૃષ્ણં ભજેત્

આપણા માર્ગમાં ભગવદ્ભજન ઘરમાં સેવા વિના સંભવતું નથી. ઘરમાં કરવામાં આવતા ભગવદ્ભજનના પ્રકાર સિવાય બીજો કોઈ પણ ભગવદ્ભજનનો પ્રકાર છે જ નહિ. તેથી ભગવદ્ભજન માટે અનુકૂલ એવા ઘરમાં રહીને સ્વધર્મતઃ શ્રીકૃષ્ણની સેવા કરવી (શ્રી ગોકુલેશની વ્યાખ્યા શ્લોક ૨)

કૃષ્ણસેવા સદા કાર્યા...... તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા

ભગવત્સેવા માટે બીજાનું ધન લેવું કે બીજાને ધન આપવું તે ભગવત્સેવા કરવાની ઉચિત રીત નથી. તેથી શ્રીમહાપ્રભુજી તનુજાસેવા અને વિત્તજાસેવા એમ બે નોખી નોખી સેવા કરવાનો ઉપદેશ આપતા નથી. પણ તનુવિત્તજા એમ એક જ સેવા કરવાનો ઉપદેશ આપે છે. (પ્રભુચરણ શ્રીગુસાંઈજીની વ્યાખ્યા)

સેવા માટે બીજાને ધન આપવાથી અહંકાર વધે છે. સેવા માટે બીજાનું ધન લેવાથી સેવા નિષ્ફળ બની જાય છે. (શ્રી પુરુષોત્તમજીની વ્યાખ્યા)

દાને હિ ન સ્વનિયોગઃ ન તુ નિવેદને

પ્રભુને જે કંઈ ભેટરૂપે ધરવામાં આવે તે પ્રભુને દાનરૂપે અપાયું હોવાથી દેવદ્રવ્ય બની જાય છે. તેનો પ્રસાદ તરીકે પાછો ઉપભોગ આપણે કરી શકતા નથી. પ્રભુને નિવેદન ફક્ત કર્યું હોય તો લઈ શકાય છે.

(પ્રભુચરણની નવરત્નની વ્યાખ્યા)

તબ એક વૈષ્ણવને શંકા કિની જો મહારાજ યા દિન આપુને રાજભોગ તાંઈકો પ્રસાદ ગોઆનકો ખવાયકે અરુ શ્રીયમુનાજીમેં પધરાયો તાકો કારણ કહા? તબ આપ કહે જો કોઈ (વિરવી) ઘરિકે સામગ્રી આઈ સો તો ભોગ શ્રીઠાકોરજી આપકી કે દ્રવ્યકો આરોગે સો તો આપકી કો ભયો જો શ્રીઠાકોરજીકો દ્રવ્ય ખાયગો સો મેરો નાહિ અરુ મેરો સેવક ભગવદીય હોયગો સો દેવદ્રવ્ય કબહૂ ન ખાયગો, જો ખાયગો સો મહાપતિત હોયગો. તાતે યા પ્રસાદમેં તે ભોજન કરવેકો અપનો અધિકાર ન હતો. યાકે લિયે ગોઆનકો ખવાયો અરુ શ્રી યમુનાજીમેં પધરાયો. (નિજવાર્તાઘરુવાર્તા)

કૃતિઃ કૃતાપ્યેત કથિતઃ પ્રોક્તાઃ ગુરવઃ સાધનં ચ તત્
ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદિષ્યતે

(શ્રી મહાપ્રભુજીકૃત સંન્યાસનિર્ણય)

ગુપ્તસ્યૈવ અભિવૃદ્ધિસ્વભાવકત્વાદ આશ્રમધર્મૈરેવ
લોકે સ્વં ભગવદ્ભાવમ્ અનાવિષ્કુર્વન્ ભજેત્...
એતેન યાવદ અન્તઃકરણે સાક્ષાત્ પ્રભોઃ પ્રાકટ્યં નાસ્તિ
તાવદેવ બહિરાવિષ્કરણં ભવતિ પ્રાકટ્યે તુ તથા ન સંભવતિ
(અણુભાષ્ય ૩/૪/૪૦)

પુષ્ટિભક્તિ વ્રજભક્તોના ભાવોની ભાવના સાથે કરવી જોઈએ. બીજા કોઈ સાધનની અપેક્ષા નથી છતાંય ભાવ જો ગુપ્ત રહે તો જ વધે છે. તેથી પોતાના આશ્રમધર્મોની આડમાં પોતાના ભગવદ્ભાવને ગુપ્ત રાખીને ભગવદ્ ભજન કરવું જોઈએ. જેના હૃદયમાં પ્રભુ નથી બિરાજતા તે જ પોતાના ભાવોને જાહેરમાં પ્રદર્શન કરતો હોય છે. જો પ્રભુ હૃદયમાં બિરાજતા હોય તો તે સંભવ નથી.

કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દંભાદિરહિતં નરમ્
શ્રીભાગવતતત્વજ્ઞં ભજેત્ જિજ્ઞાસુરાદરાત્
તદભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્
પરિચર્યાં સદા કુર્યાદ

જે ગુરુ સેવાને ઉત્તમ માનીને સેવાનો ઉપદેશ આપતો હોય તો તે પોતે કેમ સેવા પરાયણ ન રહે? તેથી જે સેવાપરાયણ હોય તેને જ ગુરુ બનાવવા. તે ભગવત્સેવા દંભ (ધનસંગ્રહ, શિષ્યસંગ્રહ, સંગઠનસંગ્રહ કે યશસંગ્રહ) વિગેરે હેતુથી પ્રેરિત ન હોવી જોઈએ. કેમકે સિદ્ધાંત મુજબ કરવામાં આવતી સેવા જ પુરુષાર્થરૂપા હોય છે. મનમાં બીજા હેતુઓ હોય અને બાહરથી સેવાપરાયણતા દેખાડિયે તો તેવી સેવા સફલ થઈ શકતી નથી. ગુરુ શ્રીમદ્ ભાગવતના મુખ્ય સિદ્ધાંત કે તત્ત્વનો જાણકાર પણ હોવો જોઈએ. જો એવો ગુરુ ન મળે તો પોતે જ ભગવત્સેવામાં પ્રવૃત્ત થઈ જવું જોઈએ.
(શ્રી મહાપ્રભુજીકૃત સર્વનિર્ણયની વ્યાખ્યા)

તેન ગુરુત્વમેવ વૃત્તિત્વેન ફલતિ યુક્તં ચ એતદ
અનુપકૃત્ય પરસ્વગ્રહણે ઋણિત્વેન બંધસ્ય પ્રસંજ્ઞાત્
કિંચ ઋતોત્તરમ્ અમૃતાખ્યાયાઃ અયાચિતવૃત્તેઃ ઉક્તત્વાત્
તસ્યામપિ શિષ્યસ્યૈવ ગ્રાહ્યં ન ઇતરસ્યેતુ એવં સંપ્રેયે
તસ્યામપિ પ્રશસ્તત્વસિદ્ધિઃ

તેથી ગુરુ તરીકે આવતી ધરભેટથી ગોસ્વામિમહારાજશ્રીનો નિર્વાહ થવો જોઈએ. આ રીતિ ઉચિત છે. નહિ તો કોઈ પણ રીતે ઉપકાર કર્યા વિના બીજાનું ધન લેતા તેનો ઋણી થવું પડે છે જે બંધનકારક હોય છે. વળી વિના માંગે જે મળતું હોય તેમા પણ ગુરુભાવે જે કાંઈ શિષ્ય આપણને આપે તેથી નિર્વાહ કરવાનું વ્રત લઈએ તો તે વધારે પ્રશંસનીય છે.
(પુરુષોત્તમજીકૃત સ્વપ્તાવાદનો અનુવાદ)

ચિતિંચ ચિતિકાષ્ઠં ચ પૂયં ચંડાલમેવ ચ।
સ્પૃષ્ટ્વા દેવલકં ચૈવ સવાસા જલમાવિશેદ॥
દેવાર્ચનપરો યસ્તુ વિત્તાર્થી વત્સરત્રયમ્।
સર્વે દેવલકો નામ હવ્યકવ્યેષુ ગર્હિતઃ॥

મડદા, તેના દાહ માટે વપરાયેલા લાકડા, રુધિર-માંસ, મરેલા જાનવરની ખાલ કાઢીને વેચનાર, તેમજ ધન કમાવવા માટે દેવપૂજા કરનાર, આટલી વસ્તુ કે વ્યક્તિનો સ્પર્શ થતાં પહેરેલે કપડે સ્નાન કર્યા પછી જ ઘરમાં પ્રવેશ કરવો જોઈએ
(પુરુષોત્તમજી રચિત દ્રવ્યશુદ્ધિ)

તતો ભાગવતં કૃતમ્ એતદભ્યસનાલ્લોકે
મુખ્યતેનુપક્ષવનાત્... પઠનીયં પ્રયત્નેન સર્વ
હેતુવિવર્જિતં. વૃત્ત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ
કંઠગતૈરપિ. તદભાવે યથૈવ સ્યાત્ તથા નિર્વાહમાચરેદ

શ્રીમદ્ ભાગવતના અભ્યાસથી જ બધું સિદ્ધ થાય છે પણ શરત એક જ તેનું પ્રવચન/શ્રવણ આજીવિકા માટે થતું ન હોય તો. કેમ કે મહાન દોષ છે તેથી ભાગવતપાઠ કોઈ પણ જાતના (ભેટીળ ભેગું કરવા વિગેરે) હેતુથી રહિત હોવવો જોઈએ. આજીવિકા માટે તો પ્રાણ ગળામાં અટક્યા હોય તો પણ ભાગવતનો ઉપયોગ કરવો જોઈએ નહિ.

આમ ઉપર જણાવેલ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી સર્વથા વિપરીત હોવા છતાંય જાહેર ટ્રસ્ટ મંદિરો/જાહેર માનગી મંદિરોમાં થતા ભગવત્સેવાના ભવાડામાં ભેગા થઈને, ત્યાં નિત્યનિયમે દર્શન કરવા જવાના દુરાગ્રહ થી, ધનોપાર્જન માટે કરવામાં આવતા મનોરથોની ઝાંખી ના ધતિંગને આર્થિક કે બીજી રીતે સક્રિય પ્રોત્સાહન આપી, દેવદ્રવ્યથી ધરવામાં આવેલ ભોગસામગ્રીને કે જેનો પ્રસાદ લેતાં શ્રીમહાપ્રભુજી આપણને 'મહાપતિત' ગણે, તેને પણ મોહવશ લઈને તેમજ ભંડોળી ભાગવતકથાઓને આર્થિક કે બીજી રીતે પ્રોત્સાહન આપી આપણે આપણા શ્રીમદાચાર્યચરણ સાથે જબરદસ્ત વિશ્વાસઘાત કર્યો છે.

તેના પરિણામરૂપે આજે આપણા દેશની સર્વોચ્ચ અદાલતે આપણા સિદ્ધાંતોની અવગણના કરીને ગણ-ગણ ચુકાદાઓ આપણી વિરુદ્ધ આપ્યા છે.

જૂનાગઢના છગનલાલ કકડ અને વજુભાઈ જોબનપુત્રા જેવા વલ્લભસંપ્રદાયદ્વેષી લોકોની હલકી વાતો ન્યાયાધીશોને ગળે ઉતરી જાય છે. પણ આપણા દિવ્ય સિદ્ધાંતો તેઓને ગળે ઉતરતા નથી. પારિવારિક ભાવનાથી પૂર્વમાં ફક્ત દર્શન માટે આપવામાં આવેલી છૂટના દુષ્પરિણામ રૂપે આજે સંપ્રદાયના ધર્મગુરુઓને પૂજારીપણાની હલકી પાયરી ઉપર બધી રીતે પટકી દેવા માટે સંપ્રદાયવિરોધી કુનેહ સફળ થવા જાય છે. જતે દહાડે હતાશ ગોસ્વામીવર્ગ પોતાને કેવલ પુજારી માની બેસવાની માનસિકતાથી ઘેરાઈ જશે. આપણા દિવ્યસંપ્રદાયની આવી દુર્ગતિ કરવાની જિમ્મેદારી વૈષ્ણવો ઉપર છે કે મહારાજશ્રીઓ ઉપર એ વિવાદનો સમય હવે વીતિ ગયો છે.

આવો! આપણે શ્રી મહાપ્રભુજીથી આપણા દુષ્કૃત્યની ક્ષમા-યાચના માંગીયે સોગંદ લઈએ કે

(૧) પોતાને માથે ન બિરાજતાં હોય તેવા કોઈ પણ શ્રીઠાકોરજીના દર્શન કરવાનો નિત્યનિયમ નહિ લઈએ. કે જેથી કોઈ પણ પુષ્ટિપ્રભુને નંદાલય છોડી જાહેર અનાથાલયમાં બિરાજવાનો પરિશ્રમ થાય કેમ કે આપણા આવા દુષ્કૃત્યથી જાહેર જનતાનો કાનૂની અધિકાર ઉભો થતો હોય છે.

(૨) જે મનોરથો મનોરથીના પોતાના ધનથી પોતાને માથે અને પોતાને ઘરે બિરાજતા સ્વરૂપોના પોતાના અંગત ભગવદીયો સાથે ઉજવવા માટે નથી તેવા મનોરથોમાં ભેટ સામગ્રી આપી કે દર્શન કરવા જઈને શ્રી મહાપ્રભુજીના શ્રીનિધિ સ્વરૂપ, સંપ્રદાય કે સિદ્ધાંતને હવે આપણે કદી પણ દગો નહિ આપીએ.

(૩) જાહેર મંદિરોમાં શ્રીમહાપ્રભુજીનાં સિદ્ધાંતથી વિપરીત દેવદ્રવ્યથી અથવા ગેરવલ્લભસંબંધી દર્શનાર્થીઓના દ્રવ્યથી ધરવામાં આવતી ભોગ-સામગ્રી શ્રીપુષ્ટિપ્રભુ આરોગતા જ નથી. તેથી તે પ્રસાદ છે જ નહિ. બલ્કે કોઈ પણ સંજોગમાં પાતિત્યકારક જ છે. તેથી હવે આપણે તે કદી પણ લઈશું નહિ.

(૪) ભંડોળ ભેગું કરવા માટે જાહેરમાં કરવામાં આવતા ભગવન્મનોરથ કે ભાગવતકથામાં દર્શન-શ્રવણ માટે હવે કદિ પણ ભેગા થઈશું નહિ તેથી તેવી દુષ્પ્રવૃત્તિને પ્રોત્સાહન (આર્થિક કે સક્રિય સહયોગના રૂપે) મળી શકે.

આજ દિવસ સુધી આમ જે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનો ઉલ્લંઘન અજ્ઞાનવશ કે મોહવશ થઈ ગયો છે તે અમારા અપરાધને શ્રીપુષ્ટિપ્રભુ, શ્રીમહાપ્રભુજી અને શ્રીપ્રભુચરણ ક્ષમા કરે! તેઓ પોતાની પુષ્ટિસૃષ્ટિના જીવનોને પુષ્ટિપથની યાત્રામાં અગ્રસર થવા મતિ રતિ અને ક્રિયાશકિત પ્રદાન કરે! "બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મ પ્રસીદતુ!"

* * *

# પ્રસ્તાવના

## શ્રીહરિઃ

શ્રીસુબોધિનીજીના વિવિધ વચનોની ચયનિકા ઘણા વર્ષો અગાઉ પરમ ભગવદીય શ્રી નાનાલાલ ગાંધીએ સંકલિત કરીને વિક્રમ સંવત ૧૯૯૫માં પ્રકાશિત કરાવી હતી. હાલમાં પરંતુ તે ગ્રંથ મળતો નહોતો.

શ્રીસુબોધિનીનું સાંગોપાન અધ્યયન આજની ધાંધલ ભરેલી જીવન પ્રણાલિમાં દુર્લભ ભગવદનુગ્રહ વિના શક્ય જ નથી. તેથી "નચ દ્રુષ્ટ સુબોધિની વૃથા તજ્જન્મ ભુતલે"નો શ્રી હરિરાયજીનો ઉદઘોષ ઘણા બધા પુષ્ટિમાર્ગીય જીવોના ભૂતલ ઉપર વૃથા જન્મનો ઘોષ કરી રહ્યો છે. શ્રી સુબોધિનીજીના સાંગોપાન અધ્યયનને જો અવગાહન કે પાન માનીએ તો આ વચનચયનિકાને આચમન માની શકાય છે. શ્રીમદાચાર્યચરણની વાણીનું આચમન પણ કેટલું દિવ્ય આલ્હાદક છે તે આ ગ્રંથના અવલોકનથી જાણી અને માણી શકાય છે.

આજીવિકા માટે કરવામાં આવતા ભગવતસેવાના ભવાડામાંથી પુષ્ટિપ્રભુને અને છપ્પનભોગના વ્યવસાયિક જાહેર મનોરથોના પેંડાઓમાં કચડાતી પુષ્ટિમાર્ગીય ભકિત અને નિષ્ઠાને જો બચાવવી હોય તો શ્રી મહાપ્રભુજીના ષોડશ ગ્રંથ-સુબોધિનીજી વિગેરેમાં મળતી આવી સુકતીઓનું સંકલન નિરંતર પ્રકાશિત થતું રહેવું જ જોઇએ. તેથી સંકલનકર્તા શ્રી નાનુલાલ ગાંધી તથા પ્રકાશકનું સાભાર સ્મરણ સાથે અને પુનર્મુદ્રિત કરનાર શ્રી તિલક પરીખને પણ ભરીશ: અભિનંદન અમારા આપીએ છીએ.

**ગોસ્વામી શ્યામમનોહર**

વિલેપાર્લા જુહુસ્કીમ
મુંબઈ-૪૦૦ ૦૫૬
ચૈત્ર વદ ૧૧

# ઉપોદ્ઘાત

શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિત શ્રીસુબોધિનીજીના નામથી પુષ્ટિમાર્ગીય કયો વૈષ્ણવ અજ્ઞાત હશે? આ ગ્રંથના જે જે ભાગ પ્રસિદ્ધ થયેલા જાણવામાં આવતા તેનો હું સંગ્રહ કરતો અને જે સ્થળે તેના વાચનની જરૂર જણાય ત્યાંથી તે વાંચતો. પરંતુ પદ્ધતિથી પ્રથમથી અનુસંધાન રાખી આ ગ્રંથ મેં વાંચેલ નહિ. સંવત ૧૯૮૫ના ઉનાળામાં શ્રીગોકુલમાં મને એ વૈષ્ણવે આ ગ્રંથનું નિયમસર પ્રથમથી અનુસંધાનપૂર્વક વાંચન કરવાનું સૂચવ્યું અને તે પ્રમાણે તેનો પાઠ કરવાનો મેં આરંભ કર્યો. આ સમગ્ર ગ્રંથ ઉત્તમ જ છે. છતાં તેમાંથી કેટલાક સારાં સારાં વચનોની નોંધ કરવા માંડી. વાંચન પૂરું થતાં આ નોંધ પણ ઘણી મોટી જણાઈ તેથી તેમાંથી પણ ટૂંકાણ વચનો મૂકી ટી. ભાઈશ્રીનાનું ગુજરાતી ભાષાંતર કર્યું અને તે વચનોને વિષયવાર ગોઠવી દરેક વિષય ઉપર શ્રીસુબોધિનીજીમાં શું કહેલ છે તે જણાય તે માટે વિષયવાર નોંધ કરી.

આ કાર્ય સંવત્ ૧૯૮૮ના અરસામાં પૂરું થયું આ નોંધ ઘણીવાર મને બહુ ઉપયોગી થઈ પડતી. તેથી તેનો લાભ સર્વ વૈષ્ણવોને મળે તેવો હેતુથી તે પ્રસિદ્ધ કરવા વિચાર થયો. શાસ્ત્રીજી વસંતરામભાઈ સંવત્‌૧૯૯૪ના માર્ગશીર્ષ માસમાં અહિં આવેલ ત્યારે તેમને મેં એ દેખાડેલી અને તેમણે પોતાના માસિક શુદ્ધાદ્વૈતમાં એ ક્રમશ: પ્રસિદ્ધ કરવા કહ્યું. મેં એ સર્વ સાહિત્ય તેમને મોકલ્યું અને તેમણે એ પ્રસિદ્ધ કર્યું. પ્રસિદ્ધ કરવાનું સર્વ માન તેમને ઘટે છે.

આ ગ્રંથમાં શ્રીસુબોધિનીમાંથી જ વચનો ઉદ્ધૃત કરેલ હોવાથી તેનું નામ 'શ્રીસુબોધરત્નાકર' રાખેલું છે. શ્રીસુબોધવચનામૃતને અનુક્રમે ૧-૨ એમ ૯૪૦ સુધી અંક આપેલ છે. દરેકને અંતે ત્રણ અંક છે તે અનુક્રમે સ્કંધ અધ્યાય અને શ્લોક જણાવનારા છે એટલે તે અંકથી જણાવેલ સ્કંધના, તે અધ્યાયના તે શ્લોકના શ્રીસુબોધિનીમાંથી તએ વિષય જે સુબોધ મળી આવશે. ગુજરાતી વિષયવાર નોંધમાં કૌંસમાં અંક મૂકેલ છે તે એ વિષય જે સુબોધમાં કહેલ છે તે સુબોધના અનુક્રમનો અંક છે. તેથી તે એકનું સુબોધ જોવાથી તે મળી આવશે અને તેની અંતે જે ત્રણ અંકો હોય તે જોવાથી તે શ્રીસુબોધિનીજીમાં ક્યાં છે તે પણ જણાશે.

શાસ્ત્રીજી વસંતરામભાઈની પ્રવૃત્તિ ઘણી હોવાથી તે પોતે પ્રુફ જોઈ શક્યા નથી અને તે કામ તેમણે બીજા કોઈને સોંપ્યું હશે તેથી અશુદ્ધિ ઘણી રહી ગઈ છે. તેથી શુદ્ધિપત્ર મોટું લખવું પડ્યું છે. આ શુદ્ધિપત્ર પ્રમાણે સુધારા કરી પછી ગ્રંથનો ઉપયોગ કરવાથી ભૂલ થવાનો ભય ઘણો ઓછો થઈ જશે.

નં. ૭૧૨ના શ્રીસુબોધ ઉપર જરા સર્વનું ધ્યાન ખેંચું છું. ભગવાન ગુરુ સાંદીપનિ પાસે ૬૪ કલાઓ શીખ્યા તેમાંની એક કલાનું આ વર્ણન છે. આ 'સીનેમા'ને મળતું છે.' એમ હોય તો તે સમયે પણ આ કલા આપણાથી અજ્ઞાત નહતી.

આ ગ્રંથ સર્વ વૈષ્ણવોને ઉપયોગી થાઓ અને તેનું પઠન કરનાર સર્વ વૈષ્ણવો ઉપર વાક્પતિ શ્રીમદ્વલ્લભાચાર્યજી પ્રસન્ન રહો એમ ઇચ્છું છું.

નાનુલાલ નારાયણ ગાંધી.

રાજકોટ સદર
વૈશાખ વ ૭
સંવત ૧૯૯૫

॥ श्रीगोकुलेशो विजयते ॥

# श्रीसुबोधरत्नाकर

१ एषा हि समाधिभाषा । तत्र हि पुरुषप्रयत्नो भक्तावेव । सुदृढः सर्वतोधिकस्नेहस्त्वात्मत्वेन ज्ञाते भवति । माहात्म्यज्ञानं तु सख्यादिभिः । तत्र द्वयं साधयितुमेषा भागवतसंहिता ।

१ આ સમાધિ ભાષા છે. તેમાં પુરુષ પ્રયત્ન ભક્તિમાંજ છે....(ભગવાન) આત્મા છે એમ જણવામાં આવે ત્યારે (ભગવાનમાં) ઘણો દ્દઢ અને સર્વથી અધિક સ્નેહ થાય. સખ્ય વગેરેથી ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થાય. આ બંને પ્રાપ્ત કરવા આ ભાગવતસંહિતા (રચી) છે.

२ यथा हि यज्ञा महात्मावगतिश्च, काण्डद्वयार्थोऽन्योन्यहेतुभूतः, तथात्र भक्तिहेतुरिति निरूपयितुं गायत्री बीजं, वेदो वृक्षः, भागवतं फलम् इति निरूप्यते । अतः काण्डद्वयार्थनिष्णातोप्यफलवृक्ष इव व्यर्थ इति भागवतारंभः ।

२ જેમ યજ્ઞો અને બ્રહ્મનું આત્મા તરીકે જ્ઞાન એ ( વેદના ) બંને કાંડોનો અર્થ એક બીજા (કાંડનું જ્ઞાન મેળવવાના) હેતુરૂપ છે તેમ અહિં ભાગવતમાં બંને પણ ભક્તિના હેતુરૂપ છે એમ જણાવવા, ગાયત્રી બીજ (છે), વેદ વૃક્ષ (છે) અને ભાગવત ફલ (છે) એમ નિરૂપણ કરેલું છે. તેથી (વેદ) બંને કાંડના અર્થમાં સંપૂર્ણ હોવા છતાં ફલરહિત વૃક્ષની પેઠે વ્યર્થ હોવાથી ભાગવતનો આરંભ (કરેલો છે).

३ धर्मो ज्ञानं च साधनम् । भगवदाविर्भावः साध्यः । तदनु तत्र प्रवेशः फलम् । एतत्सर्वं भागवतादेव भवतीति विशिष्टकल्पद्रुमत्वम् ॥ १–१–२

૩ ધર્મ અને જ્ઞાન સાધન છે. ભગવાનનો આવિર્ભાવ સાધ્ય છે. ભગવાનનો આવિર્ભાવ થયા પછી ભગવાનમાં પ્રવેશ એ ફલ છે. આ સર્વ ભાગવતમાંથીજ થાય છે તેથી ભાગવત ઉત્તમ કલ્પવૃક્ષ છે.

४ (ईश्वरः) भागवतश्रवणमात्रेण हृदयारूढो भवति विचारचिन्तनव्यतिरेकेणापि ॥ १–१–२

૪ વિચાર અને ચિંતન વિના પણ માત્ર ભાગવતના શ્રવણથીજ ઇશ્વર હૃદયારૂઢ થાય છે.

५ सृष्ट्यादीनां लीलात्वे ज्ञाते भक्तिर्भवति न कार्यत्वे । कौतुकाधिष्ठितेन अनायासत्वेन क्रियमाणं कर्म लीला ।१-१-४

६ सर्वत्र भगवत्कथायामान्तरो भावो मुख्यः । न तु वाक्यमात्रम् । १-१-२

७ पादसंश्रयणं भक्तिमार्ग एव ।

८ कीर्तनकर्तृणामपि कीर्तिर्यत्र सर्वान्पुनाति, तत्र किं वक्तव्यं कीर्तनस्य सर्वपावकत्वम् ॥१-१-१६

९ अनायासेन हर्षात्क्रियमाणा चेष्टा लीला ॥ १-१-१७

१० यथा यथा ह्यज्ञानं निवर्तते तथा तथा भगवद्रसास्वादो भवति । यथा ज्वरविमोकेऽन्नस्य ॥ १—१-१९

११ अत्र (भागवते) हि यथा यथा विरक्तस्तथा तथाऽधिकारी ॥ १-२-१

१२ भगवद्धर्मेषु हृदयं प्रविष्टेषु हि भयं निवर्तते । बलिष्ठस्य हि भयाभावः । बलं भगवत एव ॥ १-२-२

१३ भागवतस्य भगवद्रूपत्वाद्यथा भगवतः स्वः असाधारणोऽनुभावः सर्वभक्तेषु तथा भागवतस्यापि तच्चिन्तकेषु ॥ १-२-३

१४ रुचिः श्रवणादिः प्रेम चेति भक्तिस्त्रिविधा ॥ १-२-४

૫ સૃષ્ટિ વગેરેને કાર્ય જાણવાથી ભક્તિ થતી નથી, પરંતુ (ભગવાનની) લીલા જાણવાથી ભક્તિ થાય છે. કૌતુકવાળા થઇ પ્રયાસ વિના કર્મ કરે તે લીલા.

૬ ભગવાનની કથામાં સર્વત્ર અંદરનો ભાવ મુખ્ય છે. વાક્ય માત્રની મુખ્યતા નથી.

૭ (ભગવાનના) ચરણનો સારી રીતે આશ્રય ભક્તિમાર્ગમાંજ છે.

૮ કીર્તન કરનારાઓની કીર્તિ પણ સર્વને પવિત્ર કરે છે તો પછી (ભગવાનનું) કીર્તન સર્વને પવિત્ર કરે એમાં શું કહેવું ?

૯ પ્રયાસ વિના હર્ષથી કરવામાં આવતી ચેષ્ટા તે લીલા.

૧૦ જેમ તાવ ઉતરે અન્નનો (સ્વાદ આવે છે) તેવી રીતે જેમ જેમ અજ્ઞાન દૂર થાય છે તેમ તેમ ભગવદ્રસનો સ્વાદ આવે છે.

૧૧ જેમ જેમ વિરક્ત થાય તેમ તેમ ભાગવતનો અધિકારી થાય છે.

૧૨ ભગવાનના ધર્મો હૃદયમાં પ્રવેશ કરે ત્યારે ભય દૂર થાય છે કારણ કે સર્વથી બળવાનને ભય હોતો નથી, અને બલ ભગવાનનુંજ છે.

૧૩ ભાગવત ભગવદ્રૂપ હોવાથી, જેમ ભગવાનનો પોતાનો સર્વ ભક્તોમાં અસાધારણ અનુભાવ છે તેમ ભાગવતનો પણ તેનું ચિંતન કરનારામાં (અસાધારણ પ્રભાવ) છે.

૧૪ રુચિ, શ્રવણ વિગેરે, અને પ્રેમ એમ ભક્તિ ત્રણ પ્રકારની છે.

१५ तत्र रुचिश्चेद्भगवति साधनत्वेन तदापि न धर्मत्वम् ॥ १-२-६

૧૫ સાધન તરીકે ભગવાનમાં રુચિ હોય તો તે ધર્મ નથી.

१६ पुत्रादिकामनया क्रियमाणो धर्मो धर्म एव न भवति। फलस्याविद्याकार्यत्वेन दुःखरूपत्वात् ॥ १-२-७

૧૬ પુત્ર વિગેરેની કામનાથી કરવામાં આવતા ધર્મ ધર્મજ નથી, કારણ કે (તેનું) ફલ અવિદ્યાનું કાર્ય હોવાથી દુઃખરૂપ છે.

१७ श्रोतृवक्तृदोषैर्न श्रवणकीर्तने सम्बध्येते। अपहतपाप्मत्वात्तयोः। १-२-१७

૧૭ શ્રવણ અને કીર્તન પાપનો નાશ કરનાર હોવાથી શ્રોતા અથવા વક્તાના દોષો સાથે તેમનો સંબંધ થતો નથી.

१८ मिथ्याज्ञानसलिलावसिक्तायामात्मभूमौ कर्मबीजं प्ररोहति, न तु तत्त्वज्ञाननिदाघनिष्पीतसलिलतयोषरायाम्। १-२-२१

૧૮ મિથ્યાજ્ઞાનરૂપી જલથી સિંચેલી આત્મભૂમિમાં કર્મનું બીજ વૃદ્ધિ પામે છે, પરંતુ તત્ત્વજ્ઞાનરૂપી તાપથી જેમાંનું જલ સૂકાઈ ગયું છે તેવા ખરાબામાં (વૃદ્ધિ પામતું) નથી.

१९ सेवकः सेव्यं यादृग्रूपं पश्यति, स्वस्यापि तादृशं रूपं संपादयति। साधनानि च तानि यद्यप्यपहतपाप्मानं भगवन्तमन्यथाकर्तुं न शक्नुवन्ति, तथापि जीवमन्यथाकुर्वन्त्येव। ततश्च यादृशेन रूपेण साधनेन वा नान्यथाभावस्तादृशरूपवानेवेश्वरः सेव्यः। नाशशंकाऽभावात्। यदि पुनः सेवकस्य बुद्धिर्नोपाधिपर्यवसायिनी तत्र,यत्र कचित्सेवायामपि न काचिच्चिन्ता। यथा ब्रह्मविदः। १ २-२३

૧૯ સેવક સેવ્યને જેવા રૂપનું જુએ છે તેવું રૂપ પોતાનું પણ પ્રાપ્ત કરે છે. જો કે તે સાધનો પાપ રહિત ભગવાનને અન્યથા કરવાને શક્તિમાન નથી તથાપિ જીવને અન્યથા કરે છેજ. તેથી જેવા રૂપથી અથવા સાધનથી અન્યથા ભાવ ન થાય તેવા રૂપવાળાજ ઇશ્વરની સેવા કરવી, જેથી નાશ થવાની શંકા રહે નહિ. પણ જો સેવકની બુદ્ધિ તેમાં (તે રૂપમાં) ઉપાધિમાં પરિણામ પામતી ન હોય તો બ્રહ્મ જાણનાર કરે છે તેમ જ્યાં ત્યાં સેવા કરવામાં પણ બાધ નથી.

२० अवतरणमवतारः। व्यापिवैकुण्ठाद्भगवतः प्रपंचे समागमनम्। १-३-१

૨૦ અવતાર એટલે અવતરણ, વ્યાપિ વૈકુંઠમાંથી ભગવાનનું પ્રપંચમાં પધારવું.

२१ यथा हि क्षुदग्निराविर्भूतः सोढुमशक्यः, एवं बीजाधारकामाग्निरपि । तत्र यथा जलपानं तथा स्त्रीप्रेक्षणादि । यथाऽन्नतृप्तिस्तथा स्त्रिया रेतोनिवृत्तिः । तत्र मनसाऽपि स्त्रीणामस्मरणेन रेतोधारणं ब्रह्मचर्यम् ॥

२२ वञ्चनेन कार्यसिद्धिर्वैश्यता ॥ १-३-१५

२३ सर्वो हि लौकिको वैदिकश्च मायया भगवन्तं भजते। एवं हि कृतेऽयमस्मभ्यमिदं दास्यतीति बुद्ध्या भगवतः सकाशात्पदार्थान्ग्रहीतुं भगवद्वञ्चनार्थं प्रयत्नकरणात् । भगवांस्तु ततोऽपि चतुरः । अतो माया त्याज्या । १-३-३८

२४ मतान्तरेष्विव नात्र (भागवते) वेदविप्रतिषेधः ॥ १-३-४०

२५ जितेन्द्रियताज्ञानं चात्रांगम् । तस्योत्कर्षे भागवतं फलति ॥ १-३-४१

२६ त्रैवर्णिकानामुद्धारार्थो वेदः । स्त्रीशूद्राणामितिहासः । उभयसारोद्धारत्वात्सर्वोद्धारकम् ( भागवतम् )।१-३-४२

२७ पुरवासाद् बुद्धिर्वक्रा भवति । १-४-६

૨૧ જેમ ક્ષુધારૂપી અગ્નિનો આવિર્ભાવ થાય ત્યારે તે સહન થઈ શકતો નથી તેમ બીજના આધારરૂપ કામાગ્નિ પણ (આવિર્ભૂત થાય ત્યારે સહન થઇ શકતો નથી.) તેમાં (ક્ષુધામાં) જેવું જલપાન તેવું અહીં (કામાગ્નિમાં) સ્ત્રીપ્રેક્ષણ વિગેરે છે. તેમાં જેમ અન્નથી તૃપ્તિ થાય છે, તેમ અહિં સ્ત્રીથી વીર્યની નિવૃત્તિ થાય છે. તેમાં મનથી પણ સ્ત્રીનું સ્મરણ નહિ કરતાં વીર્ય ધારણ કરી રાખવું તે બ્રહ્મચર્ય.

૨૨ ઠગીને કાર્ય સિદ્ધ કરવું તે વૈશ્યતા

૨૩ લૌકિક અને વૈદિક સર્વ માયાથી ભગવાનનું ભજન કરે છે, કારણ કે "આમ કરવાથી આ અમને આ આપશે" એવી બુદ્ધિથી ભગવાન પાસેથી પદાર્થો પ્રાપ્ત કરવા ભગવાનને ઠગવા પ્રયત્ન કરવામાં આવે છે. પરંતુ ભગવાન તેથી પણ ચતુર છે (ઠગાતા નથી) તેથી માયાનો ત્યાગ કરવો.

૨૪ મતાંતર પેઠે અહિં (ભાગવતમાં) વેદનો વિરોધ નથી.

૨૫ જીતેંદ્રિયતા અને જ્ઞાન આનાં (ભાગવતના) અંગો છે. તે વિશેષ હોય તો ભાગવત ફલે છે

૨૬ ત્રૈવર્ણિક (બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય) ના ઉદ્ધાર માટે વેદ છે. સ્ત્રી અને શૂદ્રોના (ઉદ્ધાર માટે) ઇતિહાસ છે. ઉભયના સારનો (ભાગવતમાં) ઉદ્ધાર કરેલ હોવાથી તે સર્વનો ઉદ્ધાર કરનાર છે.

૨૭ શહેરમાં રહેવાથી બુદ્ધિ વક્ર (વાંકી, ઉંધી) થાય છે.

| | |
|---|---|
| २८ सात्वती श्रुतिः ( भागवतम् ) वैष्णवो वेदः ॥ १-४-७ | ૨૮ (ભાગવત) સાત્વતી શ્રુતિ (એ઼ વૈષ્ણવોનો વેદ છે. |
| २९ लोकवृत्तपरित्यागेन भगवदेकपरायणो महाभागवतः १-४-९ | ૨૯ લોકના નિયમોનો ત્યાગ ક માત્ર ભગવાનનેજ પરાયણ ર તે મહાભાગવત. |
| ३० प्रमादान्महापातकसंबंधेऽपि वैष्णवस्य न देहत्याग उचितः ॥ १-४-१२ | ૩૦ પ્રમાદથી મહાપાતકનો સંબં થાય તો પણ વૈષ્ણવે દેહનો ત્યા કરવો ઉચિત નથી. |
| ३१ अणिमाद्यष्टैश्वर्यं भगवत्सेवायां प्रासंगिकम् ॥ | ૩૧ અણિમા વિગેરે આઠ ઐશ્વ ભગવાનની સેવામાં પ્રાસંગિક હ |
| ३२ धर्मस्य चांतःकरणपरितोषः फलम् । तदभावे धर्मः श्रमः ॥ १-४-२६ | ૩૨ અંતઃકરણનો સંતોષ એ ધર્મ ફલ છે. તેના વિના ધર્મ શ્રમ દ |
| ३३ भगवत्संबंधिनां धर्माणां भगवता सहाभेदाद्यत्र कचिदवतीर्णो भगवान्यथा सेव्यते, तथा यत्र कचिदपि स्थितानि नामानि श्रूयन्ते ॥ १-५-११ | ૩૩ ભગવત્સંબંધી ધર્મો અને ભગ વાન એકજ હોવાથી, જે ગમે ત્યાં અવતાર લીધેલ ભગ વાનની સેવા થાય છે તેમ ગ ત્યાં રહેલાં ભગવાનનાં નામો શ્રવણ કરવામાં આવે છે. |
| ३४ अच्युतभक्तिरहितं ज्ञानं सांख्यं वैदिकं वा भक्त्याऽनलंकृतत्वान्न शोभते ॥ १-५-१२ | ૩૪ અચ્યુતની ભક્તિ વિનાનું જ્ઞાન સાંખ્ય અગર વૈદિક, ભક્તિથી ભૂષિત નહિ હોવાથી શોભતું નથી |
| ३५ ( भगवत्कथाकीर्तनं ) धर्मकर्तृभिरेव श्रोतव्यं परं धर्मपरित्यागेन । यथा निवृत्तिमार्गे धर्मत्यागस्तथाऽत्रापि– "तावत्कर्माणि कुर्वीते"ति भगवद्वाक्यादबाधकानां चिरकालसाध्यानां वा परित्यागः १-५-१८ | ૩૫ (ભગવાનની કથાનું કીર્તન) ધર્મ કરનારાઓએજ સાંભળવું, પરંતુ ધર્મનો પરિત્યાગ કરીને (શ્રવણ કરવું )........જેમ નિવૃત્તિમાર્ગમાં ધર્મનો ત્યાગ કરવાનો છે તેમ અહિં પણ "ત્યાં સુધી કર્મ કરવાં...." એ ભગવાનના વાકયને લીધે બાધક અથવા લાંબા વખતે થઇ શકે તેવાં કર્મોનો પરિત્યાગ કરવાનો છે. |
| ३६ हरेर्भगवतः परब्रह्मणो भक्तिमार्गानुसारेण चरणसेवा जीवानां स्वाभाविको धर्मः ॥ | ૩૬ હરિ ભગવાન પરબ્રહ્મના ચરણની ભક્તિમાર્ગ પ્રમાણે સેવા કરવી એ જીવોનો સ્વાભાવિક ધર્મ છે. |

३७ भगवद्भजनं तु न कालसाध्यम् । पुरुषोत्तमपर्यवसायि च । न हि पुरुषोत्तमसेवा तदन्तरंगैः क्रियमाणा बहिरधिकारिप्रेरिता भवति । कालगम्यत्वाभावात् । सर्वत्र भगवन्मार्गे भगवत एव साधनत्वेन विधानाच । दृश्यते च लोके महाराजान्तरंगसेवकानां नाधिकार्यधीनत्वम् ॥

३८ अनन्यसिद्धत्वाद्भगवद्भक्त्यावेव यत्नः कर्तव्यः । न च लौकिकसुखदुःखाभावार्थं यतनीयम् । कालेनैव तत्सिद्धेः ॥ १-५-१८

३९ गंगाजलदेवतयोरिवात्मपरमात्मनोः स्वरूपम् ॥ १-५-२१

४० अतिहीनस्याप्युच्चपदप्राप्तिरस्मिन्नेव मार्गे न मार्गान्तरे ॥ १-५-२३

४१ अस्मिन्मार्गे यथा यथा निरादरत्वं तथा तथा कार्यसिद्धिः ॥

४२ सेवार्थं सत्संग इति प्रथमं साधनम् ॥

४३ निर्दुष्टा सेवा द्वितीयं साधनम् ॥

४४ सेवा च पुष्टिमार्गे सस्नेहा ॥ १-५-२५

४५ यथौषधेनाजीर्णनिवृत्तिस्तथाऽन्नमयस्य देहस्य उच्छिष्टान्नसाधितदेहेन दोषसन्तानानिवृत्तिः ॥

૩૭ પરંતુ ભગવાનનું ભજન કાલથી સાધ્ય નથી; અને પુરુષોત્તમ સુધી પહોંચે છે. પુરુષોત્તમના અંતરંગ સેવકો તેમની સેવા કરે છે તે બહારના અધિકારીઓથી પ્રેરાએલી હોતી નથી; કારણ કે તે કાલથી ગમ્ય નથી, અને ભગવન્માર્ગમાં સર્વત્ર ભગવાનનેજ સાધન તરીકે જણાવેલ છે. લોકમાં મહારાજાના અંતરંગ સેવકો અધિકારીને આધીન નથી એમ દેખાય છે.

૩૮ ભક્તિ બીજા કોઈથી પ્રાપ્ત થતી નહિ હોવાથી તેને માટેજ પ્રયાસ કરવો. લૌકિક સુખ અથવા દુઃખના અભાવ માટે પ્રયાસ કરવો નહિ, કારણ કે તે કાલથી જ પ્રાપ્ત થશે.

૩૯ ગંગાજલ અને ગંગાદેવતા જેવું આત્મા અને પરમાત્માનું સ્વરૂપ છે.

૪૦ અતિહીનને પણ ઉંચા પદની પ્રાપ્તિ આ જ માર્ગમાં થાય છે, બીજા માર્ગમાં થતી નથી.

૪૧ આ માર્ગમાં જેમ જેમ આદર રહિત (થાય છે) તેમ તેમ કાર્યની સિદ્ધિ થાય છે.

૪૨ સેવા માટે સત્સંગ એ પ્રથમ સાધન છે.

૪૩ દોષરહિત સેવા એ બીજું સાધન છે.

૪૪ પુષ્ટિમાર્ગમાં સેવા સ્નેહયુક્ત છે.

૪૫ જેમ ઔષધિથી અજીર્ણ દૂર થાય છે તેમ ઉચ્છિષ્ટ (પ્રસાદી) અન્નથી પ્રાપ્ત કરેલા દેહથી અન્નમય દેહના દોષના સંતાનની નિવૃત્તિ થાય છે.

४६ श्रवणादीनां नाऽत्यद्वारा फलसाधकत्वम् । किन्तु स्वरूपेणैव । फलं च भगवद्याथार्थ्यज्ञानम् । तदैव हि कीर्तनेऽधिकारः । उत्तरस्यादिना हि पूर्वस्यावसानम् । अतः श्रवणस्य नैरन्तर्यं कर्तव्यम् ॥ १–५–२६

४७ यथा विषं सर्वनाशकमपि सर्वरोगनिवर्तकत्वेन द्रव्यान्तरैर्भावनया चिकित्स्यते तथा कर्मापि सर्वनाशकं सर्वदोषनिवृत्तये भगवद्रूपेण चिकित्स्यते ॥ १–५–३२

४८ येनैव कर्मणा बन्धस्तदेव कर्म भगवति भावितं पुरुषं पुनाति ॥ १–५–३३

४९ यथा स्त्रीप्रतिमा कुहकेच्छया नृत्यति एवं सर्वोऽपि लोकश्चेष्टते इति भगवज्ज्ञानवतो बुद्धिः ॥ १–६–७

५० यथा योषिद्दारुविकां कुहकोऽपि न स्वातन्त्र्यादिधर्मयुक्तां करोति तथा भगवानपि जीवान् ॥ १–६–७

५१ सर्वदा हि भगवान्भक्तानामेव कल्याणमीट्टे ॥ १–६–१०

५२ लोकोपहासभिया देहकुलान्तःकरणधर्मैश्च लज्जा भवति । विहितत्वेऽपि लोकोपहासात् । तथा सति लोकरक्षाबुद्ध्या न भगवति शुद्धो भावो भवेत् ॥ १–६–२६

૪૬ શ્રવણ વિગેરે અદૃષ્ટદ્વારા ફ આપતાં નથી, પરંતુ સ્વરૂપથી (ફલ આપે છે). (તેમનું) ફ ભગવાનનું યથાર્થજ્ઞાન છે. ત્યા પછીથીજ કીર્તનનો અધિકાર થ છે. પાછલા (કીર્તન)ના આરંભ પહેલાં (શ્રવણ)નો અંત છે. તે શ્રવણ નિરંતર કર્યો કરવું.

૪૭ જેમ સર્વનો નાશ કરનાર વિ બીજાં દ્રવ્યોની ભાવનાથી સ રોગને મટાડનાર ઔષધ થાય તેમ સર્વનો નાશ કરનાર ક પણ ભગવત્સ્વરૂપથી સર્વ દ દૂર કરનાર ઔષધ થાય છે.

૪૮ જે કર્મથી બંધ થાય છે તેજ ક ભગવાન માટે કરવાથી પુરુ પાવન કરે છે.

૪૯ જેમ સ્ત્રીપુતળું મદારીની ઇચ્છા નૃત્ય કરે છે તેમ સર્વે લોક ચે કરે છે એવી ભગવાનને જાણનાર બુદ્ધિ હોય છે.

૫૦ જેમ સ્ત્રીપુતળીને મદારી સ્વાતંત્ર્ય વિગેરે ધર્મવાળી કર નથી તેમ ભગવાન પણ જીવે (સ્વતંત્ર બનાવતા નથી).

૫૧ ભગવાન સદા ભક્તોનુંજ કલ્ય ઇચ્છે છે. (કરે છે.)

૫૨ લોક મશ્કરી કરે એવી બીક તથા દેહ, કુલ અને અંતઃકરણ ધર્મોથી લજ્જા થાય છે; કાર કે વિહિતકાર્ય હોવા છતાં લો મશ્કરી કરે છે. આમ હોવા લોક સાચવવાની બુદ્ધિ ભગવાનમાં શુદ્ધ ભાવ થતો ના

५३ दैवगत्या सन्मानने प्राप्तेऽपि गर्वो न कर्तव्यः । न हि पूजनेन तस्य महत्त्वं प्रत्युत तद्बाधकत्वम् ॥ १–६–२६

૫૩ દૈવગતિથી સન્માન મળે તોપણ ગર્વ ન કરવો; કારણ કે પૂજન થવાથી મહત્તા થતી નથી, પરંતુ ઉલટું તે બાધક છે.

५४ यदा कृष्णो रोचते तदैव विषया न रोचन्ते ॥ १–६–२७

૫૪ જ્યારે શ્રીકૃષ્ણમાં રુચિ થાય છે ત્યારે વિષયો રુચતા નથી.

५५ संसारमग्नानां मोक्षदातृत्वान्मृतसंजीवकत्वं मुकुंदत्वम् । सेवा तु रोगनिवर्तिका । श्रवणेन चान्तः प्रविशति (तत्र चित्तं सेवां भक्त्या) भगवान् ।....यद्यपि भगवदाश्रितो योगोऽपि क्रमेण तथा करोति । सेवा त्वद्धा साक्षात् । योगसेवापेक्षयाऽपि योगेशसेवाया उत्तमत्वात् । १-६-२९

૫૫ મુકુંદ સંસારમાં ડુબેલાને મોક્ષ આપનાર હોવાથી મૂએલાને જીવાડનાર છે. સેવા પણ રોગ દૂર કરનારી છે. શ્રવણ કરવાથી ભગવાન (શરીરની) અંદર પ્રવેશ કરે છે. ત્યાં ચિત્તનો ભાવ સેવામાં ઉત્પન્ન કરે છે.... જો કે ભગવાનના આશ્રયવાળો યોગ પણ ક્રમથી તેમ કરે છે, પણ સેવા તો સાક્ષાત્ (તેમ કરે છે), કારણ કે યોગની સેવા કરતાં યોગેશની સેવા ઉત્તમ છે.

५६ ज्ञानकारया मायया मोह इति न ज्ञाने विश्वासः कर्तुं शक्यः ॥ १-७-६

૫૬ જ્ઞાન જેવી દેખાતી માયાથી મોહ થાય છે તેથી જ્ઞાનમાં વિશ્વાસ રાખી શકાતો નથી.

५७ साक्षादनर्थनिवृत्तिहेतुर्भक्तिरेव ॥

૫૭ સાક્ષાત્ અનર્થને દૂર કરનાર કારણ ભક્તિજ છે.

५८ भगवद्गुणाः प्रवृत्तिरूपा निवृत्तिस्वभावाः । परमानन्दरूपाश्च ज्ञानरूपाश्च । तस्माद्यः कश्चिद्यत्रकुत्रचिदासक्तो भगवद्गुणेषु रमत एव । सर्वप्रतिकृतिरूपत्वाद् गुणानां ज्ञानवशीकरणस्वभावाच्च ॥ १–७–१०

૫૮ ભગવાનના ગુણો પ્રવૃત્તિરૂપ અને નિવૃત્તિ સ્વભાવવાળા છે. પરમાનંદ રૂપ છે અને જ્ઞાનરૂપ છે. તેથી હરકોઈ ગમે ત્યાં આસક્ત હોય તો પણ ભગવાનના ગુણોમાં રમણ કરે છે, કારણ કે ગુણો સર્વના પ્રતિબિંબ જેવા છે અને જ્ઞાનને વશ કરવાના સ્વભાવવાળા છે.

५९ वस्तुतस्तु शुको महादेवः । (भागवतस्य) कृतिप्रवृत्त्यर्थं विष्णुर्महादेवआज्ञापितो । १–७–११

૫૯ વસ્તુતઃ શુક મહાદેવ (છે.) (ભાગવત) રચવા અને તેની પ્રવૃત્તિ કરવા વિષ્ણુ અને મહાદેવે [illegible] કીધેલા છે.

६० कामः कामिनीमिव भगवद्गुणाः स्व-
प्रतिष्ठार्थं भक्तं प्रापयन्ति ॥

૬૦ કામ કામિનીની (પ્રાપ્તિ કરાવે
છે) તેમ ભગવાનના ગુણો
પોતાની પ્રતિષ્ઠા માટે ~~ભક્તિની~~ भक्तनी
પ્રાપ્તિ કરાવે છે.

६१ अन्येषामुपस्थिते भये परिपालनं
करोति । भक्तानां तु अभयमेवोपस्था-
पयति न भयम् ॥ १-७-२२

૬૧ ભગવાન બીજાઓને ભય આવે
ત્યારે તેમનું રક્ષણ કરે છે, પણ
ભક્તોને અભયજ રાખે છે, ભય
(આવવા દેતા) નથી.

६२ पुत्ररूपेण भर्ता जीवतीति पुत्रवतीनां
न सहगमनम् ॥

૬૨ પુત્રરૂપે પતિ જીવે છે તેથી
પુત્રવાળી (સ્ત્રીઓ) પતિ સાથે
બળી મરતી નથી.

६३ पतिव्रताया नयनजलं भूमौ पतेच्चेत्तदा
निर्वीर्या भूमिर्भवतीति प्रथा ।१-७-४७

૬૩ પતિવ્રતાના આંસુ જો ભૂમિ
ઉપર પડે તો ભૂમિ નિર્વીર્ય
થાય એવી પ્રથા છે.

६४ भक्तस्य कार्ये उपस्थिते प्रारब्धमपि
स्वकार्यं (भगवान्) त्यजति । १-८-८

૬૪ ભક્તનું કાર્ય આવે ત્યારે પોતાના
શરૂ કરેલા કાર્યનો પણ ભગવાન
ત્યાગ કરે છે.

६५ सतामयं धर्मो यद्भक्त्यर्थमेव सर्वं
जीवनादि ॥ १-८-१६

૬૫ સારા (પુરુષોનો) આ ધર્મ છે
કે પોતાનું જીવન વિગેરે સર્વ
ભક્તિ માટેજ હોય.

६६ इन्द्रियजन्यं ज्ञानं भगवन्तं न विषयी-
करोति ॥ १-८-१८

૬૬ ઇંદ્રિયોથી ઉત્પન્ન થતું જ્ઞાન
ભગવત્સંબંધી (જ્ઞાન) નથી.

६७ यथा नटः स्त्रीरूपं प्रकटयन्बहिर्मुखैर्न
ज्ञायते पुरुष इति, तथा नरभावं
प्रकटयन्नाविर्भूतो भगवान्भगवत्त्वेन
न ज्ञायते ॥

૬૭ જેમ સ્ત્રીભાવ પ્રકટ કરનાર
નટને 'આ પુરુષ છે' એમ
બહિર્મુખ જાણતા નથી તેમ
(બહિર્મુખોથી) નરભાવ પ્રકટ
કરી આવિર્ભૂત ભગવાન ભગવાન
છે એમ જણાતા નથી.

६८ यद्यपि सर्वे नृत्यं पश्यन्ति तथापि
रसिकानामेव रसोत्पत्तिः । नहि
नपुंसकानां स्त्रीणां वा स्त्रीरूपेण नृत्ये
क्रियमाणे शृंगाररस उत्पद्यते । प्रत्युत
[illegible]

૬૮ જો કે નૃત્ય સર્વ જુએ તોપણ
(તેથી) રસિકોનેજ રસની
ઉત્પત્તિ થાય છે; કારણ કે સ્ત્રીરૂપે
નૃત્ય કરવામાં આવે ત્યારે
નપુંસકોને અથવા સ્ત્રીઓને
શૃંગારરસ ઉત્પન્ન થતો નથી.

तीति खेद उत्पद्यते । तथा सामान्य स्त्रीपुरुषाणां दैत्यांशानां च न रसो न ज्ञानं न वा भक्तिरिति । तद्ज्ञानार्थं नटवल्लीलां करोति ॥ १-८-१९

(કહ્યું) પોતાના સમાન ધર્મો દર્શાવી વિડંબના કરે છે એમ ખેદ થાય છે. તેવીજ રીતે સાધારણ સ્ત્રીપુરુષો તથા દૈત્યાંશોને રસ, જ્ઞાન અથવા ભક્તિ નથી તેથી તેઓને ઠગવા (ભગવાન) નટ પેઠે લીલા કરે છે.

६९ एषा भगवतो विपरीतलीला । आपत्सु परमानंदं प्रयच्छति तदभावे परमानन्द-तिरोभावं करोतीति ॥ १-८-२४

૬૯ ભગવાનની આ વિપરીત લીલા છે કે દુઃખમાં પરમાનંદ આપે છે અને દુઃખ ન હોય ત્યારે પરમાનંદનો તિરોભાવ કરે છે.

७० यद्यपि भक्तौ सर्वेऽधिकारिणस्तथापि कृत्रिममद्रिरादिसंबंधे वेदाधिकाराभावन्मादकस्य न भगवच्छब्दोच्चारणाधिकारः १-८-२५

૭૦ ભક્તિના સર્વ અધિકારી છે તો પણ મદિરા વિગેરેના કૃત્રિમ સંબંધથી વેદનો અધિકાર રહેતો નથી તેમ મદવાળાને ભગવત્ શબ્દનો ઉચ્ચાર કરવાનો અધિકાર નથી.

७१ भगवदर्थे कृते जगति स्वस्याहंताममतायां भगवद्विरोधेन बन्धः स्यात् ॥ १-८-४०

૭૧ ભગવાન માટે રચેલા જગતમાં પોતે (જીવે) અહંતામમતા રાખવાથી ભગવાનનો વિરોધ થવાથી બંધ થાય છે.

७२ स्वरूपेण कृतार्थत्वं मायया च विमोहनम् ।

૭૨ (ભગવાન) સ્વરૂપથી કૃતાર્થ કરે છે, માયાથી મોહ કરાવે છે.

७३ एकस्यापि महापातकस्य बुद्धिपूर्वकं कृतस्य न प्रायश्चित्तम् ॥ १-८-८

૭૩ બુદ્ધિપૂર્વક કરેલા એક પણ મહાપાતકનું પ્રાયશ્ચિત્ત નથી.

७४ भगवदिच्छा सा कार्यैकज्ञेया न कार्यात्पूर्वमवगंतुं शक्या ॥ १-९-१६

૭૪ તે (સુખદુઃખના કારણરૂપ) ભગવાનની ઇચ્છાનું માત્ર કાર્યથીજ અનુમાન થઇ શકે છે, કાર્યથી પહેલાં જાણી શકાતી નથી.

७५ अवाङ्मनोगोचरे युक्तिर्न प्रवर्तते ।

૭૫ વાણી અને મન જ્યાં પહોંચતાં નથી ત્યાં યુક્તિ નકામી છે.

७६ आज्ञाकरणेन स्वधर्मेण च भगवान्परितुष्यतीति मर्यादा ॥ १-९-१७

૭૬ (ભગવાનની) આજ્ઞાનું (પાલન) કરવાથી, તથા પોતાના

७७ सगुणकर्मणा बंधः। निर्गुणकर्मणा मोक्षः ॥

७८ कृष्णाधीनं सुखं यस्य स सुखीति निगद्यते ॥ १-१०

७९ वृथैव जीवनं लोके भक्तिज्ञानो त्सवैर्विना। कृष्णैकतानचित्तत्वं मुक्तेरप्यधिकं मतम् ॥१-१०-७

८० उपदिष्टेऽपि ज्ञानेऽन्तर्यामितया भगवत्स्फूर्तावपि, यो रसः सत्संगादुत्पद्यते बहिर्भगवत्संबंधेन वा स न ज्ञानादिभिर्भवति। मानसदैहिकयोःसंबंधयोर्वैलक्षण्यात्।
तस्माद्भिन्नतया बहिःस्थित एव विषयो रसजनकः। अतएव योगिनोऽपि कृष्णाख्ये वस्तुनि प्रकटीभूते समाधिं परित्यज्य तदेव पश्यन्ति। अन्यदा तु समाधिः।
।-१०-११

८१ उत्सवे स्त्रीणां दर्शनं वर्णनीयम् ॥ १-१०-१५

८२ आत्मत्वेनोपदिष्टो भगवान् सवासनं प्रकृतिकार्यं नाशयति ॥ १-१०-२२

८३ यशस्तु भक्तिप्रतिपादकः पुष्टिधर्मः ॥ १-१०-२४

८४ अन्ये हि स्त्रीणां भर्तारः। पुरुषोत्तमस्तु पुंसाम्। तथा च जगति सर्वे स्त्रीसहिताः पुरुषा एतस्य भवन्ति। १-१०-२५

ધર્મથી ( ધર્મના આચરણથી ) ભગવાન પ્રસન્ન થાય છે એવી મર્યાદા છે.

૭૭ સગુણ કર્મથી બંધ ( થાય છે ). નિર્ગુણ કર્મથી મોક્ષ થાય છે.

૭૮ જેનું સુખ શ્રીકૃષ્ણને અધીન છે તે સુખી કહેવાય છે.

૭૯ ભક્તિ, જ્ઞાન અને ઉત્સવ વિના લોકમાં જીવન વૃથાજ છે. શ્રીકૃષ્ણમાં ચિત્તની એકાગ્રતા મુક્તિથી પણ અધિક મનાએલ છે.

૮૦ જ્ઞાનનો ઉપદેશ કરવામાં આવ્યો હોય તો પણ, અન્તર્યામી તરીકે ભગવાનની સ્ફૂર્તિ થઇ હોય તો પણ જે રસ સત્સંગથી અથવા બહારના ( સાક્ષાત્ ) ભગવાનના સંબંધથી થાય છે તે જ્ઞાન વિગેરેથી થતો નથી, કારણ કે માનસ અને દૈહિક આ સંબંધમાં ફેર છે........તેથી ભિન્ન તરીકે બહાર રહેલોજ વિષય રસ ઉત્પન્ન કરે છે. તેથીજ યોગીઓ પણ કૃષ્ણનામની વસ્તુ પ્રકટ થતાં સમાધિનો ત્યાગ કરી તેનાજ દર્શન કરે છે. પણ બીજા સમયે સમાધિ ( કરે છે ).

૮૧ ઉત્સવમાં સ્ત્રીઓના દર્શનનું વર્ણન કરવું જોઇએ.

૮૨ આત્મા તરીકે જેનો ઉપદેશ કરવામાં આવ્યો છે તેવા ભગવાન વાસનાસહિત પ્રકૃતિના કાર્યનો નાશ કરે છે.

૮૩ યશ તો ભક્તિનુ પ્રતિપાદન કરનાર પુષ્ટિનો ધર્મ છે.

૮૪ બીજા સ્ત્રીઓના ધણી છે. પુરુષોત્તમ તો પુરુષોના ( ધણી છે ). તેથી જગતમાં સ્ત્રીઓ સહિત પુરુષો તેમના ( પુરુષોત્તમના ) છે.

८५ गोधूलिकायां नगरप्रवेशः कर्तव्यः। १-१०-३५

८५ ગાયના ( પગની ) રજ ( ઉડતી હોય ) ત્યારે નગરમાં પ્રવેશ કરવો.

८६ भगवदनुवृत्तिव्यतिरेकेण कृतेनान्येन धर्मादिना न कृतित्वं भवति। १-११-७

८६ ભગવાનની અનુવૃત્તિ ( Approval ) વિના કરવામાં આવેલા અન્ય ધર્મ વિગેરેથી કૃતાર્થ થવાતું નથી.

८७ नित्योत्सवत्वाद्भगवतो न भगवद्दर्शनस्य धारावाहिकज्ञानत्वम्। प्रतिक्षणमलौकिकार्थबोधात्। पूर्वपूर्वदर्शनस्य रुच्युत्पादकत्वमेव। न विषयत्वम्। भगवतो विषयत्वाभावात्। रुचिस्तु विषयसामर्थ्यात्। औषधवत्। अत एव न कदापि तृप्तिर्भगवद्दर्शने॥ १-११-२९

८७ ભગવાન નિત્ય ઉત્સવરૂપ હોવાથી ભગવાનના દર્શનનું ધારાપેઠે ( એકસરખું ) જ્ઞાન થતું નથી, કારણ કે ક્ષણે ક્ષણે તે અલૌકિક અર્થ જણાવે છે. પ્રથમની ક્ષણે થએલું દર્શન પાછલી ક્ષણે થવાના દર્શન માટે રુચિજ ઉત્પન્ન કરે છે, પણ તેનું વિષય નથી, કારણ કે ભગવાન વિષય થતાજ નથી. રુચિ તો ઔષધની પેઠે વસ્તુના સામર્થ્યથી થાય છે તેથી ભગવાનના દર્શનમાં કોઈ સમયે તૃપ્તિ થતી નથી.

८८ भगवच्छास्त्रेणैव भगवान्विज्ञेयः। न त्ववस्थाविशेषेण क्रियामात्रेण। १-११-३९

८८ ભગવચ્છાસ્ત્રથીજ ભગવાનને જાણવા, પરંતુ અમુક અવસ્થાથી અથવા માત્ર ક્રિયાથી નહિ.

८९ भक्तानामल्पचिन्तामपि भगवान्न सहते॥ १-१२-३३

८९ ભક્તોની અલ્પ ચિંતા પણ ભગવાન સહન કરતા નથી.

९० भगवदाज्ञयामेव तीर्थाटनं कर्तव्यमन्यथा भगवतः प्रयासजननान्न कर्तव्यम्॥ १-१३-१०

९० ભગવાનની આજ્ઞા હોય તોજ તીર્થાટન કરવું, નહિ તો ભગવાનને પ્રયાસ ઉત્પન્ન થતો હોવાથી ન કરવું.

९१ सर्वं पृष्टमेव वक्तव्यं न त्वप्रियम्। १-१३-१३

९१ પૂછેલુંજ સર્વ કહેવું, પણ અપ્રિય ન કહેવું.

९२ राजानो हि कालस्य शीघ्रं भक्ष्याः। राज्येनाधर्मबाहुल्यात्॥ १-१३-१८

९२ રાજ્યથી બહુ અધર્મ થતો હોવાથી, રાજાઓ કાલના તરત ભક્ષ્ય થાય છે.

९३ भगवता हि सर्वोऽपि पदार्थः क्रियते नियम्यते च। स न कस्यचिदपि दृष्टो

९३ ભગવાન સર્વ પદાર્થ કરે છે અને નિયમમાં રાખે છે, તે ( ભગવાને

वा। स स्वार्थं परार्थं वा करोति। तत्र परार्थकरणे हितमेव करोतीति नियमः। स्वार्थकरणेऽपि स्वलीलासिद्धये करोति। तत्र परार्थपक्षे भगवता तस्य हिते क्रियमाणे स्वयं चेच्छोचेत्तदा निषिद्धम्। भगवतश्च कोपोभवेत्। भगवल्लीलायां तु सुतरामेव क्रोधोऽनौचित्यं च। स्वस्यापि ममतास्पददूरीकरणे पूर्वोक्त एव न्यायः। १-१३-४०

९४ वैषम्यनैर्घृण्ये भगवतो न स्तः। स्वात्मानमेव करोतीति ॥ १-१३-४७

९५ श्वशुरगृहे मानाभावोऽन्तस्तापहेतुः। अवज्ञा च सुतराम्। श्वशुरगृहे बहुकालवासेऽवज्ञा भवति। १-१४-३९

९६ एवं गुप्ततयापि (भगवान्) सर्वदा सर्वं कार्यं करोति ॥ १-१५-१०

९७ महान्साधनैः करोति। महत्तरस्वाज्ञया। विभुरिच्छया। १-१५-२६

९८ शुद्धे ह्यन्तःकरणे प्रमाणेनोत्पादितं ज्ञानमात्मावरणं दूरीकरोति। १-१५-३०

९९ शोको हि विषयाप्राप्त्येति ब्रह्मत्वेन सर्वविषयप्राप्तौ सत्यां शोकाभावः। १-१५-३१

કરેલ પદાર્થ) કોઇએ પણ હેમ કરેલ અથવા ઇચ્છિલ નથી. તે (ભગવાન) પોતાને માટે અથવા બીજાને માટે કરે છે. બીજાને માટે કરે ત્યારે તેનું હિતજ કરે છે એવો નિયમ છે. પોતાને માટે કરે ત્યારે પણ પોતાની લીલા સિદ્ધ થાય તે માટે કરે છે. બીજાને માટે કરે ત્યાં ભગવાન તેનું હિત કરે છે તેમાં જો પોતે શોક કરે તો તે નિષિદ્ધ છે અને ભગવાનનો કોપ થાય. ભગવાનની લીલામાં તો (શોક કરવાથી) સારી રીતે ક્રોધ થાય અને અનૌચિત્ય થાય. પોતાની મમતા દૂર કરવાને પણ આજ ન્યાય છે.

૯૪ ભગવાનમાં પક્ષપાત અથવા ઘાતકીપણું નથી, કારણ કે તે પોતાનેજ (સર્વ રૂપ) કરે છે.

૯૫ સાસરાને ઘેર માન ન મળે તો મનમાં દુઃખ થાય છે, અપમાન થાય તો બહુજ (દુઃખ થાય છે)... સાસરાને ઘેર બહુ સમય રહેવાથી અપમાન થાય છે.

૯૬ આવી રીતે (દ્રૌપદીનું રક્ષણ કર્યું તેવી રીતે) ગુપ્ત રહીને પણ ભગવાન સદા સર્વ કાર્ય કરે છે.

૯૭ મહાન સાધનોથી કરે છે વધારે મહાન આજ્ઞાથી કરે છે, વિભુ ઇચ્છાથી કરે છે.

૯૮ શુદ્ધ અન્તઃકરણમાં પ્રમાણથી ઉત્પન્ન કરેલું જ્ઞાન આત્માના આવરણને દૂર કરે છે.

૯૯ વિષય ન પ્રાપ્ત થવાથી શોક થાય છે. તેથી બ્રહ્મની પ્રાપ્તિ થત

१०० प्रातःकाले भगवद्गमनमिति सम्प्रदायविदः । तदैव प्रातःकाले कलिः प्रवृत्तः ।

१०१ चतुर्णां पुरुषार्थानां स्वसाधनसाध्यतैव भगवत्सेवासाध्यताप्यस्ति । तत्रापि भगवत्सेवया साधिता निष्प्रत्यूहमुत्तमा भवन्ति । १-१५-४६

१०२ मातुलकन्यापरिणयनं लोके विहितम् । स्मृतौ निषिद्धम् ।
अतः केवलं धर्मार्थं तादृशो विवाहो न कर्तव्यः, लौकिकबलशौर्याद्यपेक्षायां तु कर्तव्य एव। १-१६-२

१०३ पुरुषसुखं ब्रह्मसुखमर्थसुखं च ददातीति मकरन्दः ।...स भगवच्चरणारविंदैकनिष्ठः प्रेमसेवायामाविर्भावस्वरूपो भक्तैकभोग्यो विशेषतो निर्वचनाशक्यः । यदर्थं सर्वोऽपि भक्तिमार्गः शास्त्रं च । तदास्वादनयुक्तानां कथया शास्त्रार्थपरिज्ञानं भवति ॥ १-१६-६

१०४ तस्या (लक्ष्म्या) अपि दुर्लभश्चरणः । सेवार्थमेव चरणप्राप्तिस्तु सुतरां दुर्लभा ।....शतांशेनाप्यन्यासक्तौ चरणसेवा दुर्लभा ॥

१०५ भगवच्चरणे कमलाकृतिरेखा एकदेशस्य कमलत्वसंपादिकाः सन्ति तेन मकरन्दरूपामृतं तत्र फलं नियतमस्तीति सूचितम् । तत्राधिकारिणो दुर्लभाः सर्वे ।। दोषरहिताः ।

सर्व विषयनी प्राप्ति थती होवाथी शोक रहेतो नथी.

१०० प्रातःकाले भगवान पधार्या एम संप्रदाय जाणनारा ( कहे छे ). तेज दिवसे प्रातःकाले कलिनी प्रवृत्ति थई.

१०१ चार पुरुषार्थो पोताना साधनथी प्राप्त थाय छे. तेमां पण भगवाननी सेवाथी प्राप्त करेला निःसंदेह उत्तम होय छे.

भगवान सेवाथी पण प्राप्त थाय छे तेमां पण

१०२ मामानी कन्याने परणवानुं लोकमां विहित छे, स्मृतिमां निषिद्ध छे....तेथी मात्र धर्म माटे तेवो विवाह न करवो. परंतु लौकिक बल शौर्य विगेरेनी अपेक्षा होय तो करवोज.

१०३ पुरुषनुं सुख, ब्रह्मनुं सुख अने धननुं सुख आपे ते मरकंद,.... ते मात्र भगवानना चरणारविंदमांज रहेलो छे, प्रेमथी सेवा करवाथी तेना स्वरूपनो आविर्भाव थाय छे, मात्र भक्तोथीज भोग्य छे अने तेनुं विशेष वर्णन थई शके तेवो नथी. तेने माटे सर्व भक्तिमार्ग अने शास्त्र छे. तेनो स्वाद लेनाराना कथाथी शास्त्रार्थनुं संपूर्ण ज्ञान थाय छे.

१०४ लक्ष्मीजीने पण भगवाननो चरण दुर्लभ छे. सेवा माटेज चरणनी प्राप्ति तो विशेष दुर्लभ छे.....एकसोमा भागे पण अन्यमां आसक्ति होय तो चरणसेवा दुर्लभ छे.

१०५ भगवानना चरणमां कमलना आकारनी रेखाओ एक भागने कमल बतावनारी छे. तेथी एम सूचवाय छे के त्यां मकरंदरूप अमृत फल नियत

तत्संघाते विद्यमानानामसंभावितम् । तदर्थं भगवच्चरणारविंद एव वज्राकारा रेखा वर्तते पापपर्वतानां छेदिका । अतस्तत्सेवायां प्रथमतः सर्वपापक्षयः । किंच । मनोनैश्चल्ये सर्वमेतत्संभवति । योगादिना च तत्साधने बहिर्मुखता स्यात् । अतो भगवच्चरणारविंद एव सेवकानां मनोवशीकरणार्थमंकुशाकारा रेखा वर्तते । अतो भगवच्चरणारविंदमाहात्म्यादेव तत्सेवकानां ततो मनो न गच्छति । नापि मार्गविरोधेन । नन्वेतत्सर्वं भजनानन्तरं भवति । भजने प्रवृत्तिरेव दुर्लभा । कालकर्मस्वभावेभ्या भयसंभवात् । सर्वदा जीवानां भीतत्वान्न क्वापि स्वास्थ्यमित्याशंक्य भगवच्चरणारविंद एवाभयपताकालक्षणा रेखा वर्ततेऽत्रागमनमात्रेण न कुतश्चिद्भयमिति सूचिका । १–१६–३३

(ચોક્કસ) છે. સર્વથા દોષરહિત તેના અધિકારીઓ દુર્લભ છે. જગતમાં રહેનારાઓને તે (ફલ) અસંભવિત છે. તે માટે ભગવાનના ચરણારવિંદમાંજ પાપના પર્વતોને છેદનારી વજ્રના આકારની રેખા છે. તેથી ભગવાનના ચરણકમલની સેવાથી પ્રથમથીજ સર્વ પાપંનો ક્ષય થાય છે. વળી આ સર્વ મન નિશ્ચલ હોય તો થાય છે. યોગ વિગેરેથી મન નિશ્ચલ કરવાથી બહિર્મુખ થવાય, તેથી ભગવાનના ચરણારવિંદમાંજ સેવકોના મનને વશ કરવા માટે અંકુશના આકારની રેખા છે તેથી ભગવાનના ચરણારવિંદના માહાત્મ્યને લીધેજ તેમના સેવકોનું મન ત્યાંથી જતું નથી, અથવા માર્ગના વિરોધથી પણ જતું નથી. "આ સર્વ ભજન પછીથી થાય છે, પરંતુ ભજનમાં પ્રવૃત્તિજ દુર્લભ છે, કારણ કે કાલ, કર્મ અને સ્વભાવથી ભય થવાનો સંભવ છે. જીવો સદા ભયભીત હોવાથી તેમને કોઈ સ્થલે સ્વાસ્થ્ય નથી" એવી શંકા થાય તે માટે ભગવાનના ચરણારવિંદમાંજ અહિં આવવા માત્રથીજ કોઈ સ્થલેથી ભય નથી' એમ દર્શાવનારી અભયપતાકાના આકારની રેખા છે.

१०६ कलिर्भूमिवधाय तिष्ठति । पाषण्डमार्गैश्च धर्मं व्यथयति ॥ १–१७–२

૧૦૬ કલિ ભુમિના વધ માટે રહે છે અને પાખંડમાર્ગોથી ધર્મને પીડે છે.

१०७ कलिनिग्रहो बहिर्मुखेन कर्तुमशक्यः अभगवदीयेन वा । १–१७–१६

૧૦૭ કલિનો નિગ્રહ બહિર્મુખથી અથવા ભગવદીય ન હોય તેનાથી થઈ શકતો નથી.

१०८ अपरिच्छिन्नः कालः । तस्य कृतादिपदप्रयोगोऽवच्छेदेन वक्तव्यः । तत्र

૧૦૮ કાલ અપરિચ્છિન્ન છે તેને "કૃત" વિગેરે પદોનો પ્રયોગ અવ-

स्वस्य स्वावच्छेदकत्वाभावादन्यस्याभावाद्धर्माधर्मावच्छेदकत्वेन कृतादिपदप्रयोगः। तत्र केवलधर्मावच्छेदकं कृतम्। केवलाधर्मावच्छेदकः कलिः। भागश उभयावच्छेदकं त्रेता। समश उभयावच्छेदकं द्वापरम् ॥ १-१७-२४

१०९ अधर्मे निवार्ये दण्डये वाऽपकारं करिष्यति (कलिः) अत एव वेदानीं (कलौ) पापण्डिनां निराकरणे निराकर्तुर्भयम् ॥ १-१७-३०

११० चतुर्विधोऽधर्मः। ब्रह्महत्या सुरापानं स्तेयं गुर्वङ्गनागमः। स्तेये द्यूतं प्रविष्टम्।....कलिना स एव गृहीतो य एतानि करोति ॥ १-१७-३७

१११ अनृतरूपं द्यूतं, मदरूपं पानं, कामरूपाः स्त्रियो, रजःक्रोधस्तद्रूपा सूना, सुवर्णं वैररूपम्।... अनृतादिरूपाण्येतानि न सेवेत प्रमादादपि, पदार्थाग्रहेण सेवमाने कदाचित्कलिस्थानमपि सेवेत। ततो महाननर्थो भवेत्। तस्मादेतानि पञ्चापि दूरत एव परिहरणीयानि कलिस्थानशंकया। १-१७-३९

११२ यद्यप्यन्तकाले देहेन्द्रियान्तःकरणानां वैकल्यं संभवति तथापि (उत्तमश्लोकवार्तानां तत्कथामृतं जुषतां) तेषां कालस्य नान्तकत्वमन्तकसंबन्धित्वं वा। अमृतपानेन नित्यत्वात्। १-१८-४

च्छेद (भाग) थी कहेवो जोइओ. पोते पोताना भाग करी शकाता नथी, बीजो कोई (भाग करनार) नथी. तेथी धर्म अने अधर्मना भावथी 'कृत' विगेरे पदनो प्रयोग (करेलो छे.) तेमां केवल धर्मनो भाग 'कृत' छे. केवल अधर्मनो भाग 'कलि' छे भागथी उभयनो भाग 'त्रेता' छे, अने सरखी रीते उभयनो भाग 'द्वापर' छे.

१०९ अधर्मनुं निवारण करतां दंडतां (कलि) अपकार करशे तेथीज हवे (कलिमां) पाखंडीओनुं निवारण करतां निवारण करनारने भय छे.

११० चार प्रकारनो अधर्म छे. ब्रह्महत्या, सुरापान. स्तेय (चोरी), अने गुरुनी स्त्रीनो समागम. चोरीमां द्यूतनो समावेश थाय छे....जे आ करे छे तेनेज कलि पकडे छे.

१११ असत्यरूप द्यूत (जुगार) छे मदरूप पान (दारू पीवो ते) छे, कामरूप स्त्रीओ छे, रज एटले क्रोधरूप हिंसा छे, वैररूप सुवर्ण छे. आ असत्य विगेरे प्रमादथी पण सेववा नहि....पदार्थना आग्रहथी सेववामां आवे तो कोईवार कलिस्थान पण सेवाय. तेथी महान अनर्थ थाय. तेथी कलिस्थाननी शंकाथी आ पांचेनो पण दूरथीज त्याग करवो जोइओ.

११२ जो के अंतकाले देह, इंद्रियो अने अंतःकरणनुं वैकल्य संभवे छे तो पण (उत्तमश्लोकनी वार्ता करनार अने तेनी कथामृतने सेवनारनो) काल अंतक अथवा अंतकसंबंधी नथी, कारण के अमृतना पानथी तेओ नित्य (थया छे).

११३ कृते तात्क्षणिकः पापखेतायां द्वादशेऽहनि । द्वापरे मासमात्रेण कलौ संवत्सरेण तत् । तद्वैपरीत्येन च धर्मसिद्धिः । १–१८–७

૧૧૩ સત્યયુગમાં પાપ તેજ ક્ષણે લાગે છે, ત્રેતામાં બારમે દિવસે, દ્વાપરમાં એક માસે અને કલિમાં એક વર્ષે લાગે છે. તેથી વિપરીતરીતે ધર્મ સિદ્ધ થાય છે.

११४ अयं (कलिः) तु वृकरूपः स रात्रौ शयानानरक्षितान् बालानेव गृह्णाति । न व्याघ्रवत्सर्वभक्षकः ॥ १–१८–८

૧૧૪ આ ( કલિ ) તો વરૂના જેવો છે. તે રાતમાં સૂતેલા અરક્ષિત બાળોનેજ પકડે છે. વાઘની પેઠે સર્વભક્ષક નથી.

११५ लौकिकवैदिकमार्गापेक्षया पुष्टिमार्ग उत्कृष्टः ॥ १–१८–१३

૧૧૫ લૌકિક અથવા વૈદિક માર્ગ કરતાં પુષ્ટિમાર્ગ ઉત્તમ છે.

११६ कथारसस्वतृप्तिहेतुर्लोकेऽपि सिद्धः ।....अत्र निवृत्तिः केवलं रसाज्ञानादेव नान्यतः ॥ १–१८–१४

૧૧૬ લોકમાં પણ કથારસથી તૃપ્તિ થતી નથી એમ સિદ્ધ છે....આમાંથી નિવૃત્તિમાત્ર રસના અજ્ઞાનથીજ થાય છે, બીજાથી નહિ.

११७ स्वभावतो माहात्म्यानि वक्तुमशक्यान्येव । सूचनं परं कर्तव्यम् । अन्यथा महाराजाधिराजस्य स्वरूपं स्पष्टतया कथितमपराधाय भवति ॥ १–१८–२०

૧૧૭ સ્વભાવથીજ ( ભગવાનના ) માહાત્મ્ય કહી શકાય તેવાં નથીજ, પરંતુ તેનું સૂચન કરવું જોઇએ, નહિ તો મહારાજાધિરાજનું સ્વરૂપ સ્પષ્ટ કહેવાથી અપરાધ થાય છે.

११८ सा (लक्ष्मीः) हि सर्वोत्तमा यदि स्वतः स्थातु शक्नुयात्किमर्थं भजेत । भोगार्थं वा यदि, तदा प्रार्थयतोऽन्यानपि विहायानभीप्सुं कथं भजेत । तत्राप्यनभीप्सोरङ्घ्रिरेणुं कथं भजेत । अतोऽङ्घ्रिरेणोरपि सा हीना तदपेक्षया चान्ये । तस्मान्माहात्म्यानिरूपणं न कर्तव्यम् । न हि सर्षपान्मेरुर्महानिति कश्चिद्वदति ॥ १–१८–२०

૧૧૮ તે ( લક્ષ્મી ) સર્વથી ઉત્તમ છે. જો તે પોતાની મેળે રહી શકત તો ( ભગવાનને ) શા માટે ભજત ? જો ભોગ માટે ભજતી હોય તો, બીજા પ્રાર્થના કરનારને તજી, નહિ ઈચ્છનાર ( ભગવાન ) ને કેમ ભજત ? તેમાં પણ નહિ ઈચ્છનારના ચરણની રેણુને શા માટે ભજત ? તેથી ( ભગવાનના ) ચરણની રેણુથી પણ તે હીન છે. તેથી ભગવાનના માહાત્મ્ય નિરૂપણ ન કરવું; કારણ કે રાઇના દાણાથી મેરુ મોટો છે એમ કોઈ કહેતું નથી.

११९ यथा नखोदकमन्यदीयं सर्वार्थनाशकं तदेव भगवदीयं सर्वपुरुषार्थसाधकं

૧૧૯ જેમ અન્યના નખનું પાણી સર્વ અર્થનો નાશ કરનાર છે, ( પણ )

બીજાઓ તેનાથી પણ હીન છે તેથી

तथाऽन्यत्रानुराग आत्मनाशको भगवति स्वल्पोऽपि रागः सर्वपुरुषार्थसाधकः। अनुराग एवासहायः साधनमपेक्षितं साध्यं फलं च साधयतीत्यर्थः। रागो ह्यंतःकरणधर्मः। स स्ववर्गं पुष्णाति। न तु स्ववर्गं नाशयति। भगवत्संबन्धं तु प्राप्य भगवता संस्कृतः स्ववर्गं सर्वमेव नाशयति। यतो यदेव बाधकं संसारहेतुभूतं तदेव स्ववर्गं सर्वं नाशयित्वा भगवत्पदं प्रापयतीत्युपलक्षणत्वाद्रागस्य न द्वेषादिभिर्व्यभिचारः॥ १-१८-२२

ભગવાનનું તેજ (તમનુ પાણી) સર્વ પુરુષાર્થને સાધનાર છે તેમ બીજામાં પ્રેમ આત્માનો નાશ કરનાર છે (પણ) ભગવાનમાં સ્વલ્પ પણ પ્રેમ સર્વપુરુષાર્થને સાધનાર છે....બીજા કોઇની સહાય વિના (ભગવાન પ્રતિ) પ્રેમજ જોઇતાં સાધન અને પ્રાપ્ત કરવાનું ફલ પ્રાપ્ત કરાવે છે. પ્રેમ અંતઃકરણનો ધર્મ છે. તે પોતાના વર્ગને પોષે છે, પણ પોતાના વર્ગનો નાશ કરતો નથી, પરંતુ ભગવાનનો સંબંધ પ્રાપ્ત કરી, ભગવાનથી સંસ્કૃત થઈ પોતાના સર્વ વર્ગનો નાશ કરે છે. તેથી જે (પ્રેમ) બાધક હતો અને સંસારના કારણરૂપ હતો તેજ પોતાના વર્ગના સર્વનો નાશ કરી ભગવાનના પદને પ્રાપ્ત કરાવે છે. આ ચિહ્નથી રાગનો દ્વેષ વિગેરેથી વ્યભિચાર થતો નથી.

१२० पूर्वकांडे धर्मः प्रतिपाद्यः। उत्तरकांडे ज्ञानसाध्योपरतिरविद्यायाः एतद्द्वयमनुरागस्य स्वाभाविको धर्मः। यथा जलस्य रसः। अतो भक्तिधर्मप्रतिपादकत्वात्सर्ववेदानां न भक्तौ वेदविरोधः शंकनीयः।...अतः सहजत्वाद्भक्तं प्रति विधिशक्तिरेव कुंठिता, न तु विरोधः। १-१८-२२

૧૨૦ (વેદના) પૂર્વકાંડમાં ધર્મનું પ્રતિપાદન કરેલું છે, ઉત્તરકાંડમાં જ્ઞાનથી પ્રાપ્ત કરવાની અવિદ્યાની ઉપરતિ (નાશ) નું (પ્રતિપાદન કરેલું છે) જેમ જલનો રસ (સ્વાભાવિક ધર્મ છે) તેમ આ બંને (ભગવાનમાં) પ્રેમના સ્વાભાવિક ધર્મ છે. તેથી સર્વ વેદો ભક્તિધર્મનું પ્રતિપાદન કરતા હોવાથી, ભક્તિમાં વેદના વિરોધની શંકા કરવી નહિ....તેથી (વિધિ જેની આજ્ઞા કરે છે તે ભક્તોમાં) સહજ હોવાથી ભક્તો પ્રતિ વિધિની શક્તિજ કુંઠિત છે, પરંતુ વિરોધ નથી.

१२१ भक्तद्रोहे भगवान् कुप्यति। तेन सर्वनाशो भविष्यति। १-१८-२२

૧૨૧ ભક્તનો દ્રોહ કરવાથી ભગવાન ક્રોધ કરે છે તેથી સર્વનાશ થશે.

१२२ कृते पापेऽनुतापो वै यस्य पुंसः प्रजायते । प्रायश्चित्तं स्मृतं तस्य हरिसंस्मरणं परम् ॥ १-१९-१

૧૨૨ પાપ કર્યા પછી જે પુરુષને અનુતાપ થાય છે તેનું મુખ્ય પ્રાયશ્ચિત્ત હરિના નામનું સંસ્મરણ કહેલું છે.

१२३ महतां हि फलप्राप्तौ स्पृहाभाव एव विलंबहेतुः । १-१९-४

૧૨૩ મોટા પુરુષોને ફ્લની પ્રાપ્તિમાં (પોતાની) ઈચ્છાનો અભાવજ વિલંબનું કારણ છે.

१२४ अनन्या भक्तिः पुरुषार्थसाधिका । १-१९-७

૧૨૪ અનન્ય ભક્તિ પુરુષાર્થને સાધનારી છે.

१२५ भक्तचरणोदकशरणागतिर्न भगवन्मार्गविरोधिनी ॥ १-१९-१५

૧૨૫ ભક્ત તથા ભગવાનના ચરણોદકને શરણે જવાથી ભગવન્માર્ગમાં વિરોધ થતો નથી.

१२६ योगोऽस्यास्तीति योगी । योगेन स्वस्य पुरुषार्थसाधकः । महायोगी तु स्वयोगवलेनान्येषामपि सर्वसाधकः ॥ १-१९-३५

૧૨૬ યોગ જેનો છે તે યોગી. તે યોગથી પોતાનો પુરુષાર્થ સાધે છે. મહાયોગી તો પોતાના યોગબળથી બીજાઓના પણ સર્વ (પુરુષાર્થ) સાધે છે.

## द्वितीय स्कंध

१२७ बुद्धिश्चायुश्च दोषाणामभावः कारणं यतः । यस्य नैते भविष्यन्ति तस्य नास्त्यधिकारिता ॥" २-१-४

૧૨૭ બુદ્ધિ, આયુષ્ય અને દોષોનો અભાવ (શ્રોતવ્ય શ્રવણના) કારણ હોવાથી જેને આ (ત્રણ) નથી તે (તેનો) અધિકારી નથી.

१२८ भगवान् दशविधलीलायुक्तः श्रोतव्यः ॥ २-१-५

૧૨૮ દશ પ્રકારની લીલાવાળા ભગવાનનું શ્રવણ કરવું.

१२९ त्रयाणां (श्रवणकीर्तनस्मरणानां) देहपातपर्यन्तमावृत्तानामेवाऽभयसाधकत्वम् । उत्तरावधिर्देहपात एव । पूर्वावधिः संसारभयज्ञानम् । २-१-६

૧૨૯ (શ્રવણ, કીર્તન અને સ્મરણ) ત્રણે દેહ પડે ત્યાં સુધી કરવામાં આવે તો અભય પ્રાપ્ત કરાવે છે. તેમનો છેવટનો છેડો (બંધ કરવાનો સમય) દેહપાત છે. પહેલાનો છેડો (આરંભ કરવાનો સમય) સંસારના ભયનું જ્ઞાન છે.

१३० महाफलत्वात्स्मरणस्य सर्वदा भगवान्स्मर्तव्यः ॥ २-१-६

૧૩૦ સ્મરણનું ફ્લ મોટું હોવાથી, ભગવાનનું સદા સ્મરણ કરવું.

१३१ तस्माच्चः कश्चन भगवत्स्वरूपात्मको रसो निरतिशयत्वेऽपि सातिशयः स्वाभिव्यक्तया भोक्तव्य इति येषामिच्छा तैर्लीला श्रोतव्या ॥ २–१–९

१३२ यथा साकांक्षस्याधिकारिणो रसाभिव्यक्तिस्तथा जीवनेयत्तापरिज्ञानरहितस्यानधिकारिणो नाभिव्यक्तिः ॥ २–१–१२

१३३ सर्वावयवे मनसः स्थापनं धारणा। एकावयवे मनोधारणं ध्यानमिति भेदः ॥ २–१–१८

१३४ ब्रह्मभावः कश्चिद्धर्मः। यस्मिन्विद्यमाने ब्राह्मणशब्दवाच्यो भवति पुरुषः। ब्राह्मण्यापरनाम। ब्राह्मण्यं काचिद्देवता। सा यस्मिन्नेव देहेऽभिव्यक्ता भवति ते ब्राह्मणा इत्युच्यन्ते। अत एव शापादिना शूद्रत्वं चाण्डालत्वमनुग्रहेण ब्रह्मत्वमिति। सा चोपनयनेन देहे समायाति तदा बहूनि वाक्यानि संगच्छन्ते। एवं क्षत्रम्। अत एव परशुरामे उभयानिवेशः ॥ २–१–३७

१३५ स्वस्य हि परिमितः प्रयत्नः। स भगवत्सेवार्थे स्थापितो नान्यत्र विनियोगमर्हति ॥ २–२–३

१३६ सेवकस्याधिकारिविशेषणभूतधर्मद्वयमाह। तं निर्वृतो नियतार्थ इति। एकमन्यनिवृत्त्यर्थम्। एकं च भगवति दार्ढ्यार्थम्।

१३१ ભગવાનના સ્વરૂપાત્મક જે રસ, જેનાથી વધારે સારૂં કાંઈ નથી અને જે ઉત્તમ છે તે પોતે પ્રકટ થાય તેમ તેનો ભોગ કરવો એવી જેઓની ઈચ્છા હોય તેમણે (ભગવાનની) લીલાનું શ્રવણ કરવું.

१३२ જેવી રીતે આકાંક્ષાવાળા અધિકારીને રસ (ભગવદ્રસ) પ્રકટ થાય છે તેવી રીતે જીવન ટુંકું છે એવા જ્ઞાન વિનાના અનધિકારીને પ્રકટ થતો નથી.

१३३ સર્વ અવયવોમાં મનને સ્થાપવું તે ધારણા છે. એક અવયવમાં મનને રાખવું તે ધ્યાન એવો ભેદ છે.

१३४ બ્રહ્મભાવ કોઈ ધર્મ છે, જે હોય તો, પુરુષ 'બ્રાહ્મણ' કહેવાય છે. તેનું બીજું નામ 'બ્રાહ્મણ્ય' છે.... બ્રાહ્મણ્ય કોઈ દેવતા છે. તે જે દેહમાં પ્રકટ થાય છે તેઓ બ્રાહ્મણ કહેવાય છે. તેથીજ શાપ વિગેરેથી શૂદ્ર, ચાંડાલ (થાય છે), અનુગ્રહથી બ્રાહ્મણ (થાય છે). તે (બ્રાહ્મણ્યદેવતા) ઉપનયનથી દેહમાં આવે છે. આમ બહુવાક્યોની સંગતિ થાય છે. તેવીજ રીતે ક્ષત્ર (ક્ષત્ર દેવતા) છે. તેથીજ પરશુરામમાં ઉભય (બ્રાહ્મણ્ય અને. ક્ષત્ર) રહેલાં છે.

१३५ પોતાનો પ્રયત્ન (ક્રિયાશક્તિ) અલ્પ છે. તેને ભગવાનની સેવા માટે રાખેલ હોવાથી બીજે તેના ઉપયોગ કરવો જોઈએ નહિ.

१३६ સેવકના અધિકારીના વિશેષણ થએલા બે ધર્મો કહે છે (१) નિવૃત્ત અને નિયતાર્થ. એક (પહેલો) (ભગવાન

इमौ च वर्मावावस्यकौ। अन्यथा सर्वप्रकारेण सेवितोऽपि न पुरुषार्थो भवति। सर्वतो निर्वृत्तः। अन्यथा ब्रह्माज्ञन्यायो भवेत्। नियतो भगवत्स्यैवाऽर्थः पुरुषार्थो यस्य। भगवान् वा। अन्यथा संशयात्मा विनश्यति॥ २-२-१

(સિવાય) બીજાથી દૂર રહેવા માટે છે, અને એક (બીજો) ભગવાનમાં દ્દઢતા (રાખવા) માટે છે. અને બંને ઘણો આવશ્યક છે. નહિ તો સર્વ પ્રકારથી સેવવામાં આવે તો પણ પુરુષાર્થ ન થાય. (બીજા) સર્વથી દૂર રહેવું જોઇએ, નહિં તો બ્રહ્માજ્ઞ..ય થાય. ભગવાનમ..જ અથવા ભગવાનજ જેનો મુકરર કરેલ (નિશ્ચિત) અર્થ છે (તેવા રહેવું જોઇએ). નહિ તો સંશયાત્માનો નાશ થાય છે.

१३७ यथा भगवद्भजने भगवदीयाः षड् गुणाः स्वस्मिन्संक्रमन्ते तथा देहादिभजने तद्गताः षड् दोषाः संक्रमन्ते। उत्पत्तिर्नाशो-दुःखं कर्माणि परितापो हीनत्वं च। २-२-७

૧૩૭ જેમ ભગવાનનું ભજન કરવાથી ભગવાનના છ ગુણો પોતામાં આવે છે તેમ દેહ વિગેરેનું ભજન કરવાથી તેમના છ દોષો આવે છે. ઉત્પત્તિ. નાશ, દુ:ખ, કર્મો, પરિતાપ અને હીનતા.

१३८ सर्वाण्येव साधनानि साधनद्वये प्रविशन्ति। भगवद्भक्त....संगसाधकत्वेन भगवति रतिसाधकत्वेन च। एतावानर्थश्चे-त्सिद्धस्तदा नान्यकामना कर्तव्या॥२-३-१२

૧૩૮ બધા સાધનોનો બે સાધનોમાં સમાવેશ થાય છે, (૧) ભગવાનના ભક્તોનો સંગ સાધનાર અથવા (૨) ભગવાનમાં રતિ (પ્રેમ) સાધનાર. આટલો અર્થ સિદ્ધ થાય તો બીજી કોઈ કામના કરવી નહિ.

१३९ हरिकथासु रतिस्तयोः (पूर्वोक्त (१२) साधनद्वयोः) साधिका। कथारतिषु सक्तस्य कथका अपि मिलन्ति, प्रेमाऽपि भवति...॥ २-३-१२

૧૩૯ એ બે (૧૩૮ માં કહેલ સાધનોને) ને સાધનાર ભગવાનની કથામાં પ્રેમ છે. કથાના પ્રેમમાં લગની હોય તેને કથા કહેનાર પણ મળે છે અને (ભગવાનમાં) પ્રેમ પણ થાય છે.

१४० वर्षमध्ये एकोऽपि क्षण उत्तमश्लोकवार्तया स्वार्थं भगवदर्थं वा नीतश्चेत् स्वकार्यं वार्तयैव कृतमिति शिष्टमपि सैव हरिष्यतीति स्वयं (सूर्यः सर्वायुर्हारकः) न हरति॥ २-३-१७

૧૪૦ વર્ષમાં એક પણ ઉત્તમ શ્લોકની વાર્તામાં પોતાને માટે અથવા ભગવદર્થ ગાળવામાં આવે તો પોતાનું (સૂર્યનું) કાર્ય (આયુષ્ય હરવાનું), વાર્તાએજ કર્યું તેથી બાકીનું પણ તેજ હરશે તેથી (તેમ માની) પોતે (સૂર્ય) હરતો નથી.

१४१ यस्य हि गृहे भगवदागमनं संभावितं तत्र हि मार्जननिषेचनाद्यलंकारा भवन्ति । यत्र तु संभावनैव नास्ति चाण्डालगृहवत्तत्र विक्रिया नोत्पद्यते ।....यदा विकारोऽन्तःकरणे भवेत्तदा द्वयं ज्ञापकं भवेत् । नेत्रजलं रोमांचश्च । विकारो हि भगवदीयत्वेन परिणामः । सदा तदीयानां वैष्णवत्वम् । तत्र रोम्णां वृक्षत्वादुन्नतिर्वैष्णवत्वायुक्ता । रसस्यान्तःपूरणाद्वा । नेत्रे च कमलं भवति सजलम् । अन्यथा स्वस्थानच्युतं केवलं शुष्कम् ॥ २–३–२४

२५९ सर्वेषामात्मनामहमात्मा । यथा सर्वस्यैव गंगाजलस्य गंगा, यथा वा सर्वस्या अपि मृदः पृथिवी स्थूला, यथा वा पत्रशाखादीनां वृक्षः, एवमहं सर्वेषामात्मनामात्मा । ३-९-४२

૨૫૯ સર્વ આત્માઓનો હું ભગવાન આત્મા છું જેમ સર્વજ ગંગાજલનો આત્મા ગંગા છે, અથવા જેમ સર્વજ માટીનો આત્મા સ્થૂલ પૃથ્વી છે, અથવા જેમ પત્ર શાખા વિગેરેનો આત્મા વૃક્ષ છે તેમ હું સર્વ આત્માઓનો આત્મા છું.

२६० करोम्येवाहं सर्वमेव हितम्, परं मयि स्नेहाभावात् जीवास्तत्सुखं न गृह्णन्ति । अतो यदि मयि रतिं कुर्यात्, तदा स्नेहाद्गृह्णीयात् पश्चात् कृतार्थ एव भवेत् ॥ ३-९-४२

૨૬૦ હું સર્વ હિતજ કરૂં છુંજ. પરંતુ મારામાં સ્નેહ નહિ હોવાથી જીવો તે સુખ ગ્રહણ કરતા નથી. તેથી જો મારામાં પ્રેમ રાખે તો સ્નેહથી ગ્રહણ કરે પછી કૃતાર્થજ થાય.

२६१ विष्णू रक्षकः, उपसंहन्त्री तस्यैव मायां । ३-१०-१२

૨૬૧ વિષ્ણુ રક્ષક છે. તેમનીજ માયા ઉપસંહાર કરનારી છે.

२६२ भगवद्विषयिणी या काचिन्मतिः, सैव सर्वदुःखहर्त्री, तस्मात्वा कापि भगवल्लीला श्रातव्यैव । ३-१०-१८

૨૬૨ ભગવાનના સંબંધી હરકોઈ મતિ હોય તેજ સર્વ દુઃખ હરનારી છે, તેથી હરકોઈ ભગવાનની લીલાનું શ્રવણ કરવું જ.

२६३ पुष्परहिताः सफला वनस्पतयः, रजोरहिता सफला वैष्णवाः । ३-१०-१९

૨૬૩ પુષ્પ વિનાની ફલવાળી વનસ્પતિઓ છે. રજોગુણ વિનાના ફલવાલા વૈષ્ણવો છે.

२६४ येन मार्गेण सूर्यरथचक्रं गच्छति, तस्मिन्मार्गे परमाणुदेशं यावता कालेनातिक्रामति स परमाणुकालः । यावता परमाणुद्वयदेशमतिक्रामति सोऽणुकालः । ३–११–५

२६४ જે માર્ગે સૂર્યના રથનું ચક્ર જાય છે તે માર્ગમાં જેટલા સમયમાં પરમાણુ પ્રદેશ જાય છે તે પરમાણુ કાલ છે. જેટલા સમયમાં બે પરમાણુ પ્રદેશ જાય છે તે અણુકાલ છે.

२६५ संवत्सरशतं तु नृणां परमायुः अवृद्धिक्षये । एकेन संवत्सरेण एकमायुः कालेनोपभुक्तं भवति धर्मे तु क्रियमाणे कालेनाऽऽयुर्भोगः प्रतिबध्यते, तदा शतसंवत्सरादप्यधिकं जीवति । पापे तु क्रियमाणे पापमप्यायुरुपभुंक्ते । कालोऽपि । ३–११–१२

२६५ વૃદ્ધિ અથવા ક્ષય ન થાય તો માણસોનું આયુષ્ય ૧૦૦ વર્ષનું છે. કાલ એક વર્ષે એક આયુષ્યનો ભોગ કરે છે............ધર્મ કરવામાં આવે તો કાલ આયુષ્યનો ભોગ કરતો નથી. આમ થાય ત્યારે ૧૦૦ વર્ષથી પણ વધારે જીવે છે. પાપ કરવામાં આવે તોતેપણ આયુષ્યનો ભોગ કરે છે અને કાલ પણ કરે છે.

२६६ कलिः कलहः, सर्वमेव विवादास्पदम्, न किंचिन्निर्धारितम् । तेषां कल्पवासिनां यस्मिन्काले सर्वमेव कर्तुं शक्यते, सफलं च भवति, स कालोऽमृतघटिकारूपः कृतशब्देनोच्यते । यस्तु निंदितो विषघटिकात्मकः स कलिः, यत्र कलह एव न त्वर्थपर्यवसानम् । ३–११–१८

२६६ કલિ એટલે કજીઓ, તેમાં સર્વજ વિવાદનું સ્થાન છે, કોઇનો નિશ્ચય નથી............જે કાલમાં તે કલ્પવાસીઓ સર્વ કાંઈ કરી શકે છે અને તે સફલ થાય છે, તે અમૃતઘટિકા જેવો કાલ 'કૃત' કહેવાય છે. વિષઘટિકા જેવો નિંદિત કાલ 'કલિ' છે. તેમાં કજીઓજ છે, પરંતુ કોઈ અર્થમાં પર્યવસાન (અંત) નથી.

२६७ चत्वारो वर्णाः कृत एव । त्रेतायां ब्राह्मणाभावः, द्वापरे क्षत्रियाभावः, कलौ शूद्र एव । ३–१९–२१

२६७ કૃત યુગમાંજ ચારે વર્ણો છે. ત્રેતામાં બ્રાહ્મણ નથી. દ્વાપરમાં ક્ષત્રિય નથી. કલિમાં શુદ્રજ છે.

२६८ सर्वेषु मन्वन्तरेषु मनुपुत्राः, ऋषयः, देवाः, इन्द्रः, अंशावतारश्च; एते युगपदेव भवन्ति । ३–१?–२४

२६८ સર્વ મન્વન્તરોમાં મનુ, મનુના પુત્રો, ઋષિઓ, દેવો, ઈદ્ર અને અંશાવતાર હોય છે તે એક સાથેજ હોય છે.

२६९ आविर्भावतिरोभावयोर्मध्यवर्ती काल आयुरित्युच्यते ॥ ३–११–२७

२६९ આવિર્ભાવ અને તિરોભાવના મધ્યે રહેલો કાલ 'આયુષ્ય' કહેવાય છે.

२७० छायाया अपि प्रतिसृष्टिरूपत्वात्पुष्ट्युपयोगिसृष्टिजनकत्वम् । कर्दमस्य प्रति-

२७० છાયા પણ પ્રતિસૃષ્ટિરૂપ હોવાથી પુષ્ટિને ઉપયોગી સૃષ્ટિને ઉત્પન્ન

[illegible]
तपो भगवदाराधनं च तत्र कथयमेव । स्त्रियाः मुक्तिः, प्रकरणं च स्त्रियः । ३-१२-२७

२७१ कारणदशायां योऽभिमानः, तदपेक्षया कार्यानन्तरमभिमानोऽनर्थहेतुः । ३-१२-२७

२७२ लज्जया निवृत्तिर्लोके। ३-१२-३३

२७३ शब्दब्रह्मव्यतिरेकेण परब्रह्मणः प्रकाशनं न भवति । शब्दब्रह्मणैव परब्रह्म प्रकाश्यते स्वप्रकाशमपि । ३-१२-४६

२७४ का इयम्, कोऽयमिति वक्तव्ये, एकस्य विशेष्यं, अपरस्य विशेषणं लोपयित्वा द्वयमेकीकर्तुं 'काय' मित्याहुः । अनेन स्त्री स्वतो विशेष्यरहिता, पुरुषश्च विशेषणरहितः । अत उभयं मिलितं कायशब्दवाच्यं भवति । ३-१२-४९

२७५ भगवदीयानामपि चरित्रं श्रोतव्यम् । निराश्रयं चरित्रं स्वस्याश्रयत्वं न संपादयति, ततो न स्थिरं भवेत् । अतो महता कष्टेन श्रुतमपि भगवच्चरित्रमस्थिरत्वान्न फलपर्यवसायीति भगवदीयानां चरित्रं श्रोतव्यम् । ३-१३-३

२७६ शुश्रूषणं च तदेव; येन सेव्यस्य सुखं भवति तुष्यति च । ३-१३-६

२७७ निष्कपटेन हृदयेन मामाज्ञापयेति सदात्मना सह सर्वस्वनिवेदनम्, तदेव

[illegible]
[illegible] આવેલો છે, કારણ કે તેમાં પુષ્ટિસૃષ્ટિમાં સ્ત્રીનું પ્રાધાન્ય છે. તેમાં તપ, ભગવાનની આરાધના સ્ત્રી માટેજ છે, અને સ્ત્રીની મુક્તિ થાય છે. પ્રકરણ સ્ત્રીનું છે.

૨૭૧ કારણદશામાં જે અભિમાન છે તેના કરતાં કાર્ય પછીનું અભિમાન વધારે અનર્થનું કારણ છે.

૨૭૨ લોકોમાં લજ્જાથી દુષ્કર્મમાંથી નિવૃત્તિ થાય છે.

૨૭૩ શબ્દબ્રહ્મ વિના પરબ્રહ્મનું પ્રકાશન થતું નથી. પરબ્રહ્મ સ્વપ્રકાશ હોવા છતાં શબ્દબ્રહ્મ વિના પ્રકાશતું નથી.

૨૭૪ આ સ્ત્રી કોણ (का)? આ (अयम्) પુરુષ કોણ? એમ કહેવાનું હોય ત્યાં એકના (સ્ત્રીનું) વિશેષ્ય અને બીજાના (પુરુષનું) વિશેષણનો લોપ કરી બેને એક કરવા 'कायम्' એમ કહે છે. તેથી સ્ત્રી પોતે વિશેષ્ય વિનાની છે અને પુરુષ વિશેષણ વિનાનો છે. તેથી બંને મળીને 'કાય' શબ્દનું વાચ્ય થાય છે.

૨૭૫ ભગવદીયોના ચરિત્રનું પણ શ્રવણ કરવું. આશ્રયરહિત પોતાના આશ્રયને પૂરું પાડતું નથી તેથી સ્થિર હોતું નથી. તેથી ઘણા કષ્ટથી શ્રવણ કરેલું પણ ભગવાનનું ચરિત્ર અસ્થિર હોઈ ફલ આપતું નથી તેથી ભગવદીયોના ચરિત્રનું શ્રવણ કરવું.

૨૭૬ સેવા તેજ કે જેથી સેવ્યને સુખ થાય અને સંતોષ થાય.

૨૭૭ 'મને આજ્ઞા કરો' એમ કપટરહિત હૃદયથી આત્મા સાથે પોતા-

शुश्रूषणम् । अनेनैहिकं पारलौकिकमपि आत्मगामि सर्वं निवेदितम्....तदेवात्मसमर्पणं नाम । न ततोऽन्यत्प्रभोः शुश्रूषणमस्ति । ३-१३-९

२७८ यथा विक्षिप्तेन्द्रियस्य न शारीरो धर्मः फलाय नाप्यैन्द्रियो धर्मो विक्षिप्ते मनसि, तथा भगवद्विमुखस्य न कोऽपि धर्मः सिध्यति । यदि देहाद्यनुरोधेन, लोकानुरोधन वा, देहादिलोकानां बाधकत्वाद्वा, भगवदादरं न कुर्यात्, तदा तेषामेव दोषो भवेत् । भगवांश्च तानेव दण्डयेत्,....स्वत एव यदि भगवन्तं न मन्येत, तस्य सर्वनाशो भवत् । ३-१३-१३

२७९ वरानाहरतीति वराहः सर्वकामप्रदः । ३-१३-१९

२८० नहि समुद्रः सान्तो द्रष्टुं शक्यते, तथा भगवच्छरीरम् । ३-१३-२०

२८१ तर्को नाम प्रत्यक्षतो दृष्टस्य पदार्थस्य निर्वाहकोपपत्तिः, यस्मिन्पदार्थे कल्प्यमाने दृष्टोऽर्थ उपपद्यते । ३-१३-२१

२८२ एका भगवतो लीला नानाकार्यप्रवर्तिका । भक्तानां सर्वसौख्यार्थं लीलां चक्रे तथाविधाम् । ३-१३-२७

ના સર્વનું નિવેદન કરવું તેજ શુશ્રૂષણ (સેવા)....આથી આ લોકનું તથા પરલોકનું પોતાનું સર્વ નિવેદન કરેલું છે ............તેજ આત્મસમર્પણ. તેનાથી બીજું પ્રભુનું શુશ્રૂષણ નથી.

૨૭૮ જેની ઈંદ્રિયો વિક્ષિપ્ત હોય તેનો જેમ શારીર ધર્મ ફલ આપતો નથી, જેનું મન વિક્ષિપ્ત હોય તેને ઈંદ્રિયનો ધર્મ (ફલ આપતો) નથી, તેમ જે ભગવાનથી વિમુખ હોય તેનો કોઈ પણ ધર્મ સિદ્ધ થતો નથી. જો દેહ વિગેરેના અનુરોધથી, અથવા લોકના અનુરોધથી, અથવા દેહ વિગેરે અથવા લોક બાધક હોવાથી ભગવાનનો આદર ન કરે તો તેમાં તેઓનોજ દોષ થાય, અને ભગવાન તેઓનેજ દંડે.... (પણ) જો પોતેજ ભગવાનની અવગણના કરે તો તેનો સર્વનાશ થાય.

૨૭૯ વરોને (ઇચ્છેલી ચીજોને) લાવે છે તે વરાહ સર્વ કામ (ઇચ્છેલા પદાર્થોને) ને આપનાર છે.

૨૮૦ અંત સુધી સમુદ્ર જોઇ શકાતો નથી તેમ ભગવાનનું શરીર (જોઈ શકાતું નથી).

૨૮૧ તર્ક એટલે પ્રત્યક્ષ જોએલા પદાર્થનો નિર્વાહ કરનાર ઉપપત્તિ, જે પદાર્થની કલ્પના કરવાથી જોએલો અર્થ બંધ બેસે તે.

૨૮૨ ભગવાનની એક લીલા જૂદા જૂદા કાર્યની પ્રવૃત્તિ કરાવનાર છે. ભક્તોને સર્વ સુખ આપવા ભગવાને તેવી લીલા કરેલી છે.

२८३ वराहरूपं अर्थामयमेव। ३-१३-३९

२८३ વરાહનું રૂપ ત્રયી (ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ એ ત્રણ વેદ) મયજ છે.

२८४ तव गुणानुवर्णनरूपे स्तोत्रेऽल्पं बह्विति विभागो व्यर्थः, त्वद्गुणानामानन्त्यात्। स्वबुद्ध्यनुसारेण तु स्तुतमेव, यस्तु पुनः सर्वाण्येव भगवच्चरित्राणि कथयिष्यामीति प्रारभते, स निश्चयेन भ्रष्टमतिः। भ्रष्टस्य मर्यादो भवति। ३-१३-४९

२८४ આપના (ભગવાનના) ગુણના વર્ણન રૂપ સ્તોત્રમાં "થોડું, બહુ" એવો વિભાગ વ્યર્થ છે, કારણ કે આપના ગુણો અનંત છે. પોતાની બુદ્ધિ પ્રમાણેજ સ્તુતિ થાય છે. છતાં જો કોઈ 'હું ભગવાનના સર્વ ચરિત્ર કહીશ' એમ પ્રારંભ કરે છે તે નિશ્ચય ભ્રષ્ટમતિવાળો છે. ભ્રષ્ટને મર્યાદા હોતી નથી,

२८५ समस्तमेव विश्वं योगमायायाः सत्त्वादिगुणैर्मोहितम्। सा हि जगत्कर्त्री स्वकार्यसिद्ध्यर्थं मोहयत्येव, अतो मायामोहिताः स्वरूपमेव न जानन्ति, कुतो भगवद्गुणान्। „

२८५ આખુંય વિશ્વ યોગમાયાના સત્ત્વ વિગેરે ગુણોથી મોહેલું છે, કારણ કે જગત્ રચનારી તે પોતાનું કાર્ય સિદ્ધ કરવા મોહ કરે છે જ. તેથી માયાથી મોહ પામેલાઓ (ભગવાનનું) સ્વરૂપજ જાણતા નથી, તો પછી ભગવાનના ગુણોને ક્યાંથી જાણે?

२८६ ईश्वरसान्निध्यं प्रजानां स्वाच्छन्द्यप्रतिबंधकम्। ३-१३-४८

२८६ પ્રભુની સન્નિધિ પ્રજાની સ્વચ્છંદતાનો પ્રતિબંધ કરનારી છે.

२८७ तस्य (भगवतः) प्रसाद एव दुर्लभः, प्रसन्ने न किंचिद्दुर्लभम्। यथा स्वस्य (भगवतो) भोगे न कापि न्यूनता तथा तस्य(भक्तस्य)पि......। परमनन्यदृष्ट्या भजनं कर्तव्यम्। भगवदर्थमेव भगवान्सेव्यः। ३-१३-५०

२८७ તેમનો (ભગવાનનો) પ્રસાદજ (પ્રસન્નતાજ) દુર્લભ છે. (ભગવાન) પ્રસન્ન થાય ત્યારે કાંઈપણ દુર્લભ નથી....જેમ તેમના (ભગવાનના) ભોગમાં કાંઈ પણ ન્યૂનતા નથી, તેમ તેનાં (ભક્તના) પણ (ભોગમાં કાંઈ પણ ન્યૂનતા નથી)...પરંતુ અનન્ય દૃષ્ટિથી ભજન કરવું જોઈએ. ભગવદર્થજ (ભગવાનનેજ માટે) ભગવાનની સેવા કરવી જોઈએ.

२८८ साधवो हि परदुःखनिवारकाः। ३-१४-४

२८८ સાધુ (પુરુષો) પારકાનાં દુઃખ મટાડનાર છે.

२८९ वेदसारोद्धारः समाधिभाषायाम्, इतिहाससारोद्धारो मतांतर इति विवेकः। ३-१४-३

२९० कामशास्त्रे कामः पुरुषमेव बाधते, न तु स्त्रियम्, तस्याः स्वपूतनारूपत्वात्। पुरुषार्थश्च पुरुषस्यैव, अन्यथा पुरुषस्य स्त्रीशेषत्वं स्यात्। ३-१४-९

२९१ तज्जाया जाया भवति यदस्यां जायते पुनः। ३-१४-११

२९२ पुरुषार्थत्रयं भार्यासहितस्यैव यतः सिद्ध्यति। मिळितं तस्यैव। धर्मोऽपि यज्ञात्मकस्तस्यैव, 'काञ्चनमञ्चितं भवति यत्संगेऽङ्गना' इति वाक्यादर्थोऽपि तदधीन एव पुरुषार्थः, अन्यथा दुःखहेतुः स्यात्, कामसमुद्रस्य तु सा तर्येव। (तदेव)॥ ३-१४-१६

२९३ अन्येषामाश्रमाणामन्नदाता गृहस्थ एव। अभार्यस्त्वभोज्यान्नः॥ ३-१४-१७

२९४ चिद्रूपस्य स्वस्य स्वदेहः सद्रूपः, आनन्दरूपश्च भार्यायाः।......केषांचिन्मते भार्यासहितस्यैव कर्मण्यधिकारः॥३-१४-१८

२९५ भक्तद्रोहे वधः स्मृतः॥३-१४-४०

२९६ स्वामिनः सेवकवधः साक्षादनुचितः॥ ३-१४-४०

२८९. वेदना सारनो उद्धार समाधि भाषामां (करेलो छे), इतिहासना सारनो उद्धार मतांतरमां छे एवो विवेक छे.

२९०. कामशास्त्रमां (कामशास्त्र-प्रमाणे) काम पुरुषनेज पीडे छे, स्त्रीने पीडतो नथी, कारण के ते (स्त्री) तेना उत्कटरूप छे. (काम) पुरुषोनोज पुरुषार्थ छे, नहि तो पुरुष स्त्रीने शेष (अधीन) होत.

२९१. जयामां (स्त्रीमां) पुनः (पति) जन्म ले छे (जायते), तेथी ते 'जया' छे.

२९२. त्रण पुरुषार्थ भार्यावाळानेज सिद्ध थाय छे. त्रणे एकठा तेनेज (मळे छे) यज्ञात्मक धर्म पण तेनोज होय छे. 'जेनी साथे स्त्री होय तेनाथी सुवर्ण भूषित थाय छे.' वाक्य प्रमाणे अर्थ पण तेने अधीनज पुरुषार्थ छे; नहि तो (स्त्री न होय तो) दुःखनुं कारण थाय. कामरूपी समुद्रनी तो ते नावज छे.

२९३. बीजा आश्रमोनो अन्नदाता गृहस्थज छे. स्त्री विनानानुं भोजन लेवा योग्य नथी.

२९४. पोते (पुरुष, जीव) चिद्रूप होई तेनो देह सद्रूप छे; अने पत्नीनो आनंदरूप छे............केटलाकना मत प्रमाणे भार्यावाळोज कर्मनो अधिकारी छे.

२९५. भक्तद्रोह करे तेनो वध (शास्त्रमां) कहेलो छे.

२९६. स्वामीए सेवकनो वध पोते करवो योग्य नथी.

२९७ यस्तु भगवदीयो भूत्वा भगवदीय मेव देहादिभिः करोति, जानाति, स भागवतः। यस्तु सर्वदैव तथाविधः स महाभागवतः॥ ३-१४-४७

२९८ ससाधनौ सांख्ययोगौ स्फुरत्कुण्डले, तत्सहितो योऽयं भक्तिमार्गः स मुखम्॥ ३-१४-४९

२९९ स्त्रीणां न सारूप्यमुक्तिः। वैष्णवपतिव्रतानां तु तैः सह गमनम्, तत्र च भगवद्गुणगानम्॥ ३-१५-१४

३०० तत्र ( वैकुण्ठे ) स्त्रीणां न मोहजनकत्वम्, तिर्यग्जीवानां न मदः, लतागुल्मादीनां पुष्पप्रधानानामपि न मात्सर्यम्, भगवद्भक्तस्त्रीणां न कामजनकत्वम्, लक्ष्म्या अपि नाऽभिमानलक्षणो मानात्मकः क्रोधः, लोभश्च तत्रैव प्रतिष्ठित इति न तस्याः स्वस्मिन्परमपुरुषार्थबुद्धिः, किंतु भगवत्येवेति सर्वदोषाणामभावः॥ ३-१५-१७

३०१ तपसा हि हीन उत्तमतां भजति। तुलसिका भगवत आभरणम्, वनमाला तत्संभवेति। तुलस्यमृतोद्भवा यथा लक्ष्मीः। भगवत्प्रसादात् तया तपः कृतमित्यवसीयते। वृंदात्वे वा तस्यां प्रसादः। सा हि जालन्धरपत्नी भूत्वा कन्या, जालन्धरवधार्थं च तां परिगृहीतवान्। तस्याः पातिव्रत्यं तपः, तप एव वा पूर्वसिद्धम्। गुणरूपसौन्दर्यातिशयात् भगवता सा तथैव स्थापिता। भक्तिमार्गे

२९७. જે ભગવદીય થઈ, દેહ વિગેરેથી ભગવદીયજ (કાર્ય) કરે છે, જાણે છે, તે ભાગવત છે, પણ જે સદાજ તેવા પ્રકારનો છે તે મહાભાગવત છે.

૨૯૮. સાધનસહિત સાંખ્ય અને યોગ ( એ બે ) ઝલકતાં કુંડલો છે તે સહિત આ જે ભક્તિમાર્ગ તે (ભગવાનનું) મુખ છે.

૨૯૯. સ્ત્રીઓની સારૂપ્ય મુક્તિ થતી નથી. વૈષ્ણવોની પતિવ્રતાઓ તો તેમની સાથે જાય છે, અને ત્યાં ભગવાનના ગુણોનું ગાન કરે છે.

૩૦૦. ત્યાં ( વૈકુંઠમાં ) સ્ત્રીઓ મોહ ઉત્પન્ન કરતી નથી, હલકા જીવોને મદ હોતો નથી, પુષ્પપ્રધાન લતા ગુલ્મ વિગેરેને પણ માત્સર્ય હોતું નથી, ભગવાનના ભક્તોની સ્ત્રીઓ કામ ઉત્પન્ન કરનારી હોતી નથી, લક્ષ્મીજીને પણ અભિમાનરૂપ મોટાઈરૂપી ક્રોધ હોતો નથી, અને લોભની તેમાંજ (લક્ષ્મીમાંજ) પ્રતિષ્ઠા હોવાથી તેમને પોતામાં પરમ પુરુષાર્થ બુદ્ધિ નથી, પણ ભગવાનમાંજ છે. તેથી ત્યાં કોઈ દોષ નથી.

૩૦૧. હલકું હોય તે તપથી ઉત્તમ થાય છે. તુલસી ભગવાનનું આભરણ છે, કારણ કે વનમાલ તેની બને છે. જેમ લક્ષ્મીજી જલમાંથી ઉત્પન્ન થયાં છે તેમ તુલસી પણ જલમાંથી ઉત્પન્ન થએલાં છે, અને ભગવાનની કૃપા(પ્રસાદ) થી તેણે તપ કર્યું એવો નિશ્ચય થાય છે. વૃંદા હોવાથી તેના પર ભગવાનની કૃપા થઈ, કારણ કે તે મધુની કન્યા જાલંધરની પત્ની હતી. જાલંધરનો વધ

तस्या माहात्म्यं सर्वतोऽधिकम् ॥३-१५-१९

કરવા ભગવાને તેના પર કૃપા કરી. તેનું તપ પતિવ્રતાપણું હતું અથવા પહેલાંજ તેણે તપ કરેલું. ગુણથી થતું સૌન્દર્ય ન રહે તે માટે ભગવાને તેને તેવીજ રાખી. ભક્તિમાર્ગમાં તેનું માહાત્મ્ય સર્વથી અધિક છે.

३०२ लोके आधिभौतिक्या ( लक्ष्म्या ) श्चांचल्यं दोषः ॥ ३-१५-१९

૩૦૨. લોકમાં આધિભૌતિક લક્ષ્મીનો દોષ ચંચલતા છે.

३०३ अन्यविषयककथाश्रवणं वैकुण्ठगमने साधने सत्यपि प्रतिबन्धकम् ॥ ३-१५-२३

૩૦૩. વૈકુંઠમાં જવાનું સાધન હોય છતાં (ભગવાનથી) અન્યના સંબંધવાળી કથાનું શ્રવણ તેમાં ( વૈકુંઠગમનમાં ) પ્રતિબંધ કરનાર છે.

३०४ भक्त्यैव गतं तत्स्थानं ( वैकुण्ठं ) हितकरं भवति; न तु स्वयोगबलेन गतम् ॥ ३-१५-२६

૩૦૪. ભક્તિથીજ પામેલું તે સ્થાન (વૈકુંઠ) હિતકારિ છે, પરંતુ પોતાના યોગબલથી પામેલું ( હિતકારી ) નથી.

३०५ गुरोः स्थाने धार्ष्ट्येन न गंतव्यम्, नापि रिक्तहस्तादिना । „–„–„

૩૦૫. ગુરુના સ્થાનમાં ધૃષ્ટતાથી ન જવું, તેમજ ખાલી હાથ વિગેરેથી પણ ન જવું.

३०६ गर्वस्तु भगवत्प्रतिकूलो धर्मः, दैत्यधर्मत्वात् ॥ ३-१५-३०

૩૦૬. ગર્વ ( અહંકાર )તો દૈત્યધર્મ હોવાથી ભગવાનથી વિરોધી ધર્મ છે.

३०७ कामक्रोधलोभैर्नरक एव भवति, न संसारः; मोहेन च संसारो भवति ॥ ३-१५-३६

૩૦૭. કામ ક્રોધ અને લોભથી સંસાર નહિ, પણ નરકજ (પ્રાપ્ત) થાય છે, અને મોહથી સંસાર થાય છે।

३०८ पीतमम्बरं वेदः ।....तयदि भगवानाधिदैविके रूपे पीतांबरं स्थापयति तदैवात्र वेदः प्रचरति, तदैव च भगवतोऽधिष्ठानं सर्वेषां हृदयं भवति । तत्र विस्फुरन्ती या काञ्ची काञ्चननिर्मितं दाम उपनिषदर्थरूपम्, तया सुतरामेव महतां हृदयमधिष्ठानं भवति ॥ ३-१५-४०

૩૦૮. પીત અંબર વેદ છે........ ભગવાન આધિદૈવિક રૂપ ઉપર પીતાંબર ધારણ કરે ત્યારેજ અહિં વેદનો પ્રચાર થાય છે, અને ત્યારેજ સર્વનું હૃદય ભગવાનનું અધિષ્ઠાન થાય છે. તેના (પીતાંબર) ઉપર શોભતો કંદોરો એટલે સુવર્ણની બનેલી માલા તે ઉપનિષદોના અર્થરૂપ છે, અને તેનાથી મહાન પુરુષોના હૃદય સારી રીતે (ભગવાનનાં) અધિષ્ઠાન થાય છે.

३०९ ब्रह्म प्रकारद्वयेन निश्चीयते, शास्त्रतोऽनुभवतश्च। तत्र शास्त्रं दुष्टानां ब्रह्मसाक्षात्कारो न भवतीत्याह, न तु सतां साक्षात्कारो भवतीति, तथा सत्यनुवादकत्वं स्यात्। अत उपनिषदामात्मब्रह्मवाक्यरूपाणामनधिकार्यसाक्षात्कारविषयप्रतिपादकत्वम्॥ ३–१५–४६

૩૦૯. બ્રહ્મનો બે પ્રકારથી નિશ્ચય થાય છે. શાસ્ત્રથી અને અનુભવથી. તેમાં શાસ્ત્ર એમ કહે છે કે દુષ્ટોને બ્રહ્મનો સાક્ષાત્કાર થતો નથી, પરંતુ સંતોને સાક્ષાત્કાર થાય છે એમ કહેતું નથી. જો એમ કહેતું હોય તો તે માત્ર અનુવાદ કરનાર થાય. તેથી આત્મ-બ્રહ્મના વાકયરૂપ ઉપનિષદો અનધિકારીઓને (બ્રહ્મનો) સાક્ષાત્કાર થતો નથી એમ પ્રતિપાદન કરે છે.

३१० भगवदीयो रस उभयत्र प्रतिष्ठितः, रूपलीलायां नामलीलायां च।....कथारसोऽनुभवेनैव ज्ञायते।...यथा कामादिषु हृदये विद्यमानेष्वेव सत्सु कामिन्यादिनामरूपरसा अनुभूयन्ते, नापि रसास्वादनव्यतिरेकेण किंचिदन्यत्तादृशं प्रमाणमस्ति, न वा अधिकारिणि कामाद्यभावे स रसः स्फुरति, रसानामधिकारिणं प्रत्येव स्फुरणानियमात्....स च अधिकारः शास्त्रानुभवाभ्यां प्रेमज्ञानाभ्यामेव भवति। रसांतराविष्टचित्तानामत्र रसो नोत्पत्स्यते॥ ३–१५–४८

૩૧૦ રૂપલીલા અને નામલીલા બંનેમાં ભગવદીય રસ રહેલો છે........ કથારસનું અનુભવથીજ જ્ઞાન થાય છે. ........જેમ કામ વિગેરે હૃદયમાં હોય ત્યારેજ કામિની વિગેરેના નામ, રૂપ, તથા રસનો અનુભવ થાય છે, અને તેમાં રસના અનુભવ વિના બીજું કાંઈપણ એવું પ્રમાણ નથી. વળી અધિકારવાળામાં કામ વિગેરે ન હોય તો તે રસ સ્ફુરતો નથી, કારણકે રસો અધિકારીનેજ સ્ફુરે છે તેવો નિયમ છે ........તે (ભગવાનની કથાના રસનો) અધિકાર શાસ્ત્ર અને અનુભવથી પ્રેમ અને જ્ઞાનથીજ થાય છે. બીજા રસમાં જેનું ચિત્ત લાગેલું હોય તેને આમાં રસ ઉત્પન્ન થતો નથી.

३११ इन्द्रियादीनामन्यार्थे जयो ज्ञानमार्गे, मदर्थे (भगवदर्थे) जयो भक्तिमार्गे॥ ३–१६–२

૩૧૧. જ્ઞાનમાર્ગમાં ઇંદ્રિયોનો બીજાને માટે જય છે, ભક્તિમાર્ગમાં (મારા)ભગવાનને માટે (તેઓનો) જય છે.

३१२ महतामपि लोकापवादाद्भयं भवति। ३–१६–९

૩૧૨. મહાપુરુષોને પણ લોકાપવાદથી ભય થાય છે.

३१३ वस्तुतस्त्वपहतपाप्मा भगवान्, अत एव लोकानामपि तत्संबंधात्पापनाशः,

૩૧૩. વસ્તુતઃ ભગવાન પાપનો નાશ કરનારા છે. તેથીજ તેમના સંબંધથી

लक्ष्म्या अपि दोषनिवृत्तिः ॥ ३-१६-७

३१४ यदि योगी सहस्रं शरीराणि गृह्णाति, तथापि स एक एव, जीवस्यैकत्वात्, तथाऽनन्तमूर्तिः । तत्रापि यज्ञरूपं आधिभौतिकशरीरद्वयं गृह्णाति, हविर्मन्त्रात्मकत्वाद्यागस्य । तत्र मन्त्रा ब्राह्मणेषु प्रतिष्ठिताः, हविर्धेनुषु । ते चेद्ब्राह्मणा गावश्चान्ये भवेयुः, तदा तेभ्य उद्धृतेषु मन्त्रत्वं हविष्ट्वं च न स्यात्, भगवद्व्यतिरिक्तास्ते लौकिका एव भवन्तीति । अत एवाऽन्यैरुच्चारिता मन्त्रा एव न भवन्ति, लौकिकवाण्योच्चारितत्वात् । अतस्ते ममैव तन्वः ॥ ३-१६-१०

३१५ जीवाः स्वभावतो दासाः । ३-१६-१२

३१६ दासभावादतो नान्यत्काम्यं भवति कस्यचित् । अतो हि भगवान्भर्ता जीवानामिति निश्चयः ॥ ३-१६-१२

३१७ धनाभिनिविष्टचित्ता न भगवत्संमुखा भवन्ति । बाला एव ते स्तनपानव्यग्रा मातरमेव मन्यन्ते ॥ ३-१६-२०

३१८ युगत्रय एव भगवदाविर्भावः, न कलौ । अत एव कलौ धर्मोऽपि नास्ति, रक्षकाभावात् ।....(भगवतः) षड्गुणेषु द्वाभ्यां द्वाभ्यामेकैकस्मिन्युगे धर्मरक्षा । ज्ञानवैराग्याभ्यां सत्ये, यशःश्रीभ्यां त्रेतायाम्, ऐश्वर्यवीर्याभ्यां

લોકોના પણ પાપનો નાશ થાય છે, અને લક્ષ્મીના દોષ પણ દૂર થાય છે.

૩૧૪. યોગી એકહજાર શરીર ધારણ કરે તો પણ તે એકજ છે, કારણ કે જીવ એક છે. તેમ (ભગવાન) અનન્તમૂર્તિવાળા છે. તેમાં પણ યજ્ઞરૂપ આધિભૌતિક બે શરીર (ભગવાન) ધારણ કરે છે, કારણકે યજ્ઞમાં હવિઃ અને મંત્ર એ બે (મુખ્ય) છે. તેમાં મંત્રો બ્રાહ્મણોમાં રહેલા છે, અને હવિઃ ગાયોમાં રહેલું છે. જો તેઓ બ્રાહ્મણો અને ગાયો બીજા (ભગવાનથી ભિન્ન) હોય તો તેમનામાંથી નીકળેલમાં મંત્રપણું કે હવિપણું હોય નહિ; કારણકે ભગવાન વિનાના તેઓ લૌકિકજ હોય. તેથીજ (બ્રાહ્મણોથી) બીજાઓએ ઉચ્ચારેલા મંત્રોજ નથી, કારણકે તે લૌકિક વાણીથી ઉચ્ચારેલ છે. તેથી તેઓ (બ્રાહ્મણો અને ગાયો) મારાં (ભગવાનના) શરીર છે.

૩૧૫. જીવો સ્વભાવથી દાસ છે.

૩૧૬. ભગવાન જીવોના પતિ છે એવો નિશ્ચય છે. તેથી કોઇએ દાસભાવથી બીજું કાંઇ ઇચ્છવા યોગ્ય નથી.

૩૧૭. જેઓનું ચિત્ત ધનમાં રહેલું છે તેઓ ભગવાનને સન્મુખ થતા નથી. તેઓ સ્તનપાન માટે વ્યગ્ર બાલકોજ છે (અને) માનેજ (લક્ષ્મીનેજ) ગણે છે.

૩૧૮. ત્રણ યુગમાંજ ભગવાનનો આવિર્ભાવ (થાય છે), કલિમાં (થતો) નથી. તેથીજ કલિમાં ધર્મ પણ નથી, કારણકે તેનું રક્ષણ કરનાર નથી........ (ભગવાનના) છ ગુણો પૈકી બેબે ગુણો એકએક યુગમાં ધર્મની રક્ષા કરે છે.

द्वापरे, इति कलौ न कोऽप्यवशिष्यते धर्मो धर्मरक्षकः। किंच सत्त्वेन पाल्यते धर्मः। केवलसत्त्वस्य प्रवृत्तिः सत्ये, रजसा सहितस्य त्रेतायाम्, सत्त्वसंबंधयोग्येन रजसा तमसा च द्वापरे धर्मरक्षा। कलौ च सत्त्वस्य तत्संबंधिनश्चाभावान्न रक्षा ॥ ३-१६-२२

સત્યયુગમાં જ્ઞાન અને વૈરાગ્યથી, ત્રેતાયુગમાં યશ અને શ્રીથી (અને) દ્વાપરયુગમાં ઐશ્વર્ય અને વીર્યથી (ધર્મની રક્ષા થાય છે.) તેથી કલિમાં ધર્મનું રક્ષણ કરનાર (ભગવાનનો) કોઇપણ ધર્મ બાકી રહેતો નથી. વળી ધર્મનું સત્ત્વથી પાલન થાય છે. સત્યયુગમાં કેવલ સત્ત્વની પ્રવૃત્તિ હોય છે, રજોગુણ સહિત સત્ત્વની ત્રેતાયુગમાં (પ્રવૃત્તિ હોય છે) અને સત્ત્વના સંબંધને યોગ્ય રજોગુણ અને તમોગુણથી દ્વાપરમાં ધર્મની રક્ષા થાય છે. કલિમાં સત્ત્વ અથવા તેના સંબંધવાળા (બીજા ગુણો) હોતા નથી તેથી (ધર્મની) રક્ષા (થતી) નથી.

३१९ ब्रह्मशापस्य प्रायश्चित्तं कर्तव्यम्। प्रायश्चित्तानन्तरं हि पुरुषः शुद्धः शुद्धेनैव हि विहितं कर्तव्यम्, भगवद्भक्तानां च प्रायश्चित्तं भगवत्स्मरणमेव ॥ ३-१६-३०

૩૧૯. બ્રહ્મશાપનું પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ, કારણકે પ્રાયશ્ચિત્ત પછી પુરુષ શુદ્ધ થાય છે. શુદ્ધજ(પુરુષે) વિહિત કરવું જોઇએ. ભગવાનનું સ્મરણ (એ)જ ભગવદ્ભક્તોનું પ્રાયશ્ચિત્ત છે.

३२० ब्रह्मणा हि कामेन वाक् शप्ता.... सैव वाक् गोपिकाः ॥ „–„–„

૩૨૦. બ્રહ્માએ કામથી વાણીને શાપ આપ્યો...........તેજ વાણી ( વાક ) ગોપિકાઓ છે.

३२१ भगवत्तेजसा दैत्यतेज आक्षिप्तं भवति, दैत्यतेजसा च देवानाम्। ३-१६-३६

૩૨૧. ભગવાનના તેજથી દૈત્યોનું તેજ ઢંકાઈ જાય છે, અને દૈત્યોના તેજથી દેવોનું તેજ ઢંકાઈ જાય છે.

३२२ सापेक्षमसमर्थं भवतीति निरपेक्ष एव प्रभुः ॥ ३-१७-२८

૩૨૨. (બીજાની)અપેક્ષા રાખનાર શક્તિહીન હોય છે તેથી પ્રભુ અપેક્ષારહિતજ છે.

३२३ भगवन्तं भक्त एव जानाति ॥ ३-१८-१

૩૨૩. ભગવાનને ભક્તજ જાણે છે.

३२४ त्वं (भगवान्) मूढानपि कृतार्थान् करोषीति न भक्तिमार्गे ज्ञानापेक्षा। ३-१८-६

૩૨૪. તમે (ભગવાન) મૂઢોને પણ કૃતાર્થ કરો છો તેથી ભક્તિમાર્ગમાં જ્ઞાનની અપેક્ષા નથી.

३२५ उत्कर्षो ह्यरिदृष्टः परममुत्कर्षं संपादयति ॥ ३–१८–८

३२६ भगवद्विरोधिनो नाम न ग्राह्यम् ॥ ३-१८–१०

३२७ भगवता चेत्कामना पूर्यते तदा-मर्यादामुल्लंघ्यापि पूर्यते ॥ ३–१९–३

३२८ संग्रामे निरायुधः शत्रुर्न मारणीय इति धर्मः ॥ ३–१९–४

३२९ भगवदनंगीकृतो धर्मः फलदायी न भवेत् ( भवति ) ॥ ३–१९–५

३३० भक्तानामाश्रयभूतो ( भगवतः ) पादः ॥ ३–१९–२८

३३१ वेदोक्तकर्मादि भारवत्त्वात्तद (भगवत्कथापरमानन्द) स्फूर्तिः॥ ३-१९-३३

३३२ यः केवलं हरेरर्थे सर्वथा यत्नवान् स्वतः । प्रसंगादपि न स्वार्थे महाभागवतस्तु सः ॥ ३–२०–१

३३३ यः कश्चन तानि (भगवत्कर्माणि) कीर्तयेदेव, अफलार्थी फलार्थी च ! अफलार्थिनो नित्यविधिः कीर्तन्यानीति । फलार्थिनस्तु सर्वाण्येव फलानि । पात्रापात्रविचारव्यतिरेकेणैव सर्वफलदातृण्युदाराणि; तस्मात्कीर्तनीयानि । सर्वेषु पदार्थेषु सन्ति रसाः, रसज्ञं प्राप्याभिव्यक्ता भवन्ति । भगवतस्तु कर्माण्यभिव्यक्तान्येव, रसज्ञः परमपेक्ष्यते । यथाऽऽग्नेयेनौषधेन क्षुज्जायते, एवमन्नेन च तृप्यते । अन्नमेव चेत् क्षुज्जनकं स्यात् कथं

૩૨૫. દુશ્મને જોએલી વડાઈ મોટું વડપણ પ્રાપ્ત કરાવે છે.

૩૨૬. ભગવાનના વિરોધીનું નામ લેવું નહિ.

૩૨૭. ભગવાન જો કામના પૂર્ણ કરે તો મર્યાદાને ઉલંઘીને પણ પૂર્ણ કરે છે.

૩૨૮. સંગ્રામમાં આયુધ વિનાના શત્રુને ન મારવો એવો ધર્મ છે.

૩૨૯. ભગવાને અંગીકાર કર્યો ન હોય તેવો ધર્મ ફલ આપનાર હોતો નથી.

૩૩૦. ભગવાનનો ચરણ ભક્તોના આશ્રય થએલો છે.

૩૩૧. વેદે કહેલાં કર્મોના ભારવાળા (શૌનક વિગેરે) હોવાથી, તેની (ભગવત્કથાના પરમાનંદની) (તેમને) સ્ફૂર્તિ થઈ નહિ.

૩૩૨. જે પોતાની મેળે માત્ર હરિને માટે સર્વથા યત્નવાળો છે, અને પ્રસંગને લીધે પણ પોતાને માટે (યત્નવાળો) નથી તે મહાભાગવત છે.

૩૩૩. ફલની ઈચ્છા નહિ રાખનારે તથા ફલની ઇચ્છા રાખનારે હરકોઈએ તેમનું (ભગવાનના) કર્મોનું કીર્તન કરવુંજ જોઈએ. ફલની ઈચ્છા નહિ રાખનાર માટે નિત્યવિધિ છે કે "કીર્તન કરવું". ફલની ઈચ્છા રાખનારને તો સર્વે ફલો (તેનાથી મળે છે). તે (ભગવાનના કર્મો) પાત્ર અથવા અપાત્રના વિચાર વિનાજ સર્વ ફલ આપનાર છે તેથી ઉદાર છે તેથી તેમનું કીર્તન કરવું જોઈએ. સર્વ પદાર્થોમાં રસો છે,

तृप्येत ? । तद्वत् रसज्ञः की वा नु निश्चयेन तृप्येत ? पीतेनामृतेनोत्तरत्रेच्छोत्पादनात् । स हि दुःखहर्ता स्मरन्नेव, दुःखं चात्मतिरोभावात्, तिरोभावकश्च प्राकृतो गणः, स भूयानिति । कालादिरपि । अतो निरंतरोत्पद्यमानदुःखनिवृत्त्यर्थं हरिः स्मर्तव्यः ॥ ३–२०–६

रसज्ञ મળે ત્યારે તે અભિવ્યક્ત થાય છે, પણ ભગવાનનાં કર્મો તો અભિવ્યક્તજ છે, પણ રસજ્ઞની અપેક્ષા છે........જેમ આગ્નેય ઔષધથી ક્ષુધા ઉત્પન્ન થાય છે, અને અન્નથી તેની તૃપ્તિ થાય છે, પણ અન્નજ જો ક્ષુધા ઉત્પન્ન કરનાર હોય તો તેની તૃપ્તિ કેવી રીતે થાય ? તેવી રીતે કોણ રસ જાણનાર ( કીર્તન કરતાં ) તૃપ્તિ પામે ?, કારણકે પાન કરેલું અમૃત વિશેષ માટે ઇચ્છા ઉત્પન્ન કરે છે. (હરિ) સ્મરણ કરતાંજ દુઃખ હરનાર છે. દુઃખ તેમના તિરોભાવથી થાય છે, અને તિરોભાવ કરનાર પ્રાકૃત ગણ છે. તે મોટો છે. (તેમાં) કાલ વિગેરે પણ છે. તેથી નિરંતર ઉત્પન્ન થતાં દુઃખને મટાડવા હરિનું સ્મરણ કરવું.

३३४ कामो विवेकादीनां नाशकः ॥ ३–२०–२३

૩૩૪. કામ વિવેક વિગેરેનો નાશ કરનાર છે.

३३५ त्वदीयानां नान्यः सुखदुःखदाता, किंतु त्वमे(भगवाने)व ॥ ३–२०–२७

૩૩૫. આપનાને (સેવકોને) સુખ દુઃખ આપનાર બીજો કોઈ નથી, પણ પણ આપ (ભગવાન)જ છો.

३३६ कामशास्त्रे हि कामिन्येव देवता, "ताः स्तुमः" इति वाक्यात् ॥३-२०–३६

૩૩૬. "તેઓની (સ્ત્રીઓની) સ્તુતિ કરીએ છીએ" એ વાક્યથી કામશાસ્ત્રમાં કામિનીજ દેવતા છે.

३३७ ये ते पदारविंदं कामलंवायोपासते मायया हतचेतसः । बालो हि मायया मोहितो बहु सुवर्णं दत्त्वा भक्ष्यमुष्टिं गृह्णाति, तद्वत् ॥ ३–२१–१४

૩૩૭. જેમ માયાથી મોહિત થએલો બાલક ઘણું સુવર્ણ આપી મુઠી ખાવાનું લે છે તેની પેઠે જે આપના (ભગવાનના) ચરણકમલની હલકી કામના માટે ઉપાસના કરે છે તેઓનું ચિત્ત માયાથી હરાએલું છે.

३३८ मुख्या भगवद्भक्तास्त्रिधर्मा भवन्ति । प्रथमतो लोकांस्त्यजन्ति, तदनु ये चरणातपत्रमाश्रिता भवन्ति, निरंतरं च तादृशैः सह तथा

૩૩૮. મુખ્ય ભગવાનના ભક્તો ત્રણ ધર્મવાળા હોય છે. (૧) પ્રથમ તેઓ લોકોનો ત્યાગ કરે છે. (૨) ત્યાર-

भगवद्गुणगानं कुर्वन्ति, यथा देहादीनामस्मरणं भवति। यद्येतन्मध्ये एकमपि न्यूनं भवेन्नस वैष्णवो मुख्यः। यथा लोकास्त्यक्तव्याः। एवमेव भगवद्भक्ता अपि लोकानुगताश्चेत्त्यक्तव्या एव। लोकापेक्षयाऽप्येते विशेषतस्त्यक्तव्याः॥ ३-२१-१७

પછી તેઓ ભગવાનના ચરણ છત્રનો આશ્રય કરે છે, અને (૩) તાદૃશ ભક્તો પાસે એવી રીતે નિરંતર ભગવાનના ગુણનું ગાન કરે છે કે જેથી દેહ વિગેરેનું સ્મરણ ન રહે. આમાંથી એકપણ ન્યૂન રહે તો તે વૈષ્ણવ મુખ્ય નથી. જેમ લોકોનો ત્યાગ કરવો જોઈએ તેવીજ રીતે ભગવાનના ભક્તો પણ જો લોકને અનુસરનાર હોય તો તેઓનો પણ ત્યાગ કરવોજ જોઇએ. લોક કરતાં પણ તેઓનો ખાસ ત્યાગ કરવો જોઈએ.

३३९ स्वत एव गुणकथने रसाविर्भावो न स्यात्, अभिमानश्च स्यात्॥ ,,-,,-,,

૩૩૯. પોતેજ (ભગવાનના) ગુણનું કીર્તન કરવાથી, રસનો આવિર્ભાવ ન થાય, અને અભિમાન થાય.

३४० ते एव भगवद्भक्ताः, ये कथामृते पीयमाने देहधर्मरहिता भवन्ति अमृतं च तदेव यद्देहधर्मनिवर्तकम्। येषां च निवर्तते, त एव त्यक्तलोका भवन्ति, अन्येषां तदपेक्षाया विद्यमानत्वात्। यादृस्तदैवान्तस्तापं दूरीकुर्यात्, यदि चरणच्छायामाश्रितो भवेत्।

૩૪૦. જેઓ કથામૃતનું પાન કરતાં દેહધર્મ વિનાના થાય છે તેઓજ ભગવાનના ભક્તો છે. જે દેહના ધર્મ મટાડે તેજ અમૃત. જેઓના (દેહધર્મ) છૂટે તેઓએજ લોકોનો ત્યાગ કરેલ છે, કારણ કે બીજાઓને તેની (દેહધર્મોની) અપેક્ષા રહેલી છે. જો (ભગવાનના) ચરણની છાયાનો આશ્રય કરેલો હોય તોજ (ભગવાનના ગુણોનો પરસ્પર) વાદ આન્તર તાપ મટાડે.

३४१ भक्तस्य हृदये कामस्तदैव स्याद्यदा पुरा भगवान्पूरकं कुर्यात्सिद्ध एव हि साधनम्। अतो हि सर्वमार्गाणां भगवन्मार्ग उत्तमः। सफलान्येव सर्वाणि साधनान्यत्र सर्वदा॥ ३-२१-२३

૩૪૧. ભક્તના હૃદયમાં કામના ત્યારેજ થાય કે જ્યારે ભગવાને પહેલેથી તે પૂર્ણ કરી હોય. તેથી (ફલ) સિદ્ધ થયા પછીજ સાધન થાય છે. તેથી સર્વ માર્ગોમાં ભગવન્માર્ગ ઉત્તમ છે, કારણકે અહિં (આ માર્ગમાં) સર્વ સર્વ સાધનો સદા સફલજ હોય છે.

३४२ मदर्चनं कदाचिदपि मृषा फलरहितं न स्यात्, कालभेदेनापि मद्भजनस्य न फलाभावसंबंधः॥ ३-२१-२४

૩૪૨. મારૂં (ભગવાનનું) અર્ચન કોઇ પણ સમયે નકામું એટલે ફલવિનાનું હોતું નથી. કાલના ભેદથી પણ મારૂં ભજન ફલરહિત હોતું નથી.

३४३ विप्रा हि पश्चिमबुद्धयः। ३-२१-२६

૩૪૩. વિપ્રો પશ્ચિમ બુદ્ધિવાળા (અવસર ગયા પછી બુદ્ધિ આવે તેવા) હોય છે.

३४४ येषामपि सिद्धिर्जाता, स्वयं च सिद्धिदातारः, तेषामपि भगवन्मार्गोऽभीष्टदः, ततोऽप्यधिकफलापेक्षित्वात्। ३-२१-३४

૩૪૪. જેઓને સિદ્ધિ (પ્રાપ્ત) થઈ છે, અને જેઓ પોતે સિદ્ધિ આપનાર છે તેઓને પણ ભગવન્માર્ગ ઇષ્ટ (ફલ) આપનાર છે, કારણકે (તેઓને) તેથી પણ અધિક ફલની અપેક્ષા છે.

३४५ कामापेक्षयापि भगवद्वाक्यं महदिति विश्वासो भगवद्भावापन्नस्यैव ॥ ३-२१-३५

૩૪૫. જેણે ભગવદ્ભાવ પ્રાપ્ત કરેલો છે તેનેજ કામ કરતાં પણ ભગવાનનું વાક્ય મોટું છે એવો વિશ્વાસ હોય છે.

३४६ शरणागतश्चेत्क्लिष्टः, तदा तत्र कृपा भवति।....भगवान्स्वकृपां शरणागतेष्वेवार्पितवान्, अतो न दीनमात्रे भगवतो दया, यतः प्रपन्नाय दत्तवान् ॥ ३-२१-३८

૩૪૬. શરણે આવેલ જો દુઃખી હોય તો તેનાપર (ભગવાનની) કૃપા થાય છે. ........ભગવાને પોતાની કૃપા શરણે આવેલાનેજ આપેલી છે. તેથી દીનમાત્ર ઉપર ભગવાનની દયા નથી. કારણકે તેમણે તે શરણે આવેલાને આપેલી છે.

३४७ कामेन हि प्राणिनो मलिना भवन्ति ॥ ३-२१-४७

૩૪૭. કામથી પ્રાણીઓ મલિન થાય છે.

३४८ ब्राह्मणव्यतिरेकेण वेदानां यज्ञानां वा पर्याप्तिः पूर्तिर्न भवति ॥ ३-२२-२

૩૪૮. બ્રાહ્મણ વિના વેદોની અથવા યજ્ઞોની પર્યાપ્તિ એટલે પૂર્તિ થતી નથી.

३४९ यैः संघातात्पृथगात्मा न कृतः, भगवदर्थं वाऽन्तःकरणं न कृतं, तेऽकृतात्मानः। ३-२२-६

૩૪૯. જેઓએ આત્માને સંઘાતથી જૂદો કર્યો નથી, અથવા અંતઃકરણને ભગવાન માટે યોજેલું નથી તેઓ અકૃતાત્મા છે.

३५० 'स्त्रीरत्नं दुष्कुलादपि' ३-२२-१८

૩૫૦. ખરાબ કુલમાંથી પણ ઉત્તમ સ્ત્રીને (ગ્રહણ કરવી).

३५१ वेदानां प्रामाण्यं भगवद्वाक्यत्वात्। स ह्यनन्तः, अनन्तमूर्तिः, देशाद्यपरिच्छिन्नश्च। स हि तत्तदधिकारानुसारेण बहुधा शास्त्रार्थमाह। भक्तेभ्यश्च पृथक् पृथगाह। ३-२२-२०

૩૫૧. વેદો ભગવાનના વાકય હોવાથી પ્રમાણ છે. (ભગવાન) અનન્ત છે અનન્ત મૂર્તિવાળા છે, અને દેશ વિગેરેથી પરિચ્છિન્ન નથી. તેમણે જૂદા

३५२ भगवदभक्ता एव हि गुह्यं धर्मं विदुः ॥ ३–२२–३८

३५३ इन्द्रियचाञ्चल्ये सेवा न फलतीति लोकवेदसिद्धम् ॥ ३–२३–२

३५४ पशव्यो हि कामः ॥ ३-२३-१०

३५५ अन्यकामलीलाश्रवणेन जायमानः कामः दुष्टो भवति ॥ ३–२३–३७

३५६ 'चरणं पवित्रं विततं पुराणम्' इति श्रुत्या चरणस्य व्यापकत्वं सनातनत्वमपहतपाप्मत्वं च । आश्रितानामपि तथात्वसंपादकत्वं च । अतः सर्वगतो भोगः चरणाश्रये न विरुध्यते । तारतम्यत्वं च पापात् । तदप्यपहतपाप्मत्वान्न भवति । पुराणत्वाच्च न तत्र कालस्य प्रतिबन्धकत्वम् । अतः स्वभावत एव सर्वे भोगाश्चरणाश्रये भवन्ति । किञ्च कामिता अपि भवन्ति । तीर्थानि कामितदानार्थे कृतानि, तान्यपि चरणे सन्ति ॥ ३–२३–४२

३५७ त्रिविधकर्मण एव सफलत्वम्, येन कर्मणा धर्मो भवति, वैराग्यं भक्तिर्वा । यस्तु न तादृशकर्मकर्ता स जीवन्नपि मृत एव । जीवतो मृताद्वैलक्षण्यं कर्मकरणम् ।३-२३-५६

જુદા (પુરુષોના) અધિકાર પ્રમાણે બહુ રીતે શાસ્ત્રાર્થ કહેલ છે. ભકતોને પણ જૂદો જૂદો કહેલ છે.

૩૫૨. ભગવાનના ભકતોજ ગુહ્ય ધર્મ જાણતા હતા.

૩૫૩. ઇંદ્રિયોનું ચાંચલ્ય (ચંચલપણું) હોય તો સેવા ફલ આપતી નથી એમ લોક અને વેદમાં સિદ્ધ છે.

૩૫૪. કામ પશવ્ય (પશુને યોગ્ય, પશુ બનાવનાર ?) છે.

૩૫૫. બીજાની કામલીલાનું શ્રવણ કરવાથી ઉત્પન્ન થતો કામ દુષ્ટ હોય છે.

૩૫૬. " ચરણ પવિત્ર વિતત પુરાણ છે. " શ્રુતિથી ચરણ વ્યાપક, સનાતન અને પાપ મટાડનાર છે, અને પોતાના આશ્રિતોને પણ તેવા બનાવનાર છે. ચરણનો આશ્રય હોય તો સર્વ પ્રકારનો ભોગ (પ્રાપ્ત થયો) વિરુદ્ધ નથી. તારતમ્ય પાપને લીધે છે. તે પણ (ચરણ) પાપ મટાડનાર હોવાથી થતું નથી. (ચરણ) પુરાણ હોવાથી કાલ પ્રતિબંધ કરતો નથી. તેથી ચરણનો આશ્રય થતાં સ્વભાવથીજ સર્વ ભોગો (પ્રાપ્ત) થાય છે, વળી ઇચ્છેલા ભોગો પણ (પ્રાપ્ત) થાય છે, ઇચ્છેલા (પદાર્થનું) દાન કરવા તીર્થો શક્તિવાળાં છે, તે પણ ચરણમાં છે.

૩૫૭. જે કર્મથી ધર્મ, વૈરાગ્ય અથવા ભક્તિ થાય તે ત્રણ પ્રકારનાં કર્મજ સફલ થાય છે. જે તેવાં કર્મ કરતો નથી તે જીવતાં પણ મરેલોજ છે, (કારણકે) કર્મ કરવું તે જીવતાં ને મરેલાંથી વિલક્ષણ સાબીત કરે છે.

३५८ सतामपि मोक्षसाधकत्वं भगवत्संबंधजननात् ॥ ३–२४–१

૩૫૮. સંતો પણ ભગવાનનો સંબંધ ઉત્પન્ન કરી, મોક્ષ પ્રાપ્ત કરાવે છે.

३५९ यथा सृष्टौ क्रियात्मा वराहः, तथा ज्ञानात्मकः कपिलः ॥ ३–२४–२६

૩૫૯. જેમ સૃષ્ટિમાં ક્રિયાત્મા વરાહ છે તેમ જ્ઞાનાત્મક કપિલ છે.

३६० इतः पूर्वमेव मर्यादा स्थिता, अद्यैवं जातम् ।....पूर्वं भगवान्सर्वत्र समः, इदानीं भक्तिमार्गमुत्पाद्य विषमो जात इति स्वानां भक्तानां पक्षस्य पोषणं यस्मात् ॥ ३–२४–२९

૩૬૦. આની પૂર્વેજ (કપિલજન્મ પૂર્વે ?) મર્યાદા રહી. હવેજ એમ થયું ........પહેલાં ભગવાન સર્વત્ર સમાન હતા, હવે ભક્તિમાર્ગ ઉત્પન્ન કરી વિષમ થયા એટલે પોતાના ભક્તોના પક્ષનું પોષણ જેમાંથી (થાય તેવા થયા).

३६१ भगवानैवैहिकार्थमपि सेव्यः ॥ ३–२४–३२

૩૬૧. આ લોકના અર્થ માટે પણ ભગવાનનીજ સેવા કરવી.

३६२ अनन्यया भक्त्या प्रेम्णैव तत्र (भगवति) मनः स्थिरं भवति ॥ ३-२४-४३

૩૬૨. અનન્ય ભક્તિથી પ્રેમથીજ તેમાં (ભગવાનમાં) મન સ્થિર થાય છે.

३६३ चित्तं तदैव ब्रह्मरसस्पृष्टं लौकिकान्निवर्तते, यदा इच्छा, द्वेषश्च विषयेभ्योऽपगच्छति, सर्वत्र च चित्तं वैषम्यं न गृह्णाति ॥ ३–२४–४७

૩૬૩. જ્યારે વિષયોમાંથી ઇચ્છા દ્વેષ જતા રહે છે, અને કોઈ સ્થલે ચિત્ત વિષમતા ગ્રહણ કરતું નથી ત્યારેજ બ્રહ્મરસનો સ્પર્શ કરેલું ચિત્ત લૌકિકમાંથી નિવૃત્ત થાય છે. (પાછું ફરે છે).

३६४ सत्स्वेव भगवद्भजनमिति हि सिद्धान्तः ॥ ३–२५–७

૩૬૪. સત્પુરુષોમાંજ ભગવાનનું ભજન હોય છે એવો સિદ્ધાન્ત છે.

३६५ स्वभावतोऽपि भगवान् स्वभृत्यानां संसारं दूरीकरोति, शरणागताश्च भृत्यतुल्याः ॥ ३–२५–११

૩૬૫. સ્વભાવથીજ ભગવાન પોતાના સેવકોનો સંસાર મટાડે છે, અને શરણે આવેલાઓ સેવક બરાબર છે.

३६६ गुणेषु विषयेषु आसक्तं रतं वा (चेतः) बन्धाय, पुंसि भगवत्यासक्तं, रतं वा मुक्त्ये भवति । स्वभावत एकरूपमपि करणं स्वधर्मविषयभेदात् बन्धमोक्षौ साधयति ॥ ३–२५–१५

૩૬૬. (ચિત્ત) ગુણ અથવા વિષયોમાં આસક્તિવાળું અથવા રમણ કરતું હોય તો બંધ કરાવે છે, પુરુષ એવા ભગવાનમાં આસક્તિવાળું અથવા રમણ કરતું હોય તો મોક્ષ પ્રાપ્ત કરાવે છે. સ્વભાવથી

૩૬૭. यथा भगवति स्नेहो मुक्त्ये, तथा सत्संगो मोक्षद्वारम् । ३–२९–२४

३६८ दुःखेषु भगवांश्चापि नित्यं साक्षात्क्रियेत वै । देहादिविषयांस्त्यक्त्वा चित्तं तद्गतमेव यत् ॥ ३–२९–२३

३६९ यथा कामाभिनिविष्टस्य चक्षुः कामिन्यां रसाविष्टं सत् बलान्निवर्त्यमानमपि न निवर्तते, किंतु दिदृक्षैव निरन्तरं भवति । तथा (भगवतः) कथा एव बलादपि भावयति ३–२५–२९

३७० विषयास्त्यक्ता अपि वासनया हृदि स्थिता रागापगम एव गच्छन्ति । स च भगवति स्नेहेन संजातया सेवया, फलरूपं प्राप्तया, इतररसविस्मारिकया निवर्तते । तदा जातविरागो भवति । ३–२५–२६

६७१ एकमनसः पुरुषस्य सर्वेन्द्रियाणां सत्त्वमूर्तौ भगवति या स्वाभाविका वृत्तिः सा भक्तिः।....'सत्त्व' इति सांख्यमतानुसारेणोक्तम् वस्तुतस्तु गुणातीते भगवति स्वाभाविकी वृत्तिरिति भगवच्छास्त्रम् । ३–२९–३२

३७२ इन्द्रियाणि हि द्विविधानि स्वभावतः । एकानि देवरूपाणि, एकान्यसुररूपाणि । यान्यलौकिकं वेदोक्तमेव कर्म ज्ञानं वा जनयन्ति, तानि देवरूपाणि यानि लौकिकं कर्मादि जनयन्ति, तान्यासुराणि ।

એકજ જાતનું કારણ હોવા છતાં પોતાના ધર્મના વિષયના ભેદથી બંધ અથવા મોક્ષ પ્રાપ્ત કરાવે છે.

૩૬૭. જેમ ભગવાનમાં સ્નેહ મુક્તિ કરાવે છે તેમ સત્સંગ મોક્ષનું દ્વાર છે.

૩૬૮. દુઃખોમાં ભગવાનનો પણ નિત્ય સાક્ષાત્કાર થાય છે, કારણકે દેહ વિગેરે વિષયોને તજી ચિત્ત તેમાં (ભગવાનમાં) જાય છે.

૩૬૯. જેમ કામમાં પડેલાની આંખ કામિનીમાં રસવાળી હોઈ બલથી પાછી વાળવા છતાં વળતી નથી; પરંતુ (કામિનીને) જોવાની ઈચ્છાજ નિરંતર થાય છે તેમ (ભગવાનની) કથા પણ બલથી પણ પોતાને પમાડે છે.

૩૭૦. વિષયો તજ્યા હોય તો પણ વાસનાથી હૃદયમાં રહેલા રાગ દૂર થાય ત્યારેજ દૂર થાય છે. તે (રાગ) ફલરૂપ પામેલી, બીજા રસોને ભૂલાવનારી, ભગવાનમાં સ્નેહથી ઉત્પન્ન થએલી સેવાથીજ દૂર થાય છે. (તે દૂર થાય) ત્યારે રાગ વિનાનો થાય છે.

૩૭૧. એકમનવાળા પુરુષની સર્વ ઇંદ્રિયોની સત્ત્વમૂર્તિવાળા ભગવાનમાં સ્વાભાવિક વૃત્તિ તે ભક્તિ...." સત્ત્વ " એમ સાંખ્ય મતને અનુસરી કહેલું છે. વસ્તુતઃ " ગુણાતીત ભગવાનમાં 'સ્વાભાવિકી વૃત્તિ " એમ ભગવચ્છાસ્ત્ર છે.

૩૭૨. સ્વભાવથી ઇંદ્રિયો બે પ્રકારની છે, એક દેવરૂપ અને બીજી અસુરરૂપ જે અલૌકિક વેદમાં કહેલુંજ કર્મ અથવા જ્ઞાન ઉત્પન્ન કરે છે તે દેવરૂપે છે. જે લૌકિક કર્મ વગેરે ઉત્પન્ન કરે છે તે આસુર. તેઓને અન્યોન્ય સ્પર્ધા છે. તેમાં

तेषामन्योऽन्यं स्पर्धा । तत्र बलिष्ठान्यासुराणि तैर्देवरूपाणि न स्वकार्ये प्रवर्तितुं शक्नुवन्ति भक्तिर्देवैरेव भवति, नासुरैः ॥
३-२९-१२

આસુર (ઈંદ્રિયો) સર્વથી બળવાળી છે તેમનાથી દેવરૂપ (ઇંદ્રિયો) પોતાના કાર્યમાં પ્રવૃત્ત થઈ શકતી નથી........ તેમાં ભક્તિ દેવરૂપથીજ થાય છે, આસુરથી થતી નથી.

३७३ (भक्तेः) फलरूपता तदैव भवति, यदा भजनाद्रसोऽभिव्यक्तो भवति बहुधा ।
३-२९-३८

૩૭૩. જ્યારે ભજનથી બહુ રીતે રસ પ્રકટ થાય ત્યારેજ (ભક્તિ) ફલરૂપ થાય છે.

३७४ परलोकार्थं, भगवत्कृपार्थं, अन्यार्थं, भक्तिव्यतिरेकेण, भगवद्व्यतिरेकेण वा येषान्यन्नास्ति (तेऽनन्याः) ३-२९-४०

૩૭૪ પરલોકને માટે, ભગવાનની કૃપા માટે, બીજા અર્થ માટે, ભક્તિ સિવાય અથવા ભગવાન સિવાય જેઓને બીજું (સાધન) નથી (તેઓ અનન્ય છે)

३७५ भक्त्यैव तुष्टिमभ्येति विष्णुर्नान्येन केनचित् । स एव मुक्तिदाता च भक्तिस्तत्रैव कारणम् ॥ ३-२९-४१

૩૭૫. વિષ્ણુ ભક્તિથીજ પ્રસન્ન થાય છે, બીજા કોઈપણ (સાધનથી) નહિ. તેજ મુક્તિ આપનાર છે અને તેમાં (મુક્તિદાનમાં) ભક્તિજ કારણ છે.

३७६ ज्ञानादिरूपत्वात् निवर्तकरूपत्वम् प्रकृत्यादिनिवारकत्वात् पुनः संसाराजननम् आत्मत्वादवश्यहितकारित्वं च भगवत एवेति अन्यस्माद् भयं न निवर्तते ॥ ३-२९-४१

૩૭૬. ભગવાનજ જ્ઞાનાદિરૂપ હોવાથી (સંસાર) મટાડનાર છે, પ્રકૃતિ વિગેરેનું નિવારણ કરનાર હોવાથી પુનઃ સંસાર થવા દેતા નથી, અને આત્મા હોવાથી અવશ્ય હિત કરનાર છે તેથી બીજાથી ભય મટતો નથી.

३७७ एक एव भगवान् सर्वप्राणिनामन्तः पुरुषरूपेण वर्तते, बहिः कालरूपेण, ....... बहिर्मुखान् कालरूपेण भक्षयति, अन्तर्मुखान्पुरुषेणाप्याययति । ३-२६-१८ .......कालो भयजनकः, अभयरूपश्च पुरुष इति विशेषः ।

૩૭૭. એકજ ભગવાન સર્વ પ્રાણીઓની અંદર પુરુષરૂપે રહે છે, બહાર કાલરૂપે રહે છે........બહિર્મુખોનું કાલરૂપથી ભક્ષણ કરે છે, અન્તર્મુખોને પુરુષરૂપથી પ્રફુલ્લ કરે છે........કાલ ભય ઉત્પન્ન કરનાર છે અને પુરુષ અભયરૂપ છે એવો ભેદ છે,

३७८ स्नेहेन सर्वकालेषु सर्वदोषाभावेन भगवत्सेवायां मनोदोषा निवर्तन्ते ॥
३-२६-२८

૩૭૮. સ્નેહથી સર્વ સમયે સર્વદોષ મટતા હોવાથી, ભગવાનની સેવામાં મનના દોષો મટે છે.

३७९ विषयभोगवासनायां सत्यामविद्यमानोऽपि संसारो बाधते ॥ ३-२७-४

૩૭૯. વિષયભોગની વાસના હોય ત્યારે ન હોય તેવો પણ સંસાર બાધ કરે છે.

३८० स्वप्नस्तु मायिक इति सिद्धान्तः। यद्यपि तत्र ताडनं मिथ्याभूतम्, तथापि जागरणात्पूर्वं न निवर्तत एव । अतः संसार निवृत्त्यर्थं यत्नः कर्तव्य इतिसिद्धम् ॥ १-२७-४

૩૮૦. સ્વપ્ન માયિક છે એવો સિદ્ધાંત છે. જો કે તેમાં (સ્વપ્નમાં) માર ખોટો છે છતાં જાગ્યા પહેલાં તે જતો નથીજ. તેથી સંસાર મટાડવા યત્ન કરવો જોઇએ એમ સિદ્ધ થાય છે.

३८१ तावत्कः पुरुषार्थ इत्येव न जानाति, यावद्भगवति भक्तिर्न भवति । तदा भगवानेव परमपुरुषार्थ इति ज्ञाने महान् भगवत्प्रसादो भवति ॥ १-२७-२८

૩૮૧. જ્યાંસુધી ભગવાનમાં ભક્તિ ન થાય ત્યાંસુધી શું પુરુષાર્થ છે તેજ જાણતો નથી. પછી ભગવાનજ પરમ પુરુષાર્થ છે એવું જ્ઞાન થતાં ભગવાનની ઘણી કૃપા થાય છે.

३८२ यावद्देहोऽयम्, तावद्वर्णाश्रमधर्मा एव स्वधर्माः । भगवद्धर्मादयोऽपि विधर्माः, परधर्माः वा । यदा पुनरात्मानं जीवं मन्यते, संघातव्यतिरिक्तम्, तदा दास्यं स्वधर्मः, अन्ये वर्णाश्रमादयोऽपि परधर्माः । यदा पुनर्भगवद्भावं प्राप्ताः, तदा अलौकिकधर्मा एव ऋषभादिष्विव गोचर्यादयः स्वधर्माः, अन्ये परधर्माः ॥ १-२८-२

૩૮૨. જ્યાંસુધી આ દેહ છે ત્યાંસુધી વર્ણાશ્રમના ધર્મોજ સ્વધર્મ છે, અને ભગવદ્ધર્મો વિગેરે પણ પરધર્મ અથવા વિધર્મ છે. પણ જ્યારે પોતાને સંઘાતથી જૂદો જીવ માને છે ત્યારે (ભગવાનનું) દાસ્ય સ્વધર્મ છે, બીજા વર્ણાશ્રમ વિગેરે પણ પરધર્મો છે. વળી જ્યારે ભગવદ્ભાવ પ્રાપ્ત કરે છે ત્યારે ઋષભ વિગેરેમાં ગોચર્યા વિગેરેની પેઠે અલૌકિક ધર્મોજ સ્વધર્મ છે, બીજા પરધર્મો છે.

३८३ स्वधर्मा अपि ग्राम्यधर्माश्चेत्यक्तव्याः ॥ १-२८-३

૩૮૩. સ્વધર્મો પણ ગ્રામ્ય ધર્મો હોય તો (તેમનો) ત્યાગ કરવો જોઇએ.

३८४ पृथिव्यां स्त्रीधनाभ्यां सत्त्वरजस्तमोगुणः संसारः सुप्रसिद्धो भवति ॥ १-२८-१६

૩૮૪. પૃથ્વીપર સ્ત્રી અને ધનથી સત્ત્વ, રજ અને તમોગુણવાળો સંસાર સુપ્રસિદ્ધ છે.

३८५ दशमवर्षमारभ्य षोडशवर्षपर्यन्तं किशोरावस्था । रसप्रादुर्भावस्तावद् दूरे । अग्रे लावण्यस्य ह्रासः ॥ १-२८-१७

૩૮૫. દશમા વર્ષના આરંભથી સોળ વર્ષ સુધી કિશોર અવસ્થા છે. ત્યાંસુધી રસનો પ્રાદુર્ભાવ અસંભવિત છે. પછી લાવણ્ય ઘટે છે.

३८६ चरणो भक्तिप्रतिपादकः भक्तानां पापपर्वतपक्षच्छेदनाय वज्रः भक्तानां मनोगज-

૩૮૬. ચરણ ભક્તિ પ્રાપ્ત કરાવનાર છે........(તેમાં) ભક્તોના પાપના પર્વતોની

वशीकरणार्थमंकुशम् । अत्र स्थितानां सर्व भयनाशनज्ञापनार्थं ध्वजः । सुखसेवार्थं चांबुजम् । एतानि लांछनानि चिह्नानि चतुर्विध पुरुषार्थज्ञापकानि ॥ ३-२८-२९

પાંખો છેદવા માટે વજ્ર છે, ભક્તોના મનરૂપી હાથીને વશ કરવા માટે અંકુશ છે. તેમાં રહેલાંઓના સર્વ ભયનો નાશ જણાવવા માટે ધ્વજ છે, અને (તેની) સુખથી સેવા થઈ શકે તેમ છે એમ જણાવવા કમલ છે. આ લાંછનો એટલે ચિહ્નો ચારે પ્રકારના પુરુષાર્થ જણાવનાર છે.

३८७ गरुडो हि कालात्मा । ऊरू च दैत्योत्पत्तिस्थानभूतौ ॥ ३-२८-२४

૩૮૭. ગરુડ કાલાત્મા છે, અને બે સાથળો દૈત્યોની ઉત્પત્તિના સ્થાન છે.

३८८ कालस्य. स्कन्धद्वयम्-कर्मस्वभावौ ३-२८-२४

૩૮૮. કાલની બે (મુખ્ય) શાખા છે, કર્મ અને સ્વભાવ.

३८९ सर्वप्राणहारिकालात्मकं सुदर्शनं चक्रम् ॥ ३-२८-२७

૩૮૯. સર્વના પ્રાણ હરનાર કાલાત્મક સુદર્શન ચક્ર છે.

३९० यथा तापेन हिमघृतादिकं द्रवति, तथा भक्त्या हृदयम् ॥ ३-२८-३४

૩૯૦. જેમ તાપથી બરફ ઘી વિગેરે ઓગળે છે તેમ ભક્તિથી હૃદય ઓગળે છે.

३९१ पर्वतादिभेदनमपि कृत्वा यथा गंगांभोऽम्बुधौ गच्छति, तथा लौकिकवैदिक प्रतिबन्धाद्दूरीकृत्य या भगवति मनसो गतिः.......सा गतिर्निर्गुणस्य भक्तियोगस्य लक्षणम् ॥ ३-२९-१९

૩૯૧. પર્વત વિગેરેને ભેદીને પણ જેમ ગંગાનું જલ સાગરમાં જાય છે તેમ લૌકિક વૈદિક પ્રતિબંધોને દૂર કરી જે ભગવાનમાં મનની ગતિ (છે) તે ગતિ નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ છે.

३९२ पुरुषोत्तम एव भक्तिः, न तु पुरुषेष्ववतारेषु वा । भक्तिश्च प्रेमपूर्विका सेवा। हेतुः फलानुसंधानं, तद्रहिता अहैतुकी। ....अव्यवहितेति कालेन कर्मणा वा यत्र सेवायां व्यवधानं नास्ति न तु निद्राभोजनादिना; तस्य सेवाहेतुत्वात् । या भक्तिरिति लोकवेदप्रसिद्धा, न तु चौर्यादिना विषयान् संपाद्य भगवत्सेवाकरणम् ॥ ३-२९-१२

૩૯૨. પુરુષોત્તમમાંજ ભક્તિ, પરંતુ પુરુષો અથવા અવતારોમાં નહિ. ભક્તિ એટલે પ્રેમપૂર્વક સેવા. ફલનું અનુસંધાન હેતુ છે અને તે વિનાની (ભક્તિ) અહેતુકી.......જે (ભક્તિ)માં કાલ અથવા કર્મથી સેવામાં અંતરાય થતો નથી તે અવ્યવહિતા, પરંતુ નિદ્રા અને ભોજનથી (અંતરાય ન હોય તેવી) નહિ, કારણ કે તે (નિદ્રા અને ભોજન) સેવાના કારણરૂપ છે. જે ભક્તિ એટલે લોકવેદપ્રસિદ્ધ

ભક્તિ, ચોરી વિગેરેથી વિષયો મેળવી ભગવાનની સેવા કરવી નહિ.

३९३ व्यर्थत्यागापेक्षया भगवति समर्पणमुत्तमम् । ३-२९-३३

૩૯૩. વ્યર્થ ત્યાગ કરતાં ભગવાનને સમર્પણ કરવું એ ઉત્તમ છે.

३९४ भये भिन्नदर्शनं हेतुः, बहिर्मुखान् कालो प्रसतीति ॥ ३-२९-३७

૩૯૪. ભેદ જોવો તે ભયનું કારણ છે, કેમકે બહિર્મુખોને કાલ ખાઈ જાય છે.

३९५ यस्तु कलयत्याकलयति, जानाति भक्षयति वा; क्रियया ज्ञानेन वा यो व्याप्नोति, स कालः । कलयन्तीति कलयन्तः, तेषां कलयतां ब्रह्मादीनामपि नियन्ता, अतः कालः । ३-२९-३८

૩૯૫. જે કલે છે, એટલે ગણે છે, જાણે છે, ગ્રાસ કરે છે, જ્ઞાન અથવા ક્રિયાથી વ્યાપે છે તે કાલ. જેઓ કલે છે (ધારણ કરે છે) તે કલનારાઓ, તેમનો બ્રહ્મા વિગેરેનો પણ નિયન્તા તેથી કાલ છે.

३९६ अभीतो कालकार्येषु यो मूढो वर्तते गृहे । नदीप्रवाहे गृहवत् स दुःखीति निगद्यते ॥ ३-३०-१

૩૯૬. નદીના પ્રવાહમાં ઘર હોય તેની પેઠે જે મૂઢ કાલના કાર્યોમાં ભય રહિત ઘરમાં રહે છે તે દુઃખી કહેવાય છે.

३९७ प्रवृत्तिमार्गस्थितं सर्वमेव यमदूतौ नयतः, तत्र यो दण्ड्यः स बद्ध्वा नीयते । दण्डनज्ञापकं बन्धनम् । यथाधिकारिणं राजभटा नयन्त्येव, दण्ड्यं तु बद्ध्वा नयन्तीति । ३-३०-२०

૩૯૭. પ્રવૃત્તિમાર્ગમાં રહેલા સર્વ કોઈને યમના બે દૂતો લઈ જાય છે. તેમાં જેને દંડ કરવાનો છે તેને બાંધીને લઈ જાય છે. બંધન તો દંડ (થવાનો છે એમ) જણાવનાર છે, જેમ રાજાના ભટો અધિકારિને લઈ જાય છેજ, પણ જે દંડ કરવા યોગ્ય છે તેને બાંધીને લઈ જાય છે તેમ.

३९८ भक्त्यर्थमेवैषा शरणागतिश्चरणनिरूपणात् । युक्तमेव यद्भीताः रक्षकस्य चरणशरणं गच्छन्तीति ॥ ३-३१-१२

૩૯૮. ચરણનું નિરૂપણ કરેલું છે તેથી આ (ભગવાનને) શરણ જવું તે ભક્તિ માટે જ છે. ભય પામેલાઓ રક્ષણ કરનારના ચરણને શરણ જાય છે તે યોગ્ય જ છે.

३९९ ये केचन जीवभावं प्राप्तास्तेषां दास्यं परमो धर्मः । देहभावं परित्यज्य ब्रह्मभावात्पूर्वं जीवभाव एव ॥ ३-३१-१६

૩૯૯. જે કોઈ જીવભાવ પામેલા છે તેઓનો દાસ્ય પરમ ધર્મ છે. દેહભાવ તજ્યા પછી, બ્રહ્મભાવ (થાય) તે પહેલાં જીવભાવ જ છે.

४०० भगवत्स्तोत्रस्य फलं प्रोक्तम् । यत्र क्वचित्स्थित्वा भगवच्चरणोपसादनं कर्तव्यमिति ॥ ३-३१-२१

૪૦૦. જ્યાં ત્યાં રહીને ભગવાનના ચરણની સેવા કરવી એવું ભગવાનના સ્તોત્રનું ફલ કહેલું છે.

४०१ शैशवं पञ्चवर्षपर्यन्तम् । पञ्चमवर्षादूर्ध्वं नववर्षपर्यन्तं पौगण्डम् ॥ ३-३१-२८

૪૦૧. શૈશવ પાંચ વર્ષ સુધી છે. પાંચ વર્ષ પછી નવ વર્ષ સુધી પૌગંડ છે.

४०२ भगवद्धर्मेषु भगवानेव सेव्यः, न त्वन्यः ॥ ३-३२-३

૪૦૨. ભગવદ્ધર્મોમાં ( એવો ધર્મ છે કે ) ભગવાનની જ સેવા કરવી, પરંતુ બીજાની ( સેવા ) કરવી નહિ.

४०३ धर्मव्यापृता भगवत्कथाया अनवकाशान्निवर्तन्त इति न शंकनीयं, किंतु ते दैवेनैव निहताः प्रतिकूलेन्द्रियप्रदानात् ॥ ३-३२-१९

૪૦૩. ધર્મમાં વ્યાપૃત રહેનારાઓ અવકાશ નહિ હોવાથી ભગવાનની કથામાંથી પાછા ફરે છે ( દૂર રહે છે ) એવી શંકા કરવી નહિ. પરંતુ દૈવે જ પ્રતિકૂલ ઇંદ્રિયો આપી તેઓને હણેલા છે.

४०४ यावन्ति रूपाणि भजनीयानि ऐहिकपारलौकिकसाधनानि, देहमारभ्येश्वरपर्यन्तं यावन्तो भजनीयाः दैर्थैर्भावैश्च, ते सर्वे भावा भगवत्येव कर्तव्या इति सर्वभावः। .... ...भक्त्यैव च भजनं न मार्गान्तरेण, अन्यस्य तथा साधकत्वाभावात् ।........ साभिमानमार्गाणां सर्वेषां पुनरावृत्तिहेतुत्वान्निरभिमानमार्गः समाश्रयणीयः, स तु भगवन्मार्ग एवेति निश्चीयते ॥ ३-३२-२२

૪૦૪. આ લોક અને પરલોકના સાધનરૂપ જેટલાં રૂપો ભજન કરવા યોગ્ય છે, દેહથી આરંભી ઈશ્વર સુધી જેટલાં ભજન કરવા યોગ્ય છે અને જે જે ભાવોથી ( ભજન કરવા યોગ્ય છે ) તે સર્વ ભાવો ભગવાનમાં જ કરવા તે સર્વભાવ...........ભક્તિથી જ ભજન કરવું, બીજા માર્ગથી નહિ, કારણ કે બીજા ( માર્ગ ) તેવું પ્રાપ્ત કરાવતા નથી..........સાભિમાન સર્વે માર્ગો (સંસારમાં) પુનઃ આવવાના કારણરૂપ હોવાથી, નિરભિમાન માર્ગનો સારી રીતે આશ્રય કરવો, અને તે માર્ગ ભગવન્માર્ગ જ છે એવો નિશ્ચય છે.

४०५ भगवानेव सर्वं करोतीत्युक्तेऽपि भजनाभावे न सिध्यतीति भजनमवश्यं कर्तव्यम् ॥ ”–”–”

૪૦૫ ભગવાન જ સર્વ કરે છે એમ કહેલું છે છતાં ભજન વિના સિદ્ધ થતું નથી તેથા ભજન અવશ્ય કરવું.

४०६ शास्त्रं पुरस्कृत्य त्रिविधो भक्तियोग उक्तः । ते च साम्प्रतं विष्णुस्वाम्यनुसारिणः तत्त्ववादिनः, रामानुजाश्चेति तमोरजःसत्त्वैर्भिन्नाः । अस्मत्प्रतिपादितश्च नैर्गुण्यः ॥ ३-३२-३७

४०७ स्त्रिया मुक्तिर्दुर्लभा ॥३-३३-३०

## दशमः स्कन्धः

४०८ निरोधोऽस्यानुशयनं प्रपञ्चे क्रीडनं हरेः । शक्तिभिर्दुर्विभाव्याभिः कृष्णस्य । १०-१-१

४०९ यावद्बहिःस्थितो वह्निः प्रकटो वा विशेन्नहि । तावदन्तःस्थितोऽप्येष न दारुदहनक्षमः । एवं सर्वगतो विष्णुः प्रकटश्चेन्न तद्विशेत् । तावन्न लीयते सर्वमिति कृष्णसमुद्यमः ॥ १०-१-१

४१० मुख्यपितुः सेवार्थं गौणपितुराज्ञोल्लङ्घनं युक्तम् । १०-१-२

४११ न ह्यल्पदोषवताऽपि भगवद्गुणा गातुं शक्याः ॥ १०-१-४

४१२ ये पश्ववताराः स्त्र्यवतारास्तेऽत्र (उत्तमश्लोकगुणानुवादे) नाधिकारिणः । या अपि स्त्रियः श्रवणाद्यासक्तास्ता अपि निमित्तवशादेव स्त्रियः, स्वभावतः पुरुषा एव । अतः पुमान् कोऽपि न विरज्येत । इत उत्कृष्टरसस्य वैराग्यजनकस्याभावात् । १०-१-४

૪૦૬. શાસ્ત્રનો પુરસ્કાર કરી ત્રણ પ્રકારનો ભક્તિયોગ કહેલો છે. હાલ તેઓ (૧) વિષ્ણુસ્વામીના અનુયાયીઓ (૨) તત્ત્વવાદીઓ અને (૩) રામાનુજો તમઃ રજઃ અને સત્ત્વ ગુણથી ભિન્ન છે, અને અમે કહેલો (ભક્તિયોગ) નિર્ગુણ છે.

૪૦૭. સ્ત્રીની મુક્તિ ( શાસ્ત્રથી ? ) દુર્લભ છે.

૪૦૮. આનું ( ભગવાનનું ) ( શક્તિઓની ) પાછળ શયન એટલે હરિ શ્રીકૃષ્ણનું દુર્વિભાવ્ય શક્તિઓથી પ્રપંચમાં રમણ તે નિરોધ.

૪૦૯. જ્યાં સુધી ( કાષ્ઠની ) બહાર રહેલો પ્રકટ અગ્નિ (તે કાષ્ઠમાં) પ્રવેશ કરે નહિ, ત્યાં સુધી કાષ્ઠની અંદર રહેલો પણ અગ્નિ તેને બાળવાને સમર્થ નથી તેવી રીતે વિષ્ણુ સર્વત્ર (છે), પણ પ્રકટ વિષ્ણુ તેમાં પ્રવેશ કરે નહિ ત્યાં સુધી સર્વનો (બ્રહ્મમાં) લય થતો નથી તેથી તેથી શ્રીકૃષ્ણનો ( પ્રપંચમાં રમણનો ) ઉદ્યમ છે.

૪૧૦. મુખ્ય પિતા (ભગવાન)ની સેવા માટે ગૌણ પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન યોગ્ય છે.

૪૧૧. અલ્પ દોષવાળાથી પણ ભગવાનના ગુણો ગાઈ શકાય તેવા નથી.

૪૧૨. જે પશુના અવતાર છે અથવા સ્ત્રીના અવતાર છે તેઓ (અહિં) ઉત્તમ શ્લોકના ગુણોનું ગાન કરવામાં અધિકારી નથી. જે સ્ત્રીઓ પણ શ્રવણ વિગેરેમાં આસક્તિવાળી છે તેઓ પણ નિમિત્તને લીધેજ સ્ત્રીઓ છે, સ્વભાવથી પુરુષજ છે. તેથી (પ્રપંચમાં) વૈરાગ્ય ઉત્પન્ન કરનાર

४१३ अपुनरावृत्ति तम एव तेषां (दैत्यानां) मुक्तिः ॥ १०–१–४

४१४ बुद्ध्यावरिका सा (माया) इति पुरुषोत्तमत्वबुद्धिमावृत्य मनुष्यत्वबुद्धिं करोति।

„ – „ – „

४१५ 'कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः। तयोरैक्यं परं ब्रह्म कृष्ण इत्यभिधीयत' इति सदानन्दः कृष्ण उक्तः। तच्चरित्रमपि सदानन्दरूपमेव। १०–१–१२

४१६ कथाकथने वक्तुः परवशत्वापादकं चरित्रम्। १०–१–१३

४१७ वासुदेवस्य मोक्षार्थत्वात् तत्संबंधि यत्किंचिद्वस्तु तत् पवित्रयत्येव। १०–१–१६

४१८ गंगा च पुनः साक्षाद्भगवत्सेवोपयिकं शरीरमुत्पादयति पूर्वसंबंधि पापं तत्कार्यं नाशयित्वा, तथा भगवत्कार्योपयोगिचित्तं यावत्या भवति तावतीं शुद्धिं करोति। (कथा-प्रश्नः) १०–१–१६

४१९ भक्तानां दुःखनाशाय कृष्णावतरणं मतम्। ये भक्ताः शास्त्ररहिताः स्त्रीशूद्रद्विजबन्धवः। तेषामुद्धारकः कृष्णः स्त्रीगामत्र विशेषतः ॥ १०–१–१७

આથી ઉત્તમ રસ નહિ હોવાથી કોઈ પણ પુરુષ (ગુણગાનથી) અટકતો નથી.

૪૧૩. તેઓની (દૈત્યોની) મુક્તિ જેમાંથી પાછા ફરાતું નથી તેવું તમઃ (અંધકાર) જ છે.

૪૧૪. તે (માયા) બુદ્ધિનું આવરણ કરનારી છે તેથી (ભગવાન શ્રીકૃષ્ણમાં) પુરુષોત્તમબુદ્ધિને ઢાંકી મનુષ્યબુદ્ધિ કરે છે.

૪૧૫. "કૃષ" સત્તાવાચક શબ્દ છે અને 'ણ' આનંદ (સુખ) વાચક છે. બેનું ઐક્ય પરબ્રહ્મ કૃષ્ણ એમ કહેવાય છે" એમ શ્રીકૃષ્ણને સદાનંદ કહેલા છે. તેમનું ચરિત્ર પણ સદાનંદરૂપ જ છે.

૪૧૬. કથા કહેવામાં વક્તાને પરવશ બનાવનાર (ભગવાનનું) ચરિત્ર છે.

૪૧૭. વાસુદેવ મોક્ષ (આપવા) માટે હોવાથી તેમના સંબંધી જે કાંઈ વસ્તુ (હોય) તે પવિત્ર કરે છે જ.

૪૧૮. વળી ગંગા પહેલાનાં (શરીરના) સંબંધવાળા પાપ તથા તેનાં કાર્યનો નાશ કરી સાક્ષાત્ ભગવાનની સેવામાં ઉપયોગી શરીર પ્રાપ્ત કરાવે છે તેમ (ભગવાનની કથાનો પ્રશ્ન) જેટલી શુદ્ધિથી ભગવાનના કાર્ય માટે ઉપયોગી શરીર થાય તેટલી શુદ્ધિ કરે છે.

૪૧૯. ભક્તોના દુઃખનો નાશ કરવા શ્રીકૃષ્ણાવતાર (થયો એમ) મનાય છે.... સ્ત્રીઓ, શૂદ્રો, દ્વિજબન્ધુઓ (જન્મથી બ્રાહ્મણ, પણ કર્મથી નહિ તે, અથવા બ્રાહ્મણ હોવાનો ઢોળ રાખનારા) અને જે ભક્તો શાસ્ત્રરહિત (ન જાણનાર) છે

४२० विवाहोत्सवसमयो भर्तृसान्निध्यं चोत्तमावस्था स्त्रियाः ॥ १०-१-२९

४२१ महतो निन्दितकरणमनुचितम् । १०-१-३७

४२२ यथा गच्छन् पुरुष एकेन पदा तिष्ठन्नेकेन् गच्छति । प्रथमतः स्थितिः पश्चाद्गतिस्तथा प्रथमतो देहान्तरग्रहणं पश्चादस्य परित्यागः ॥ १०-१-४०

४२३ शास्त्रं च यच्छक्नुयात्तत्कुर्यादिति । फलं तु दैवाधीनम् ॥ १०-१-४८

४२४ अलौकिकास्तु ये भावा न तांस्तर्केण योजयेत् ॥ १०-१-५०

४२५ पूजायां हि स्वस्मिन् स्थितो भावादिः पूज्ये समारोप्यते । ततः कार्यं सेत्स्यतीति । १०-१-५२

४२६ कामसेवका एव निरपत्रपा भवन्ति । १०-१-५३

४२७ धृत आत्मा वासुदेवो यैः, सर्वं गच्छतु हरिस्तिष्ठत्विति येषां बुद्धिः तेषामन्यत्सर्वं त्यक्तव्यं भगवद्बाधकम् । असमर्पणं च सर्वनाशकत्वाद्भगवद्बाधकमिति भगवदीयानां त्याज्यवस्तुषु कोपि गुणदोषविचारो नास्ति । १०-१-५८

તેઓનો ઉદ્ધાર કરનાર શ્રીકૃષ્ણ છે, અને ખાસ કરી સ્ત્રીઓનો ઉદ્ધાર કરનાર છે.

૪૨૦. વિવાહના ઉત્સવનો સમય અને પતિની સન્નિધિ એ સ્ત્રીની ઉત્તમ અવસ્થા છે.

૪૨૧. મહાપુરુષે નિંદિત (કર્મ) કરવું એ અયોગ્ય છે.

૪૨૨. જેમ ચાલતો પુરુષ એક પગે ઉભો રહેતાં બીજાથી ચાલે છે, પ્રથમ સ્થિતિ (કરે છે), પછી ગતિ (કરે છે), તેવી રીતે પ્રથમ બીજા શરીરનું ગ્રહણ (થાય છે), પછી આનો ત્યાગ થાય છે.

૪૨૩. જે કરી શકાય તે કરવું એમ શાસ્ત્ર (કહે છે); ફલ તો દૈવને આધીન છે.

૪૨૪. જે ભાવો અલૌકિક છે તેઓને તર્કમાં યોજવા નહિ (તેઓ સંબંધી તર્ક કરવો નહિ.)

૪૨૫. પૂજામાં પોતામાં રહેલા ભાવ વિગેરેનો પૂજ્યમાં આરોપ કર્યાથી (કર્યા પછી કાર્ય સિદ્ધ થશે એમ માની) તે પ્રમાણે કરવામાં આવે છે.

૪૨૬. કામના સેવકોજ શરમ વિનાના હોય છે.

૪૨૭. આત્મા વાસુદેવને જેઓએ ધારણ કરેલ છે, 'સર્વ (ભલે) જાઓ, હરિ રહો' એવી જેઓની બુદ્ધિ છે તેઓને ભગવાનનો બાધ કરનાર અન્ય સર્વ તજવા યોગ્ય છે. અસમર્પણ સર્વનો નાશ કરનાર હોવાથી ભગવાનનું બાધક છે તેથી તજવા યોગ્ય વસ્તુઓમાં ભગવદીયો કાંઈ પણ ગુણ અથવા દોષનો વિચાર કરતા નથી.

४२८ न हि भगवद्भक्तानामन्यनिष्ठाऽप्युचिता । १०-१-६०

૪૨૮. ભગવાનના ભક્તોમાં અન્યની નિષ્ઠા (ભક્તિ) પણ ઉચિત નથી.

४२९ अतिक्लेश एव भगवदागमनं न स्वास्थ्ये । १०-१-६१

૪૨૯. અતિશય દુઃખ (હોય ત્યારે)જ ભગવાનનું પધારવું થાય છે, સ્વાસ્થ્યમાં થતું નથી.

४३० असतो न विश्वासः कर्तव्यः । १०-१-६१

૪૩૦. અસત્પુરુષનો વિચાર કરવો નહિ

४३१ महतामन्तःकरणमेव प्रमाणम् । १०-१-६२

૪૩૧. મોટા પુરુષોનું અંતઃકરણ જ પ્રમાણ છે.

४३२ या जगत्कारणभूता भगवच्छक्तिः सा योगमाया । १०-२-६

૪૩૨. જે ભગવાનની શક્તિ જગતનું કારણ થએલી છે તે યોગમાયા છે.

४३३ मनुष्या इति । देवांशा दैत्यांशाश्च निवारिताः । देवांशास्तु न भजन्त एव । अर्चायां फलं हेतुः । १०-२-१०

૪૩૩. ('તને મનુષ્યો પૂજશે'વાક્યમાં) મનુષ્યો શબ્દથી દેવાંશો અને દૈત્યાંશોનું નિવારણ કરેલું છે. દેવાંશો તો ભગવાનના જ સેવકો છે (તેથી દેવીને પૂજતા નથી.) દૈત્યાંશો તો ભજન કરતા નથી. પૂજનમાં ફલ હેતુ છે.

४३४ परमानन्दे हृदि प्रविष्टे प्राणी सर्वदुःखनिवृत्तो भवति । १०-२-२०

૪૩૪. પરમાનંદ (ભગવાન) હૃદયમાં પ્રવેશ કરે ત્યારે પ્રાણી સર્વ દુઃખથી મુક્ત થાય છે.

४३५ स्त्रीवधे स्वस्य पराक्रमस्य हानिरेव ।........स्त्रिया वधो यशो हन्ति । स्त्रीरक्षार्थं शूराणां स्वप्राणपरित्यागो यशोहेतुः । स्वसुर्वधः श्रियं हन्ति । सर्वो हि पुरुषः सोमात्मकः । लक्ष्मीश्च भगिनी । अतो भगिनीवधो धनादिसर्वसम्पत्तिनाशकः । गुरुमती गुर्विणी । सा हि प्राणिनामायुःपोषिका । तस्या वध आयुर्नश्यति । १०-२-२१

૪૩૫. સ્રીવધથી પોતાના પરાક્રમની હાનિજ થાય છે....સ્રીનો વધ યશને હણે છે. સ્રીના રક્ષણ માટે શૂરવીરો પોતાના પ્રાણનો ત્યાગ કરે તેથી યશ મળે છે. બેનનો વધ લક્ષ્મીનો ક્ષય કરે છે. સર્વે પુરુષ સોમાત્મક છે, અને લક્ષ્મી બેન છે તેથી બેનનો વધ ધન વિગેરે સર્વ સંપત્તિનો નાશ કરનાર છે. ગુરુમતી એટલે ગર્ભિણી તે પ્રાણીના આયુષ્યનું પોષણ કરે છે. તેના વધથી આયુષ્યનો નાશ થાય છે.

४३६ भगवद्रक्षितो न नश्यति । १०-२-२८

૪૩૬. ભગવાન જેનું રક્ષણ કરે છે તેનો નાશ થતો નથી.

४३७ जोवस्य प्रकृतेरपि परस्य प्राप्तावुचगतौ निरालम्बने मार्गे भगवच्चरणातिरिक्तमवलम्बनं न संभवति । १०–२–३२

૪૩૭. પ્રકૃતિથી પણ પર જીવની ઉચ્ચગતિ થતાં નિરાલંબન માર્ગમાં ભગવાનના શરણ સિવાય બીજો આધાર નથી.

४३८ स्नेहो रज्जुस्थानीयः । स स्वात्मानं जीवं भगवच्चरणे बध्नाति अतो युक्त एव तेषामभ्रंशः । १०–२–३३

૪૩૮. સ્નેહ દોરડાને સ્થાને છે. તે આત્મા (ભગવદ્દભક્તના) જીવને ભગવાનના ચરણે બાંધે છે, તેથી તેઓ ન પડે તે યોગ્યજ છે.

४३९ भक्तिमार्गान्मार्गान्तरं साधनतः फलतश्च न समीचीनम् । १०–२–३३

૪૩૯. ભક્તિમાર્ગથી અન્ય માર્ગ સાધનમાં અથવા ફલમાં સારો નથી.

४४० अज्ञाननाशकं विज्ञानमात्मानुभवः । भेदनाशकं तु भगवद्विज्ञानम् । उभयोः साक्षात्कारे देहाद्यध्यासनिवृत्तिः शुद्धाद्वैतं च स्फुरति । १०–२–३५

૪૪૦. આત્માનુભવ અજ્ઞાનનો નાશ કરનાર જ્ઞાન છે. ભગવાનનું જ્ઞાન ભેદનો નાશ કરનાર છે. બંનેનો સાક્ષાત્કાર થાય જ્યારે દેહ વિગેરેનો અધ્યાસ મટી જાય છે અને શુદ્ધ અદ્વૈત સ્ફુરે છે.

४४१ एवं सर्वाण्येव रूपाणि नामान्यानन्दमयानीति तानि सर्वपुरुषार्थसाधकानि निरूपितानि । १०–२–३६

૪૪૧. એવી રીતે (ભગવાનના) બધાંય રૂપ અને નામ આનંદમય છે તેથી તેઓ સર્વ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનાર છે એવું નિરૂપણ કરેલું છે.

४४२ भगवच्छास्त्रे भगवानेव प्रमाणादिचतुष्टयम् ॥ १०–२–३८

૪૪૨. ભગવચ્છાસ્ત્રમાં ભગવાનજ પ્રમાણ વિગેરે ચારે (પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ) છે.

४४३ भूभारभूतासुरराजन्यहननार्थमवतारः । १०–२–४०

૪૪૩. પૃથ્વીને ભારરૂપ થએલા આસુર રાજાઓને હણવા માટે (ભગવાનનો અવતાર છે.

४४४ सर्वेषां भजनार्थं स्वयं हृदि स्थित्वा तत्पराः कृतार्था भविष्यन्तीति ज्ञापयितुं वेदांश्चकार । स इदानीमेव प्रकटीभूत इति न पूर्वप्रक्रियाऽतः परमुपयुज्यते किन्त्वयमेव बहिः सेव्यः ॥ १०–३–८

૪૪૪. સર્વ ભજન કરે તે માટે પોતે હૃદયમાં રહીને, તેમને પરાયણ (ભક્તો) કૃતાર્થ થશે એમ જણાવવા વેદો રચ્યા. તે (ભગવાન) હવે અહિંજ પ્રકટ થયા તેથી હવે પછી પહેલાંની ગોઠવણ યોગ્ય નથી, પરંતુ આનીજ (ભગવાનનીજ) બહાર સેવા કરવી.

४४५ क्रियाशक्तेर्ज्ञानशक्तिरुत्तमेति मुक्तजीवानां सरस्वतीस्थानप्रापणार्थं कण्ठे कौस्तुभस्थापनम् ॥ १०-३-९

૪૪૫. ક્રિયાશક્તિથી જ્ઞાનશક્તિ ઉત્તમ છે તેથી મુક્ત જીવોને સરસ્વતીનું સ્થાન પ્રાપ્ત કરાવવા (ભગવાન) કંઠમાં કૌસ્તુભ રાખે છે.

४४६ सर्वशास्त्ररूपाणि भगवदाभरणानि ॥ १०-३-१०

૪૪૬. સર્વ શાસ્ત્રો ભગવાનનાં આભરણ છે.

४४७ आधिदैविकव्यतिरेकेणाधिभौतिकात्केवलात्कार्यं न सम्भवति ॥ १०-३-१५

૪૪૭. આધિદૈવિક વિના કેવલ આધિભૌતિકથી કાર્ય સંભવતું નથી.

४४८ अन्तरंगबहिरंगयोरन्तरङ्गं बलीयः॥ १०-३-१९

૪૪૮. અંતરંગ અને બહિરંગમાં અંતરંગ વધારે બલવાન છે.

४४९ आज्ञाशक्तिरीश्वरेऽप्रतिहता, सर्वभवनसामर्थ्यं च ब्रह्मणि ॥ १०-३-१९

૪૪૯. ઈશ્વરમાં ન રોકી શકાય તેવી આજ્ઞાશક્તિ છે, બ્રહ્મમાં તેવું સર્વ થવાનું સામર્થ્ય છે.

४५० ईश्वरे निवेदनमात्रं सेवककार्यं, कर्तव्यं तु प्रभुरेव जानाति ॥ १०-३-२२

૪૫૦. ઈશ્વરને માત્ર નિવેદન કરવું એ સેવકની ફરજ છે. શું કરવું તે તો પ્રભુજ જાણે છે.

४५१ सत्संगो भागवतं चेति भगवच्चरणद्वयमाधिभौतिकम्, ज्ञानं भक्तिश्चाध्यात्मिकम्, चरणावेव प्रसन्नस्याधिदैविकौ, तन्मध्येऽन्यतरप्राप्तावपि कृतार्थता ॥ १०-३-३७

૪૫૧. સત્સંગ અને ભાગવત એ બે ભગવાનના આધિભૌતિક ચરણ છે, જ્ઞાન અને ભક્તિ (એ બે) આધ્યાત્મિક (ચરણ) છે, અને પ્રસન્ન થએલા ભગવાનના ચરણો જ આધિદૈવિક (ચરણ) છે તે બધામાંથી એક એક પ્રાપ્ત થતાં પણ કૃતાર્થતા થાય છે.

४५२ कालनियन्ता च भगवान् ॥ १०-३-२७

૪૫૨. ભગવાન કાલના નિયન્તા છે.

४५३ यथा गन्धः पृथिव्या एवैवं भगवतो भक्तदुःखनिवर्तकत्वमेव ॥ १०-३-२८

૪૫૩. જેમ ગંધ પૃથ્વીમાંજ છે તેમ ભક્તોનાં દુઃખ દૂર કરવાં એ ભગવાનમાંજ છે.

४५४ अयं (भगवान्) स्वेच्छयैव (स्वकीयं रूपं) प्रकटीकरोति, वस्तुतस्त्विन्द्रियावेद्यमेव ॥ १०-३-२८

૪૫૪. આ (ભગવાન) પોતાની ઈચ્છાથીજ (પોતાનું રૂપ) પ્રકટ કરે છે, ખરી રીતે તો ઇંદ્રિયોથી ન જાણી શકાય તેવું છે.

४५५ सैव पतिव्रता भवति या कल्पादौ यं पतिं प्राप्नोति कल्पान्तपर्यन्तं सर्वजन्मसु तमेव चेत्प्राप्नोति ॥ १०-३-४३

૪૫૫. તેજ પતિવ્રતા છે કે જે કલ્પના આરંભમાં જે પતિને પ્રાપ્ત કરે તે (પતિ) નેજ કલ્પના અંત સુધી પ્રાપ્ત કરે.

४५६ व्यभिचारिण्याः स्त्रियास्तु न मुक्तिः ॥ १०-३-४३

४५६. વ્યભિચારિણી સ્ત્રીની મુક્તિ નથી.

४५७ भगवतः सर्वमोक्षदातृत्वात् कपाटानामपि अचेतनानामतितामसैर्बद्धानां मुक्तिः प्रदर्शिता, अनेनान्येषां मुक्तिर्व्याख्याता ॥ १०-३-४९

૪૫૭. ભગવાન સર્વને મોક્ષ આપનાર હોવાથી અતિતામસોએ બાંધેલાં (બંધ કરેલા) અચેતન દ્વારોની પણ મુક્તિ દર્શાવેલી છે. આથી બીજાઓની મુક્તિ સમજાવેલી છે.

४५८ शुद्धसत्त्वे भगवत्सहिते सत्येव सर्वाविद्यानाशः, सर्वासाध्यानां स्वत एव सिद्धिर्नान्यथा ॥ १०-३-४९

૪૫૮. ભગવાન સહિત શુદ્ધસત્ત્વ હોય ત્યારેજ સર્વ અવિદ્યાનો નાશ થાય છે. નહિ તો સર્વથી અસાધ્ય સ્વતઃ સિદ્ધ થતું નથી.

४५९ भगवानेव सर्वत्र प्रविष्टो मारयतीति शास्त्रं, तस्य ज्ञाने जीवानां षड् धर्मा बाधका भगवत्प्रतिपक्षाः, शोक ऐश्वर्यस्य, स हि कर्तुमकर्तुमन्यथाकर्तुं समर्थः, तत्कृतेऽर्थे कथं शोकः ? अन्यथा, अपेक्षितं स्वांशानामन्यो न नाशयेत्, हर्षश्च प्राप्तो भवति, तद्भगवतो वीर्ये कालरूपे ज्ञाते न भवेत्, भयं च न भवेद् यदि भगवतो यशो जानीयात्, स ह्ययुक्तं न करिष्यति, अन्यथा यशो न स्यात्, द्वेषश्च न भवेल्लोभश्च, यदि भगवदीयां श्रियं जानीयात्, द्वेषश्च स्त्रीकृतो भवति लोभश्च धनकृतः, तदुभयं भगवत एवेति न स्वस्य तथा कर्तुमुचितं, ज्ञाने भगवदीये ज्ञाते मोहाभावः प्रसिद्धः, मदस्तु वैराग्याभावात्, सर्वथैवाविरक्तो मत्तो भवति ॥ १०-४-२७

૪૫૯. સર્વત્ર પ્રવેશેલા ભગવાનજ મારી નખાવે છે એમ શાસ્ત્ર (કહે) છે. તેનું જ્ઞાન થવામાં ભગવાનના વિરોધી જીવના છ ધર્મો બાધક છે. (૧) ઐશ્વર્યનું (જ્ઞાન થવામાં બાધક) શોક છે. કારણ કે ભગવાન કર્તુમ્, અકર્તુમ્, અન્યથાકર્તુમ્ સમર્થ છે તેથી તેમના કરેલા કાર્યમાં શોક કેવી રીતે હોઈ શકે ? નહિ તો (ભગવાનની ઈચ્છા તેવી ન હોય તો) પોતાના (ભગવાનના)અંશોને જેની અપેક્ષા હોય તેનો બીજો કોઈ નાશ ન કરે. (૨) (અપેક્ષાવાળી ચીજ) પ્રાપ્ત થતાં હર્ષ થાય છે. કાલરૂપ ભગવાનના વીર્યનું જ્ઞાન હોય તો તે ન થાય. (૩) ભગવાનનો યશ જાણતો હોય તો ભય ન થાય; કારણ કે ભગવાન અયોગ્ય (કાર્ય) કરે નહિ, તેમ ન હોય તો યશ ન હોય. (૪) ભગવાનની શ્રી જાણે તો દ્વેષ અને લોભ ન હોય. દ્વેષ સ્ત્રી માટે થાય છે અને લોભ ધન માટે થાય છે. તે બંને ભગવાનનાજ છે તેથી પોતે (જીવે) તેમ (દ્વેષ અને લોભ) કરવું ઉચિત નથી. (૫) ભગવદીય જ્ઞાન

થયું હોય તો મોહ રહેતો નથી એ પ્રસિદ્ધ છે. (૬) મદ તો વૈરાગ્ય ન હોવાથી થાય છે, સર્વ રીતે અવિરક્ત હોય તે મદવાળો હોય છે.

४६० दक्षिणा यज्ञस्य भार्या, अनेन प्रवृत्तिधर्मत्वं तस्योक्तम् ॥ १०-४-४०

૪૬૦. દક્ષિણા યજ્ઞની સ્ત્રી છે. આથી (યજ્ઞ) પ્રવૃત્તિધર્મ છે એમ કહેલું છે.

४६१ बुद्धया हि सर्वनिर्णयः। बुद्धिनाशकस्तु दुःसंगः।........आपदि सर्वबुद्धिनाशो भवति ॥ १०-४-४४

૪૬૧. બુદ્ધિથી સર્વનો નિર્ણય થાય છે. દુઃસંગ બુદ્ધિનો નાશ કરનાર છે..... દુઃખમાં સર્વની બુદ્ધિનો નાશ થાય છે.

४६२ महत्त्वं भगवत्सम्बन्धादेव। अन्यथाऽऽरामात्रस्य कथं महत्त्वं स्यात् ॥ १०-४-४७

૪૬૨. મોટાઈ ભગવાનના સંબંધથીજ (હોય છે), નહિ તો માત્ર આરની અણી જેટલાની મોટાઈ ક્યાંથી હોય ?

४६३ वासुदेवोऽत्रैवाविर्भूत इति सिद्धान्तः। अन्यथा केवलमायाजनितं स्तन्यं भगवान्न पिबेत् ॥ १०-५-१

*नन्दगृहे

૪૬૩, વાસુદેવનો અહિંજ (નંદજીના ઘેર) આવિર્ભાવ થયો એવો સિદ્ધાન્ત છે, નહિ તો કેવલ માયા માટે ઉત્પન્ન થએલ ધાવણનું પાન ભગવાન કરે.

४६४ हरिद्रातैलं मंगलार्थं ॥ १०-५-७

૪૬૪.હલદર અને તેલ મંગલમાટે(છે).

४६५ स (कृष्णः) हि सर्वदुःखहर्ता भक्तानां वैकुण्ठपर्यन्तं गमनमसहमान इहैव वैकुण्ठं समानीतवान्। १०-५-१८

૪૬૫. તે (કૃષ્ણ) સર્વના દુઃખ હરનાર હોઈ, ભક્તોનું વૈકુંઠપર્યંત ગમન સહન ન કરતાં અહિંજ વૈકુંઠ લઈ આવ્યા.

४६६ भ्रातृवञ्चने दोषः स्यात् ॥ १०-५-२३

૪૬૬. ભાઈને ઠગતાં દોષ થાય.

४६७ चरित्रमद्भुतं शास्त्रे लोकेऽपि भगवत्कृतम् ॥ १०-६-१

૪૬૭. શાસ્ત્રમાં અને લોકમાં પણ ભગવાને કરેલું ચરિત્ર અદ્ભુત છે.

४६८ भर्तृषु विद्यमानेषु स्त्रीणां गतिरबाधिता भवति ॥ १०-६-३

૪૬૮. પતિની હયાતિમાં સ્ત્રીઓની ગતિ અબાધિત હોય છે.

४६९ भगवतः क्रियाज्ञानशक्ती अतिरोहिते सर्वदा ॥ १०-६-७

૪૬૯. ભગવાનની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ સદા અતિરોહિત છે.

४७० भगवत्समीपे मायायाः विलयः ॥ १०-६-९

૪૭૦. ભગવાનની સમીપ માયાનો લય થાય છે.

४७१ पुरुषोत्तमस्य वीर्यमवतारा[illegible]मपि वीर्यादधिकम् ॥ १०–६–१२

४७२ कृष्णावतारचरित्रमत्यलौकिकम्, अवस्थासाधनविरुद्धकार्यत्वात् ॥ १०–६–१८

४७३ गोपापेक्षया गोपीनां स्नेहः साहसं वाधिकम् ॥ १०–६–१८

४७४ कश्चेशश्च केशौ । तयोर्वै सुखं यस्मादिति ब्रह्मशिवयोर्बुद्ध्यहंकारनियामकयोरपि सुखदाता ॥ १०–६–२२

४७५ यदा यज्ञभोक्ता फलं प्रयच्छति तदा ग्रहा निवृत्ता भवन्ति, निवृत्तिरपि न वचनादिना किन्तु रूपमेव दृष्ट्वा भीता निवृत्ता भवन्ति ॥ १०–६–२६

४७६ वाक्यापेक्षया कृतेः प्रबलत्वम् ॥ १०–७–६

४७७ अवतारविषयिणी भक्तिरतिपुष्टा ॥ १०–७–६

४७८ न हि दृष्टेऽनुपपन्नं नाम, व्याघातात्, दृष्टानुसारिण्येव कल्पना च कर्तव्या ॥ १०–७–९

४७९ ब्राह्मणाः स्वभावत उत्तमा अविकृतब्रह्मस्वरूपा दोषषट्केन तु ते प्राकृता भवन्ति ।........यथा भगवद्विचारितं सत्यमेव भवति तथा ब्राह्मणोक्तमपि सत्यं भवति ॥ १०–७–१३

४८० व्रजमध्ये महान् पाषाणो भवति यत्र स्थितो नन्दः सर्वमेव दोहमनुसन्धत्ते, सा

૪૭૧. (ભગવાનના) અવતારોના વીર્ય કરતાં પણ પુરુષોત્તમનું વીર્ય અધિક છે.

૪૭૨. અવસ્થા અને સાધનથી વિરુદ્ધ કાર્ય (કરેલ હોવાથી) શ્રીકૃષ્ણનું ચરિત ઘણું અલૌકિક છે.

૪૭૩. ગોપોના કરતાં ગોપીઓનો સ્નેહ અથવા સાહસ અધિક છે.

૪૭૪. ક અને ઇશ કેશો. તેઓનું વ એટલે સુખ જેમાંથી છે (તે કેશવ) બુદ્ધિ અને અહંકારના નિયામકો બ્રહ્મા અને શિવના પણ સુખ દાતા (કેશવ) છે.

૪૭૫ જ્યારે યજ્ઞના ભોક્તા (ભગવાન) ફલ આપે છે ત્યારે ગ્રહો ખસી જાય છે. ખસી જાય છે તે પણ વચન વિગેરેથી નહિ, પરંતુ (ભગવાનનું) રૂપજ જોઇ ભય પામી ખસી જાય છે.

૪૭૬. વાક્ય કરતાં કૃતિ બલવાન છે.

૪૭૭. અવતારસંબંધી ભક્તિ અતિપુષ્ટ છે.

૪૭૮.જોએલ (હકીકતમાં) કાંઈ અયોગ્ય નથી, નહિ તો વિરોધ થાય. જોએલી (હકીકત)ને અનુસરીનેજ કલ્પના કરવી જોઇએ.

૪૭૯. સ્વભાવથી બ્રાહ્મણો ઉત્તમ અવિકૃત બ્રહ્મ જેવા સ્વરૂપવાળા છે, પણ છ દોષથી (અસૂયા, અસત્ય, દંભ, ઈર્ષ્યા, હિંસા, માન) તેઓ પ્રાકૃત થાય છે.... જેમ ભગવાને વિચારેલું સત્યજ થાય છે તેમ બ્રાહ્મણોએ કહેલું સત્ય થાય છે.

૪૮૦. વ્રજની મધ્યે મોટો પથ્થર છે, જ્યાં રહી નંદજી સર્વ ગાયોનું દોહન કરે

शिला महापुत्रीव स्थिता दैत्यघातिनी ॥ १०–७–२९

४८१ न हि दुष्टेषु वधक्रियया व्याप्तेषु दयोचिता ॥ १०–७–२९

४८२ यः सर्वत्र समदृष्टिः स दोषाभावान्न हन्यते ॥ १०–७–३३

४८३ पितुराज्ञाव्यतिरेकेण पुत्रसंस्कारो न कर्तव्यः ॥ १०–८–१

४८४ महान्तः स्वतः कार्याभावान्न कुत्रापि गच्छन्ति,तादृशाश्चेद्गच्छन्ति परोपकारार्थमेव गच्छन्ति ।...तत्र परार्थे विचार्यमाणे यस्यैव गृहे गच्छन्ति तस्यैव कार्यं साधयन्तीति निश्चीयते ॥ १०–८–४

४८५ (भगवान्) अनुयुगं तनूर्गृह्णाति, अन्यथा युगमेव न स्यात् । भगवान् जगच्चेति द्वयं युगशब्देनोच्यते । तत्रैकस्यैवाविर्भावेदेकमेव स्यान्नतु युगलं, अतो भगवतावश्यमनुयुगमवतारः कर्तव्यस्तत्र युगधर्मख्यापनार्थं रूपं च तथा कर्तव्यं, अन्यथा लोकानां प्रतीतिर्न स्यात् ॥ १०–८–१४

४८६ (भगवन्नामानि) जनाः व्यवहरन्त्युच्चारयन्ति च तथापि विचाराभावान्न जानन्ति, यतो जना जननादिभावयुताः क्लिष्टाः ।........ ततो निरर्थकानि नामानि न फलन्ति, नाप्यन्तःकरणं शोधयन्ति । अतः स्वरूपाज्ञानेन केवलमुच्चारितानि रूपसंबंधाभावात् स्वतोऽप्यलौकिकत्वाज्ञानात् अग्न्युच्चारणे दाहाभाववद् भगवन्ना-

છે. તે શિલા દૈત્યનો ઘાત કરનારી બ્રહ્મપુત્રી પેઠે છે.

૪૮૧. વધક્રિયાથી વ્યાપી રહેલા દુષ્ટો પ્રતિ દયા ઉચિત નથી.

૪૮૨. જેની સર્વત્ર સમાન દૃષ્ટિ છે તેનામાં દોષ નહિ હોવાથી તે હણાતો નથી.

૪૮૩. પિતાની આજ્ઞા વિના પુત્રનો સંસ્કાર ન કરવો જોઈએ.

૪૮૪. મોટા પુરુષો પોતાને કંઈ કાર્ય નહિ હોવાથી ક્યાંય પણ જતા નથી. તેવા જો જાય તો પરોપકાર માટે જ જાય છે.....ત્યાં પરના અર્થનો વિચાર કરતાં, જેને ઘેર જાય છે તેનુંજ કાર્ય સાધે છે એવો નિશ્ચય થાય છે.

૪૮૫. (ભગવાન) યુગે યુગે શરીર ધારણ કરે છે, તેમ ન કરે તો યુગજ ન થાય. 'યુગ' શબ્દથી ભગવાન અને જગત્ એ બે કહેવાય છે. તેમાંથી જો એકનો આવિર્ભાવ ન થાય તો એકજ હોય, યુગલ ન હોય........તેથી ભગવાને અવશ્ય યુગે યુગે અવતાર લેવો જોઈએ, અને તેમાં યુગના ધર્મ જણાવવા તેવું રૂપ ધારણ કરવું જોઈએ, નહિ તો લોકોની પ્રતીતિ ન થાય.

૪૮૬. લોકો (ભગવાનના) નામોનો વ્યવહાર કરે છે અને ઉચ્ચાર કરે છે તો પણ વિચાર વિનાના હોવાથી જાણતા નથી, કારણ કે તેઓ જન એટલે જન્મ વિગેરે ભાવવાળા દુઃખી છે........તેથી અર્થરહિત નામો ફલ આપતાં નથી, તેમજ અંતઃકરણને પણ શુદ્ધ કરતાં નથી, રૂપની સાથે સંબંધ વિના, અને પોતાને

मोचारणेऽपि न प्रपञ्चनिवृत्तिः । नामानि च वर्णात्मकत्वेनैव ज्ञातानि पुरुषं जगच्च नामयन्ति उच्चारयितुरग्रे वश्यतया स्थापयन्ति इति नामानि रूपवत् नामरूपस्यापि भगवतो रूपाणि । यथा भगवद्रूपं प्राकृततुल्यं प्रतीयते ग्राहकदोषादेवं नामान्यपि लौकिकानां ग्राहकदोषादेव लौकिकवर्णयुक्तानीव प्रतीयन्ते । वस्तुतस्तु अखंडान्येव तथा ज्ञानपूर्वकं शुद्धभावेन वस्तुतत्त्वे ज्ञात एव तद्बुद्ध्योच्चारितानि । न तु लोकसिद्धानुवादकरूपाणि । नामानि सर्वपुरुषार्थानि फलन्ति नान्यथा ॥ १०-८-१६

તે (ભગવાનના નામો) અલૌકિક છે તેવા જ્ઞાન વિના સ્વરૂપના અજ્ઞાનથી, માત્ર ઉચ્ચાર કરવામાં આવે તો જેમ 'અગ્નિ' ઉચ્ચાર કરવાથી દાહ થતો નથી તેમ ભગવાનના નામના ઉચ્ચારથી પણ પ્રપંચ મટતો નથી. વર્ણના આત્મા તરીકે જાણેલા (ભગવાનના) નામો પુરુષ અને જગતને નમાવે છે એટલે ઉચ્ચાર કરનારની પાસે વશ કરી રાખે છે, તેથી (ભગવાનના) રૂપની પેઠે (ભગવાનના) નામો નામરૂપ ભગવાનના રૂપો છે. જેમ ગ્રહણ કરનારના દોષથી ભગવાનનું રૂપ પ્રાકૃત જેવું જણાય તેમ લૌકિકોના ગ્રહણ કરનારના દોષથીજ નામો પણ લૌકિક વર્ણવાળા જણાય છે; પરંતુ વસ્તુતઃ અખંડજ છે; પણ તે લૌકિક સિદ્ધ (વસ્તુના) અનુવાદરૂપ (નામો) નહિ, પરંતુ તેવા (અખંડ હોવાના) જ્ઞાનપૂર્વક શુદ્ધ ભાવથી વસ્તુનું તત્ત્વ જાણ્યા પછી જ તેવી (ભગવદ્) બુદ્ધિથી ઉચ્ચારેલાં (નામો) (આવાં) નામો સર્વ પુરુષાર્થ આપે છે, બીજી રીતે(ઉચ્ચારેલાં)નામો આપતાં નથી.

४८७ कालादीनां तु नाममाहात्म्यज्ञानादुच्चारयितुः परित्यागः। अनुगुणत्वात् सारूप्येण साधकमिति लौकिकस्यापि प्रवर्त्तनापरत्वेन मोक्षदातृत्वमिति अजामिलोपाख्यानस्यापि न वैयर्थ्यम् ।.........अनन्तान्येव नामान्युक्तान्युपास्यरूपाणि चान्तःकरणशोधकानि, तदवस्थां भगवद्रूपस्य स्मृत्वा तन्नाम ग्राह्यमिति ॥ १०-८-१६

૪૮૭. કાલ વિગેરે (ભગવાનના) નામનું માહાત્મ્ય જાણતા હોવાથી (તેના) ઉચ્ચાર કરનારને છોડી દે છે. લૌકિક નામ પણ (ભગવાનના નામને) અનુગુણ હોવાથી સારૂપ્યથી સાધન થઈ પ્રવૃત્તિ કરાવી મોક્ષ આપે છે તેથી અજામિલનું ઉપાખ્યાન પણ નકામું નથી. ......ઉપાસના કરવા યોગ્ય અને અંતઃકરણને શુદ્ધ કરનાર (ભગવાનના) અનંત નામો, ભગવાનના રૂપની તે અવસ્થાનું સ્મરણ કરી તે નામ લેવું એવા હેતુથી કહેલાં છે.

४८८ लौकिकनिष्ठता भगवन्निष्ठता च परस्परं विरुद्धा ॥ १०-८-२६

૪૮૮. લૌકિકમાં નિષ્ઠા અને ભગવાનમાં નિષ્ઠા પરસ્પર વિરુદ્ધ છે.

४८९ यावदात्मीयतया परमस्नेहे रस उत्पद्यते न तावदीश्वरभावेन, भयज्ञानस्य स्नेहप्रतिबन्धकत्वात् ॥ १०-८-२६

४९० शाश्वतः साधनैश्च आयमाना (भक्तिः) ज्ञानकर्मणोरल्पत्वाज्जीवेषु न परमा भवति ॥ १०-८-४९

४९१ देहसंबंधो दुर्गतिः । अनायासेन तरणं भक्त्यैव, अन्यकृतत्वात् नौकारूढवत् ॥ १०-८-४९

४९२ व्यभिचारे धर्मक्षयाद्भक्तिर्न भवेत् ॥ १०-८-५०

४९३ भगवति दोषदर्शने भगवदीयोऽपि भगवन्तं न प्राप्नोति ।........तादृशेऽपि भगवान् कृपां करोति ॥ १०-९-१०

४९४ प्रतिकूलोऽपि भगवदर्थे श्रमः सार्थकः ॥ १०-९-१०

४९५ कृपा च सर्वधर्मधर्मिभ्यो बलिष्ठा ॥ १०-९-१९

४९६ सा (वश्यता) न कस्यापि सिध्यति। यावन्तः कर्मिणो देहाभिमानिनो येऽपि ज्ञानिनो निरभिमाना मुक्ता उभयेषामपि अयं भगवान् सुखापः सुखेन प्राप्तुं शक्यः, एकत्र देहाभिमानो दोषोऽन्यत्र नैरपेक्ष्यं, आत्मा स्वरूपं पोतः संसारसमुद्रतरणोपायो येषां, न हि समुद्रतरणमात्रेण पारस्थितो महाराजः प्राप्यते, भक्तिमतां त्विहैव सुलभः....यतो गोपिकायाः सुतो जातः । अतः सर्वे भक्ता भवन्त्वित्येवं भगवता कृतमिति भावः ॥ १०-९-२१

૪૮૯. પોતાનું હોવાથી પરમસ્નેહ (થતાં) જે રસ ઉત્પન્ન થાય છે તે ઈશ્વરભાવથી થતો નથી, કારણકે ભયનું જ્ઞાન સ્નેહમાં પ્રતિબંધ કરનાર છે.

૪૯૦. (જીવોના) જ્ઞાન અને કર્મ અલ્પ હોવાથી, તેઓને શાસ્ત્રથી અથવા સાધનોથી થતી ભક્તિ પરમભક્તિ હોતી નથી.

૪૯૧. દેહનો સંબંધ (એ) દુર્ગતિ છે. નૌકામાં બેઠેલાની પેઠે પ્રયાસ વિના ભક્તિથીજ તરાય છે, કારણ કે બીજો તે (તારવાનું કામ) કરે છે.

૪૯૨. વ્યભિચારથી ધર્મનો ક્ષય થવાથી ભક્તિ ન થાય.

૪૯૩. ભગવાનમાં દોષ જોવાથી ભગવદીયને પણ ભગવાનની પ્રાપ્તિ થતી નથી.... તેવા ઉપર પણ ભગવાન કૃપા કરે છે.

૪૯૪. ભગવાન માટે કરેલો પ્રતિકૂલ શ્રમ પણ સાર્થક છે.

૪૯૫. (ભગવાનની) કૃપા સર્વ ધર્મો તથા ધર્મી કરતાં વધારે બલવાન છે.

૪૯૬. ( ભગવાન વશ હોવાપણું ) કોઈને સિદ્ધ થતું નથી. જેટલા કર્મ કરનાર દેહના અભિમાનવાળા છે, જે જ્ઞાનીઓ અભિમાન વિનાના મુક્ત છે તે ઉભયથી આ ભગવાન સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે તેવા નથી........એકને દેહાભિમાન દોષ છે, બીજાને નિરપેક્ષતા છે........ આત્મા (એટલે) સ્વરૂપ, નાવ, (એટલે) સંસારરૂપી સમુદ્રને તરવાનો ઉપાય જેઓનો છે, (તેવા જ્ઞાની નિરપેક્ષ છે). માત્ર સમુદ્ર તરવાથીજ પાર રહેલા મહારાજ પ્રાપ્ત

४९७ जले क्रीडा गंगायां निषिद्धा ॥ १०–१०–४

४९८ सन्मार्गः सत्संगो वा सद्बुद्ध्या भवति । श्रीमदेन तु सद्बुद्धिः कदापि नोत्पद्यते ॥ १०–१०–८

४९९ "विद्यामदो धनमदस्तथैवाभिजनो मदः एते मदा मदान्धानां त एव हि सतां दमाः" इति । तत्र धनमदो मध्यम, उभयमदयोः साधको यथा मध्यमं गृहं दग्धं सत्पार्श्वस्थितयोरपि दाहं संपादयति । आभिजात्यस्यादिः श्रीमदस्ततोऽप्यनर्थसंपादकः ।....यत्र स्त्रीद्यूतमासवः ।....प्राणिनः सर्वहेतवः कायवाङ्मनांसि । तत्र स्त्री कायनाशिका, द्यूतमनृतं वाङ्नाशकं, आसवो बुद्धिनाशकः ।........ "द्यूतं पानं स्त्रियः" इत्यधर्मपादा अप्येते ॥ १०–१०–८

५०० भूतद्रोहान्नरकपातः ॥ १०–१०–१०

५०१ आत्मौपम्येन भूतानां दर्शनं दरिद्रस्यैव । नान्यस्य ॥ १०–१०–१४

થતા નથી. પણ ભક્તિવાળાઓને અહિંજ (ભગવાન) સુલભ છે,........કારણકે ગોપીના પુત્ર થયા છે. તેથી સર્વ ભક્તો થાઓ તે માટે ભગવાને એમ કરેલું છે (ગોપીના પુત્ર થયા છે) એવો ભાવ છે.

૪૯૭. ગંગાના જળમાં ક્રીડા નિષિદ્ધ છે.

૪૯૮. સન્માર્ગ અથવા સત્સંગ સદ્બુદ્ધિથી થાય છે, પણ લક્ષ્મીના મદથી સદ્બુદ્ધિ કદાપિ ઉત્પન્ન થતી નથી.

૪૯૯. "વિદ્યાનો મદ, ધનનો મદ અને ઉંચા કુલનો મદ, મદથી અંધ થએલાના આ મદો છે, તેજ સારા પુરુષોના દમ (નિયમમાં રાખનાર) છે." તેમાં ધનનો મદ મધ્યમાં છે, તે (બીજા) બંને મદને ઉત્પન્ન કરનાર છે, જેમ વચલું ઘર બળી બાજુએ આવેલા ઘરોને પણ બાળે છે........ધનનો મદ ઉંચા કુલના મદનું મૂળ છે તેથી પણ અનર્થ કરાવનાર છે.... તેમાં સ્ત્રી જુગટું અને દારૂ રહેલાં છે.... કાયા, વાણી અને મન પ્રાણીઓને સર્વના હેતુ (સર્વ પ્રાપ્ત કરાવનાર) છે. તેમાં સ્ત્રી કાયાનો નાશ કરનારી છે, જુગટું એટલે જૂઠ વાણીનો નાશ કરનાર છે, અને દારૂ બુદ્ધિનો નાશ કરનાર છે...."જુગટું, મદ્યપાન, અને સ્ત્રીઓ" આ અધર્મના પાદ પણ છે.

૫૦૦. પ્રાણીઓના દ્રોહથી નરકમાં પડાય છે.

૫૦૧. ગરીબજ પોતાની સરખામણીથી પ્રાણીઓને જૂએ છે, બીજા (બીતા) નથી.

५०२ दारिद्र्यं मोक्षसाधकमतः स्वरूपतो दुःखरूपमपि तपोवद्वाञ्छनीयमेव ।....दरिद्रः प्रथमतो निरहंस्तम्भः ।....मोक्षेऽहंकाराभावः करणं....अहंकारस्तम्भेनैवाज्ञानगृहं सुस्थिरं भवति । किञ्च सर्वमदैरपि मुक्तो भवति, यदृच्छयैव च कृच्छ्रं क्लेशाधिक्यं प्राप्नोति....तद्धि तस्य परं तपः । यत्कष्टेन तपः कर्तव्यं तत्तस्य स्वभावत एव संपद्यते । विहितत्वं त्वप्रयोजकम् ॥ १०-१०-१५

५०३ मोक्ष इन्द्रियजयो योगशास्त्रसिद्धः साधनत्वेन यथा सांख्येऽहंकाराभावः । दारिद्र्ये इन्द्रियजयः स्वभावत एव भवति ॥ १०-१०-१६

५०४ साधुसंगात् तृष्णापगमः । ते हि भगवत्प्रेरिता परिभ्रमन्ति लोकानामुद्धारार्थम् । तेनावृतत्वाद् दरिद्रस्यैव गृहे गच्छन्ति ॥ १०-१०-१७

५०५ सतां धनिनां च परस्परविरुद्धा धर्माः । ते हि साधवः सदाचाराः, ते त्वसन्तोऽसदाचाराः । साधवस्तु समचित्ताः, ते तूपेक्ष्या एव विषमचित्ताः । समचित्तानां विषमचित्ता उपेक्ष्या एव भवन्ति । साधवस्तु मुकुन्दचरणैषिणो मोक्षदातुश्चरणान्वेषणपराः, अन्ये त्वसदा-

૫૦૨. દરિદ્રતા મોક્ષ પ્રાપ્ત કરાવનાર છે તેથી સ્વરૂપથી દુઃખરૂપ હોવા છતાં તપની પેઠે ઇચ્છવાયોગ્ય છે.....દરિદ્રી પ્રથમ અહંકારરહિત હોય છે....અહંકારનો અભાવ મોક્ષનું કારણ છે.....અહંકારના સ્તંભથી અજ્ઞાનરૂપી ગૃહ સારી રીતે સ્થિર રહે છે. વળી દરિદ્રી સર્વ મદોથી પણ મુક્ત હોય છે, અને અકસ્માતથી જ અગવડ તથા અધિક દુઃખ (તેને) પ્રાપ્ત થાય છે....એજ તેનું ઉત્તમ તપ છે. જે તપ કષ્ટથી કરવું જોઈએ તે તેને સ્વભાવથીજ પ્રાપ્ત થાય છે. વિધિની તેને જરૂર નથી.

૫૦૩. જેમ સાંખ્યમાં અહંકારનો અભાવ મોક્ષના સાધન તરીકે (પ્રસિદ્ધ) છે તેમ યોગશાસ્ત્રમાં ઇંદ્રિયોનો જય મોક્ષના સાધન તરીકે પ્રસિદ્ધ છે). દરિદ્રાવસ્થામાં ઇંદ્રિયોનો જય સ્વભાવથીજ થાય છે.

૫૦૪. સાધુના સંગથી તૃષ્ણા મટે છે, કારણ કે તેઓ ભગવાનથી પ્રેરાઈ લોકોના ઉદ્ધાર માટે પરિભ્રમણ કરે છે, અને દરિદ્રી તૃષ્ણાથી વીંટાએલ હોવાથી તેનાજ ઘેર જાય છે.

૫૦૫. સંતો અને ધનવાનોના ધર્મો પરસ્પર વિરુદ્ધ છે; કારણકે તે સાધુઓ સદાચારવાળા છે, અને તે (ધનવાનો) અસંતો ખરાબ આચારવાળા છે. સાધુઓ સમચિત્તવાળા છે, પણ તેઓ (ધનવાનો) વિષમ ચિત્તવાળા હોઈ ઉપેક્ષા કરવાજ યોગ્ય છે, કારણકે સમચિત્તવાળાઓએ

श्रयाः, असत्स्वेव हि धनं तिष्ठति । तदर्थं तच्चरणान्वेषिणो यतस्तमेवाश्रित्य तिष्ठन्ति ॥ १०–१०–१८

વિષમ ચિત્તવાળાની ઉપેક્ષા જ કરવી જોઇએ. સાધુઓ મુકુંદના ચરણની ઈચ્છાવાળા હોઈ મોક્ષ આપનારના ચરણની શોધમાં તત્પર હોય છે, જ્યારે બીજાઓ (ધનવાનો)નો આશ્રય દુષ્ટ હોય છે, કારણકે ધન દુષ્ટો પાસેજ રહે છે અને તેઓ તેને (ધનને) માટે તેના ચરણને શોધનાર હોઈ તેનોજ આશ્રય કરી રહે છે.

५०६ सतां दृष्टिर्हि ब्रह्मज्ञानवत्सर्वदोषनिवर्तिका ॥ १०–१०–१९

૫૦૬. સત્પુરૂષોની દૃષ્ટિ બ્રહ્મજ્ઞાનની પેઠે સર્વ દોષ મટાડનારી છે.

५०७ प्रसादस्तु स्वधर्माविर्भावः, अनुग्रहस्तु परदोषाणां स्वीकारः । १०–१०–२१

૫૦૭. પોતાના ધર્મોનો આવિર્ભાવ તે પ્રસાદ, બીજાના દોષોનો સ્વીકાર તે અનુગ્રહ.

५०८ कालापेक्षया नान्यस्य वीर्यमस्ति । कालमर्यादां चेदुल्लंघति तदा भगवद्वीर्यंगतुल्यातिशयमिति ज्ञायते । सोऽपि नैकविधः पराक्रमः, क्षणेन विश्वरूपो भवति क्षणेन वामनो दृश्यश्चादृश्यश्च बहिरन्तः परिच्छेदो व्यापकश्च, अतो ज्ञायते सर्वेष्वेव देहिष्वसंगतैः कदाप्यसंबद्धैर्भगवानेवायमिति, न तु प्रत्यक्षतया भगवानिति निश्चेतुं शक्यते ।....तत्रापि कदाचिच्चेदलौकिकं भवति कल्प्येतापि कथंचिज्जातमिति । सर्वदा चेद्वाङ्मनोगोचरा अनुभावास्तदा कथं न ज्ञायेत ? ...एवमवतारेषु भगवज्ज्ञानमानुमानिकं न प्रत्यक्षम् ॥ १०–१०–३४

૫૦૮. કાલના કરતાં બીજો કોઈ વીર્યવાળો નથી. (ભગવાન) કાલની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે ત્યારે તેમના વીર્ય સમાન અથવા તેથી અધિક વીર્યવાળો કોઈ નથી એવું જ્ઞાન થાય છે. આ પણ ભગવાનનું પરાક્રમ એક પ્રકારનું નથી. (તે) ક્ષણમાં વિશ્વરૂપ થાય છે અને ક્ષણમાં વામન થાય છે, દેખાય તેવા અને ન દેખાય તેવા (થાય છે), બહાર (હોય છે) અને અંદર (હોય છે), હદવાળા અને સર્વ વ્યાપી રહેલા (હદ વિનાના) હોય છે. તેથી સર્વ દેહીઓમાં અસંગત (હોવાથી) (એટલે કદાપિ સંબંધ નહિ હોવાથી જણાય છે કે આ ભગવાન છે, પણ પ્રત્યક્ષરીતે "(આ) ભગવાન" એવો નિશ્ચય કરી શકાતો નથી...તેમાં પણ જો કોઇકવાર અલૌકિક કાર્ય થાય તો જેમ તેમ થયું એવી કલ્પના પણ કરાય. પણ જો સદા પ્રભાવો વાણી અને મનને ગોચર થાય તો કેમ ન જણાય ?....આવી રીતે અવ-

भगवत्सेवौपयिकदासरूपांशेन वा सर्वे लोकाः स्वदासभावेनाविर्भवन्त्वितीच्छया भगवानेकदेशभावं प्रकाशितवान्, समुदाये ग्रहणभजनाद्यनुपपत्तेः । न हि प्रलयाब्धिः सेवितुं शक्यते........सर्वेषां सर्वकलाकौशलाय सर्वाः

कलास्तदैव प्रादुर्भवन्ति यदि मूलभूतः कला-रूपेणाविर्भवति, तदैव च सर्वाः कलाः पूर्णा भवन्ति ॥ १०–१०–३५

५०९ मानुषभावेन नानाविधाः क्रीडा भक्तानुत्पाद्य तेषु भक्तिस्थापनार्थाः ॥ ,,–,,–,,

५१० वाक् श्रोत्रे च करौ चित्तं शिरश्चक्षुस्तथैव च। षडेते भगवत्कार्ये यदि सक्ताः कृतार्थता ॥ कीर्तने श्रवणे चैव गुणानां रूपदास्यके। स्वरूपस्मरणे नत्यामवतीर्णस्य दर्शने॥ गुणानामुत्कर्षाधायकधर्माणां कीर्तने वाण्यस्तु, तत्रैव सा विनियुक्ता भवतु। यथा वराय दत्ता कन्या नान्यगामिनी भवति नाप्यन्यः प्रार्थयते, नापि पतिभयात्साऽन्यसंबंधिनी कथंचिदपि भवति, तथा वाणी भवतु ॥ १०–१०–३८

५११ द्वयं हि पुरुषार्थो मुक्तिर्मयि प्रेम च, निरोधस्योभयरूपत्वात्। प्रपञ्चविस्मृतिर्मुक्तिः ॥ १०–१०–३९–४०

५१२ ये हि साधवस्तेषां दर्शने पुनर्बन्धो न भवति। ते हि ज्ञानव्याप्ता वह्निनाऽयःपिंड इव। यथा तत्संबंधेऽग्नेरप्यधिको दाहो भवत्येवमेव ब्रह्मज्ञानापेक्षयाऽपि सद्दर्शने बन्धनिवृत्तिर्भवति। साधवः सदाचाराः समचित्ता ज्ञानिनः अतो ज्ञानकर्मणोः सद्भावादेते मुक्ताः।

તારોમાં ભગવાનનું જ્ઞાન અનુમાનથી થાય છે, પ્રત્યક્ષ નથી.

૫૦૯. (ભગવાનની) મનુષ્યભાવથી જાતજાતની ક્રીડાઓ ભક્તોને ઉત્પન્ન કરી તેઓમાં ભક્તિનું સ્થાપન કરવા માટે છે.

૫૧૦. વાણી (ભગવાનના) ગુણોનું કીર્તન કરવામાં, કાનો તેમનું શ્રવણ કરવામાં, હાથો તેમના દાસ્યકર્મમાં, ચિત્ત તેમના સ્વરૂપનું સ્મરણ કરવામાં, માથું તેમને નમન કરવામાં અને આંખ અવતાર લીધેલા ભગવાનના દર્શન કરવામાં, (એવી રીતે) આ છ જો ભગવાનના કાર્યમાં આસક્ત હોય તો કૃતાર્થ થવાય છે.

વાણી (ભગવાનના) ગુણો એટલે વડાઈ કરનાર ધર્મોના કીર્તનમાંજ યોજાએલી હો. જેમ વરને આપેલી કન્યા બીજા પાસે જતી નથી, તેમ બીજો તેની માગણી કરતો નથી, તેમજ પતિના ભયથી તે પણ કોઈ રીતે પણ અન્યનો સંબંધ કરતી નથી, એવી વાણી થાઓ....

૫૧૧. મુક્તિ અને મારામાં (ભગવાનમાં) પ્રેમ એ બે પુરુષાર્થ છે, કારણકે નિરોધના આ બંને રૂપ છે. પ્રપંચની વિસ્મૃતિ એ મુક્તિ છે.

૫૧૨. જે સાધુઓ છે તેઓના દર્શન થતાં પુનઃ બંધ થતો નથી, કારણકે લોઢાનો ગોળો અગ્નિથી વ્યાપ્ત હોય તેમ તેઓ જ્ઞાનથી વ્યાપ્ત છે. જેમ તેનો (તેવા લોઢાના ગોળાનો) સંબંધ થતાં અગ્નિ કરતાં પણ વધારે દાહ થાય છે તેમજ સંતોના દર્શન થતાં બ્રહ્મજ્ઞાન કરતાં પણ

...तेषां दर्शनमेव मुक्तिसाधकम् । किं च नितरां मत्कृतात्मनाम्....कर्मज्ञानभक्तीनां तेषु सिद्धत्वात् बंधः सर्वथा न भवति । तमो निवर्तितं कर्मणा, रजो ज्ञानेन, सत्त्वं भक्त्येति अतो न केनाप्यंशेनावशिष्यते ॥ १०-१०-४१

વધારે બંધની નિવૃત્તિ થાય છે. સાધુઓ સદાચારવાળા છે, જ્ઞાનીઓ સમચિત્તવાળા છે. તેથી જ્ઞાન અને કર્મ સારાં હોવાથી તેઓ મુક્ત છે....તેઓના દર્શનથીજ મુક્તિ થાય છે. વળી મારા (ભગવાન) માટે આત્માવાળા (સાધુઓના દર્શનથી) ખાસ (તેમ થાય છે.) કારણકે તેઓમાં કર્મ જ્ઞાન અને ભક્તિ હોવાથી, સર્વથા બંધ થતો નથી.....કર્મથી તમઃ મટે છે, જ્ઞાનથી રજઃ અને ભક્તિથી સત્ત્વ મટે છે તેથી કોઈ પણ અંશથી (બંધ) રહેતો નથી.

५१३ मर्यादाधिकारिणस्तु सतो (साधुभ्यः) बन्धो निवर्तते । अहं त्वनधिकारिणोऽपि निवर्तक इति विशेषः ॥ १०-१०-४१

૫૧૩. મર્યાદાના અધિકારીનો તો તેઓ (સાધુઓ)થી બંધ મટે છે. હું (ભગવાન) તો અધિકાર વિનાનાઓનો પણ બંધ મટાડનાર છું એ વિશેષ છે.

५१४ एका क्रिया भगवतोऽनेकक्रियां संपादयति ॥ १०-११-३२

૫૧૪. ભગવાનની એક ક્રિયા અનેક ક્રિયા (કાર્ય) કરે છે.

५१५ प्रपञ्चविस्मृतिः सर्वा तदा (भगवदा) सक्तिश्च निरोधः ॥ १०-११-४८

૫૧૫. પ્રપંચની પૂરેપૂરી વિસ્મૃતિ અને તેમાં (ભગવાનમાં) આસક્તિ એ નિરોધ છે.

५१६ स हि परमानन्दो भूत्वा स्वाज्ञानार्थं मायया ज्ञानशक्तिं रुणद्धि ॥ १०-११-४९

૫૧૬. (ભગવાન) પોતે પરમાનંદ હોઈ, પોતાને જાણે નહિ તે માટે (બીજાઓની) જ્ઞાનશક્તિને માયાથી રોકે છે.

## ॥ प्रक्षिप्ताध्यायत्रयम् ॥

५१७ महामायायुक्ते भगवत्यन्या माया स्वपदमेव न प्राप्नोति किं न पुनः कार्यं प्राप्स्यति ॥ २-४५

૫૧૭. મહામાયાવાળા ભગવાન પાસે બીજી માયાને પોતાનું સ્થાન પણ મળતું નથી, તો પછી કાર્ય તો ક્યાંથીજ કરી શકે?

५१८ अपरिमितास्तु भगवद्गुणा गणितुं न शक्याः ॥ ३-७

૫૧૮. ભગવાનના ગુણો તો અસંખ્ય છે, ગણી શકાય તેવા નથી.

५१९ त्वत्स्वरूपं त्वमेव जानासीति तत्त्वोपदेशार्थं तवावतारः ॥ ३–२१

૫૧૯. આપના (ભગવાનના) સ્વરૂપને આપજ જાણો છો એ તત્ત્વનો ઉપદેશ કરવા આપનો અવતાર છે.

५२० यथा स्त्रीसुखं पुरुषेणैव भोक्तव्यं पुरुषसुखं स्त्रियैव तथा ब्रह्मानन्दानुभवे न कोऽप्युपाधिरपेक्षितः ॥ ३–२२

૫૨૦. જેમ સ્ત્રીનું સુખ પુરુષેજ ભોગવાય તેવું છે, અને પુરુષનું સુખ સ્ત્રીથીજ ભોગવાય તેવું છે તેવી કોઇ પણ ઉપાધિની બ્રહ્માનંદના અનુભવમાં અપેક્ષા નથી.

५२१ मूलभ्रमप्रतिपन्नं देहात्मभावं व्यामोहकशास्त्रप्रतिपन्नं च भावं परित्यज्य हृदये स्थियमानो भगवान् भावनीयः ॥ ३–२८

૫૨૧. મૂલભ્રમથી થએલા દેહાત્મભાવ (દેહજ આત્મા છે એવો ભાવ) અને વ્યામોહ કરનાર શાસ્ત્રથી થએલા ભાવને તજી, હૃદયમાં રહેલા ભગવાનની જ ભાવના કરવી.

५२२ विजातीयैः सह भक्ता भजनं न कुर्वन्ति ॥ ३–२८

૫૨૨. વિજાતીયો સાથે ભક્તો (ભગવાનનું) ભજન કરતા નથી.

५२३ ब्रह्म हि सर्वसमं, मित्रं हि विषमं, हिताचरणादहितादिदूरीकरणाच, भगवांस्तु ब्रह्मापि संस्तेषां मित्रं जातस्तत्प्रतिपक्षान्हन्ति तांश्च सर्वतः परिपालयतीति ॥ ३–३२

૫૨૩. બ્રહ્મ સર્વને સમાન છે. મિત્ર વિષમ છે, કારણકે હિત આચરે છે અને અહિત વિગેરે મટાડે છે. ભગવાન તો બ્રહ્મ પણ રહી તેઓના મિત્ર થયા, તેઓના વિરોધીને હણે છે અને તેઓની સર્વતરફથી રક્ષા કરે છે.

५२४ गृहादिषु रागादयस्तावदेव स्तेना विवेकधैर्यापहारकास्तावदेव गृहमपि कारागृहं बंधनस्थानं तावदेव पुत्रादिषु मोहोंऽघ्रिनिगडः पादशृंखला, यावत्कृष्ण न ते जनास्त्वत्सेवका न भवन्ति, त्वत्सेवकानां त्वेतानि त्रीण्यपि सात्त्विकादीनि सेवोपयिकानीति शास्त्रतोऽप्यभिलषितान्येव ॥ ३–३५

૫૨૪. હે કૃષ્ણ ! જ્યાંસુધી માણસો તારા એટલે તારા સેવકો ન થાય ત્યાંસુધીજ ઘર વિગેરેમાં રાગ વિગેરે ચોરો એટલે વિવેક ધૈર્ય વિગેરેને હરનાર હોય છે, ત્યાંસુધીજ ઘર કારાગૃહ એટલે બંધનનું સ્થાન રહે છે, (અને) ત્યાંસુધીજ પુત્ર વિગેરેમાં સ્નેહ પગની શૃંખલા અથવા બેડી રહે છે. તારા સેવકોને તો આ ત્રણે સાત્વિક વિગેરે સેવામાં ઉપયોગી હોઈ શાસ્ત્રથી પણ ઇચ્છવાયોગ્યજ છે.

॥ इति भक्तिप्राध्यायत्रयम् ॥

## ॥ अथ तामसप्रमेयप्रकरणम् ॥

५२५ वश्च इश्च वयौ स्वरूपानन्दविषयानन्दौ श्रणू यस्मात्स वेणुः उभयविस्मारकस्तद्वादने विषयिणो मुक्ताश्च सर्वे समायान्ति, आध्यात्मिका आधिदैविकाश्चोद्बुद्धा भवन्ति ॥ १०-१२-२

५२६ वृन्दावनभूमावुत्पत्तिमात्रेणैव हरिरात्मीयत्वं मनुते ॥ १०-१२-२

५२७ भगवत्सायुज्यं मुक्तिश्च भगवद्दत्तैव भवति सर्वशास्त्रनिरूपितानां साधनानां भगवति तत्तद्धर्मसंबंधजनकानां ततः प्रतिफलितानां भगवत्कृतानामेव साधकत्वमिति सिद्धान्तः ॥ १०-१२-१२

५२८ विजातीये रसो नोत्पद्यते ॥ १०-१२-१९

५२९ श्रवणे प्रविशति कथापूरो हृदयं ततः सर्वमेव दोषमालोड्य मुखतो निःसरति । एवं कियत्कालपर्यावृत्त्या सर्वथैव शुद्धो भवति ॥ १०-१२-४१

५३० यवः कीर्तिप्रतिपादकः, अब्जाकाररेखा सुसेव्यत्वाय, भक्तानां मनोगजनिवारणायांकुशरेखा, अशनिः पापपर्वतच्छेदनाय, ध्वजो निर्भयवासदानाय, एवमनेकविधैः चिह्नैरुपपन्नानि पदानि ॥ १०-१३-१८

५३१ नृत्यं द्विविधं लास्यतांडवभेदेन।

પ૨૫. 'વ' એટલે સ્વરૂપાનંદ અને 'ણુ' એટલે વિષયાનંદ બંને જેનાથી 'અણુ' હલકાં છે તે 'વેણું', (તે) બંનેને ભુલાવનાર છે. તે વાગતાં વિષયીઓ અને મુક્તો બંને આવે છે અને આધ્યાત્મિકો અને આધિદૈવિકો જાગૃત થાય છે.

પ૨૬. વૃંદાવનભૂમિમાં માત્ર ઉત્પત્તિથીજ હરિ 'પોતાના' માને છે.

પ૨૭. ભગવત્સાયુજ્ય એટલે મુક્તિ ભગવાને આપેલીજ હોય છે. સર્વશાસ્ત્રોમાં નિરૂપણ કરેલાં સાધનો ભગવાનમાં જૂદા જૂદા ધર્મથી સંબંધ ઉત્પન્ન કરી ત્યાંથી પાછા ફરતાં હોવાથી ભગવાને કરેલાંજ સાધન છે એવો સિદ્ધાન્ત છે.

પ૨૮. વિજાતીયમાં રસ ઉત્પન્ન થતો નથી.

પ૨૯. (ભગવત્કથાનું) શ્રવણ કરતા કથાનું પૂર હૃદયમાં પ્રવેશ કરે છે, ત્યાંથી બધાય દોષને ખળભળાવી મુખમાંથી બહાર નીકળે છે. એમ કેટલોક સમય આવૃત્તિ કરવાથી પુરેપુરોજ શુદ્ધ થાય છે.

પ૩૦. યવ કીર્તિ પ્રાપ્ત કરાવનાર છે, સ્હેલાઈથી સેવા કરી શકાય તે માટે કમલના આકારની રેખા છે, ભક્તોના મનરૂપી હાથીને નિયમમાં રાખવા અંકુશરેખા, પાપના પર્વતોનો છેદ કરવા વજ્ર, નિર્ભય વાસનું દાન કરવા ધ્વજ, એવી રીતે અનેક પ્રકારનાં ચિહ્નોવાળાં (ભગવાનના) પગલાં (છે.)

પ૩૧. નૃત્ય બે પ્રકારનું છે (૧) લાસ્ય અને (૨) તાંડવ. લાસ્ય સ્ત્રીનું

लास्यं स्त्रीनृत्यं तांडवं पुरुषनृत्यं ॥ तयोरवान्तरभेदाः शतशः सन्ति ॥ १०-१३-३०

५३२ ईश्वरो हि त्रिविधं दण्डं करोति न्याय्यं न्यूनमधिकं च । प्रसादमर्यादेश्वरत्वधर्मास्तत्र प्रयोजकाः ॥ १०-१३-३२

५३३ खला हि निरंतरं दोषकर्तारो बहुजीविनश्च । मरणानन्तरमेव यमोऽधिकारी । तावत्पर्यन्तमुपेक्षायां सर्वनाश एव स्यात् अतः खलानां निग्रहार्थमेव भगवान्मध्येऽवतीर्णः ॥ १०-१३-३३

५३४ भगवच्चरणारविंदरेणवो भगवदीयदेहसंपादकाः ॥ १०-१३-३६

५३५ तवांघ्रिरेणुस्पर्शाधिकारः........ गुणातीता एव हि जीवास्तदधिकारिणः, न तु सगुणाः कथञ्चन, यतो महद्भिरपि सगुणै र्जीवैस्तन्न प्राप्यते ॥ १०-१३-३६

५३६ एतानि (नाकपृष्ठसार्वभौमादीनि) सर्वाण्येव फलानि यत्पादरजः प्रपन्ना न वाञ्छन्ति, रजःप्राप्तौ तु न वाञ्छन्तीति किम् वाच्यं, रजःप्रपन्ना एव यत्र न वांछन्ति ॥ १०-१३-३७

५३७ अनन्ता रूपसृष्टिरनन्ता नामसृष्टिः, स्थूला रूपसृष्टिः सूक्ष्मा नामसृष्टिः, विकृता रूपसृष्टिः कूटस्थाऽविकृता नामसृष्टिः, जडरूपा रूपसृष्टिः विपश्चित् बोधरूपा नामसृष्टिः ॥ १०-१३-४३

નૃત્ય છે, અને તાંડવ પુરુષનું નૃત્ય છે. તેઓના પેટા ભેદો સેંકડો છે.

૫૩૨. ઇશ્વર ન્યાય્ય, અધિક અથવા ન્યૂન એમ ત્રણ પ્રકારનો દંડ કરે છે. તેમાં પ્રયોજક મર્યાદા, ઇશ્વરત્વધર્મ અને પ્રસન્નતા છે.

૫૩૩. ખલો નિરંતર દોષ કરનારા અને બહુ જીવનારા છે. યમનો મરણ પછી જ અધિકાર છે. ત્યાંસુધી (ખલોની) ઉપેક્ષા કરવામાં આવે તો સર્વનો નાશજ થાય. તેથી ખલોના નિગ્રહ માટે જ ભગવાને મધ્યમાં અવતાર લીધેલો છે.

૫૩૪. ભગવાનના ચરણારવિંદની રેણુઓ ભગવદીય દેહ પ્રાપ્ત કરાવનાર છે.

૫૩૫. આપના (ભગવાનના) ચરણરેણુના સ્પર્શનો અધિકાર........ગુણાતીત જીવોજ તેના અધિકારી છે, સગુણો તો કોઇ પણ રીતે (અધિકારી નથી. કારણ કે મોટા પણ સગુણ જીવોને તે પ્રાપ્ત થતા નથી.

૫૩૬. આ સર્વજ (નાકપૃષ્ઠ, સાર્વભૌમ વિગેરે) ફલો જે (ભગવાનની) પાદરજના ભક્તો ઇચ્છતા નથી. જ્યાં રજના ભક્તો પણ ઇચ્છતા નથી. ત્યાં રજની પ્રાપ્તિ થાય ત્યારે તો ન ઇચ્છે તેમાં કહેવું જ શું ?

૫૩૭. રૂપસૃષ્ટિ અનંત છે. રૂપસૃષ્ટિ સ્થૂલ છે, નામસૃષ્ટિ સૂક્ષ્મ છે. રૂપસૃષ્ટિ વિકૃત (વિકારવાળી) છે, નામસૃષ્ટિ કૂટસ્થ વિકારરહિત છે. રૂપસૃષ્ટિ જડરૂપ છે, નામસૃષ્ટિ જ્ઞાનવાળી બોધરૂપ છે.

५३८ शुद्धसत्त्वानां परमवैष्णवानां पतिः भक्तिफलरूपो भक्तिप्रवर्तकश्च ( भगवान् ) ॥ १०–१३–४३

५३९ सत्यं दुष्टाः स्त्रियः परं स योनिदोष एव, न तु जीवदोषः, अतः साधवस्तं जीवं शोचन्ति कथमयं स्त्री शरीरे पतित इति, यत्र सर्वदा भयं पराधीनता मुक्त्यभावश्च ॥ १०–१३–५२

५४० वैष्णवः सर्पेण न भक्षणीयः ॥ १०–१३–६१

५४१ यथाकथंचिद्भगवत्संबंधः सर्वथा मोचकः ॥ १०–१३–६४

५४२ वृन्दावनभूमिः सर्वदा सरसैव तिष्ठति ॥ १०–१५–६

५४३ सर्वोपाधिविनिर्मुक्तोऽपि हरिं शरणमाव्रजेत् ॥ १०–१६–१

५४४ नाथत्वेऽपि तदेकनिष्ठताऽतिदुर्लभा ॥ १०–१६–१०

५४५ कालादयोऽपि व्रजवासिविरुद्धं कर्तुं न शक्नुवन्ति ॥ १०–१६–७

५४६ यथा यथा पापाधिक्यं तथा तथा वेदविरुद्धमार्गे रुचिः, धर्मे पुष्टे तु तत्र रुचिर्न भवत्येव ॥ १०–१७–८

५४७ त्रियुगो धर्मः तत्प्रतिपादको वेदोऽपि तावत्काल एव भवितुमर्हति, वेदान्तः कलिर्यतः युगपदप्रयोगात् अनुल्लंघ्यत्वम् ॥ १०–१७–८

૫૩૮. (ભગવાન) શુદ્ધસત્ત્વવાળા પરમ વૈષ્ણવોના પતિ ભક્તિના ફલરૂપ અને ભક્તિના પ્રવર્તક છે.

૫૩૯. સ્ત્રીઓ દુષ્ટ છે એ સત્ય, પણ તે યોનિનો દોષ જ છે, પરંતુ જીવનો દોષ નથી. તેથી "જ્યાં સદા ભય, પરાધીનતા, અને મુક્તિનો અભાવ છે તેવા સ્ત્રીશરીરમાં આ કેમ પડયો!" એમ સાધુઓ તે જીવ માટે શોક કરે છે.

૫૪૦. વૈષ્ણવ સર્પે ભક્ષણ કરવા યોગ્ય નથી.

૫૪૧. હરકોઈ રીતે થએલો ભગવાનનો સંબંધ સર્વથા મુક્તિ કરાવનાર છે.

૫૪૨. વૃંદાવનભૂમિ સર્વદા રસવાળીજ રહે છે.

૫૪૩. સર્વ ઉપાધિથી મુક્ત હોય તેણે પણ હરિને શરણે જવું.

૫૪૪. (ભગવાન) નાથ હોવા છતાં તેમના (એકલા)માંજ નિષ્ઠા બહુ દુર્લભ છે.

૫૪૫. કાલ વિગેરે પણ વ્રજવાસીથી વિરુદ્ધ ( આચરણ ) કરવાને શક્તિવાળા નથી.

૫૪૬. જેમ જેમ પાપ અધિક હોય તેમ તેમ વેદથી વિરુદ્ધ માર્ગમાં રુચિ થાય..........ધર્મ પુષ્ટ થાય ત્યારે તેમાં રુચિ થતીજ નથી.

૫૪૭. ત્રણ યુગમાં ધર્મ છે. ધર્મનું પ્રતિપાદન કરનાર વેદ પણ તેટલા જ સમય સુધી ( પહેલા ત્રણ યુગ સુધી ) રહે તે યોગ્ય છે; કારણ કે વેદના અંતે કલિ

છે. 'યુગ' પદ યોજેલું હોવાથી તેનું ઉલ્લંઘન થઈ શકે તેમ નથી.

५४८ भगवदीयैव सम्पत्तिर्गुप्तं भगवदीयं प्रकटीकरोति ॥ ग०-१७-१८

૫૪૮. ભગવદીયા જ સંપત્તિ ગુપ્ત ભગવદીયને પ્રકટ કરે છે.

५४९ पापस्य हि रूपं नीलिमा पुण्यस्य शुक्लम् ॥ १०-१७-१८

૫૪૯. પાપનું રૂપ કાળાશ છે. પુણ્યનું (રૂપ) ધોળું છે.

५५० आयुषा हि पुरुषार्थः सम्पादनीयः, तथायुः परिमितं, तादृशेनाप्यायुषा वृथा व्ययस्थानं गृहं परित्यज्य निर्भयं भगवच्चरणं चेद्गच्छेत्तदा न काचित्क्षतिः, आधिदैविकायुषः पूर्णस्य तत्र विद्यमानत्वात् सर्वोऽपीष्टसाधने प्रवर्तत इति । प्रवृत्त्यभावे ज्ञानाभाव एव हेतुः ॥ १९-१७-३७

૫૫૦. આયુષ્યથી પુરુષાર્થ સંપાદન કરવાનો છે, અને તે આયુષ્ય પરિમિત (અલ્પ, હદવાળુ) છે. તેવા પણ આયુષ્યમાં જે નકામો આયુષ્યનો વ્યય કરનાર ઘરને તજી નિર્ભય ભગવાનના ચરણમાં જાય તો કાંઇ પણ હાનિ નથી, કારણ કે તેમાં આધિદૈવિક આયુષ્ય પૂર્ણ રહેલું છે, અને સર્વે ઇષ્ટના સાધનમાં પ્રવૃત્ત હોય છે. પ્રવૃત્તિ ન હોવાનું કારણ જ્ઞાનનો અભાવજ છે.

५५१ तापो देहाभिमानरूपः । स क्रमेण पुष्टिमार्गप्रवेशनात् इतः देहादीनां भगवति विनियोगात् ॥ १०-१७-४२

૫૫૧. તાપ દેહના અભિમાનરૂપ છે. પુષ્ટિમાર્ગમાં દેહ વિગેરેનો ભગવાનમાં વિનિયોગ કરેલો હોવાથી, તે માર્ગમાં પ્રવેશ કર્યાથી તે ક્રમથી મટે છે.

५५२ देवानां पादा भूमिं न स्पृशन्ति, सुतरां देवोत्तमस्य, तत्रापि पुरुषोत्तमस्य ॥ १०-१८-१०

૫૫૨. દેવોના પાદ ભૂમિનો સ્પર્શ કરતા નથી. દેવોત્તમના ન જ કરે. તેમાં પણ પુરુષોત્તમના તો ( ન જ કરે ) (છતાં વૃંદાવનમાં તેમનાં ચિહ્ન છે તે તેનું મહદ્‌ભાગ્ય જણાવે છે.)

५५३ स्त्रीषु कृपापि सूचिता । पुष्टिमार्गे तासां प्राधान्यमित्यवोचाम । भक्तिमार्गे चरणौ प्रधानभूतौ, तत्राप्यम्बुजं जलोद्भूतं स्त्रीणामेव हृदये तापहारकत्वेन शोभते ॥ १९-१८-१०

૫૫૩. સ્ત્રીઓ ઉપર કૃપા, પણ સૂચવી છે. પુષ્ટિમાર્ગમાં તેઓ પ્રધાન છે એમ અમે કહેલું છે. ભક્તિમાર્ગમાં ( ભગવાનના ) ચરણો પ્રધાન છે તેમાં પણ-જળમાં-પ્રકટેલું કમલ તાપ હરનાર તરીકે સ્ત્રીઓના હૃદયમાંજ શોભે છે.

५५४ शृंगार एव सर्वे रसा इति नाट्यशास्त्रसिद्धान्तः, अन्यस्य रसत्वमेव न मन्यन्ते। यथा महान्तः सुवर्णाभरणान्येवोपकरणानि च कुर्वन्ति तथा शृंगार एव सर्वरसाः। अन्यथा रसिकानां रुचिर्नोत्पद्येत ॥ १०–१८–१२

५५५ स एव भगवदीयेषु श्रेष्ठो यो भक्तिमार्गस्पर्शेऽप्यानन्दयुक्तो भवति (गोवर्धनः) १०–१८–१८

५५६ भक्तिमार्गेऽङ्गीकार एव भाग्यरूपः, तत्रापि पुष्टिपुष्ट्यङ्गीकारो महत्त्वम् ॥ १०–१९–४

५५७ स्त्रीणां विवाहोत्तरमेव मन्त्रसंबंधः ॥ १०–१९–४

५५८ कलिं यतीति कलिन्दः। तस्य पर्वतस्य कन्यापि तद्विधा। अनेन दोषत्रयं परिहृतं भविष्यतीत्युक्तम्। अन्योऽन्यं कलहः, भगवता सह कलहः, कलिकालदोषश्च ॥ १०–१९–६

५५९ कृष्णः स्त्रीणां हितकारी, आनन्दस्तत्र प्रतिष्ठित इति ॥ १०–१९–६

५६० अप्स्वग्निर्देवताश्च तिष्ठन्ति। अतः नाप्सु मूत्रपुरीषे कुर्यात् न निष्ठीवेत्, न विवसनः स्नायात् गुह्यो वा ॥ १०–१९–१९

५६१ अतो भगवति सर्वा सामग्री समर्पिता भगवदीया जाता, कोटिसूर्याधिकज्ञानाग्निरूपो भगवान्। तत्र सर्वं बुद्ध्यधीनमिति बुद्धिश्चेत्समर्पिता तदा सर्वमेव समर्पितम्।

૫૫૪. શૃંગાર જ સર્વે રસો છે એવો નાટકશાસ્ત્રનો સિદ્ધાન્ત છે. બીજાને રસજ માનતા નથી. જેમ મોટાઓ સુવર્ણનાં જ આભરણો અને ઉપકરણો કરે છે તેમ શૃંગારજ સર્વે રસો છે. નહિ તો રસિકોની રુચિ થાય નહિ.

૫૫૫. જે ભક્તિમાર્ગના સ્પર્શથી પણ આનંદવાળો થાય છે તે (ગોવર્ધન) જ ભગવદીયોમાં શ્રેષ્ઠ છે.

૫૫૬. ભક્તિમાર્ગમાં અંગીકાર જ ભાગ્યરૂપ છે. તેમાં પણ પુષ્ટિપુષ્ટિમાં અંગીકાર એ મોટાઇ છે.

૫૫૭. સ્ત્રીઓને વિવાહ પછી જ મંત્રનો સંબંધ થાય છે.

૫૫૮. કલિનો નાશ કરે (યતિ) તે કલિંદ, તે પર્વતની કન્યા (કાલિંદી) પણ તેવીજ છે. આથી ત્રણ દોષ (૧) પરસ્પર કલહ, (૨) ભગવાન સાથે કલહ અને (૩) કલિકાલના દોષ એ ત્રણ મટશે એમ જણાવેલું છે.

૫૫૯. કૃષ્ણ સ્ત્રીના હિતકારી છે. કારણ કે તેમાં (શ્રીકૃષ્ણમાં) આનંદ રહેલો છે.

૫૬૦. જલમાં અગ્નિ અને દેવતાઓ રહે છે. તેથી જલમાં મૂતરવું અથવા ઝાડે ફરવું નહિ, થૂંકવું નહિ, નગ્ન અવસ્થામાં અથવા એકાંતમાં સ્નાન ન કરવું

૫૬૧. તેથી ભગવાનને સમર્પણ કરેલી સર્વ સામગ્રી ભગવદીય થઇ. કરોડો સૂર્યથી અધિક જ્ઞાનાગ્નિવાળા ભગવાન છે. સર્વ બુદ્ધિને અધીન છે તેથી જો (ભગવાનને)

बुद्धयधीनः कामः, इच्छा हि ज्ञानाधीना कामो हि पुरुषात्मकः। यदि कामः कामाय न क्लृप्तः ततोऽग्रे तस्मात्संघातात् न संघातान्तरमुत्पत्स्यते किंतु स एवांतिमः संघातो भवति, धिया सह कामस्यापि दग्धत्वात्, काममयश्च संघातः। अतो मयि समर्पितः कामः पुनः कामांतरं न जनयिष्यति ॥ १०-१९-२६

બુદ્ધિ સમર્પણ કરવામાં આવે તો સર્વજ સમર્પિત થાય....કામ બુદ્ધિને અધીન છે, કારણકે ઇચ્છા જ્ઞાનને આધીન છે.....કામ પુરુષાત્મક છે.....જો કામ કામ (ઉત્પન્ન કરવા) શક્તિવાળો ન હોય તો તે દેહમાંથી આગળ બીજો દેહ ઉત્પન્ન ન થાય, પરંતુ તેજ અંતિમ દેહ થાય, કારણકે બુદ્ધિ સાથે કામ પણ બળી ગએલો હોય અને સંઘાત (દેહ) કામમય છે તેથી મને (ભગવાનને) સમર્પણ કરેલ કામ ફરી બીજા કામને ઉત્પન્ન કરશે નહિ.

५६२ भगवान् पुनः सर्वार्थं सर्वं सृष्टवान्। ततः स्वयमपि सर्वं स्वकीयं सर्वार्थं कुर्यात्तदा भगवानिव भवेदिति अवतारतुल्यतया जन्म सफलं भवति। नो चेत्प्रवाहतुल्य एव। परार्थमेव स्वमिति स्वार्थता न संभवत्येव ॥ १०-१९-३५

૫૬૨. ભગવાને તો સર્વ સર્વને માટે રચેલું છે. તેથી (જીવ) પોતે પણ પોતાનું સર્વ સર્વને માટે રાખે તો ભગવાન જેવો થાય એટલે અવતાર બરાબર હોવાથી જન્મ સફલ થાય. (તેમ) ન કરે તો પ્રવાહ જેવોજ (રહે.) પરને માટેજ પોતાનું હોવાથી સ્વાર્થતા સંભવતીજ નથી.

५६३ स्वर्गानन्दो हि क्षुद्रः परमानन्दापेक्षया 'अस्यैवानन्दस्यान्यानि मात्रामुपजीवन्ति' इति श्रुतेः ॥ १०-२०-९

૫૬૩. પરમાનંદ પાસે સ્વર્ગનો આનંદ નજીવો છે, કારણકે "આજ આનંદની માત્રા ઉપર અન્ય નભે છે." એવી શ્રુતિ છે.

५६४ विप्राः पश्चादेव जायमानज्ञानाः ॥ १०-२०-३७

૫૬૪. વિપ્રોને પાછળથીજ જ્ઞાન થાય છે.

५६५ पुष्टिभक्तेरेव स्थितिः। भगवान् षड्गुणैश्वर्योऽपि कृष्णः सदानंद एव जातः, धर्मोपसर्जनत्वेन धर्म्येव जातः फलरूपत्वात् स्त्रीणां तत्र भक्तिः, पुरुषास्तु धर्मपराः, अतस्तया रहिताः ॥ १०-२०-३८

૫૬૫. પુષ્ટિભક્તિની આજ સ્થિતિ છે. ભગવાન છ ગુણના ઐશ્વર્યવાળા હોવા છતાં શ્રીકૃષ્ણ સદાનંદજ થયા; ફલરૂપ હોવાથી ધર્મને ઢાંકી દઈ ધર્મીજ રહ્યા. સ્ત્રીઓની તેમનામાં ભક્તિ છે; પણ પુરુષો ધર્મપરાયણ છે તેથી (ભક્તિથી) રહિત છે.

५६६ प्राणे गते शरीरं दह्यत एव। तथा जन्मादीनां प्राणभूता भक्तिः, तदभावे दाह एव उचितः ॥ १०-२०-३९

૫૬૬. પ્રાણ જાય ત્યારે શરીર બંળાયજ છે. તેવી રીતે જન્મ વિગેરેની પ્રાણભૂત ભક્તિ છે. તે ન હોય તો બાળવું એજ યોગ્ય છે.

५६७ यत्र विहितत्वेनापि कृतः श्रवणादिः परम्पराभगवत्संबंधी धर्मस्तिष्ठति न तत्रान्यधर्मसंबंधः संभवति ॥ १०-२१-१

૫૬૭. જ્યાં વિહિત હોવાથીજ કરેલો શ્રવણ વિગેરે પરંપરાથી ભગવાનના સંબંધવાળો ધર્મ રહે છે ત્યાં બીજા ધર્મનો સંબંધ સંભવતો નથી.

५६८ साधूनां न किंचिद्गोप्यमन्यथा साधुत्वमेव न स्यात् (इह) ॥ १०-२१-४

૫૬૮. સાધુઓને કાંઈ છૂપું રાખવાનું નથી, નહિ તો સાધુપણુંજ ન રહે.

५६९ हेतुवादे हृदयारूढे साक्षाद्ब्रह्मवादो न वक्तव्यः ॥ १०-२१-१३

૫૬૯. હેતુવાદ હૃદયમાં આરૂઢ હોય (તેને) સાક્ષાત્ બ્રહ્મવાદ કહેવો જોઈએ નહિ.

५७० कुसीदं वृद्धिजीविका तत्तूर्यं चतुर्थं पूर्वाभाव एवोपजीव्यमिति अन्यथा तन्निन्दितम्। उपपातकमध्ये गणनात् ॥ १०-२१-२१

૫૭૦. કુસીદ એટલે વ્યાજની આજીવિકા. તે તૂર્ય એટલે ચોથો (વૈશ્યનો ધંધો.) પહેલાંના ત્રણ ખેતી, વેપાર અને ગોરક્ષા) ન હોય તોજ કરવાનો છે નહિ તો (પહેલાંના ત્રણમાંથી કોઈ હોય તો) તે નિંદિત છે, કારણ કે તેને ઉપપાતકમાં ગણેલો છે.

५७१ वैष्णवा वनस्पतयः, विष्णुः पर्वतानामधिपतिः। विष्णोर्द्वयमंगं ब्राह्मणा गावश्च, मन्त्रा एकत्र प्रतिष्ठिता हविरेकत्र ॥ १०-२१-२४

૫૭૧. વનસ્પતિઓ વૈષ્ણવ છે, વિષ્ણુ પર્વતોના અધિપતિ છે....બ્રાહ્મણો અને ગાયો બે વિષ્ણુના અંગ છે, એકમાં મંત્રો રહેલા છે, બીજામાં હવિ રહેલું છે.

५७२ ऐरावतः अक्षयो गजः, जले स्थले च युद्धसमर्थः ॥ १०-२२-७

૫૭૨. ઐરાવત ક્ષયરહિત હાથી છે. જલમાં તેમજ ભૂમિપર યુદ્ધ કરવા સમર્થ છે.

५७३ आसारेण पीडिताः भक्तिमार्गं त्यक्तवन्तः, अन्यथा भगवद्रक्षार्थमेव यत्नं कुर्युः न तु स्वरक्षार्थं भगवंतं प्रार्थयेयुः ॥ १०-२२-१२

૫૭૩. વૃષ્ટિથી પીડાએલા (વ્રજજનોએ) ભક્તિમાર્ગ ત્યજ્યો, નહિ તો ભગવાનની રક્ષા માટેજ યત્ન કરત, પરંતુ પોતાનું રક્ષણ કરવા ભગવાનની પ્રાર્થના ન કરત.

५७४ अहमेव शरणं यस्य, नापि ज्ञानं नापि भक्तिः, अन्यथाऽवतारप्रयोजनं न स्यात्, पुष्टिमार्गश्च न भवेत् ॥ १०-२२-१८

૫૭૪. હું (ભગવાન) જ જેનું શરણ છે (તેવાં ગોપ), જ્ઞાન પણ નહિ, ભક્તિ પણ નહિ; એમ ન હોય તો અવતારનું પ્રયોજન ન રહે, અને પુષ્ટિમાર્ગ પણ ન રહે.

५७५ लीलायां क्लेशो रसाय भवति ॥ १०-२२-१९

૫૭૫. લીલામાં ક્લેશ રસ (ઉત્પન્ન કરવા) માટે હોય છે.

५७६ ततो वृष्टिः सप्तरात्रं जाता भगवतो गुणानां च मर्यादायां प्रतीक्षार्थं, यद्यग्रेऽपि भवेत् म्रियेतैवेन्द्रो मेघाश्च, तदुपरि सहनं भगवतो नास्ति। अत एव यो भगवदीयेभ्यः विचार्यापकारं करोति स सप्तरात्रं प्रतीक्षते, एतन्मध्ये चेद्भगवता परिपालितः तदा न करिष्यामि उपेक्षितश्चेत्करिष्यामीति। अविचार्योपद्रवकर्ता तु सप्तरात्रं करोति, यदि तावत्कालं जीवितस्तदा निवर्तते स्वनाशभयात्। एवं व्यवस्था सर्वत्र ॥ १०–२२–२२

५७७ आर्यमार्गं नामस्मरणादिकं तुलसी-गोपीचन्दनादिधारणं च....। आर्यमार्गस्य गर्व एव बाधकः ॥ १०–२४–७

५७८ एतदर्थमेव तव (भगवतो) अवतारः, दुष्टा निराकर्तव्याः अशक्यनिराकरणदोषाः स्वरूपतः, अन्ये तु दोषसंबंधात्.... युष्मच्चरणमेवानुवर्तितुं शीलं येषां तेषामुद्भवाय मुक्त्ये वा संसाराभावाय वा संसाराय वा भवानेव तथा भवति (अवतरति) ॥ १०–२४–९

५७९ ऐश्वर्यं श्रीश्च, अन्यतराभावे न मदः पुष्टो भवति इतरसापेक्षत्वात्, न हि एकाक्षिविकलः अन्धो भवति, अत ऐश्वर्येण

૫૭૬. ત્યારપછી ભગવાન અને (ભગવાનના છ) ગુણોની મર્યાદામાં રાહ જોવા સાત રાત સુધી વૃષ્ટિ થઈ. જો આગળ પણ થાય તો ઇંદ્ર અને મેઘોનો પણ નાશજ થાત. (કારણકે) તેથી આગળ ભગવાન સહન કરતા નથી. તેથીજ જે વિચારીને ભગવદીયોનો અપકાર કરે છે, તે સાત રાત સુધી રાહ જૂએ છે કે જો તેટલા વખત સુધી ભગવાન પાલન કરશે તો (વધારે અપકાર) નહિ કરૂં, અને જો (ભગવાન) ઉપેક્ષા કરશે તો કરીશ. જે વિચાર કર્યા વિના ઉપદ્રવ કરે છે તે પણ સાત રાત સુધી કરે છે. જો ત્યાંસુધી (ભગવદીયોજે અપકાર કરે છે તે) જીવે તો પોતાનો નાશ થવાના ભયથી (અપકાર કરતાં) અટકે છે. આવી રીતે સર્વત્ર વ્યવસ્થા છે.

૫૭૭. આર્યમાર્ગ એટલે નામસ્મરણ વિગેરે અને તુલસી ગોપીચંદન વિગેરેનું ધારણ....ગર્વજ આર્યમાર્ગનો બાધક છે.

૫૭૮. આપનો (ભગવાનનો) અવતાર આ માટેજ છે કે દુષ્ટોનું નિરાકરણ કરવું, જેના દોષો દૂર થઈ શકે તેવા ન હોય તેઓનો સ્વરૂપથી નાશ કરવો, બીજાઓને દોષના સંબંધથી (દૂર કરવા)....જેઓનું શીલ આપના ચરણને અનુસરવાનું છે તેઓના ઉદય માટે અથવા મુક્તિ માટે અથવા સંસાર ફીટાડવા માટે, અથવા સંસાર માટે આપજ તેવા ( અવતાર ધારણ કરેલા) થાઓ છો.

૫૭૯. ઐશ્વર્ય (સત્તા) અને લક્ષ્મી. (બેમાંથી) એક ન હોય તો મદ પુષ્ટ થતો નથી, કારણકે બીજાની તેને અપેક્ષા રહે

श्रिया च यो मदः तेन अंधीकृतः दण्डपाणिं घातकमपि मां न पश्यति, अतस्तं संपद्भ्यो भ्रंशयामि शिक्षार्थमवश्यं मारणीयः। तदैव मारणे शिक्षा भवति यदि जानीयात्, अतो ज्ञानार्थं संपद्भ्यो भ्रंशयामि, अन्यथाऽनुग्रहो न भवेत्। इयं साधारणी व्यवस्था।....यस्य चानुग्रहमिच्छामि।....विषयैर्बुद्धिभ्रंशो भवतीति अतिवाते दीपवत् विषयैरनुग्रहोऽपि न स्थिरो भवति, अल्पेनैव कार्यसिद्धौ महाननुग्रहो न कर्तव्यः। अतो यथाऽल्पेनैव कार्यं भवति तदर्थं संपद्भ्यो भ्रंशयामि, तदनंतरमनुग्रहः इतिः ॥ १०-२४-१६

५८० न हि कृतिमात्रेण भगवांस्तुष्यति अपि तु नम्रत्वसहितया ॥ १०-२४-१७

५८१ योगी उपायवित्, महायोगी अलौकिकोपायकर्ता ॥ १०-२४-१९

५८२ सुराद्बिभेतीति सुरभिः, देवा एव तां भक्षयन्ति किं पुनर्देवेन्द्रः। अतो भगवन्तं शरणं गच्छतीति व्याजेनेन्द्राभिषेकं कृतवतो। अत एव ततः प्रभृति सर्ववेदसिद्धोऽपि गोवधः निवृत्तः, उपपातकं तद्वधे महापातकादप्यधिकं विगानं च ॥ १०-२४-२२

છે. એક આંખે વિકલ હોય તે આંધળો થતો નથી. તેથી સત્તા અને લક્ષ્મીથી થતો જે મદ, તેનાથી અંધ થએલ તે હાથમાં દંડધારણ કરેલ ઘાતક એવા મને પણ (ભગવાનને) જોતો નથી. તેથી તેને સંપત્તિમાંથી હડસેલું છું. શિખામણ માટે અવશ્ય તેને મારવો જોઇએ. તેને જ્ઞાન થાય તોજ મારવાથી શિખામણ મળે. તેથી (તેને) જ્ઞાન થવા માટે સંપત્તિમાંથી હડસેલું છું તેમ ન કરૂં તો અનુગ્રહ ન થાય. આ સાધારણ વ્યવસ્થા છે.....જેના પર અનુગ્રહ કરવાની ઇચ્છા કરૂં (તેને વિષે).... વિષયોથી બુદ્ધિનો નાશ થાય છે તેથી બહુ પવનવાળા સ્થાનમાં રહેલા દીપક પેઠે વિષયો હોય ત્યાં અનુગ્રહ પણ સ્થિર રહેતો નથી. અલ્પથીજ કાર્ય સિદ્ધ થતું હોય ત્યાં મોટો અનુગ્રહ કરવો યોગ્ય નથી તેથી એમ અલ્પ (અનુગ્રહ)થીજ કાર્ય થાય માટે સંપત્તિમાંથી હડસેલું છું અને ત્યાર પછી અનુગ્રહ (કરૂં છું).

૫૮૦. ભગવાન કૃતિમાત્રથી પ્રસન્ન થતા નથી, પરંતુ નમ્રતાવાળી (કૃતિથી પ્રસન્ન થાય છે).

૫૮૧. ઉપાય જાણે તે યોગી. અલૌકિક ઉપાય કરે તે મહાયોગી.

૫૮૨. સુરથી ભય પામે તે સુરભિ. દેવોજ તેનું ભક્ષણ કરે છે તો દેવેંદ્ર (કરે તેમાં આશ્ચર્ય શું?) તેથી ભગવાનને શરણ જાય છે. તે માટે બ્હાનાંથી (ભગવાનનો) ઇંદ્રાભિષેક કર્યો તેથી જ ત્યારથી સર્વ વેદોમાં પ્રતિપાદન કરેલ હોવા છતાં ગોવધ અટકયો. તેના વધથી ઉપપાતક થાય છે તે મહાપાતકથી પણ અધિક છે અને નિંદિત છે.

५८३ कालाद्युपासकश्चेत्स्यात् भगवत्से-वकः कश्चित् । ततः क्लेशमवाप्नोति कृष्णादेव च मुच्यते ॥ १०-२५-१

५८४ भगवान्निरोधलीलामेतदर्थं कृत-वान् यत्सर्वकर्मसु स्वयंप्रविष्टः तानि कर्माणि स्वकर्माणि कृत्वा तेभ्यस्तान्मोचयति ॥ १०-२५-२

५८५ राजधर्म एतादृशः अनुपेक्षणीयाः सेवका इति ॥ १०-२५-३

५८६ कृष्णः सर्वत्र सर्वसामर्थ्ययुक्तः ॥ १०-२५-३

५८७ अनिवेदिते भोगे दोषश्च स्यात् ॥ १०-२५-४

५८८ यथा देवेष्विन्द्रस्तथा दैत्येषु वरुणः ॥ १०-२५-४

५८९ समर्थो भगवान् साधनाभावेऽपि फलं दातुं, साधनताऽपि स्वकृतैव । त्वत्सेवका-नामलौकिककर्तृत्वं यत्र तत्र त्वयि किं वक्तव्यम् । भगवत्तच्चरणारविंदे ये भजन्ति तेऽध्वनः पार-मवापुः ॥ १०-२५-६

५९० नमस्कारो न जीवानां कर्तव्यः तुल्यत्वात् देहादेरागन्तुकत्वात् अतो भगवानेव नमस्कर्तव्यः ॥ १०-२५-६

५९१ एतस्मिन्लोके यो जायते स सामान्यत एव न स्वगतिं जानाति, स्वगति-ज्ञानानन्तरं दोषनिवृत्तिपूर्वकं तत्प्राप्त्युपायज्ञानं, ततः क्रमेण यथाशास्त्रं साधनानुष्ठानं तत आत्मप्राप्तिः ततो महात्मभावः ततो भक्तिः

૫૮૩. જો ભગવાનનો સેવક કોઈપણ સ્થલે કાલ વિગેરેનો ઉપાસક થાય તો તેથી કલેશ પામે છે અને શ્રીકૃષ્ણથી જ તેનો છુટકારો થાય છે.

૫૮૪. ભગવાને નિરોધલીલા એટલા માટે કરી કે પોતે સર્વ કર્મોમાં પ્રવેશ કર્યો, અને તે કર્મોને પોતાનાં કર્મો કરી તેમાંથી તેઓને (વ્રજભક્તોને) છોડાવ્યા.

૫૮૫. રાજધર્મ એવો છે કે સેવકોની ઉપેક્ષા કરવી નહિ.

૫૮૬. શ્રીકૃષ્ણ સર્વત્ર સર્વ સામર્થ્ય વાળા છે.

૫૮૭. નિવેદન કર્યા વિનાના ભોગથી દોષ થાય.

૫૮૮. જેમ દેવોમાં ઇન્દ્ર તેમ દૈત્યોમાં વરુણ છે.

૫૮૯. સાધન વિના પણ ફલનું દાન કરવા ભગવાન સમર્થ છે સાધનતા પણ પોતેજ (ભગવાનેજ) કરેલી છે....જ્યાં આપના (ભગવાનના) સેવકો અલૌકિક (કર્મ) કરે છે ત્યાં આપને વિષે તો શું કહેવું ?.....જે ભગવાનના ચરણકમલો ભજે છે તેઓ માર્ગનો પાર પામે છે.

૫૯૦. જીવને નમસ્કાર કરવો નહિ, કારણ કે તે (આપણી) બરોબર છે દેહ વિગેરે આગન્તુક છે. તેથી ભગવાનને જ નમસ્કાર કરવા.

૫૯૧. આ લોકમાં જે જન્મે છે તે સામાન્ય રીતે પોતાની ગતિ જાણતો નથી પોતાની ગતિ જાણ્યા પછી, દોષો દૂર કરીને તેની પ્રાપ્તિ કરવાના ઉપાયોનું જ્ઞાન. ત્યારપછી શાસ્ત્ર પ્રમાણે ક્રમથી સાધનોનું

ततो भगवज्ज्ञानं ततः मत्स्थानदर्शनमित्येतावदेतेषां जन्मकोटिभिरपि न भवति । १०–२५–१३

અનુષ્ઠાન, પછી આત્માની પ્રાપ્તિ, પછી બ્રહ્માત્મભાવ, પછી ભક્તિ, પછી ભગવાનનું જ્ઞાન, પછી મારા (ભગવાનના) સ્થાનનું દર્શન આટલું તેઓથી કરોડો જન્મથી પણ થતું નથી.

५९२ अविद्याशक्तिस्तु मायया निर्मिता, माया च भगवच्छक्तिस्तोऽपि "विलज्जमानया यस्य स्थातुमीक्षापथे तु ये "तिवाक्यात् यत्र मायया भगवदीक्षापथेऽपि स्थातुं न शक्यते तत्र तत्संबंधिनमविद्या कथं व्यामोहयेत् ! तथा सति तत्कार्यमज्ञानं तु नोपपद्यत एव ॥ १०–२५–१३

૫૯૨. અવિદ્યાશક્તિ તો માયાએ નિર્માણ કરેલી છે, અને માયા ભગવાનની શક્તિ છે. તેથી પણ "જેની દૃષ્ટિના માર્ગમાં રહેતાં જે શરમાય છે" વાક્ય પ્રમાણે જ્યાં માયા પણ ભગવાનની દૃષ્ટિના માર્ગમાં રહી શકતી નથી ત્યાં તેના (ભગવાનના) સંબંધીને અવિદ્યા કેવી રીતે મોહ કરે ? તેમ હોવાથી તેનું (અવિદ્યાનું) કાર્ય અજ્ઞાન તો સંભવતું જ નથી.

५९३ वस्तुतस्तु यथा ब्रह्मज्ञाने तदितरज्ञानाभावोऽपि ज्ञानस्वरूपमेवमत्रापि स्वरूपभजने माहात्म्यज्ञानस्य प्रतिबंधकत्वात्तदभावोऽपि स्वरूपज्ञानांश एवेति मन्तव्यम् ॥ १०–२५–१३

૫૯૩. વાસ્તવિક રીતે તો જેમ બ્રહ્મજ્ઞાનમાં બીજા (બ્રહ્મ સિવાયના) જ્ઞાનનો અભાવ પણ જ્ઞાનસ્વરૂપ છે તેમ અહિં પણ માહાત્મ્યજ્ઞાન સ્વરૂપના ભજનમાં પ્રતિબંધ કરનાર હોવાથી તેનો (માહાત્મ્યજ્ઞાનનો) અભાવ પણ સ્વરૂપજ્ઞાનનો અંશજ છે એમ માનવું.

५९४ माहात्म्यज्ञाने तु, न तु लोकान्तरकामो, न वा लौकिककर्माणि, न वा लीलारसानुभवः किं तु मुक्तिरेव स्यात् ॥ १०–२५–१३

૫૯૪. માહાત્મ્યજ્ઞાનમાં (થતાં) તો, બીજા લોકની ઈચ્છા નથી, લૌકિક કર્મો પણ નથી, લીલારસનો અનુભવ પણ નથી, પરંતુ મુક્તિજ થાય છે.

५९५ महानन्दात् महानन्दो भजने वर्तते स्फुटः ॥ १०–२५–१७

૫૯૫. ભજનમાં બ્રહ્માનંદથી મોટો આનંદ સ્પષ્ટ રહેલો છે.

॥ इति तामससाधनप्रकरणम् ॥

॥ अथ तामसफलप्रकरणम् ॥

५९६ यथा प्रमाणे रक्षायां च बलम-

૫૯૬. જેમ પ્રમાણ અને રક્ષામાં

दोपयोग, एवं कार्ये योगमायायाः ॥ १०–२६–१

ભલભદ્રનો ઉપયોગ છે તેમ કાર્યમાં યોગમાયાનો ઉપયોગ છે.

५९७ सा (अविद्या) भगवच्छक्तिः, भगवत्संगतं न व्यामोहयति ॥ १०–२६–११

૫૯૭. તે (અવિદ્યા) ભગવાનની શક્તિ, ભગવાનની સાથે સંબંધવાળાને મોહ કરતી નથી.

५९८ यथा शास्त्रद्वयं भक्तिज्ञानप्रतिपादकं साधनम्, तथा भगवत्स्वरूपमपि। भगवान् हि मुक्तिदानार्थमेवावतीर्णः सच्चिदानन्दरूपेण प्रकटः। अतो यः कश्चन येनकेनाप्युपायेन भगवति संबंधं प्राप्नोति, स एव मुच्यते। ज्ञानभक्त्योस्तु आविर्भावार्थमुपयोगः। आविर्भावश्चेदन्यथासिद्धः, तदा ज्ञानभक्त्योरुपयोगः। अत्र तु भगवान् स्वत आविर्भूतः, मुक्तिदानार्थं सर्वसाधारण्येन, ईश्वरेच्छाया अनियम्यत्वात्। अत आविर्भावः स्वेच्छया भक्त्या ज्ञानेन वा। भगवदवतारातिरिक्तकाले द्वयमेव हेतुः। अवतारदशायां तु न तयोः प्रयोजकत्वम्। वर्षाकाले जलं सर्वत्र सुलभमिति न कूपनदीनामुपयोगः ॥ १०–२६–१३

૫૯૮. જેમ જ્ઞાન અને ભક્તિનું પ્રતિપાદન કરનારાં બે શાસ્ત્રો સાધન છે તેમ ભગવાનનું સ્વરૂપ પણ (સાધન છે) કારણકે ભગવાને મુક્તિનું દાન કરવા અવતાર લીધેલો છે, સચ્ચિદાનંદરૂપથી પ્રકટ થયા છે. તેથી હરકોઈ જે ગમે તે ઉપાયથી ભગવાન સાથે સંબંધ પ્રાપ્ત કરે તેજ મુક્તિ પામે છે. જ્ઞાન અને ભક્તિનો તો (ભગવાનના) આવિર્ભાવ માટે ઉપયોગ છે. આવિર્ભાવ જે બીજી રીતે સિદ્ધ હોય તો જ્ઞાન અને ભક્તિનો ઉપયોગ નથી. અહિં તો ભગવાન સાધારણ રીતે સર્વને મુક્તિનું દાન કરવા પોતેજ પ્રકટ થયા છે, કારણ કે ઈશ્વરની ઇચ્છાને નિયમમાં રાખી શકાતી નથી. તેથી (ભગવાનનો) આવિર્ભાવ પોતાની ઇચ્છાથી, ભક્તિથી અથવા જ્ઞાનથી (થાય છે). ભગવાનના અવતાર સિવાયના સમયમાં બેજ (જ્ઞાન; ભક્તિ) હેતુ છે, પણ અવતારના સમયમાં તેઓનું પ્રયોજન નથી. વર્ષાકાલમાં જલ સર્વત્ર સુલભ હોવાથી કુવા અથવા નદીઓનો ઉપયોગ નથી.

५९९ प्राणिमात्रस्य मोक्षदानार्थमेव भगवानभिव्यक्तः, अत इयमभिव्यक्तिः निःश्रेयसार्थैव। अन्यथा न भवेत्, असाधारणप्रयोजनाभावात्। भूभारहरणादिकं च अन्यथापि भवति। अतो निःश्रेयसार्थमेव भगवतोऽभिव्यक्तिः [illegible] ।......[illegible]प्रयोजना-

૫૯૯. પ્રાણિમાત્રને મોક્ષનું દાન કરવા માટેજ ભગવાન પ્રકટ થયા, તેથી આ પ્રાકટ્ય મોક્ષમાટેજ છે, નહિ તો અસાધારણ પ્રયોજન ન હોવાથી (પ્રાકટ્ય ન થાત). ભૂમિના ભારનું હરણ વિગેરે તો બીજી રીતે પણ થાય. તેથી મોક્ષ માટેજ ભગવાનની અભિવ્યક્તિ અથવા

भावात् यदि साधननिरपेक्षां मुक्तिं न प्रयच्छेत्, तदा व्यक्तिः प्रयोजनरहितैव स्यात् ॥ १०-२६-१४

પ્રાકટ્ય છે.....પોતાનું અથવા બીજાનું (પ્રાકટ્ય માટે) પ્રયોજન નહિ હોવાથી, જો સાધનની અપેક્ષા વિના મુક્તિ ન આપે તો પ્રાકટ્ય પ્રયોજન વિનાનુંજ થાય.

६०० इच्छाशक्त्यधीनत्वात्सर्वासां शक्तीनाम् । तस्याः सर्वतोऽधिकत्वात् ॥ १०-२६-१६

૬૦૦. (ભગવાનની) સર્વ શક્તિઓ ઈચ્છાશક્તિને અધીન છે, કારણ કે તે સર્વથી અધિક છે.

६०१ अन्यशेषतया भजनमयुक्तम् ॥ १०-२६-१७

૬૦૧. બીજાના અંગ તરીકે (ભગવાનનું) ભજન અયોગ્ય છે.

६०२ स्वभावतो जीवानां भगवानेव भर्ता, तत्रापि स्त्रीणां स्त्रीशरीरं प्राप्तानां व्यभिचाराभावाय भगवानेव सेव्यः । लौकिके तु परिग्रहात् भर्तृत्वेनाभिमतः सेव्यः । ...कापट्ये तु न सेवायां फलम् ॥ १०-२६-२४

૬૦૨. સ્વભાવથી જીવોના પતિ ભગવાનજ છે. તેમાં પણ સ્ત્રીઓ (એટલે) સ્ત્રી શરીર પ્રાપ્ત કરેલ (જીવોએ) વ્યભિચાર ન થાય તે માટે ભગવાનનીજ સેવા કરવી. લૌકિકમાં તો લગ્નથી પતિ તરીકે માનેલાની સેવા કરવી....કાપટ્યથી સેવા (કરવાથી) કાંઈ ફલ મળતું નથી.

६०३ शृङ्गारविरोधी भयानकरसः ॥ १०-२६-२६

૬૦૩. ભયાનકરસ શૃંગારરસનો વિરોધી છે.

६०४ रागो हि भयप्रतिपक्षः । यत्र रागः स्वल्पोऽपि न तत्र भयम् ॥ १०-२६-३०

૬૦૪. પ્રેમ ભયનો પ્રતિપક્ષી (સામાપક્ષવાળો વિરોધી છે). જ્યાં થોડો પણ પ્રેમ હોય ત્યાં ભય હોતો નથી.

६०५ बहिर्मुखा हि धर्मशास्त्रज्ञाः, शारीरमेव धर्मं स्वधर्ममाहुः । न त्वात्मधर्मं भगवद्धर्मं वा । यतस्तेऽनात्मविदः ॥ १०-२६-३२

૬૦૫. ધર્મશાસ્ત્ર જાણનારાઓ બહિર્મુખ છે, શરીરના ધર્મનેજ સ્વધર્મ કહે છે, પરંતુ આત્માના ધર્મને અથવા ભગવદ્ધર્મને (સ્વધર્મ કહેતા) નથી, કારણ કે તેઓ આત્માને જાણતા નથી.

६०६ धर्मो धर्मिमूलः, तदविरोधेन कर्तव्यः, फलार्थं च कर्तव्यः । अन्यथा चेत्, अनिष्टेऽपि पुरुषं प्रवर्तयन् अनाप्तः स्यात् ।........ धर्मिविचारो धर्मादप्यधिकः ॥ १०-२६-३२

૬૦૬. ધર્મનું મૂલ ધર્મી છે, તેનો (ધર્મીનો) વિરોધ ન થાય તેવી રીતે (ધર્મ) કરવો જોઈએ, અને ફલ માટે કરવાનો છે. તેમ ન હોય તો અનિષ્ટમાં પુરુષની

પ્રવૃત્તિ કરાવનાર (ધર્મ) અનાસ થાય.... ધર્મીનો વિચાર ધર્મથી પણ અધિક છે.

६०७ ये त्वात्मनि कुशलाः आत्महितार्थिनः, न तु देहेन्द्रियाणाम्, ते त्वय्येव रतिं कुर्वन्ति.... केवलनिग्रहकर्त्रपेक्षया ये त्वयि रतिं कुर्वन्ति ते कुशलाः ॥ १०–२६–३३

૬૦૭. પણ જેઓ આત્મામાં કુશલ છે, આત્માનું હિત ઇચ્છે છે પણ દેહ તથા ઈંદ્રિયોનું (હિત ઇચ્છતા) નથી તેઓ આપમાંજ (ભગવાનમાંજ) પ્રેમ કરે છે.... માત્ર નિગ્રહ કરનારા કરતાં જેઓ આપમાં પ્રેમ કરે છે તેઓ કુશલ છે.

६०८ प्रियस्य सेवा कर्तव्या, स चेत्प्रियः कालपरिच्छेद्यो न भवति। स भवानेव। अन्यथा जारसेवाऽपि धर्मः स्यात्। जन्मवत् दिनस्यापि परिच्छेदकत्वात् ॥ १०–२६–३३

૬૦૮. જો પ્રિય કાલથી પરિચ્છેદ્ય (કાલની હદવાળો, અંતવાળો) ન હોય તો તે પ્રિયની સેવા કરવી. તે આપ (ભગવાન)જ છો. તેમ ન હોય તો જારની સેવા પણ ધર્મ થાય, કારણ કે જન્માશની પેઠે દિવસ પણ હદ છે.

६०९ संगाभाव एव भगवत्तोषहेतुः ॥ १०–२६–३५

૬૦૯. (બીજાના) સંગનો અભાવ જ ભગવાનની પ્રસન્નતાનું કારણ છે.

६१० यो हि यस्य घातकः तद्भावापत्तौ तस्याग्रे स्थातुं न शक्नोति। यथा व्याघ्राग्रे देहाभिमानी, तथा भगवदीयः, भगवद्व्यतिरिक्तो हि तद्भावं नाशयिष्यतीति। यत्रैवं सूक्ष्मेक्षिका, तत्रान्यस्य स्थाने गमनं, तस्य च देवतात्वेन भावनं दूरापास्तम् ॥ १०–२६–३६

૬૧૦. જે જેનો ઘાતક છે તેવો ભાવ પ્રાપ્ત થાય ત્યારે તેની પાસે રહી શકતો નથી, જેમ દેહના અભિમાનવાળો વાઘ પાસે રહી શકતો નથી, તેમ ભગવદીય ભગવાનથી ભિન્ન (સંસારી) તે ભાવનો (ભગવદ્‌ભાવનો) નાશ કરશે તેથી (સંસારી પાસે રહી શકતો નથી). જ્યાં આવી સૂક્ષ્મ દૃષ્ટિ છે ત્યાં બીજાના સ્થાને જવાની, તથા તેને દેવતા તરીકે માનવાની વાત ક્યાંથી હોઈ શકે?

६११ सर्वे एव भक्ताः त्वच्चरणरजसैव संपादितदेहयन्त्रः। अतः तुलसी तत्र भक्तिरूपा प्रतिष्ठिता। तद्रजःप्राप्तिर्येषां, ते त्वत्सेवका एव भवन्ति (एवं) चरणरजसः प्राप्तौ अनन्यगामित्वम् ॥ १०–२६–३७

૬૧૧. સર્વે ભક્તોના દેહો આપના (ભગવાનના) ચરણની રજથીજ બનેલા છે, તેથી ભક્તિરૂપ તુલસી ત્યાં (આપના ચરણમાં) રહેલી છે. તેની (ચરણની) રજ જેઓને પ્રાપ્ત થાય છે તેઓ આપના સેવકોજ થાય છે...આવી રીતે

६१२ ब्रह्मानन्दे प्रविष्टानां न भक्तिविलासः ।....अनुभवरसो हि भिन्नतया स्थितो भवति ॥ १०–२६–३९

६१३ मार्गान्तरविरोधो मार्गान्तरे नोपयुज्यत इति मर्यादाभंगोऽत्र ( पुष्टिमार्गे ) न दूषणम् ॥ १०–२६–४०

६१४ रतिं गज एव जानातीति वात्स्यायनः ॥ १०–२७–१

६१५ 'रसाधिक्ये स्त्रियः पुरुषत्वमापद्यन्त' इति वात्स्यायनः ॥ १०–२७–३

६१६ मूढा अपि वैष्णवा एव हि विष्णुगतिं जानन्ति, न त्वत्यन्तम् निपुणा अप्यवैष्णवाः ॥ १०–२७–४

६१७ भर्तृनाम न ग्राह्यम् ॥ १०–२७–६

६१८ "सर्वोपमर्दी भगवत्संबंधी रसः" ॥ १०–२७–१३

६१९ भगवदावेशे हि सर्वज्ञता भवति ॥ १०–२७–२४

६२० ध्वजस्य स्थापनं भक्तानां निर्भयवासार्थम् । अंभोजस्थापनं सुखसेव्यत्वाय । चक्रस्थापनं रक्षार्थं । मनोनिग्रहार्थमंकुशस्थापनम् । कीर्तिसिद्ध्यर्थं यवः । वज्रादयोऽप्यादिशब्देनोच्यन्ते पापपर्वतादिनिराकरणार्थाः ॥ १०–२७–२५

ચરણની રજ પ્રાપ્ત થતાં બીજા પાસે જવાતું નથી.

૬૧૨. બ્રહ્માનંદમાં પ્રવેશ કરેલાઓને ભક્તિનો વિલાસ (મળતો) નથી....કારણ કે અનુભવરસ ભિન્નતાથી રહેવાથી થાય છે.

૬૧૩. બીજા માર્ગનો વિરોધ બીજા માર્ગને લાગુ થતો નથી તેથી મર્યાદાનો ભંગ અહિ (પુષ્ટિમાર્ગમાં) દૂષણ નથી.

૬૧૪. હાથીજ રતિ જાણે છે એમ વાત્સ્યાયન (કહે છે.)

૬૧૫. રસ અધિક થતાં સ્ત્રીઓ પુરુષ થાય છે (પુરુષ પેઠે વર્તન કરે છે) એમ વાત્સ્યાયન (કહે છે).

૬૧૬. મૂઢ છતાં વૈષ્ણવોજ વિષ્ણુની ગાત જાણે છે, પરંતુ અત્યંત નિપુણ હોવા છતાં અવૈષ્ણવો જાણતા નથી.

૬૧૭. પતિનું નામ ન લેવું.

૬૧૮. ભગવાન સંબંધી રસ સર્વ રસોને દબાવી દેનાર છે.

૬૧૯. ભગવાનનો આવેશ થતાં સર્વજ્ઞતા થાય છે.

૬૨૦. ભક્તોના નિર્ભય વાસ માટે (ભગવાને પોતાના ચરણમાં) ધજા સ્થાપેલી છે, સુખથી સેવા થઇ શકે તે માટે કમલ રાખેલું છે, રક્ષા માટે ચક્ર રાખેલું છે, મનનો નિગ્રહ કરવા માટે અંકુશ રાખેલું છે, કીર્તિ સિદ્ધ કરવા યવ રાખેલો છે, પાપના પર્વતો વિગેરેનું નિરાકરણ કરવા માટે વજ્ર વિગેરે એમ 'આદિ' શબ્દથી કહેલું છે.

६२१ कामरसः स्त्रीसमूहापेक्षयाप्येकस्यामेव मुख्यतयोपपद्यते । तथाकरणे प्रीतिर्हेतुः, प्रीतौ भक्तिः कर्म वा ॥ १०–२७–२८

६२१. સ્ત્રીઓના સમૂહ કરતા એકમાંજ કામરસ મુખ્યતાથી ઘટે છે. એમ કરવામાં હેતુ પ્રીતિ છે, પ્રીતિનું કારણ ભક્તિ અથવા કર્મ છે.

६२२ न दुखं पञ्चभिः सह ॥ १०–२७–४०

६२२. પાંચની સાથે દુઃખ નથી.

६२३ स्वदोषपरिज्ञानं च भगवत्कृपयैव भवति, न स्वतः ॥ १०–२७–४१

६२३. પોતાના દોષનું જ્ઞાન ભગવાનની કૃપાથીજ થાય છે, પોતાની મેળે થતું નથી.

६२४ न हि भगवदीया अन्धकारं प्रविशन्ति ॥ १०–२७–४२

६२४. ભગવદીયો અંધકારમાં પ્રવેશ કરતા નથી.

६२५ दोषनिवारणे हरिगुणगानमेव साधनम् ॥ १०–२७–४४

६२५. દોષ દૂર કરવામાં હરિના ગુણ ગાન જ સાધન છે.

६२६ यथा विधिर्विवाहे तथैव शरणागतपालनेऽपि । विवाहापेक्षया शरणागतरक्षा महती । स साधारणधर्मः, अयमीश्वरधर्म इति ॥ १०–२८–५

६२६. જેમ વિવાહ માટે વિધિ છે તેમજ શરણે આવેલાના પાલન માટે પણ વિધિ છે. વિવાહ કરતાં શરણે આવેલાની રક્ષા મોટી (વસ્તુ) છે, કારણ કે તે (વિવાહ) સાધારણ ધર્મ છે. (અને) આ (શરણે આવેલાની રક્ષા) ઇશ્વરનો ધર્મ છે.

६२७ तव चरणप्रसादादेव नम्राणां पापं गच्छति । तत्रापि देहिनः । प्रकर्षेण नतत्वेन धर्ममार्गादिपरित्याग उक्तः । देहाभिमानस्य विद्यमानत्वान्न ज्ञानमपि । प्रणतानां हि नाप्यधोगतिः । अतस्तव पदमेव तेषां पापनाशकम्, चिंतितं, दृष्टम्, स्पृष्टम्, आलिंगितं वा ॥ १०–२८–७

६२७. આપના (ભગવાનના) ચરણના પ્રસાદથીજ નમ્ર (જીવોના) પાપ જાય છે. તેમાં પણ દેહીઓના (દેહના અભિમાનવાળાં જીવોના) (પાપ જાય છે) સારી રીતે નમે એટલે ધર્મમાર્ગનો સર્વથા ત્યાગ કરીને નમે (એમ કહેલું છે) દેહનું અભિમાન હોવાથી જ્ઞાન પણ (પાપ દૂર કરનાર) નથી. વળી સારી રીતે નમનારની અધોગતિ પણ (થતી) નથી. તેથી ચિંતન કરેલું, નિરખેલું, સ્પર્શ કરેલું અથવા આલિંગન કરેલું આપનું ચરણજ તેઓના પાપનો નાશ કરનારૂં છે.

६२८ भगवदपेक्षयापि चरणा महान्। आपदि ध्यानमात्रेणैवापदं दूरीकरोति ॥ १०-२८-१३

६२९ न हि साधनसम्पत्त्या हरिस्तुष्यति कस्यचित्। भक्तानां दैन्यमेवैकं हरितोषण-साधनम्। संतुष्टः सर्वदुःखानि नाशयत्येव सर्वतः ॥ १०-२९-१

६३० चरणारविन्दे सहजो रसः ॥ १०-२९-७

६३१ कालिन्दी कलिन्दकन्या। कलिं-यतीति कलिन्दः ॥ १०-२९-११

६३२ साधनैर्निवर्तितोऽपि दोषो न सम्यक् निवर्तते, यावद्भगवान्न निवर्तयति ॥ १०-२९-१५

६३३ यः कश्चित्स्वस्य पुरुषार्थसाधकः स गुरुः, स पूज्यः ॥ १०-२९-१९

६३४ त्रयः पदार्थास्त्यक्तव्याः। लोको दुस्त्याज्यः। आर्यमार्गो वैदिकः। प्रकारस्तादश इति। मयैव लोके तथैव प्रतीतिजननात्। पतिपुत्रादयो दुस्त्याज्याः। तत्रापि न मयि प्राप्ते, किं तु मदर्थे मत्कामनायामेव। तदा मे विचिकीर्षितो भवतीति। 'सर्वधर्मान्परित्यज्ये' ति तादृश एव मम भावः ॥ १०-२९-२१

६२८. આપત્તિમાં કેવલ ધ્યાનથીજ (ભગવાનના ચરણ) આપત્તિ દૂર કરે છે તેથી ભગવાન કરતાં પણ (તેમનાં) ચરણ મોટા છે.

૬૨૯. સાધનની સંપત્તિથી હરિ કોઇના પર પ્રસન્ન થતા નથી. ભક્તોને દૈન્યજ એકલું ભગવાનને પ્રસન્ન કરવાનું સાધન છે. પ્રસન્ન થએલા ભગવાન સર્વ દુઃખોનો સર્વ તરફથી નાશ કરે છે જ.

૬૩૦. ચરણારવિંદમાં રસ સહજ છે.

૬૩૧. કલિંદની કન્યા કાલિન્દી. કલિનો (ધતિ) નાશ કરે તે કલિન્દ.

૬૩૨. જ્યાં સુધી ભગવાન દોષને દૂર કરે નહિ ત્યાં સુધી સાધનોથી દૂર કરવા છતાં દોષ સારી રીતે દૂર થતો નથી.

૬૩૩. જે કોઇ પોતાનો પુરુષાર્થ પ્રાપ્ત કરાવનાર છે તે ગુરુ છે, તે પૂજ્ય છે.

૬૩૪. ત્રણ પદાર્થોનો ત્યાગ કરવો જોઈએ. (૧) દુઃખથી તજી શકાય તેવો લોક (૨) વૈદિક આર્યમાર્ગ. (આ) પ્રકાર પણ તેવોજ (દુઃખથી તજી શકાય તેવો) છે, કારણ કે મેંજ લોકમાં તેવીજ પ્રતીતિ ઉત્પન્ન કરી છે. (૩) દુઃખથી તજી શકાય તેવા પતિ પુત્ર વિગેરે (સગાંઓ) તેમાં પણ મને પ્રાપ્ત કર્યા પછી (તજવાનાં) નથી, પરંતુ મારા માટેજ (એટલે) મારી (મને પ્રાપ્ત કરવાની) ઇચ્છા થતાં જ (તજવાનાં છે) ત્યારે (આ ત્રણનો ત્યાગ કરે ત્યારે) મારો ઇચ્છેલો થાય છે કારણ કે "સર્વ ધર્મોનો પરિત્યાગ કરી" વાક્ય પ્રમાણે તેવા ઉપરજ મારો ભાવ છે.

६३५ युक्तश्चायमर्थः । अनन्याः पालनीया इति ॥ १०-२९-२१

६३६ साधवो हि महत्कर्म कृत्वा स्वयमेव तुष्यन्ति, न तु प्रत्युपकारमपेक्षन्ते ॥ १०-२९-२२

६३७ बहुनर्तकीयुक्तो नृत्यविशेषो रासः। रसस्याभिव्यक्तिर्यस्मादिति । रसप्रादुर्भावार्थमेव हि नृत्यम् ॥ १०-३०-२

६३८ उत्सवो नाम मनसः सर्वविस्मारक आह्लादः ॥ १०-३०-३

६३९ अच्युतः कान्तो भगवानेव भवति ॥ १०-३०-१५

६४० धर्मव्यतिक्रमो विद्यमानोल्लङ्घनम्। साहसमविद्यमानकरणम् एतदुभयमीश्वरे दृष्टम्। 'न हि दृष्टेऽनुपपन्नं नाम'। चकारादीश्वरसेवकानामपि, वीर्यादिमतां वा। .......अतितेजस्विनामेतन्नाधर्मजनकम् । विधिनिषेधवाक्यानां नियोज्यविषयत्वात् ।.........मिथ्याज्ञानसलिलावसिक्तायामेवात्मभूमौ कर्मबीजं धर्माधर्माङ्कुरतामारभते, न तु तत्त्वज्ञाननिदाघनिष्पीतसलिलतयोषरायाम् ॥ १०-३०-३०

૬૩૫. આ અર્થ યોગ્ય જ છે કે અનન્યોનું પાલન કરવું જોઈએ.

૬૩૬. સાધુઓ મોટું કર્મ કરી પોતેજ પ્રસન્ન થાય છે, પણ સામા ઉપકારની અપેક્ષા રાખતા નથી.

૬૩૭. બહુ નાચનારીવાળું અમુક પ્રકારનું નૃત્ય, જેમાંથી રસ પ્રકટ થાય છે તે રાસ છે; કારણ કે રસનો પ્રાદુર્ભાવ થવા માટે જ નૃત્ય છે.

૬૩૮. ઉત્સવ એટલે સર્વને ભૂલાવે તેવો મનનો આનંદ.

૬૩૯. અચ્યુત (ચ્યુતિ વિનાના) કાંત ભગવાનજ છે.

૬૪૦. ધર્મવ્યતિક્રમ એટલે વિદ્યમાન (ધર્મનું) ઉલ્લંઘન. સાહસ એટલે અવિદ્યમાન (ધર્મ ન હોય, અધર્મ હોય) તે કરવું તે. આ બંને ઈશ્વરમાં જોવામાં આવે છે. જે જોવામાં આવે છે તેમાં કાંઈ અયોગ્યતા ( અસંભવિતપણું ? ) નથી. મૂલમાં 'અને' (च) શબ્દ હોવાથી ઈશ્વરના સેવકોમાં પણ અથવા વીર્યવાળાઓમાં પણ (આ બંને જોવામાં આવે છે).... ઘણા તેજસ્વીઓમાં આથી અધર્મ ઉત્પન્ન થતો નથી, કારણ કે વિધિ અને નિષેધના વચનો નિયોજ્યને માટેજ છે....મિથ્યાજ્ઞાનરૂપી જલથી સિંચન કરેલીજ આત્મારૂપી ભૂમિમાં કર્મનું બીજ ધર્મ અને અધર્મના અંકુરો ઉત્પન્ન કરે છે. પરંતુ તત્ત્વજ્ઞાનરૂપી તાપથી જેમાંનું જલ ચૂસાઈ જવાથી ખરાબો થએલ (ભૂમિમાં) કર્મનું બીજ ધર્મ અથવા અધર્મના અંકુરો ઉત્પન્ન કરતું નથી.

६ १ निन्दितं कर्मापि कालकूटवन्नाशकम् । तदीश्वरस्यैव शोभाकरम्, येन नीलकण्ठो भवति । तथैव गोपीजनवल्लभ इति ॥ १०-३०-३१

६४२ ईश्वराणां वच एव तथ्यम्, न त्वाचरितम् । कचिदाचरितमपि वचनानुगुणं चेत् ।........तत्रैश्वर्यज्ञानवैराग्यैर्यत्करोति, तत्स्वच्छन्दचरितमित्युच्यते । बुद्धिमान् तन्न समाचरेत् ॥ १०-३०-३२

६४३ न हि स्वस्पर्शः स्वस्य क्वापि निषिद्धः । परा चासौ स्त्री च, परस्य च स्त्री । उभयमपि न भगवति । यतः भगवान् गोपीनां तत्पतीनां चात्मा ॥ १०-३०-३६

६४४ भक्तानामनुग्रहार्थमेव भक्तसमानरूपं देहमास्थितः, विजातीये तेषां विश्वासो न भवेदिति । ततो यथा मनुष्यानुग्रहाय मानुषो देहः प्रदर्शितः, एवं गोपिकानामप्यनुग्रहाय स्वानंदं गोकुले दातुं तादशीः क्रीडाः भजते । तत्तद्धर्मप्रवेशव्यतिरेकेण तस्य तस्य दोषस्यानिवृत्तत्वात् ।....अत एतां लीलां निरोधपूर्वकादेयदानरूपां यः श्रोष्यति, स सर्वथा भगवत्परो भविष्यतीति भगवता तथा आचरणं कृतम् ॥ १०-३०-३७

૬૪૧. નિંદિત કર્મ પણ કાલકૂટ પેઠે નાશ કરનાર છે. તે ઈશ્વરનેજ શોભા કરનાર છે જેથી નીલકંઠ થાય છે. તેમજ (ભગવાન) ગોપીજનવલ્લભ (થાય છે).

૬૪૨. ઐશ્વર્યવાળાનું વચનજ સાચું હોય છે, પણ આચરણ (સાચું) હોતું નથી. કોઈ સ્થળે આચરણ પણ જો વચનને અનુસાર હોય તો (સાચું હોય છે) તેમાં જે ઐશ્વર્ય, જ્ઞાન, અથવા વૈરાગ્યથી કરે છે તે 'સ્વચ્છંદચરિત' એમ કહેવાય છે. બુદ્ધિમાને તેનું આચરણ ન કરવું.

૬૪૩. પોતાને પોતાનો સ્પર્શ કોઈ સ્થલે નિષિદ્ધ નથી. ('પરસ્ત્રી' એટલે) પરા (બીજી, પોતાથી જૂદી) તે સ્ત્રી, અથવા પરની (બીજાની) સ્ત્રી. ભગવાનમાં આ બેય સંભવતા નથી. કારણ કે ભગવાન ગોપીઓના અને તેઓના પતિઓના આત્મા છે.

૬૪૪. ભક્તોપર અનુગ્રહ કરવા માટે જ ભક્તના સમાન રૂપ વાળો દેહ (ભગવાને) ધારણ કર્યો, કારણકે વિજાતીયમાં તેઓનો (ભક્તોનો) વિશ્વાસ થાય નહિ. પછી જેમ મનુષ્યો ઉપર અનુગ્રહ કરવા માણસનો દેહ દેખાડયો તેમ ગોપીઓ ઉપર પણ અનુગ્રહ કરવા, પોતાના આનંદનું ગોકુલમાં દાન કરવા (ભગવાન) તેવી ક્રીડાઓ કરે છે, કારણ કે તે તે ધર્મોમાં પ્રવેશ કર્યા વિના તે તે દોષો દૂર થતા નથી....તેથી નિરોધ કરી અદેયના દાનરૂપી આ લીલાનું જે શ્રવણ કરશે તે સર્વથા ભગવત્પરાયણ થશે તેથી ભગવાને તેવું આચરણ કરેલું છે.

६४५ एवमुद्धृतभक्तास्तु यद्यन्यं समुपासते । दुःखभाजो भवन्त्येव मुच्यन्ते हरिणैव तु ॥ १०-३१-१

६४५. એવી રીતે ઉદ્ધાર કરેલ ભક્તો પણ જે બીજાની ઉપાસના કરે તો દુઃખી થાય છે જ, અને હરિથી જ (દુઃખમાંથી) મુક્ત થાય છે.

६४६ सर्वापकृष्टा सर्पयोनिः । सर्वोत्तमा भगवदीयाः । एवं चरणप्रभावः । तस्य सर्वाधमस्य सर्वोत्तमत्वप्रापणे प्रमेयबलमेव हेतुः चरणरज एव सामग्रीसंपादकम् ॥ १०-३१-९

६४६. સર્વથી હલકી સર્પયોનિ છે. સર્વથી ઉત્તમ ભગવદીયો છે. આવો (ભગવાનના) ચરણનો પ્રભાવ છે. સર્વથી અધમ તેને (સુદર્શન વિદ્યાધરને) સર્વથી ઉત્તમપણું પ્રાપ્ત કરાવવામાં પ્રમેયબલ જ કારણ છે. (ભગવાનના) ચરણની રજ જ સામગ્રી પ્રાપ્ત કરાવનાર છે.

## तत्रापि भगवत्कर्तृकः ।

६४७ पादस्पर्शः सुतरां दुर्लभः । तत्रापि चरणकर्तृकः । यतश्चरणे तादृशो रेणुः गंगादितीर्थानि, अमृतरसः भक्ताः इति सर्वसान्निध्याद् युक्तमेव सर्वदोषनिवर्तकत्वम् ॥ १०-३१-१७

६४७. (ભગવાનના) પાદનો સ્પર્શ ઘણો જ દુર્લભ છે, તેમાં પણ ભગવાને કરેલો. તેમાં પણ ભગવાનના ચરણે કરેલો કારણ કે ચરણમાં તેવો રેણુ ગંગા વિગેરે તીર્થો, અમૃતરસ ભક્તો (રહેલાં છે); તેથી સર્વના સાંનિધ્યને લીધે (ચરણસ્પર્શથી) સર્વ દોષો દૂર થાય તે યોગ્યજ છે.

६४८ मध्यमाधिकारिणां वेदपरत्वं न दोषायेति निरूपितम् । अन्यथा प्रमाणपराणामनन्यभावो भज्येत ॥ १०-३१-२०

६४८. મધ્યમ અધિકારીઓ વેદપરાયણ રહે તેમાં દોષ નથી એમ નિરૂપણ કરેલું છે નહિ તો (તેમ ન હોય તો) પ્રમાણને પરાયણ રહેનારાઓના અનન્યભાવનો ભંગ થાય.

६४९ अवश्यं प्रमाणबले मार्गे दैत्योपद्रवो भवति ॥ १०-३१-२५

६४९. પ્રમાણના બલવાળા માર્ગમાં દૈત્યોનો ઉપદ્રવ અવશ્ય થાય છે.

६५० आवेशावतारयोः आवेशदशायां तुल्यता ॥ १०-३१-२५

६५०. આવેશદશામાં આવેશ અને અવતાર તુલ્ય છે.

६५१ न हि भगवदाज्ञा केनाप्युल्लंघ्या भवति ॥ १०-३२-७

६५१. ભગવાનની આજ્ઞા કોઈથી પણ ઉલ્લંઘન થઈ શકે તેવી નથી.

६५२ भगवदीया एव भगवत्संबंधं प्राप्नुवन्ति ॥ १०-३२-७

६५२. ભગવદીયોનેજ ભગવાનનો સંબંધ થાય છે.

६५३ स्त्रियः पुरुषाश्च भगवदीयाः भगवति भगवदीयेषु च समागतेषु आनन्दयुक्ता भवन्ति, भोगार्थं स्वकीयं च प्रयच्छन्ति ॥ १०-३२-९

૬૫૩. ભગવદીય સ્ત્રીઓ અને પુરુષો ભગવાન અથવા ભગવદીયો પધારતાં આનંદ પામે છે અને પોતાનું ભોગમાટે આપે છે.

६५४ चित्तनैयत्येन भगवद्भजनं मुख्यम्, न तु विक्षिप्तचित्ततया ॥ १०-३२-११

૬૫૪. ચિત્તને નિયમમાં રાખી ભગવાનનું ભજન (કરવું) મુખ્ય છે પણ વિક્ષિપ્ત ચિત્તથી (ભગવદ્‌ભજન મુખ્ય) નથી.

## ॥ अथ राजसप्रकरणम् ॥

६५५ दैत्यांशाः सर्व एव वध्याः ।.... देवांशानामेव वधे दोष इति धर्ममर्यादा ।.... असुरा वध्या एव रोगमलप्रायाः ॥ १०-३३-६

૫. સર્વે દૈત્યાંશો વધ કરવા યોગ્ય છે. દેવાંશોના વધમાં જ દોષ છે એવી ધર્મની મર્યાદા છે. રોગ અને મલ જેવા અસુરો વધ કરવા યોગ્ય છે.

६५६ सर्वनियन्ता भगवानीश्वरः, अन्ये त्वीशितव्याः । एतादृशोऽपि न स्वार्थमीशितव्यानपेक्षते लौकिकेश्वरवत् ॥ १०-३४-२३

૬૫૬. ભગવાન સર્વને નિયમમાં રાખનાર ઈશ્વર છે. બીજા તો નિયમમાં રાખવાના છે (ભગવાન) આવા હોવા છતાં લૌકિક ઈશ્વરની પેઠે પોતાને માટે જેઓને નિયમમાં રાખવાના છે તેઓની અપેક્ષા રાખતા નથી.

६५७ सात्त्विकश्चेदभिमुखस्तदा भवति भक्तिमान् । अन्यथा दैत्यसंसर्गे स्तब्धा भक्तिर्भवेद् ध्रुवम् ॥ १०-३५-१

૬૫૭ સાત્વિક જો ભગવાનને અભિમુખ હોય તો ભક્તિવાળો થાય છે નહિ તો દૈત્યોનો સંસર્ગ થતાં ભક્તિ અવશ્ય સ્તબ્ધ થઈ જાય છે. ( અટકી જાય છે.)

६५८ सा (मथुरा) हि भगवदधिष्ठिता भूमिः ॥ १०-३५-१

૬૫૮ તે (મથુરા) ભગવાનથી અધિષ્ઠિત ભૂમિ છે.

६५९ हृदये प्रकाशमानश्चरणः (भगवतः) मुक्तिं ददाति ॥ १०-३५-७

૬૫૯ હૃદયમાં પ્રકાશતા (ભગવાનના) ચરણ મુક્તિ આપે છે.

६६० भगवज्ज्ञानं निर्विषयमेव....दीपवदेव सर्वं प्रकाशयति ॥ १०-३५-११

૬૬૦ભગવાનનુ જ્ઞાન નિર્વિષયજ (છે) દીપકનીજ પેઠે સર્વનો પ્રકાશ કરે છે.

६६१ भगवतीन्द्रियादिसंबंधप्रतीतिर्माययैव न वस्तुतः ॥ १०-३५-११

૬૬૧ ભગવાનમાં ઇન્દ્રિયો વગેરેના સંબંધની પ્રતીતિ માયાથી જ થાય છે, વસ્તુતઃ (તેઓનો સંબંધ) નથી.

६६२ भगवद्धर्माणां सर्वेषामेव सर्वोत्कृष्टत्वज्ञानं भक्तिहेतुः ॥ १०-३५-१५

६६३ जले विषस्य न पराक्रमः, नापि कमलं सर्पः प्रविशति ॥ १०-३५-१६

६६४ स्वापकारकत्वेन न कोऽपि भगवतोऽरिः । दैत्यानां मारणं तु तेषां लोकानां चोपकाराय ॥ १०-३५-१८

६६५ भगवदीयशरीरजनकास्ते (भगवच्चरण) रेणवः ॥ १०-३५-२६

६६६ उत्पन्नेन हि परमः पुरुषार्थः साधनीयः । स च भगवदीयभावः । तथा यत्नः कर्तव्यो यथा स भवति । ज्ञानादिस्त्ववान्तरफलरूपः । मोक्षादपि स्वभावत एवायं भावोऽधिकः ॥ १०-३५-२७

६६७ भगवतो माहात्म्यज्ञानाभावे शोको भवति, नान्यथा ॥ १०-३५-२७

६६८ भगवल्लीला पात्रापात्रविचारव्यतिरेकेण सर्वेभ्य एव सर्वपुरुषार्थान् प्रयच्छतीत्युदारा ॥ १०-३५-३१

६६९ आपादावलम्बिनी माला वनमाला ॥ १०-३५-३१

६७० भक्तकृपालौ प्रकर्षेण नतिमात्रेणैव कृपाऽभिव्यक्ता भवति ॥ १०-३५-३६

६७१ फलं द्विविधं नित्यमनित्यं च । नित्यं षड्गुणात्मकमनित्यं लक्ष्म्याधीनम् । कृष्णस्तु भगवान् लक्ष्मीपतिश्च । स चेत्प्रसन्नः तदधीनं किं वा अलभ्यं भवेत् । प्रसादे हि प्रवृत्ते

૬૬૨ સર્વજ્ઞ ભગવાનના ધર્મો સર્વથી ઉત્તમ છે તેવું જ્ઞાન ભક્તિનું કારણ છે.

૬૬૩ જલમાં વિષનું પરાક્રમ નથી, અને સર્પ કમલમાં પ્રવેશ કરતો નથી.

૬૬૪ પોતાનો (ભગવાનનો) અપકાર કરનાર તરીકે કોઈ ભગવાનનો શત્રુ નથી દૈત્યોને તો (ભગવાન) તેઓના અને લોકોના ઉપકાર માટે મારે છે.

૬૬૫ ભગવદીય શરીરને ઉત્પન્ન કરનાર તે (ભગવાનના ચરણની) રેણુઓ છે.

૬૬૬ ઉત્પન્ન થયેલાઓએ પરમ પુરુષાર્થ સાધવો જોઈએ, અને તે ભગવદીય ભાવ છે, જેથી તે પ્રાપ્ત થાય તેવો યત્ન કરવો જોઈએ. જ્ઞાન વગેરે તો અવાન્તર ફલરૂપ છે. આ (ભગવદીય) ભાવ સ્વભાવથીજ મોક્ષથી પણ અધિક છે.

૬૬૭ ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન ન હોય ત્યાં સુધી શોક થાય છે, નહિ તો (થતો) નથી.

૬૬૮ ભગવાનની લીલા પાત્ર અથવા અપાત્રના વિચાર વિના સર્વનેજ સર્વ પુરુષાર્થો આપે છે તેથી ઉદાર છે.

૬૬૯ ચરણ સુધી લટકતી માલા વનમાલા છે.

૬૭૦ ભક્તકૃપાલુને સારી રીતે નમન માત્રથીજ (તેમની) કૃપા પ્રકટ થાય છે.

૬૭૧ ફલ બે પ્રકારનું છે નિત્ય અને અનિત્ય, નિત્ય (ભગવાનના) છ ગુણવાળું છે, અનિત્ય લક્ષ્મીને આધીન છે. શ્રી કૃષ્ણ તો ભગવાન છે અને લક્ષ્મીના પતિ છે.

आत्मानमपि यच्छति। परं प्रसाद एव दुर्लभः न तु प्रसन्ने किंचित्। अप्रसन्ने न किंचित् फलं भवति। अतः प्रसादहेतुं प्राप्य कामनां चेत्कुर्यात्तदा भ्रान्त एव॥ १०-३६-२

६७२ समागमनमात्रेणैव (भगवता) सर्वेषामेव भद्रं भविष्यति॥ १०-३६-४

६७३ चित्ताधीनश्च पुरुषः॥ १०-३६-२४

६७४ पुष्टिर्नाम यया सर्वे पुष्टा भवन्ति, सा यत्र न प्रविशति ते बह्वाहारा अपि न पुष्टा भवन्ति॥ १०-३६-५५

६७५ शक्तिरिच्छाशक्तिः। एषा सर्वनियामिका॥ १०-३६-५५

६७६ अज्ञात्वापि यथारुचि शास्त्रानुसारेण भगवान्सेव्यः॥ १०-३७-१

६७७ लोकानां गानार्थं तव (भगवतः) चरित्र, तेन च सर्वपुरुषार्थसिद्धिः सर्वेषां दुःखनाशार्थमवताराणि च॥ १०-३७-१६

६७८ प्रलये सत्यव्रतरक्षा वेदोद्धारश्च कार्यं तदर्थं मत्स्यः॥ १०-३७-१७

६७९ कल्कस्येव निष्पीडितरसस्य चतुर्युगात्मकस्य कालस्य स्वरूपमस्मिन्वर्तत इति कल्की॥ १०-३७-२२

६८० शास्त्रादिद्वारा यदाऽन्तर्मुखो भवति तदैव निकटे भगवन्तं प्राप्नोति। बहिर्जलप्राप्तिस्तु

તેઓ પ્રસન્ન થાય તો તેને અધીન શું અપ્રાપ્ય હોય? કારણ કે પ્રસન્નતા વધતાં પોતાનું પણ દાન કરે છે, પરંતુ પ્રસન્નતાજ દુર્લભ છે, પ્રસન્નતા થતાં કાંઈ દુર્લભ નથી. પ્રસન્ન ન હોય તો કાંઈ ફલ મળતું નથી. તેથી જો (કોઈ) પ્રસન્નતાનું કારણ પ્રાપ્ત કરી કામના કરે તો તે ભ્રાન્તજ છે.

૬ ૨ (ભગવાન સાથે) માત્ર સમાગમનથીજ સર્વેનું શુભ થશે.

૬૭૩. પુરુષ ચિત્તને અધીન છે.

૬૭૪. જેનાથી સર્વ પુષ્ટ થાય છે તે પુષ્ટિ. તે જેઓમાં પ્રવેશ કરતી નથી તેઓ બહુ આહારવાળા હોવા છતાં પુષ્ટ થતા નથી.

૬૭૫. શક્તિ (એટલે) ઇચ્છાશક્તિ. આ સર્વની નિયામિકા છે.

૬૭૬. જ્ઞાનવિના પણ રુચિ મુજબ શાસ્ત્ર પ્રમાણે ભગવાન્ સેવવા.

૬૭૭. લોકો ગાન કરે તે માટે આપનું (ભગવાનનું) ચરિત છે, અને તેથી સર્વ પુરુષાર્થની સિદ્ધિ થાય છે. સર્વના દુઃખનો નાશ કરવા (આપના) અવતારો છે.

૬૭૮. પ્રલયમાં સત્યવ્રતની રક્ષા અને વેદોનો ઉદ્ધાર કરવાનો હતો. તે માટે મત્સ્યનો અવતાર (ભગવાને લીધો હતો)

૬૭૯. કલ્કની પેઠે જેમાંથી રસ નીચોવેલો છે તેવા ચારયુગવાળા કાલનું સ્વરૂપ આમાં છે તેથી કલ્કી (કહેવાય છે)

૬૮૦. શાસ્ત્ર વિગેરે દ્વારા જ્યારે અંતર્મુખ થાય ત્યારે જ નિકટમાં ભગવાનને

नावदिच्छया प्रलय इव सर्वत्र भगवद्‌भिव्यक्तौ ॥ १०-३७-२६

६८१ मनो हि द्विःस्वभावं क्रियाशक्तियुक्तं ज्ञानशक्तियुक्तं च । यथा विवेकेन शास्त्रेण च ज्ञानशक्तिरुत्पाद्यते एवं योगेन क्रियाशक्तिरपि चेदुत्पाद्येत तदैकमुखं मनो भवति । अन्यथा बलिष्ठा क्रिया ज्ञानं बाधित्वा स्वकार्यमेव करोति ।....ज्ञानेच्छाप्रयत्नानामुत्तरोत्तरप्राबल्यं तथैव मनोवाक्कायानामपि । तत्र कामादयो बाधकाः, तैः संसार एव मनः प्रवर्त्यते, योगादयस्त्वशक्याः । न ह्यन्धकारे महति वायौ वृष्टौ च दीपः स्थापयितुं शक्यते ॥ १०-३७-२७

६८२ यदि संघातमनुगुणं कुर्यात्त्याजयेद्वा तदा शरणागतिः सिद्धा ॥ १०-३७-२८

६८३ सत्सेवारुचिः भगवत्स्वरूपज्ञानेच्छा शास्त्रपरत्वं चान्तिमजन्मज्ञापकम् ॥ १०-३७-२८

६८४ शरणागमनं प्रथमतो मानसं पश्चात्कायिकम् ॥ १०-३७-३०

६८५ सा (सन्ध्या) हि गोधूलिकाप्रवेशे सुमुहूर्ता भवति ॥ १०-३८-६

પ્રાપ્ત કરે છે. બહાર જલની પ્રાપ્તિ તો ભગવાનની ઈચ્છાથી પ્રલયની પેઠે સર્વત્ર ભગવાન પ્રકટ થાય ત્યારે (થાય છે).

૬૮૧. ક્રિયાશક્તિવાળું અને જ્ઞાનશક્તિવાળું એમ મન બે સ્વભાવનું છે. જેમ વિવેકથી અને શાસ્ત્રથી જ્ઞાનશક્તિ ઉત્પન્ન કરવામાં આવે છે તેમ યોગથી જો ક્રિયાશક્તિ પણ ઉત્પન્ન કરવામાં આવે તો મન એકમુખ (એકમાં રહેનારૂં) થાય. તેમ ન કરવામાં આવે તો સર્વથી બલવાળી ક્રિયા જ્ઞાનને દબાવી દઈ પોતાનું કાર્યજ કરે છે....જ્ઞાન, ઈચ્છા અને પ્રયત્ન ઉત્તરોત્તર વધારે બલવાળાં છે તેમજ મન વાણી અને કાયા પણ (ઉત્તરોત્તર વધારે બલવાળાં છે). તેઓને કામ વિગેરે બાધા કરનાર છે. તેઓ (કામ વિગેરે) સંસારમાંજ મનને પ્રવર્તાવે છે. યોગ વિગેરે તો અશક્ય છે, કારણ કે અંધકારમાં પ્રચંડ વાયુમાં અથવા વૃષ્ટિમાં દીપક રાખી શકાતો નથી.

૬૮૨. જો સંઘાતને અનુકુળ કરે અથવા તેનો ત્યાગ કરાવે તો શરણે જવાનું સિદ્ધ થાય છે.

૬૮૩. સંતોની સેવામાં રુચિ, ભગવાનના સ્વરૂપના જ્ઞાનની ઈચ્છા, અને શાસ્ત્રપરાયણપણું એ છેવટનો જન્મ જણાવનારાં છે.

૬૮૪. (ભગવાનને) શરણે જવાનું પ્રથમ મનથી અને પછી કાયાથી થાય છે.

૬૮૫. તે (સંધ્યા) જેમાં ગાયોના આવવાથી ધૂલિ ઉડે છે તે પ્રવેશમાં સારા મુહૂર્ત વાળી છે.

६८६ चरणरजो हि भगवदीयत्वं संपादयति ॥ १०-३८-१३

६८७ भगवतः शौचेन चरणोदकेन पितरः अग्नयो देवाश्च अनुतृप्ता भवन्ति । यतो ब्रह्मदण्डहता अपि मुच्यन्ते ॥ १०-३८-१३

६८८ अत्रैवं प्रक्रिया, द्वारस्योभयपार्श्वे कुम्भद्वयं तदुपरि दधिपूर्णपात्रं, तत्र निकटे दीपाः रम्भाः क्रमुकाश्च ध्वजाः पताका च चन्द्रवर्णाश्चन्द्राकारा आदर्शाश्च महोत्सवे सर्वत्र क्रियन्त इति ॥ १०-३८-२३

६८९ उत्सवासक्तो हि नान्यत् किंचन वेद सर्वस्वापहारोऽपि ॥ १०-३८-३७

६९० चंचलानां मध्ये लक्ष्मीः परमकाष्ठामापन्ना । तां चेद्रमयति अनन्यासक्तां करोति, कथमन्यां न कुर्यात् ॥ १०-३८-३७

६९१ भगवन्तं द्रष्टुं स्त्रिय एव जानन्ति ॥ १०-३८-३९

६९२ उत्सवः कदाचिदेव भवति, महोत्सवस्तु ततोऽपि दुर्लभः, तत्रापि सर्वेषामुत्सवोऽतिदुर्लभः ॥ १०-३८-३९

६९३ कार्यचतुष्टयार्थं भगवदवतारः सर्वदुष्टनिराकरणार्थं, सतां रक्षणार्थं, मोक्षार्थं, भक्त्यर्थं च ॥ १०-३८-४६

६९४ कालमुखे प्रविष्टानां जीवानामुद्धारार्थमागतः, कालं वंचयित्वा नयन् बंधनार्थं

૬૮૬. (ભગવાનના) ચરણની રજ ભગવદીયત્વ પ્રાપ્ત કરાવે છે.

૬૮૭. ભગવાનના શૌચથી (એટલે) ચરણોદકથી: પિતૃઓ, અગ્નિઓ, દેવો તૃપ્ત થાય છે, જેથી બ્રહ્મદંડથી હણાએલા પણ મુક્ત થાય છે.

૬૮૮. અહિં એવી પ્રક્રિયા છે, દ્વારની બન્ને બાજુએ બે કુંભો, તેમના ઉપર દહિંથી ભરેલું પાત્ર, તેની પાસે દીવા, કેળો, સોપારીઓ, ધજા અને પતાકા તથા ચંદ્રવર્ણ એટલે ચંદ્રના આકારવાળા અરીસા મહોત્સવમાં સર્વત્ર કરવામાં આવે છે.

૬૮૯. ઉત્સવમાં આસક્તિવાળાને બીજું કાંઈની પણ, પોતાના સર્વની હાનિની પણ ખબર રહેતી નથી.

૬૯૦. ચંચલ (પદાર્થો) માં લક્ષ્મી પરમ કાષ્ઠાએ પહોંચેલી છે. તેને પણ જો (ભગવાન) રમાડે છે એટલે બીજામાં આસક્તિ વિનાની કરે છે, તો બીજીને તેવી કેમ ન કરે ?

૬૯૧. ભગવાનના દર્શન કરવાનું સ્ત્રીઓજ જાણે છે.

૬૯૨. ઉત્સવ કદાચજ થાય છે, મહોત્સવ તો તેથી પણ દુર્લભ છે, તેમાં પણ સર્વનો ઉત્સવ ઘણો દુર્લભ છે.

૬૯૩. ભગવાનનો અવતાર ચાર કાર્ય માટે છે (૧) સર્વ દુષ્ટોના નાશ માટે (૨) સન્તોના રક્ષણ માટે (૩) મોક્ષ માટે અને (૪) ભક્તિ (થઈ શકે તે) માટે.

૬૯૪. (ભગવાન) કાલના મુખમાં પ્રવેશ કરેલા જીવોના ઉદ્ધાર માટે પધારેલા

सुहृदेव, अन्तर्यामित्वात् सखित्वात्, कृपालुत्वाच्च । प्रदर्शनार्थं विषममपि कुर्वन् न विषमो भवति ।....कल्पतरुस्वभावत्वाच्च प्रार्थितायैव प्रयच्छतीति सर्वेभ्योऽदानेऽपि न विषमत्वम् ॥ १०-३८-४७

६९५ स्त्रियो हि भगवतः कृपापात्रमिति तत्र भगवतो नात्यन्तप्रयासः । कालेनैव ता भगवदीयाः क्रियन्ते "तत्प्रियार्थं संभवन्तु सुरस्त्रियः" इत्यादिवाक्यात् ॥ १०-३९-१

६९६ कृपापात्रं भगवान् स्वयमप्याकार्य स्वस्मिन् प्रवर्तयति ॥ १०-३९-१

६९७ राजसा ह्यतिकठिना इति तेषामर्थे नूतनमपि करोति ॥ १०-३९-६

६९८ कालजयो हि पौरुषम् ॥ १०-४०-२

६९९ यस्य भावो यथा लोके तस्यानुसरणे कृते । निरोधो जायते सम्यक् अन्यथा बन्धनं भवेत् ॥ १०-४०-१७

७०० यथा हीनस्यापि पुरुषस्य महाराजावरोधे दृष्टे शृंगाररस उत्पद्यत एव, परं तासां नोत्पद्यते, अधमबुद्धेर्बाधकत्वात् । स्वस्मात्तत्रोत्कर्षबुद्धिः सर्वत्र रसपोषिका ॥ ,,-,,-,,

છે. કાલને ઠગી (છવોને) લઈ જતાં, અન્તર્યામી હોવાથી, મિત્ર હોવાથી અને દયાલુ હોવાથી, (કાલને) ઠગવા માટે મિત્ર (જેવા) છે. દેખાવ માટે વિષમ કરવા છતાં, વિષમ થતા નથી....કલ્પતરુના જેવા સ્વભાવવાળા હોવાથી પ્રાર્થના કરનારનેજ આપે છે તેથી સર્વને આપતા નહિ હોવા છતાં વિષમપણું નથી.

૬૯૫ સ્રીઓ ભગવાનની કૃપાપાત્ર છે તેથી ત્યાં (તેમને માટે) ભગવાનનો બહુ પ્રયાસ હોતો નથી. "તેમનું પ્રિય (કરવા) દેવોના સ્રીઓ જન્મ લો" વિગેરે વાકયથી કાલજ તેઓને ભગવદીય બનાવેછે.

૬૯૬. કૃપાપાત્રને ભગવાન પોતેજ બોલાવી પોતામાં પ્રવૃત્તિ કરાવે છે.

૬૯૭. રાજસ (ભક્તો) બહુ કઠિન (છે) તેથી તેઓને માટે ભગવાન નવિન પણ કરે છે.

૬૯૮. કાલનો જય પૌરુષ છે.

૬૯૯. લોકમાં જેનો જેવો ભાવ હોય તેને અનુસરણ કરવાથી સારી રીતે નિરોધ થાય છે, નહિ તો બંધન રહે.

૭૦૦. જેમ હલકા માણસને પણ મહારાજાનો જનાનો જોતાં શૃંગારરસ ઉત્પન્ન થાય છે, પરંતુ તેઓને (જનાનાની રાણીઓને) ઉત્પન્ન થતો નથી, કારણકે (તે માણસના) અધમપણાંની બુદ્ધિ તેમાં બાધ કરે છે. (બીજો) પોતાથી ઉત્તમ છે તેવી બુદ્ધિ સર્વત્ર તેમાં રસનું પોષણ કરનારી છે.

७०१ अवतारो हि ये उद्धर्तव्याः तेषां मध्येऽवतरणम् । कूपे पतितो हि गुणैः स्वयमागत्य बोद्भियते । तत्राज्ञेषु स्वागमनमेवोचितम् ॥ १०-४०-२३

७०१. જેઓનો ઉદ્ધાર કરવાનો છે તેઓના મધ્યમાં અવતરવું તે અવતાર છે. કૂવામાં પડેલાનો ઉદ્ધાર દોરડાથી અગર પોતે ઉતરીને કરાય છે. તેમાં અજ્ઞાનીઓમાં પોતે આવવુંજ ઉત્તમ છે.

७०२ युक्तियुक्तं ग्राह्यम्....लौकिकमपि न बाधनीयम् ॥ १०-४०-३६

૭૦૨. યુક્તિવાળું ગ્રહણ કરવું....... લૌકિકનો પણ બાધ આવવા ન દેવો.

७०३ स्निग्धे स्नेहस्यायं गुणः, यत्समर्थेऽप्यसमर्थबुद्धिः ॥ १०-४१-६

૭૦૩. સ્નેહવાળામાં સ્નેહનો આ ગુણ છે કે સમર્થમાં પણ અસમર્થ (છે) એવી બુદ્ધિ રહે.

७०४ लक्ष्मीः पुनः सर्वस्त्रीमूलप्रकृतिः, तद्वैभवरूपा गोप्यः ॥ १०-४१-६

૭૦૪. લક્ષ્મીજી સર્વસ્ત્રીઓની મૂલ પ્રકૃતિ છે, તેના વૈભવરૂપ ગોપીઓ છે.

७०५ भक्तद्रोहे वधः स्मृत इति भगवत्प्रतिज्ञा ॥ १०-४१-३१

૭૦૫. 'ભક્તનો દ્રોહ કરે તેનો વધ કરવો' એવી ભગવાનની પ્રતિજ્ઞા છે.

७०६ पत्नी हि सर्वस्य मित्रम् ॥ १०-४१-४३

૭૦૬. પત્ની સર્વની મિત્ર છે.

७०७ अत्यन्तधर्मकर्ताऽपि भूतद्रोहं चेत्कुर्यात्, तदा शं न लभेतैव । सर्वं धर्मं बाधित्वा द्रोहः स्वफलमेव प्रयच्छति ॥ १०-४१-४७

૭૦૭. અત્યંત ધર્મ કરનાર પણ જો ભૂતોનો દ્રોહ કરે તો સુખ પામે જ નહિ સર્વ ધર્મનો બાધ કરી (કરેલો) દ્રોહ પોતાનું ફલજ આપે છે.

७०८ ईश्वरे हि संबंधिनामपि शंका भवत्येव ॥ १०-४१-५१

૭૦૮. ઇશ્વરમાં સંબંધીઓને પણ શંકા રહે છે જ.

७०९ (ईश्वरमाया) जनानेव मोहयति, न तु भगवदीयान् । जनेषु च मोहयति, न तु भगवति ॥ १०-४२-१

૭૦૯. (ઇશ્વરની માયા) લોકોનેજ મોહ કરે છે, પરંતુ ભગવદીયોને (મોહ) કરતી નથી. લોકોમાં જ મોહ કરે છે, પણ ભગવાનમાં મોહ કરતી નથી.

७१० परमार्थज्ञानाभावेऽपि वस्तुसामर्थ्यादेव भगवन्मुखारविंददर्शनं नित्यमुदितं प्रीतिमुत्पादयति नित्यनूतनं नित्यनूतनाम् । वस्तुतस्तु रसस्यैवायं स्वभावः ॥ १०-४२-१८

૭૧૦. પરમાર્થજ્ઞાન વિના પણ વસ્તુના સામર્થ્યથીજ નિત્ય આનંદવાળાં ભગવાનના મુખારવિંદનું દર્શન પ્રીતિ ઉત્પન્ન કરે છે, નિત્ય નૂતન (દર્શન) નિત્ય નવી પ્રીતિ (ઉત્પન્ન કરે છે). વાસ્તવિક રીતે તો આ રસનો સ્વભાવ છે

७११ अद्यापि गोकुलसंबन्ध्येव भगवान् कीर्त्यते ॥ १०–४२–२३

७१२ (कलाः) नाटकाख्यायिकादर्शनम् । दीपव्यवधायके पटे नाटकाख्यायिकाया नाटकस्थितकथायाः प्रदर्शनम् ॥ १०–४२–३६

७१३ न हि मदीयानामन्यत्र मन भवति, मत्संबंधस्यैव तथा सामर्थ्यात् ॥ १०–४३–६

७१४ (उद्धवः) हि उत्सवात्मकः, यत्रैव गच्छति तत्रैवोत्सवः ॥ १०–४३–७

७१५ गानं च यशोरूपं स्त्रियश्चेद्गायन्ति ॥ १०–४३–११

७१६ भगवत्सेवके भगवद्बुद्धिः कर्तव्या ॥ १०–४३–१४

७१७ सत्कर्मणा श्लाघ्या भवन्ति । ततोऽपि ज्ञानेन ततोऽपि भक्त्या, भक्तावपि परमप्रेम सर्वोत्कृष्टम्, प्रमाणात्तु प्रमेयबलमधिकं तेन स्वतन्त्रभक्त्यपेक्षयापीयं प्रमेयभक्तिः रसाला ॥ १०–४३–३०

७१८ ब्रह्मवादादाधिदैविकवादः पूर्वमीमांसासिद्धः किंचिदपकृष्टः, ततोऽपि भेदवाद आध्यात्मिकरूपः । ततोऽपि मायावादः ॥ १०–४३–४३

७१९ अपेक्षितं हि स्मरन्ति लोकाः । यथा अपेक्षा स्मारिका एवं स्नेहोऽपि ॥ १०–४४–५

७२० लौकिकाद्वैदिकं बलिष्ठम् ॥ १०–४४–५

૭૧૧. આજ સુધી પણ ગોકુલના સંબંધવાળાજ ભગવાનનું કીર્તન થાય છે.

૭૧૨. (કલા) નાટકાખ્યાયિકાદર્શન. એટલે દીપની વચ્ચે રાખેલા પટ ઉપર નાટકાખ્યાયિકા એટલે નાટકમાં રહેલી કથા દેખાડવી તે.

૭૧૩. મારા સંબંધનુંજ એવું સામર્થ્ય છે કે મારા (સેવક)નું મન બીજામાં જતું નથી.

૭૧૪. તે (ઉદ્ધવ) ઉત્સવાત્મક છે, જ્યાં જ્યાં જાય છે ત્યાંજ ઉત્સવ થાય છે.

૭૧૫. જો સ્ત્રીઓ ગાન કરે તો ગાન યશરૂપ હોય છે.

૭૧૬. ભગવાનના સેવકમાં ભગવદ્બુદ્ધિ કરવી.

૭૧૭. સત્કર્મથી શ્લાઘ્ય થાય છે, તેનાથી પણ (વિશેષ) જ્ઞાનથી, તેનાથી પણ ભક્તિથી (શ્લાઘ્ય થાય છે). ભક્તિમાં પણ પરમપ્રેમ સર્વથી શ્રેષ્ઠ છે પ્રમાણ કરતાં પ્રમેયબલ અધિક છે તેથી સ્વતંત્ર ભક્તિ કરતાં પણ આ પ્રમેયભક્તિ રસાલ છે.

૭૧૮. બ્રહ્મવાદ કરતાં પૂર્વમીમાંસામાં પ્રસિદ્ધ આધિદૈવિક વાદ કાંઈક હલકો છે. તેનાથી પણ આધ્યાત્મિકરૂપ ભેદવાદ(હલકો) તેનાથી પણ માયાવાદ (હલકો છે).

૭૧૯. લોકો જેની અપેક્ષા હોય તેનું સ્મરણ કરે છે.....જેમ અપેક્ષા સ્મરણ કરાવનારી છે. તેમજ સ્નેહ પણ (સ્મરણ કરાવનાર છે.)

૭૨૦. લૌકિકથી વૈદિક બલિષ્ઠ છે.

७२१ देहसंबंधिव्यतिरिक्तेषु कथमपि लौकिकं भजनं यावदर्थमेव, न कदाचिदपि क्षणमात्रमनुपयोगे भजन्ते ।....सर्वथा अन्येष्वर्थकृतैव मैत्री ॥ १०-४४-७

७२२ स्त्रीणां स्वाभाविको धर्मो लज्जा ॥ १०-४४-१०

७२३ पुष्टिमार्गे हि दक्षिणायनस्यैव प्राशस्त्यात् । तत्र हि रात्रयः स्थूलाः दिवसाश्च सूक्ष्माः ॥ १०-४४-१२

७२४ प्रमाणबलेन प्रमेयबलेन लोकप्रसिद्ध्या भगवान्दीनानुकम्पी ॥ १०-४४-१५

७२५ न वै स्त्रैणानि सख्यानि ॥ १०-४४-१७

७२६ यथा भगवान् तथैव तत्कथाऽपि ततोऽप्यधिकापि ॥ १०-४४-१८

७२७ पुष्टिमार्गश्रुतीनामपि भगवन्मर्यादाश्रुतयोऽपि नात्यन्तं द्वेष्याः किं तु ग्राह्या एव, परं नाभिप्रेताः ॥ १०-४४-१८

७२८ विभज्यैव शक्तिं कृष्णो भगवानवतीर्णः ॥ १०-४४-२०

७२९ प्रपत्तिबाधका एते पुत्रादयः, पुत्रादीनामासक्तिजनकत्वात्, अनासक्तो हि प्रपद्यते, स्त्रीणां सुतरामेते प्रतिबन्धकाः ॥ १०-४४-२६

૭૨૧. દેહના સંબંધી વિનાઓમાં કોઈ પણ રીતે લૌકિક ભજન જ્યાંસુધી પ્રયોજન હોય ત્યાંસુધીજ હોય છે, ઉપયોગ નહિ રહેતાં કોઈ પણ સમયે ક્ષણમાત્ર પણ ભજન કરતા નથી.....બીજાઓમાં સર્વથા પ્રયોજનમાટેજ મૈત્રી હોય છે.

૭૨૨ લજ્જા સ્ત્રીઓનો સ્વાભાવિક ધર્મ છે.

૭૨૩ પુષ્ટિમાર્ગમાં દક્ષિણાયનની જ પ્રશંસા થયેલી છે, કારણ કે તેમાં રાત્રિઓ મોટી છે અને દિવસો ટૂંકા છે.

૭૨૪ પ્રમાણબલથી પ્રમેયબલથી અને લોકપ્રસિદ્ધિથી ભગવાન દીનો ઉપર અનુકંપાવાળા છે.

૭૨૫ સ્ત્રીઓસાથે સખ્ય (મિત્રતા) નહિ.

૭૨૬. જેવા ભગવાન છે તેવીજ તેમની કથા પણ છે. તેથી અધિક પણ છે.

૭૨૭. પુષ્ટિમાર્ગની શ્રુતિઓને (ગોપીજનોને) પણ ભગવાનની મર્યાદા(માર્ગ)ની શ્રુતિઓ પણ બહુજ દ્વેષ કરવા યોગ્ય નથી, પણ ગ્રાહ્ય જ છે; પરંતુ ઇચ્છેલી (મંજુર રાખેલી) નથી.

૭૨૮. શક્તિનો વિભાગ કરીને જ ભગવાન શ્રીકૃષ્ણ અવતરેલા છે.

૭૨૯. આ પુત્ર વિગેરે (ભગવાનમાં) પ્રપત્તિનો બાધ કરનારા છે, કારણ કે તેઓ આસક્તિ ઉત્પન્ન કરનાર છે. આસક્તિ ન હોય તેને પ્રપત્તિ થાય છે. સ્ત્રીઓને તો ખાસ કરીને આ પ્રતિબંધ કરનારા છે.

७३० भगवतश्चायं स्वभावः यत्स्त्रीषु कृपावान्, अतः केनाप्यंशेन ता न परित्यजति ॥ १०-४४-२९

७३० ભગવાનનો આ સ્વભાવ છે કે સ્ત્રીઓ પર કૃપાવાળા છે, તેથી કોઈ પણ અંશથી તેઓનો પરિત્યાગ કરતા નથી.

७३१ योगे हि चक्षुर्वन्मनोऽपि स्वधर्मानेव भगवत्यारोपयति, परं स्वयं निर्माणार्थं शास्त्रतः तद्धर्मान् गृह्णातीति विशेषः। विरहेण स्मरणे तु बलादागत इति भगवानेव स्वधर्मान् स्थापयति, मनोधर्माणां दुर्बलत्वात् विपरीतत्वाच्च भगवतः ॥ १०-४४-३५

७३१. યોગમાં ચક્ષુ પેઠે, મન પણ પોતાના ધર્મોનું જ ભગવાનમાં આરોપણ કરે છે. પરંતુ પોતે (ભગવાનનું) નિર્માણ કરવા શાસ્ત્રમાંથી તે ધર્મોને ગ્રહણ કરે છે એટલો જ ભેદ છે. વિરહથી સ્મરણ થાય તેમાં તો (ભગવાન) બલથી પધારે છે એટલે ભગવાનજ પોતાના ધર્મોનું સ્થાપન કરે છે, કારણ કે મનના ધર્મો દુર્બલ છે, અને ભગવાન (તેથી) વિપરીત (બલવાળા) છે.

७३२ आशा हि सर्वेषां दुःखहेतुः, सा त्यक्तव्या ।....आशाया अन्तो नास्ति ॥ १०-४४-४८

७३२. આશા સર્વના દુઃખનું કારણ છે, તે તજવી જોઈએ.......આશાનો અંત નથી.

७३३ लौकिकाः कथामात्र एवासक्ता भवन्ति सर्वे, लीलायां कथायां मुक्ताः, भक्ताश्च कृष्णकथायाम् ॥ १०-४४-५५

७३३. સવે લૌકિકો સર્વ કથામાંજ આસક્તિવાળા હોય છે, મુક્ત (જીવો) લીલામાં અને કથામાં (આસક્ત હોય છે), અને ભક્તો શ્રીકૃષ્ણની કથામાં (આસક્તિવાળા હોય છે).

७३४ कर्मापेक्षया भक्तिरधिका, कर्म हि प्रपञ्चे स्वास्थ्यं संपादयति न तु भक्तिः, यो हि दुष्टं मन्यते स दुष्ट इति निर्धारः। तत्तत्प्रकरणे तत्तत्प्रशंसा तु प्रकरणानुरोधिनी, अतः अनन्तकथामृतरसस्य ब्रह्मजन्मभिः कर्मोपयोगिभिरपि न किंचित् ॥ १०-४४-५९

७३४. કર્મ કરતાં ભક્તિ અધિક છે, કારણ કે કર્મ પ્રપંચમાં સ્વાસ્થ્ય ઉત્પન્ન કરે છે, પરંતુ ભક્તિ (તેમ કરતી) નથી. જે દુષ્ટનો આદર કરે તે દુષ્ટ છે એવો નિશ્ચય છે. તે તે પ્રકરણોમાં તો તેની પ્રશંસા પ્રકરણ પ્રમાણે કરેલી છે. તેથી અનન્ત(ભગવાન)ની કથામાં જેને રસ નથી, તેને કર્મમાં ઉપયોગી થાય તેવા બ્રાહ્મણોના જન્મોથી પણ કાંઈ (લાભ) નથી.

७३५ तत्र (भक्तिमार्गे) च भगवदतिरिक्तभजनस्य दोषहेतुत्वमेवेति सिद्धान्तः ॥ १०-४४-६०

७३५. તેમાં (ભક્તિમાર્ગમાં) ભગવાન સિવાયનાનું ભજન દોષનું જ કારણ છે એવો સિદ્ધાન્ત છે.

७३६ भक्तिमार्गीयविहितनिषिद्धाकथनं धर्मशास्त्रे युक्तमेव, भिन्नविषयत्वात् । वात्स्यायनीय इव धर्मशास्त्रीयतदकथनम् ॥ ,,–,,–,,

७३७ अयोग्यमिच्छन् पुरुषः पतत्येव न संशयः ॥ १०–४४–६२

७३८ यो यस्य चरणरजो वाञ्छति स तद्भवति तदीयो वा भवति ॥ १०–४४–६२

७३९ वृन्दावनं हि परमोत्कर्षापादकं भक्तिजनकं च ॥ १०–४४–६२

७४० तत् प्रसिद्धं (भगवच्चरणारविंदं) स्वतन्त्रफलदातृ स्वतः भक्तिमार्गप्रवर्तकम् ॥ १०–४४–६३

७४१ भगवन्तं प्राप्य स्वयं न किञ्चित्प्रार्थनीयम् । भगवानेन यत् करिष्यति तत् करोतु, अन्यथा स कुमनोऽप्येव भवति ॥ १०–४५–११

७४२ अयं (अक्रूरः) हि स्मार्तः ॥ १०–४५–१२

७४३ प्राणिनां कर्तव्या प्रपत्तिरेव । कर्तव्याकर्तव्यविवेकवान् हि पण्डितः ॥ १०–४५–२६

७४४ परेषामनिष्टं स्वानिष्टं वा कर्तुं वाञ्छन्ति तदा न ददाति....शुद्धान्तःकरणस्य स्वद्रोहं परद्रोहं वाऽविचारयतः सर्वानेव कामान् ददाति । दाने हेतुर्भजनम् ॥ १०–४५–३६

७३६. જેમ કામશાસ્ત્રમાં ધર્મશાસ્ત્રના વિધિ અને નિષેધ કહેલા નથી, તેમ ધર્મશાસ્ત્રમાં ભક્તિમાર્ગના વિધિ અને નિષેધ કહેલા નથી તે યોગ્ય જ છે.

૭૩૭. અયોગ્ય ઈચ્છતો પુરુષ પડે છે જ, તેમાં સંશય નથી.

૭૩૮. જે જેના ચરણની રજ ઈચ્છે છે તે તે થાય છે, અથવા તેનો થાય છે.

૭૩૯. વૃંદાવન ઘણી શ્રેષ્ઠતા પ્રાપ્ત કરાવનાર અને ભક્તિ ઉત્પન્ન કરનાર છે

૭૪૦. તે એટલે પ્રસિદ્ધ (ભગવાનનું ચરણારવિંદ) સ્વતંત્ર ફલ આપનાર અને પોતેજ ભક્તિમાર્ગની પ્રવૃત્તિ કરાવનાર છે.

૭૪૧. ભગવાનને પ્રાપ્ત કરી પોતે કાંઈ પ્રાર્થના ન કરવી. ભગવાનજ જે કરવાના હોય તે ભલે કરે. નહિ તો (પ્રાર્થના કરે તો) તે દુષ્ટબુદ્ધિવાળો થાય છે.

૭૪૨. આ (અક્રૂર) સ્માર્ત છે.

૭૪૩. પ્રાણીઓએ પ્રપત્તિ કરવી જોઈએ. શું કરવું અને શું ન કરવું તેના વિવેકવાળો હોય તે પંડિત છે.

૭૪૪. બીજાનું અનિષ્ટ અથવા પોતાનું અનિષ્ટ કરવાની ઈચ્છા રાખે તો (ભગવાન કામનાઓ) આપતા નથી.... પણ જે શુદ્ધ અંતઃકરણવાળો પોતાનો દ્રોહ અથવા બીજાનો દ્રોહ વિચારતો ન હોય તો (ભગવાન) સર્વે કામનાઓ આપે છે. આપવાનો હેતુ ભજન છે.

७४५ देवभजनापेक्षयाऽपि साधुभजनमेवोत्तमम् । १०–४५–३०

७४६ दुर्योधनो हि कलेरवतारः ॥ १०–४५–३४

७४७ ईश्वरत्वाद् दुराराध्यत्वान् निर्विचिकित्सं फलार्थिनः प्रवृत्तिरपि कुण्ठिता भवेत् । चरणौ तु नियतौ । अत एव नियतो भक्तिमार्गः फले फलावश्यंभावे च, ईश्वरभावस्त्वनियतः ॥ १०–४६–१२

## ॥ इति राजसप्रमेयप्रकरणम् ॥

## ॥ इति पूर्वार्धः ॥

## ॥ अथ उत्तरार्धः ॥

## ॥ राजससाधनप्रकरणम् ॥

७४८ मलप्राया व्याधिप्राया दैत्या इति तन्निराकरणे न सर्वात्मत्वं भज्यते । उच्छूनः स्वावयवोऽपि छिद्यत इति । अत एव भगवान् स्वयं पुरुषरूपं प्राप्य तत्र दोषरूपान् दैत्यान् हन्तुं स्वयमेवौषधरूप आविर्भूतः ॥ १०–४७–९

७४९ ततः कार्यचतुष्टयार्थमवतारः.... भूभारहरणार्थं साधुरक्षार्थं दुष्टनिराकरणार्थं भक्तिप्रवर्तनार्थं च । समप्रधानं चतुष्टयं न त्वेकमन्यार्थम् । भूभारनिराकरणं राजसं, रक्षा सात्त्विकी, निग्रहस्तामसः, भक्तिर्निर्गुणेति ।.... एतद्व्यतिरिक्तानामवताराणां धर्मरक्षा अधर्मनिवृत्तिश्च फलम् ।....ततश्च षट् प्रयोजनानि भविष्यन्ति । अधर्मनिराकरणं धर्मरक्षा चेति । ....अत एव बुद्धावतारे केवलं धर्मरक्षैव प्रयो-

७४५. દેવના ભજન કરતાં પણ સત્પુરુષનું ભજનજ ઉત્તમ છે.

૭૪૬. દુર્યોધન કલિનો અવતાર છે.

૭૪૭. ઇશ્વર હોવાથી દુઃખથી આરાધના થઈ શકે તેવા હોવાથી, જેઓને નિઃસંદેહ ફલની ઇચ્છા છે તેઓની પ્રવૃત્તિ પણ રોકાઈ જાય છે પરંતુ (ભગવાનના) ચરણો તો ચોક્કસ (ફલ આપનાર) છે. તેથીજ ફલમાં અને ફલની અવશ્ય પ્રાપ્તિમાં ભક્તિમાર્ગ ચોક્કસ છે, પરંતુ ઇશ્વરભાવ અચોક્કસ છે.

૭૪૮. દૈત્યો મલ જેવા, વ્યાધિ જેવા છે તેથી તેઓનો નાશ કરવાથી સર્વાત્મત્વની ક્ષતિ થતી નથી, કારણ કે સૂઝી ગએલા પોતાના અવયવનો પણ છેદ કરવામાં આવે છે. તેથીજ ભગવાન પોતે પુરુષરૂપ થઈ, તેમાં દોષરૂપ દૈત્યોને હણવા પોતેજ ઔષધરૂપે આવિર્ભાવ પામ્યા.

૭૪૯. તેથી ચાર કાર્ય માટે (ભગવાનનો) અવતાર છે; (૧) ભૂમિનો ભાર હરવા (૨) સત્પુરુષોની રક્ષા કરવા (૩) દુષ્ટોનો નાશ કરવા અને (૪) ભક્તિની પ્રવૃત્તિ કરાવવા. ચારે સમાનતાથી મુખ્ય છે, પણ તેમાંનુ કોઇએક બીજાને માટે નથી. ભૂમિનો ભાર હરવો એ રાજસ છે, (સત્પુરુષોનું) રક્ષણ સાત્ત્વિક છે, (દુષ્ટોનો) નિગ્રહ તામસ છે, અને ભક્તિ નિર્ગુણ છે....આ સિવાયના અવતારોનું ફલ ધર્મની

^ ધર્મની રક્ષાજ પ્રયોજન છે, કલ્કિ અવતારમાં



नमम्, कल्क्यवतारे अधर्मनिवृत्तिरेव, परशुरामावतारे दुष्टनिग्रह एव, बलभद्रे भूभारहरणमेव, पृथ्ववतारे सत्परिपालनमेव । एवं सर्वत्र यथायथमूह्यम् । सर्वाणि तु भगवत्येव । भक्तिश्च स्वतन्त्राऽधिका ॥ १०–४७–९–१०

રક્ષા અને અધર્મની નિવૃત્તિ છે....તેથા છ પ્રયોજનો થયો (૫) અધર્મની નિવૃત્તિ અને (૬) ધર્મની રક્ષા....તેથીજ બુદ્ધાવતારમાં ^ અધર્મની નિવૃત્તિજ (પ્રયોજન છે), પરશુરામ અવતારમાં દુષ્ટોનો નિગ્રહ જ, બલભદ્રમાં ભૂમિના ભારનું હરણજ, (અને) પૃથુના અવતારમાં સંતોનું પરિપાલનજ (પ્રયોજન છે) એવી રીતે સર્વ અવતારમાં જે હોય તેનું અનુમાન કરવું પણ સર્વે પ્રયોજનો તો ભગવાનમાંજ છે; અને સ્વતંત્ર ભક્તિ પણ અધિક છે.

७५० संकर्षणः सम्यक् भारमाकृष्य दूरीकर्तुं समर्थः ॥ १०–४७–१२

૭૫૦. સંકર્ષણ એટલે સારી રીતે ભારનું આકર્ષણ કરી (તેને) દૂર કરવા સમર્થ.

७५१ न हि भगवान् जयहेतुः, किंतु मोक्षहेतुः ॥ १०–४७–३६

૭૫૧. ભગવાન જયનું કારણ નથી, પણ મોક્ષનું કારણ છે.

७५२ ईश्वरेणैव ह्याधिपत्यं दीयते ।.... अधिकारो हीश्वरेच्छयैव भवति । सा च ज्ञातुमशक्येति यथा तन्नियतं भवति तथोपायः कर्तव्यः । तद्भगवति दान एव अक्षयं भवति ॥ १०–४७–५७

૭૫૨. ઈશ્વરજ આધિપત્ય આપે છે કારણ કે અધિકાર ઇશ્વરની ઇચ્છાથીજ થાય છે. ઇચ્છા જાણી શકાતી નથી તેથી તે (આધિપત્ય) જેમ ચોક્કસ થાય તેવો ઉપાય કરવો જોઇએ. તે (આધિપત્ય) ભગવાનને દાન કરવાથીજ અક્ષય થાય છે.

७५३ नग्नान्न मुक्तिरिति वैदिकः सिद्धान्तः ॥ १०–४८–१

૭૫૩. નગ્નથી મુક્તિ નથી એવો વૈદિક સિદ્ધાન્ત છે.

७५४ भगवान्हि यः स्वात्मानमनुसरति, तन्नोपेक्षते ॥ १०–४८–१

૭૫૪. જે પોતાને અનુસરે છે તેની ભગવાન ઉપેક્ષા કરતા નથી.

७५५ मधुरातो दशयोजनान्ते धवलपुरमिति प्रसिद्धमिदानीं, पूर्वं तु आसीत् मुचुकुन्दगुहा ॥ १०–४८–१

૭૫૫. મથુરાથી દશયોજન દૂર હાલ 'ધવલપુર' એમ પ્રસિદ્ધ છે, પણ (તે) પહેલાં મુચુકુંદની ગુફા હતી.

७५६ भगवद्व्यतिरिक्तकथा न श्रोतव्या ॥ १०–४८–१४

૭૫૬. ભગવાનથી અન્યની કથાનું શ્રવણ કરવું નહિ.

७५७ अहं (भगवान्) स्वभावतो भक्तवत्सलः ॥ १०-४८-४२

૭૫૭. હું (ભગવાન) સ્વભાવથી ભક્તવત્સલ છું.

७५८ सर्वेषां शोकः प्रपत्तिमात्रेण निवर्ततेऽजनश्च भवति ॥ १०-४८-४३

૭૫૮. સર્વનો શોક માત્ર (ભગવાનમાં) પ્રપત્તિથી દૂર થાય છે, અને જન્મ મટે છે.

७५९ गृहे हि द्वयमेवास्ति (योषित्पुरुषश्च)। द्वयमप्यन्योन्यतः सुखापेक्षम्। यद्येकस्मिन् सुखं भवेत्, तत्रापि पुष्कलम्, तदा ह्यन्यस्मै प्रयच्छेत्, इतरेतराश्रयं कार्यं च न सिध्यत्येव। अतस्तयोर्दुःखमेव सहजम्। तदनुवृत्तौ दुःखमेव भवेत्। न हि नद्यामग्निः प्राप्यते ॥ १०-४८-४५

૭૫૯. ઘરમાં બેજ છે (સ્ત્રી અને પુરુષ) બંને એકબીજા પાસેથી સુખની અપેક્ષા રાખે છે. જો એકમાં સુખ હોય અને તે પણ ઘણુંજ (હોય) તો બીજાને આપે. એક બીજાના ઉપર આધાર રાખતું કાર્ય સિદ્ધ થતુંજ નથી. તેથી તેઓને દુઃખજ સહજ છે. તેમને અનુસરવાથી દુઃખજ થાય; કારણ કે નદીમાં અગ્નિ પ્રાપ્ત થતો નથી.

७६० भगवत्पादारविन्दाभजनेऽसन्मतिरेव भवति। असन्मतित्वाद्वा अभजनम्। अत एव गृहान्धकूपे पतति। उपर्युद्गमाभावात् तत्र च पदार्थदर्शनाभावात् अन्धकूपत्वम् ॥ १०-४८-४६

૭૬૦. ભગવાનના ચરણકમલને ન ભજે તે દુષ્ટબુદ્ધિવાળો થાય છે, અથવા દુષ્ટ બુદ્ધિવાળો હોવાથી ભજતો નથી. તેથીજ તે ઉપર ચઢી શકતો નહિ હોવાથી ઘર રૂપી અંધારા કુવામાં પડે છે. ત્યાં (ઘરમાં) પદાર્થનું દર્શન થતું નથી તેથી તે અંધારો કુવો છે.

७६१ दोषसंबंधात् सज्वरस्यान्नभोजनमिव श्रियापि बुद्धिनाश एव भवति ॥ १०-४८-४६

૭૬૧. તાવવાળો અન્નનું ભોજન કરે તેમ દોષના સંબંધને લીધે લક્ષ્મીથી પણ બુદ્ધિનો નાશજ થાય છે.

७६२ कलेवरं कले कलने कालभक्षणे वरमुत्कृष्टम्। कालः प्रथमतस्तदेव भक्षयति मृत्पाषाणादिभ्यः। अत एव प्रस्तरादयः चिरस्थायिनः, कलेवरमाशुतरविनाशि। न हि कालस्य भक्ष्ये तत्वेनैव कृते स्वस्याभिमानः सुखदायी भवति ॥ १०-४८-४८

૭૬૨. કલે એટલે કલને (ગણવામાં), કાલના ભક્ષણમાં વર એટલે ઉત્તમ તે કલેવર (શરીર), માટી પથ્થર વિગેરે કરતાં કાલ પ્રથમ તેનુંજ ભક્ષણ કરે છે. તેથીજ પથ્થર વિગેરે લાંબા સમય સુધી ટકે છે, કલેવર તરત નાશ પામે છે. કાલના ભક્ષ્યમાં ભક્ષ્ય તરીકે જ કરેલામાં પોતાનું અભિમાન સુખદાયી થતું નથી.

७६३ उपभोगार्थं हि तस्य (विषयस्य) संपादनं, तदपि कृत्वा स्थापयत्येव नोपभुंक्ते। किंच। भुक्त्वापि तद्गतवैरस्यं ज्ञात्वापि पुनर्लालसो भवति। विषं यान्तीति विषयाः। विषं हि मारकं मृत्युमुखम्, तत्र स्वयं गच्छन्तः स्वभक्तमपि नयन्ति। एकोऽपि नयेत् किं पुनर्बहवः॥ १०-४८-४९

७६४ मृतदेहस्य त्रिधा विनियोगः। काकादिभिर्भक्षिते विट्,शीर्णे सत् कृमयो वा भवन्ति। दाहे भस्मवा भवति॥ १०-४८-५०

७६५ ब्रह्माण्डाधिपत्यमपि कामयन् प्रवृद्धतर्ष एव भवति। न हि तृष्णायां विद्यमानायां सुखमस्ति, आकांक्षाया दुःखात्मकत्वात् अत उत्कृष्टमपि वांछन् सुखोपभोगार्थं न समर्थो भवति॥ १०-४८-५२

७६६ यर्हि सत्संगमः, तदैव त्वयि मतिर्जायते। भगवानक्लिष्टकर्मेति न स्वार्थं कंचित्प्रवर्तयति। कालकर्मादयश्च बाधका एव। अतो भक्तव्यतिरेकेण न कोऽपि भगवन्मतिं संपादयति।....सतां स एव गतिरिति ते साध्यत्वेन साधनत्वेन फलत्वेन च भगवन्तमेव जानन्तीति तत्संनिधिमात्रेणैव भगवति मतिर्भवति॥ १०-४८-५३

૭૬૩. તે (વિષય) ઉપભોગ માટે પ્રાપ્ત કરવામાં આવે છે. પ્રાપ્ત કર્યા પછી પણ રાખી મૂકે છે, ભોગવતો નથી. વળી ભોગ કરીને પણ તેમાં રહેલી વિરસતા જાણીને પણ પુનઃ લાલસા કરે છે. "વિષં યાન્તિ" (વિષ બને છે) તે વિષયો વિષ મારનારૂં, તથા મરણનું મુખ છે ત્યાં પોતે (વિષયો) જતાં પોતાના ભક્તને પણ લઈ જાય છે. એક (વિષય) પણ લઈ જાય, બહુનું તો કહેવું જ શું?

૭૬૪. મરણ પામેલ દેહનો ત્રણ પ્રકારે વિનિયોગ છે (૧) કાગડા વિગેરે ભક્ષણ કરે તો ચરક (થાય છે). (૨) સડી જાય તો કીડા થાય છે અથવા (૩) બાળવામાં આવે તો રાખ થાય છે.

૭૬૫. બ્રહ્માંડના અધિપતિપણાંની ઈચ્છા કરનારની પણ તૃષ્ણા વધે છે. તૃષ્ણા હોય ત્યાં સુખ હોતું નથી, કારણ કે આકાંક્ષા દુઃખમય છે. તેથી ઉત્તમ (ચીજ)ની પણ કામના રાખનાર સુખનો ઉપભોગ કરવા સમર્થ નથી.

૭૬૬. સંતોનો સમાગમ થાય ત્યારે જ આપમાં (ભગવાનમાં) મતિ થાય છે. ભગવાન અક્લિષ્ટકર્મા હોવાથી પોતાના માટે કોઈની પ્રવૃત્તિ કરાવતા નથી. કાલ કર્મ વિગેરે તો (ભગવાનમાં મતિ થવામાં) બાધક છે. તેથી ભક્ત વિના કોઈ પણ ભગવાનમાં મતિ કરાવતો નથી........ સંતોની તે (ભગવાન)જ ગતિ છે તેથી સાધ્ય તરીકે, સાધન તરીકે તથા ફલ તરીકે તેઓ ભગવાનનેજ જાણે છે તેથી તેઓની માત્ર સન્નિધિથી ભગવાનમાં મતિ થાય છે.

७६७ ज्ञानं हि कैवल्यमेव साधयति। मोक्षोऽपि कैवल्यरूपश्चेत् तथापि न पुरुषार्थः, भगवत्प्राप्तिरूपश्चेत् तदा एकरसतामापन्नः भगवानेव भवतीति अस्य पृथगनुभवो न भवेत् स्यात्। अतः परमानंदः सन् योऽनुभूयते तदेकं चरणोपासनमेव ॥ १०–४८–५५

७६८ भगवदीयस्य कदाचिदिच्छा स्यात् विषया न दृष्टा इति, तदन्यदत्तैर्विषयैः स्वाभाविकैर्वा इष्टं न भवतीति मयैव दीयंते। तत्र विषय भोगः प्रमादाभावश्च सिध्यति।....एवं भोगमोक्षावविरुद्धौ भगवन्मार्ग एव, न त्वन्यत्र ॥ १०–४८–५९

७६९ अस्य (मुचुकुंदस्य) च प्रमाणे श्रद्धा महती स्थितेति पुष्टिमार्गे न योजितवान्। मर्यादायां ब्राह्मणस्यैव मुक्तिः। तत्रापि कैवल्यमिति ॥ १०–४८–६३

७७० यदैव भगवता मथुरा त्यक्ता तदैव कलिः प्रवृत्त इति मुख्यः सिद्धान्तः ॥ १०–४९–२

७७१ गङ्गागंगात उत्तरे भागे बदरिकाश्रमपर्यन्तं सर्वोऽपि पर्वतो गन्धमादनः ॥ १०–४९–३

७७२–७७३–७७४ श्रोतुरनुरोधात्कल्पान्तरीयमपि गान्धर्वराक्षसवैवर्भेदेन त्रिधा त्रिभिरप्यायैर्वक्ष्यति। तेनात्र प्राप्तं दूषणत्रयं परि-

७६७. જ્ઞાન કૈવલ્ય પ્રાપ્ત કરાવે છે. મોક્ષપણ જો કૈવલ્યરૂપ હોય તો પણ પુરુષાર્થ નથી. તે (મોક્ષ) ભગવાનની પ્રાપ્તિરૂપ હોય તો (ભગવાન સાથે) એક રસ થએલો હોઈ ભગવાનજ થાય છે તેથી તેને પૃથક્ (જૂદો) અનુભવ થતો નથી. તેથી પરમાનંદજ હોઈ જેનો અનુભવ થાય છે તેવી એકજ (ભગવાનના) ચરણની ઉપાસના જ છે.

૭૬૮. ભગવદીયને કોઈ સમયે ઈચ્છા થાય કે વિષયો અનુભવ્યા નહિ. ત્યારે બીજાએ આપેલ વિષયોથી અથવા સ્વાભાવિક (વિષયોથી) ઈષ્ટ ન થાય તેથી હું (ભગવાન)જ (વિષયો) આપું છું. તેથી વિષયનો ભોગ અને પ્રમાદનો અભાવ સિદ્ધ થાય છે........આવી રીતે ભગવન્માર્ગમાંજ ભોગ અને મોક્ષ વિરોધ રહિત છે, પરંતુ બીજે નથી.

૭૬૯. આ (મુચુકુંદ)ને પ્રમાણમાં ઘણી શ્રદ્ધા હોવાથી પુષ્ટિમાર્ગમાં ન મૂક્યો. મર્યાદામાં બ્રાહ્મણની જ મુક્તિ (થાય છે), અને તે પણ કૈવલ્ય (મુક્તિ).

૭૭૦. જ્યારે ભગવાને મથુરાનો ત્યાગ કર્યો ત્યારેજ કલિ પ્રવૃત્ત થયો એવો મુખ્ય સિદ્ધાન્ત છે.

૭૭૧ ગ ડગંગાથી ઉત્તર ભાગમાં બદરિકાશ્રમ સુધી આખોય પર્વત ગંધમાદન કહેવાય છે.

૭૭૨–૭૭૩-૭૭૪ આગળ કહેવાની ત્રણ અધ્યાયની કથા સમાધિભાષા નથી.... બીજા કલ્પની હોવા છતાં શ્રોતાની ઇચ્છા

हर्तं भविष्यति। भगवान् कपटेन गत्वा अदत्तां हृतवानिति। तस्या भ्रातुर्मुंडनं कृतवानिति, बलभद्रेण बोधित इति, रुक्मिण्याश्च लज्जाभावेनापरिचितभगवत्प्रार्थनेति। एवंसति रसात्मको विवाहो न भवेत्। भक्तिरसो हि शृंगारादीनामुपमर्दकः। अतः समाधिभाषाविवाहः स्वयंवर एव ॥ १०–४९–१९

પ્રમાણે ગાંધર્વ રાક્ષસ અને વેદ ભેદથી ત્રણ રીતે ત્રણ અધ્યાયથી કહેશે. આથી અહિં થતાં ત્રણ દૂષણો નીકળી જશે. (૧) ભગવાને કપટથી જઈ દાન કર્યા વિનાની (કન્યાનું) હરણ કર્યું તે (૨) તેના ભાઈનું મુંડન કર્યું તે (૩) બલભદ્રે બોધ (ભગવાને) કર્યો તે તથા લજ્જા વિના પરિચય વિનાના ભગવાન પાસે રુક્મિણીએ પ્રાર્થના કરી તે, આમ હોય તો વિવાહ રસાત્મક ન થાય; કારણ કે ભક્તિરસ શૃંગાર વગેરે રસોને દાબી દેનાર છે. તેથી સમાધિભાષાનો વિવાહ તો સ્વયંવરજ છે.

७७५ पृष्टमयुक्तं चेन्न वक्तव्यम् ॥ १०–४९–१९

૭૭૫. અયોગ્ય પૂછેલું હોય તો કહેવું ન જોઈએ.

७७६ ब्राह्मणो हि मुख्यो भोजनप्रियः ॥ १०–४९–२९

૭૭૬. બ્રાહ્મણ મુખ્ય ભોજનપ્રિય છે.

७७७ चत्वारः पुरुषार्था ब्राह्मणस्य, राज्ञः अर्थकामौ नियतौ, मोक्षो नास्त्येव, धर्मः संदिग्धः ॥ १०–४९–३०

૭૭૭. બ્રાહ્મણને ચાર પુરુષાર્થ છે. રાજાને અર્થ અને કામ ચોક્કસ છે. મોક્ષ નથીજ, ધર્મ સંદિગ્ધ છે.

७७८ संतोष एव ब्राह्मणानां धनं कामधेनुः, न तु लोकप्रसिद्धं धनम्।....स एव संतोषः अस्याखिलानेव कामान्दोग्धि ॥ १०–४९–३१

૭૭૮. બ્રાહ્મણોનું ધન અથવા કામધેનુ સંતોષજ છે, લોકપ્રસિદ્ધ ધન નથી. ...તે સંતોષજ આની સર્વ કામનાઓ પૂરી પાડે છે.

७७९ श्रवणमात्रेऽपि क्रियमाणे प्रयत्नं विनाऽपि त्वद्गुणाः स्वत एवान्तर्निविशाः। अपावृतानि कर्णरन्ध्राण्यपेक्ष्यन्ते, अन्यथा न प्रविशन्तीत्येतावत्पुरुषकर्तव्यमुपदिष्टम् ॥ १०–४९–३७

૭૭૯. માત્ર શ્રવણજ કરવાથી પ્રયત્ન વિના પણ આપના (ભગવાનના) ગુણો પોતેજ અંદર પ્રવેશ કરે છે.......ખુલ્લા કાનનાં છિદ્રોની અપેક્ષા છે. તેમ ન હોય તો (ગુણો) પ્રવેશ કરતા નથી એટલે આટલુંજ (ખુલ્લા કાન રાખવાનું) પુરુષનું કર્તવ્ય જણાવેલું છે.

७८० शौर्येणैव लक्ष्मीः प्राप्यत इति

૭૮૦. શૌર્યથીજ લક્ષ્મી પ્રાપ્ત થાય

नैव दत्ताऽन्यस्य भवति । अत एव यः शूरः स एव राज्यमुपभुंक्ते ॥ १०-४९-३९

७८१ भगवतः अंघ्रिपंकजस्य रजसा स्नानं महान्तोऽपि वांछन्ति । तत्र निदर्शन मुमापतिः । स हि केवलं रजसा स्नानमलभमानो रजोयुक्तचरणोदकेन स्नानं करोति, आत्मतमोपहत्यै आत्मनस्तमोगुणो गच्छत्विति ॥ १०-४९-४३

७८२ निर्दुष्टं हि भगवान् गृह्णाति ॥ १०-५०-३

७८३ विवाहे नक्षत्रमेव मुख्यम् भार्या प्रधानम् ॥ १०-५०-४

७८४ यत्र न कोऽपि प्रतीकारः, तत्र नमस्कारः ॥ १०-५०-३१

७८५ भगवान् भक्तार्थमेव सर्वं करोति ॥ १०-५१-४

७८६ दैत्यानां सिद्धान्ते कालः परमः, तद्व्यतिरिक्तानंगीकारात्तत्र प्रतिष्ठिताः ॥ १०-५१-१६

७८७ पतिव्रताया न ह्यन्य उपायोऽस्ति सर्वत्र भर्तृप्रार्थनाव्यतिरेकेण ॥ १०-५१-३२

७८८ शाल्को हि विवाहदिवसे मान्यः ॥ १०-५१-३३

७८९ पतिव्रताया भर्तृकृतं मन्तव्यमिति धर्मः ॥ १०-५१-३८

७९० भोजा हि मृतकर्पटग्राहकाः । जात्यपकर्षे भोजायवनः ॥ १०-५१-५२

છે એટલે આપેલી બીજાની થતી નથીજ. તેથીજ જે શૂરવીર હોય તેજ રાજ્ય ભોગવે છે.

૭૮૧. મોટાઓ પણ ભગવાનના ચરણકમલની રજથી સ્નાન (કરવા) ઇચ્છે છે. તેનું દૃષ્ટાંત ઉમાપતિ છે. પોતાનું તમઃ દૂર કરવા એટલે પોતાનો તમોગુણ જાય તે માટે કેવલ (ચરણની) રજથી સ્નાન નહિ મળતાં તે રજવાળાં ચરણોદકથી સ્નાન કરે છે.

૭૮૨. દોષરહિતજ ભગવાન ગ્રહણ કરે છે.

૭૮૩. વિવાહમાં નક્ષત્રજ મુખ્ય છે. સ્રી પ્રધાન છે.

૭૮૪. જ્યાં કોઈપણ બદલો (વળાય તેમ) ન હોય ત્યાં નમસ્કાર કરવા.

૭૮૫. ભગવાન ભક્તને માટેજ સર્વ કરે છે.

૭૮૬. દૈત્યોના સિદ્ધાન્તમાં કાલ મોટો છે. તે સિવાયનાનો અંગીકાર કરતા નહિ હોવાથી (તેઓ) તેમાં રહેલા છે.

૭૮૭. પતિવ્રતાને સર્વત્ર પતિની પ્રાર્થના વિના બીજો ઉપાય નથી.

૭૮૮. વિવાહના દિવસે સાળો માન્ય છે.

૭૮૯. પતિએ કરેલું કબુલ રાખવું એ પતિવ્રતાનો ધર્મ છે.

૭૯૦. ભોજો મરેલાનું કાપડ લેનાર છે. જાતિ હલકી થતાં ભોજમાંથી યવન થાય છે.

७९१ न हासःप्रतिज्ञाया अपालने कश्चन दोषोऽस्ति ॥ १०–५१–५२

७९२ प्रपत्तिविघटनाय कामो माया चांशद्वयं विनिर्गतम्, पुरुषे स्त्रियां च प्रतिष्ठितं जगव्यामोहयति, यथैव न प्रपन्नो भवति ॥ १०–५२–१

७९३ यथा कामः पुरुषेषु, तथा रतिः स्त्रीषु प्रतिष्ठितेति प्रसिद्धिः ॥ १०–५२–६

७९४ स्त्रीदत्ताया विद्यायाः सद्यैव सिद्धिः ॥ १०–५२–१६

७९५ असुराणामन्तरिक्षेऽपि गतिरस्ति ॥ १०–५२–२१

७९६ स्मृत एव ( कामः ) अनर्थं करोति, किमुत प्रत्यक्षविषयः ।....स्त्रीषु प्रतिष्ठितः सुखहेतुर्भवति, न तु पुरुषेषु ॥ १०–५२–४०

७९७ वस्तुतः सत्यभामा सरस्वत्यंशा भूम्यंशा वा ॥ १०–५३–१

७९८ मुख्यं हि तद् ( अथ क्रीडनं ) अधर्मस्थानम् ॥ १०–५३–५

७९९ कृष्ण एव रघुनाथः, तामेव सर्वां सामग्रीं गृहीत्वा समागतः इति । स एव लक्ष्मणो बलः । सैव सीता रुक्मिणी । ते वानरा यादवाः, सैवायोध्या द्वारका, सैव सरयूर्गोमतीति । (लौकिकीभाषायां, पृ. १३४ श्लोकः) ॥ १०–५३–२२

८०० स्त्रीणामविवेको भूयान....तत्रापि पुत्रस्नेहो महान् ॥ १०–५३–३४

૭૯૧. ખરાબ પ્રતિજ્ઞા ન પાળવાથી કાંઇ દોષ નથી.

૭૯૨. પ્રપત્તિ તોડી પાડવા કામ અને માયા એ બે અંશ નીકળ્યા છે અને પુરુષ તથા સ્ત્રીમાં રહી જેવી રીતે (ભગવાનમાં) પ્રપત્તિવાળો ન થાય તેવીજ રીતે જગતને વ્યામોહ કરે છે.

૭૯૩. જેમ કામ પુરુષમાં (રહેલો છે) તેમ રતિ (પ્રેમ) સ્ત્રીમાં રહેલી છે એવી પ્રસિદ્ધિ છે.

૭૯૪. સ્ત્રીએ આપેલી વિદ્યા તરતજ સિદ્ધ થાય છે. (ફલે છે)

૭૯૫. અસુરોની અંતરિક્ષમાં પણ ગતિ છે.

૭૯૬. (કામ) સ્મરણ કરતાંજ અનર્થ કરે છે, તો પ્રત્યક્ષ દેખાય તો કહેવુંજ શું?....સ્ત્રીમાં રહેલો સુખ આપે છે, પરંતુ પુરુષમાં રહેલો (સુખ આપતો) નથી.

૭૯૭. સત્યભામા વસ્તુતઃ સરસ્વતીનો અથવા ભૂમિનો અંશ છે.

૭૯૮. તે (પાસે રમવું તે, જૂગટું) અધર્મનું મુખ્ય સ્થાન છે.

૭૯૯. શ્રીકૃષ્ણ રઘુનાથજ છે. કારણ કે તેની તે સર્વ સામગ્રી લઈ પધારેલા છે. તેજ-હ સીતા રુક્મિણી છે. તે વાનરો યાદવો છે, તેજ અયોધ્યા દ્વારકા છે, તેજ સરયૂ ગોમતી છે.

૮૦૦. સ્ત્રીઓને ઘણોજ અવિવેક હોય....તેમાં પણ પુત્રસ્નેહ બહુજ હોય છે.

८०१ सर्वात्मनाऽन्यहृदयं न गृह्णाति हरिः स्वयम् । सर्वात्मनाऽप्रपन्नं च, नाशायेव सुयोधनम् ॥ १०-५३-३८

૮૦૧. સંપૂર્ણ રીતે જે અન્યહૃદય જેમાં અન્યનું હૃદય છે તેવો (ભક્ત) છે તે હરિ પોતે ગ્રહણ કરતા નથી. સંપૂર્ણ રીતે જે પ્રપત્તિ વિનાનો છે તેનો સુયોધન પેઠે નાશ થાય તે માટે, ભગવાન અંગીકાર કરતા નથી.

॥ इति दशम-उत्तरार्ध-राजस-साधनप्रकरणम् ॥

॥ अथ राजसफलप्रकरणम् ॥

८०२ माया सर्वभवनसामर्थ्यम्, शक्तिर्वा काचित्, अप्रयोजिका, तामपि करणत्वेन स्वीकृत्य इदं सर्वमेव जगदुत्पादयति पालयति नाशयति च ॥ १०-५४-१५

૮૦૨. માયા (એટલે) સર્વ થવાની શકિત, અથવા કોઈક નકામી (કાર્ય નહિ કરનારી) શકિત, તેનો પણ કરણ તરીકે સ્વીકાર કરી આ બધુંય જગત્ ઉત્પન્ન કરે છે, પાળે છે અને નાશ કરે છે.

८०३ बलभद्रप्रकारेण ये निरुद्धाः, ते भगवतो नानुगुणाः । भगवता निरुद्धाश्च न बलभद्रानुगुणाः ।....ज्ञाननिष्ठाः प्रियाः बल पक्षे, भक्तिनिष्ठाश्चापरत्रेति । क्रियाज्ञानशक्ती एकत्र, भक्तिपरमानन्दावपरत्र ॥ १०-५४-२४

૮૦૩. બલભદ્રના પ્રકારથી જેઓનો નિરોધ થએલો છે તેઓ ભગવાનને અનુકૂલ નથી. ભગવાને જેઓનો નિરોધ કરેલો છે તેઓ બલભદ્રને અનુકૂલ નથી.... બલભદ્રને જ્ઞાનની નિષ્ઠાવાળા પ્રિય છે, બીજાને (ભગવાનને) ભક્તિમાં નિષ્ઠાવાળા પ્રિય છે. એક (બલભદ્ર)માં ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ છે, બીજામાં (ભગવાનમાં) ભક્તિ અને પરમાનંદ છે.

८०४ ये केचित्स्मरन्ति, तेषां हृदये स्थितः क्लेशसमानाधिकरणो न भवतीति, अग्निस्तृणमिव क्लेशान् हंसि ॥ १०-५५-१०

૮૦૪. જે કોઈ સ્મરણ કરે છે તેઓના હૃદયમાં રહેતાં કલેશને સાથે રહેવા દેતા નથી એટલે જેમ અગ્નિ તૃણને (બાળે) તેમ કલેશોનો તમે (ભગવાન) નાશ કરો છો.

८०५ मूल्ये दत्ते दासी भवति ॥ १०-५५-१०

૮૦૫ (કન્યાનું) મૂલ્ય આપવાથી તે દાસી થાય છે.

८०६ श्रीरनपायिनी त्वयि, यत्र श्री स्तत्र सर्वमिति। वसति, इत्यन्यत्र परिभ्रमणमात्रम् ॥ १०-५५-४१

૮૦૬. આપમાં લક્ષ્મી નિત્ય (રહેલી છે). જ્યાં લક્ષ્મી છે ત્યાં સર્વ છે. (આપમાં) રહે છે એટલે બીજે માત્ર ભ્રમણ કરે છે.

८०७ भक्तौ भगवदानुगुण्येऽपि भक्तानुगुण्यमप्यपेक्ष्यते ॥ १०-५५-५४

૮૦૭. ભક્તિમાં ભગવાન અનુકૂલ હોય તોપણ ભક્તની અનુકૂલ અપેક્ષા રહે છે.

તાની પણ

८०८ भगवान् नान्यत्र रमते यथा भक्तौ रमते ॥ १०-५५-५५

૮૦૮. ભગવાન જેવા ભક્તિમાં રમણુ કરે છે તેવા બીજે રમણુ કરતા નથી.

८०९ मुरो नाम पञ्चपर्वाविद्याधिष्ठात्री देवता ॥ १०-५६-३

૮૦૯. મુર એટલે પાંચ પર્વ વાળી અવિદ્યાની અધિષ્ઠાત્રી દેવતા.

८१० प्रलये दैत्यानां दर्पस्तिष्ठतीति प्रसिद्धिः ॥ १०-५६-६

૮૧૦. પ્રલયમાં દૈત્યોનો અહંકાર રહે છે તેવી પ્રસિદ્ધિ છે.

८११ आपो हि रक्षोघ्नीः ॥ १०-५६-११

૮૧૧. જલ રાક્ષસોને હણનાર છે.

८१२ श्रीसम्पत्तिरेवाज्ञानमूलमप्रतिहतम्, न त्वन्यत् ॥ १०-५६-४१

૮૧૨. ન હઠાવી શકાય તેવું અજ્ઞાનનું મૂલ લક્ષ્મીની પ્રાપ્તિજ છે, બીજું નથી.

८१३ अगुप्तो रसः रसाभासः स्यात् ॥ १०-५६-४४

૮૧૩. ગુપ્ત ન રાખેલ રસ રસાભાસ થાય.

८१४ भगवान् स्वसेतूनां स्वकृतमर्यादानां धर्मादीनां गोपीथाय रक्षणार्थमेवावतीर्णः। अन्यथाऽजस्य यादवेष्ववतारो नोपपद्येत ॥ १०-५७-२

૮૧૪. ભગવાન પોતાના સેતુ એટલે પોતે કરેલી મર્યાદા ધર્મ વિગેરેના ગોપીથ એટલે રક્ષણુ માટેજ અવતરેલા છે, નહિ તો જન્મરહિત (ભગવાન)નો યાદવોમાં અવતાર સંભવે નહિ.

८१५ आढ्या धनेन संपन्नाः प्रायेण न मां भजन्ति, धननाशस्योभयथाऽपि संभवात्। यद्यप्यस्मासु स्नेहं कुर्यात् तदा सर्वस्वमस्मदर्थं विनियुञ्ज्यात्, तदापि निर्धनो भवेत्। यदिवाऽस्मन्माहात्म्यं बुध्वाऽऽन्तरमेव भजनं कुर्यात् तदापि अस्माकं प्रियः स इति अस्माभिरेव स्वप्रियत्वसिद्ध्यर्थं स निर्धनः क्रियते। अत उभयथाऽपि लोके प्रतिष्ठाकरमाढ्यत्वं नश्यतीति न भजन्ति ॥ १०-५७-१४

૮૧૫. આઢ્ય એટલે ધનવાળા ઘણું કરી મને (ભજતા) નથી, કારણુ કે બંને રીતે ધનનો નાશ થવાનો સંભવ છે. જો મારામાં સ્નેહ કરે તો મારા માટે સર્વસ્વનો વિનિયોગ કરે, તો પણુ નિર્ધન થાય અને જો મારૂં માહાત્મ્ય જાણી આંતર ભજનજ કરે તોપણુ તે મારો પ્રિય હોવાથી, મારો પ્રિય થાય તે માટે હુંજ તેને નિર્ધન કરૂં છું. તેથી બંને રીતે પણુ લોકમાં પ્રતિષ્ઠા કરનાર ધનવાનપણાંનો નાશ થાય તેથી મારૂં ભજન કરતા નથી.

८१६ चतुर्विंशतिवार्षिकः पतिः, षोडशवार्षिकी कन्या ॥ १०-५७-१५

૮૧૬. ચોવીસ વર્ષનો પતિ અને સોળ વર્ષની કન્યા.

८१७ स्त्रियः संसारैकस्वभावा इति स्त्रीणां न मुक्तिरिति मर्यादा ॥ १०–५७–१७

८१८ ईश्वरवाक्ये च यावत्स एव स्वाभिप्रायं न प्रकाशयति तावदर्थान्तरं न वर्णनीयम् ॥ १०–५७–२६

८१९ दर्पस्तु भगवदीयतया स्वल्पो मृग्य एव, अन्यथा ज्ञानमार्गात् को विशेषः स्यात् । परमुद्धतो नापेक्ष्यते ॥ १०–५७–२९

८२० भगवच्चरणसेवातो राज्यमपकृष्टम् । ....तत्रोपविष्टोऽन्धो भवति तम इव सद्विरोधी च भवति ॥ १०–५७–३५

८२१ आढ्यता सर्वत्र व्यापृता निरन्तरा अन्धत्वमेव संपादयति । परिमितमेव गुणो, न त्वपरिमितं धनम् । अजीर्णान्नवत् ॥ १०–५७–३७

८२२ ( तव पादसरोजं ) जनतायाः प्राणिमात्रस्य आपवर्ग्यं अपवर्गमभिव्याप्य यावत्सुखं तत्सर्वं यस्मादिति ।....स्त्रीणां मुख्या लक्ष्मीः संपत्तिरूपा च, तस्यास्तदेव गृहम् ॥ १०–५७–४२

८२३ अनृतापवर्गो मोक्षः, विशेषेणाप्रार्थितोऽपि, भगवताऽदत्तोऽपि, भगवद्भक्तमुपयाति, भगवच्चरणामोद इव । अनृतस्य भगवत्यपवर्ग एव । तत्र गतः सीमान्ते गत इव, तदभावमवश्यं प्राप्नोति ॥ १०–५७–४३

८१७. स्त्रीओ संसारमांज स्वभाववाळी होवाथी तेओनी मुक्ति नथी एवी मर्यादा छे.

८१८. ईश्वरना वाक्यमां ज्यांसुधी तेज पोतानो अभिप्राय जणावे नहि त्यांसुधी बीजा अर्थनुं वर्णन करवुं नहि.

८१९. भगवदीय तरीके थोडो अहंकार तो राखवोज, नहि तो ज्ञानमार्गथी (भक्तिमार्गमां) शुं भेद (रहे)?, पण बहु न राखवो.

८२०. भगवानना चरणनी सेवाथी राज्य हलकुं छे...त्यां (राज्यासने) बेठेलो आंधळो थाय छे, अने अंधकारनी पेठे सारानो विरोधी थाय छे.

८२१. चारे तरफ व्यापी रहेली कायमनी आढयता (धनवानपणुं) आंधळाज बनावे छे. परिमित (हदवाळुं)ज धन गुण छे, परंतु अजीर्ण अन्न पेठे अपरिमित (धन) (गुण) नथी.

८२२. (आपनुं चरण कमल) जनतानुं एटले प्राणिमात्रनुं आपवर्ग्य एटले अपवर्ग (मोक्ष) सुधी जे जे सुख छे ते सर्व जेमांथी थाय तेवुं छे....स्त्रीओमां मुख्य संपत्तिरूप लक्ष्मीजी छे तेनुं तेज घर छे.

८२३. अनृतापवर्ग एटले मोक्ष, खास करीने न मागेल होवा छतां, भगवाने न दीधो होय छतां, भगवानना चरणनी सुगंध पेठे ते भगवानना भक्तने मळे छे. अनृत (जूठाणां)नो भगवानमां अपवर्ग (अंत)ज छे. त्यां पहोंचेलामां सीमाडे पहोंचेलानी पेठे तेनो (जूठाणानो) अभाव अवश्य होय छे.

८२४ या हि अनन्यभक्ता सा सर्वं प्राप्नोति ॥ १०–५७–५०

૮૨૪. જે અનન્યભક્તિવાળી છે તે સર્વ પ્રાપ્ત કરે છે.

८२५ पूर्णाद्दल्पप्रार्थनायां मन्दभाग्यत्वं स्यादिति तथा न भावनीयम् ॥ १०–५७–५३

૮૨૫ પૂર્ણ પાસે થોડાની પ્રાર્થના કરવાથી મંદભાગ્યવાળા થવાય તેથી એવી ભાવના (પ્રાર્થના) ન કરવી.

८२६ स्नेहे हि सर्वमेव समीचीनं भासते ॥ १०–५८–२५

૮૨૬. સ્નેહમાં સર્વ યોગ્ય જ લાગે છે.

८२७ यद्यपि पापादिना न तेषां भयम्, तथापि दैत्या न व्यभिचारिणो भवन्ति । तेषां कुले व्यभिचारो दूषणम्, तथा देवानामनृतम् ॥ १०–५९–२५

૮૨૭. જોકે પાપ વિગેરેથી દૈત્યોને ભય થતો નથી તો પણ તેઓ વ્યભિચારી થતા નથી. જેમ દેવોમાં અસત્ય (દૂષણ છે) તેમ તેઓના કુલમાં વ્યભિચાર દૂષણ છે.

८२८ देहाभिमानिनां तावदेव तापः यावत्ते(भगवतः)ऽङ्घ्रिमूलं नो सेवेरन् ।.... भगवच्चरणारविन्दसेवायां न कामः प्रतिबंधकः, किं तु तच्छक्तिराशा ॥ १०–६०–२८

૮૨૮. જ્યાંસુધી દેહના અભિમાનવાળા આપના (ભગવાનના) ચરણના મૂલને સેવે નહિ ત્યાંસુધી જ તેઓને દુઃખ હોય છે....ભગવાનના ચરણારવિંદની સેવામાં કામ પ્રતિબંધ કરતો નથી, પરંતુ તેની શક્તિ આશા (પ્રતિબંધ કરનારી છે).

॥ इति दशम–उत्तरार्ध–राजस फल प्रकरणम् ॥

## ॥ अथ सात्त्विकप्रमेयप्रकरणम् ॥

८२९ अर्थोऽनर्थः धर्मार्थमपि योजितः । तस्यापि भगवानर्थः, स निरुद्धः फले परम् ॥ १०–६१–१

૮૨૯. ધન કર્મને માટે યોજેલું હોવા છતાં સર્વ રીતે અનર્થજ છે. તેના (ધનથી અનર્થ પામેલાનો) પણ અર્થ ભગવાન છે, પરંતુ ફલમાં (ફલની ઇચ્છા રાખવાથી) તેમનો નિરોધ થાય છે (તે પ્રકટ થતા નથી).

८३० अलौकिके भगवानेव साधनम् ॥ १०–६१–४

૮૩૦. અલોકિકમાં ભગવાન જ સાધન છે.

८३१ वामो हस्तः दैत्यहितकारी, दक्षिणो देवानाम् ॥ १०–६१–५

૮૩૧. વામ શ્રીહસ્ત દૈત્યોનું હિત કરનાર છે, (અને) દક્ષિણ (શ્રીહસ્ત) દેવોનું (હિત કરનાર છે).

८३२ विधिरत्र प्रमेये न नियामक इति न भगवतो विहितं निषिद्धं वा किंचिदस्ति ॥ १०–६१–७

८३३ प्रमेयबले वेदापेक्षया भगवदाज्ञा कर्तव्या ॥ १०–६१–२२

८३४ यो भगवद्धर्मान् प्रतीक्षते तस्य चान्ये धर्मा बाधका भवन्ति ॥ १०–६१–२५

८३५ मदीयानां हि मत्कृतं कर्तव्यम्, किं लोकेन वेदेन वा ॥ १०–६१–४२

८३६ मदीया ऊर्ध्वगतिमेव यास्यन्ति ॥ १०–६१–४३

८३७ ( भगवाननवस्थितात्मा ) न अवस्थिताः एकत्र प्रतिष्ठिताः वेदे लोके वा आत्मानो जीवा यस्य । न हि भगवत्सेवकाः क्वचित्प्रतिष्ठिता भवन्ति ।....भगवदीयानां भगवद्व्यतिरिक्ते प्रतिष्ठितत्वाभावात् ॥ १०–६२–१३

८३८ संकर्षणश्च तामसी भगवन्मूर्तिः । १०–६२–१३

८३९ लौकिकैरपि वाक्यैर्यः कामादौ प्रविशेत्पुमान् । तं कृष्णो मोचयेत्सत्यं सर्वथा ॥ १०–६३–१

८४० तामसस्थाने भगवदाविर्भावः सहसा न भवति ॥ १०–६३–१०

८४१ नीतिमार्गानुसारिणी साधनशक्तिः, पुष्टिमार्गानुसारिणी फलशक्तिरिति सिद्धान्तः ॥ १०–६५–१४

८३२. અહિં પ્રમેય (ભગવાન)માં વિધિ નિયામક (નિયમમાં રાખનાર) નથી તેથી ભગવાનને કાંઈ વિહિત અથવા નિષિદ્ધ નથી.

૮૩૩. પ્રમેયબલ હોય ત્યાં વેદ કરતાં ભગવાનની આજ્ઞા પાળવી.

૮૩૪. જે ભગવાનના ધર્મોની ગણના રાખે છે તેને બીજા ધર્મો બાધ કરતા નથી.

૮૩૫ મારા સેવકોએ મારૂં કરેલું કરવું, લોક અથવા વેદથી (તેમને) શું (પ્રયોજન ?)

૮૩૬. મારા સેવકો ઊર્ધ્વ ગતિજ પામશે.

૮૩૭. (ભગવાન) અનવસ્થિતાત્મા એટલે જેમના આત્મા (એટલે) જીવો સેવકોની લોક અથવા વેદમાં કોઈ સ્થલે પ્રતિષ્ઠા નથી તેવા છે. કારણ કે ભગવાનના સેવકોની કોઈ સ્થલે (લોક અથવા વેદમાં) પ્રતિષ્ઠા હોતી નથી....ભગવદીયોની ભગવાન સિવાય (બીજે) પ્રતિષ્ઠા હોતી નથી.

૮૩૮. સંકર્ષણ ભગવાનની તામસી મૂર્તિ છે.

૮૩૯. લૌકિક વાક્યોથી પણ જે પુરુષ (ભગવાનમાં) કામ વિગેરેમાં પ્રવેશ કરે છે તેને શ્રીકૃષ્ણ સર્વથા મોક્ષ આપે છે (એ) સત્ય (છે).

૮૪૦. તામસસ્થાનમાં ભગવાનનો આવિર્ભાવ સહસા થતો નથી.

૮૪૧. સાધનશક્તિ (બલભદ્ર) નીતિમાર્ગને અનુસરનારી છે (અને) ફલશક્તિ (શ્રીકૃષ્ણ) પુષ્ટિમાર્ગને અનુસરનારી છે એવો સિદ્ધાન્ત છે.

८४२ आत्मानमेव बहुमन्यमाना उन्मत्ता भवन्ति । ते सर्वदैव न माननीयाः ॥ १०–६५–३९

८४३ (भगवच्चरणारविंदं) पूर्णज्ञानैरपि ब्रह्मादिभिर्हृदि विचिन्त्यमेव, न तु साक्षाद्द्रष्टुं शक्यम् । तस्माद्ब्रह्मादीनामप्येतदेव दुर्लभमिति नातः परतरं किंचिन्मृग्यम् ।....किं च । भक्तिमार्गस्यैतदेव प्रवर्तकम् ।....शास्त्रानुसारेण ये स्वहितं न कृतवन्तः, तान् विषयाः कूपे निपातयन्ति । ते कूपे पतिताः । तेषामुत्तरणे तीर्थाभावात्पक्षाभावाच्च कर्मवल्ली अन्तरेव संवृता नोपरि नयतीति, ज्ञानं च सूत्रवन्नोपर्याकर्षतीति, भगवच्चरणारविंदद्वयमेव संसारकूपे पतितानां तत उत्तरणे अवलंबनं भवति । अतो मार्गत्रयेऽपि एतदेव शरणम् ॥ १०–६६–१८

८४४ भगवदुपभोगानन्तरं पदार्थोत्पत्त्यसंभवात् ॥ १०–६७–१३

८४५ कालरूपश्च त्वमेव । अतस्तव त्वच्छरणागमनेनैव भयनिवृत्तिः, नान्यथा ॥ १०–६७–२६

८४६ त्रिविधं कर्म भगवता निरूपितम् । वैदिकं पाञ्चरात्रं भागवतं च । उत्तरोत्तरं प्राणिनामश्रद्धातिशयः ॥ १०–६७–२६

८४७ अयं (नारदो) हि ईश्वरस्येच्छाशक्तेराधिभौतिकरूपः, यावद्भगवानिच्छति, करोति च, तत्सर्वमस्य विदितम् ॥ १०–६७–३६

८४८ मायाबहिर्भूतो हि वस्तुनो मायाया वा याथात्म्यं जानाति, विश्वमेव हि मायया

૮૪૨. પોતાને જ મોટા માનનારા ઉન્મત્ત થાય છે. તેઓને સદા માન ન આપવું.

૮૪૩. (ભગવાનનું ચરણારવિંદ) પૂર્ણ જ્ઞાનવાળા બ્રહ્મા વિગેરેએ પણ હૃદયમાં ચિંતન કરવા યોગ્ય જ છે, પરંતુ તેનાં દર્શન (તેઓથી) કરી શકાતાં નથી. તેથી આ (ચરણારવિંદનું દર્શન) બ્રહ્મા વિગેરેને પણ દુર્લભ છે તેથી તેનાથી પર કાંઈ શોધવાનું નથી....વળી ભક્તિમાર્ગની આજ પ્રવૃત્તિ કરાવનાર છે......શાસ્ત્ર પ્રમાણે જેઓએ પોતાનું હિત કરેલું નથી તેઓને વિષયો કુવામાં પાડે છે. તેઓ કુવામાં પડેલા છે.

૮૪૪. ભગવાનના ઉપભોગ પછી પદાર્થની ઉત્પત્તિ સંભવતી નથી.

૮૪૫. કાળરૂપ પણ આપ (ભગવાન)જ છો. તેથી આપને શરણે આવવાથી જ ભય નિવૃત્ત થાય છે, બીજી રીતે (નિવૃત્ત થતો) નથી.

૮૪૬. ત્રણ પ્રકારના કર્મનું ભગવાને નિરૂપણ કરેલું છે (૧) વૈદિક, (૨) પાંચરાત્ર અને (૩) ભાગવત (તેમાં) ઉત્તરોત્તર પ્રાણીઓની વિશેષ અશ્રદ્ધા હોય છે,

૮૪૭. આ (નારદ) ઈશ્વરની ઈચ્છાશક્તિનું આધિભૌતિકરૂપ છે.જ્યારે ભગવાન ઈચ્છા કરે છે અને (કાર્ય) કરે છે તે સર્વ આથી જાણીતું છે.

૮૪૮ માયાથી બહાર હોય તે વસ્તુનું અથવા માયાનું ખઈ સ્વરૂપ જાણે.

सृजति, हरति, तस्मादिह लोके परलोके वा न कोऽपि तत्त्वं जानाति ॥ १०-६७-३८

८४९ त्रिधा हि यज्ञकृतिः, फलार्था भौतिकी, शुद्ध्यर्थाऽऽत्मिकी, भगवदर्थाधिदैविकीति ॥ १०-६७-४१

## ॥ इति दशम-उत्तरार्ध-सात्त्विक प्रमेय-प्रकरणम् ॥

## ॥ अथ दशम-उत्तरार्ध-सात्त्विक साधन-प्रकरणम् ॥

८५० धर्मब्राह्मणौ एव पुष्टिमार्गे बाधकौ। तयोः प्रतिविधानं किञ्चित् पुष्टिविरोधार्थेन ॥ १०-६८-१

८५१ भक्तिमार्गः सर्वेभ्योऽतिरिच्यते ॥ १०-६८-१०

८५२ पालकं हि तत् (विष्णोः) तेजो दैत्यनाशकम् ॥ १०-६९-१२

८५३ आपत्स्वपि स्वदेशो न त्याज्यः ॥ १०-६९-३१

८५४ स्तोत्रेण स्मये जाते तेजोऽपगच्छति ॥ १०-६९-४७

८५५ सत्यम् । संपदः श्रेयो भवति, परं समूलाश्चेत् । तासां मूलं धर्मादिः, तदभावेऽमूलाः सत्यः क्षणान्निवर्तन्ते । एतादृशीः संपदः भगवन्मायामोहितो नित्या एव मन्यतेऽचलाश्च । अल्पनाशश्चलनं, सर्वनाशोऽनित्यता । तस्मान्मोहजनकत्वान्निर्मूलाः संपदो न समीचीनाः ।

(ભગવાન આખું) વિશ્વ જ માયાથી રચે છે, અને (તેનો) નાશ કરે છે. તેથી આ લોકમાં અથવા પરલોકમાં કોઈ તત્ત્વ જાણતું નથી.

૮૪૯. ત્રણ પ્રકારે યજ્ઞ કરવામાં આવે છે. (૧) ફલ માટે ભૌતિક (૨) શુદ્ધિ માટે આધ્યાત્મિક (અને) ભગવાન માટે આધિદૈવિક.

૮૫૦. ધર્મ અને બ્રાહ્મણ જ પુષ્ટિમાર્ગમાં બાધ કરનારા છે. તેઓનું સમાધાન કાંઈક પુષ્ટિનો વિરોધ કરનાર અર્થથી (થાય છે).

૮૫૧. ભક્તિમાર્ગ સર્વથી ઉત્તમ છે.

૮૫૨. તેનું (વિષ્ણુનું) તેજ પાલન કરનારૂં (અને) દૈત્યોનો નાશ કરનારૂં છે.

૮૫૩. આપત્તિમાં પણ પોતાના દેશનો ત્યાગ ન કરવો.

૮૫૪. સ્તોત્રથી અહંકાર થતાં તેજ જતું રહે છે.

૮૫૫. સંપત્તિ શ્રેય છે એ ખરૂં પણ સમૂલ (મૂલવાળી) હોય તો. તેનું મૂલ ધર્મ વિગેરે છે. તે ન હોય તો મૂળ વિનાની હોઈ ક્ષણમાં જતી રહે છે. આવી સંપત્તિને ભગવાનની માયાથી મોહ પામેલો નિત્ય જ અને અચલ જ માને છે. અલ્પનાશ તે ચલન, સર્વનાશ તે

દેખી મૂલરહિત સંપત્તિ મોહ ઉત્પન્ન કરનારી હોવાથી સારી નથી.

दृष्टिमात्रेण सम्पदात्वे, वस्तुतस्त्वर्थशून्यत्वात् आपद्रूपमेव । यथा मरुमरीचिकायां जलबुद्धिः प्रत्युत ग्रीष्मे धावनं कारयन्ती अनर्थहेतुरेव, तथापि बाला विवेकशून्याः युक्त्या बाधितजलदेशेऽपि तां जलाशयमेव मन्यन्ते, एवमयुक्तास्त्वच्चरणारविंदयोगरहिताः वैकारिकीं नानाविकाररूपां बाधितार्थामपि मायां वस्तु चक्षते ॥ १०-७०-१०-११

८५६ आदरेण (भगवते) नमनं सर्वकार्यसाधकम् ॥ १०-७०-१६

८५७ अत्यन्तं स्नेहे एव नित्यस्मरणमिति सिद्धान्तः । प्रयोजनसाधकत्वं त्वधिकसंस्मरणहेतुः ॥ १०-७०-१८

८५८ चरणोदकधारणमतिश्रद्धाबोधकम् । अन्यथाऽश्रद्धयेति दानं व्यर्थं स्यात् ॥ १०-७१-२७

८५९ स एव दैत्यांशो ज्ञेयः, भगवत्संबंधिनमर्थं श्रुत्वा न सहते संतप्तश्च भवति प्रतिकूलं च वदति ॥ १०-७१-३०

८६० धर्मफलमधर्मो न सहते यथाऽऽमयो गुरुभोजनम् ॥ १०-७१-५३

८६१ सर्वथा भग्नोपाय एव भगवत्परो भवति ॥ १०-७३-१३

८६२ धर्मकीर्तिविरोधे धर्मो रक्षणीय इति सिद्धान्तः ॥ १०-७३-२३

અનિત્યતા..^..(આ) માત્ર દેખાવમાં જ સંપત્તિ છે, પણ વાસ્તવિક રીતે અર્થશૂન્ય હોવાથી આપત્તિજ છે. જેમ ઝાંઝવામાં જળની બુદ્ધિ (કાંઈ લાભ કરતી નથી) પણ ઉલટું ગ્રીષ્મમાં દોડાવનારી હોઈ અનર્થનું જ કારણ છે તો પણ વિવેકરહિત બાલકો યુક્તિથી જલપ્રદેશ સંભવે નહિ ત્યાં પણ તેને જલાશય જ માને છે. તેવી રીતે આપના (ભગવાનના) ચરણારવિંદના યોગ વિનાના અભક્તો વૈકારિકી એટલે જૂદાજૂદા ફેરફારવાળી (યુક્તિથી) અસંભવિત માયાને વસ્તુ માને છે.

૮૫૬. આદરથી (ભગવાનને) નમન સર્વ કાર્ય સિદ્ધ કરનારૂં છે.

૮૫૭. અત્યંત સ્નેહ (હોય) તોજ નિત્ય સ્મરણ થાય એવો સિદ્ધાન્ત છે. પ્રયોજન સાધવું એ વખતોવખત સ્મરણ કરવાનું કારણ છે.

૮૫૮. ચરણોદક ધારણ કરવું તે ઘણી શ્રદ્ધા દેખાડનાર છે. નહિ તો શ્રદ્ધા નહિ હોવાથી દાન વ્યર્થ થાય.

૮૫૯. ભગવાન સંબંધી અર્થનું શ્રવણ કરી જે સહન કરતો નથી, દુઃખી થાય છે અને વિરુદ્ધ બોલે છે તેને જ દૈત્યાંશ જાણવો.

૮૬૦. જેમ રોગ ભારે ભોજન સહન કરતો નથી તેમ અધર્મ ધર્મનું ફલ સહન કરતો નથી.

૮૬૧. સર્વથા ઉપાય ભંગ થાય ત્યારે જ ભગવત્પરાયણ થાય છે.

૮૬૨. ધર્મ અને કીર્તિમાં વિરોધ આવે (ત્યારે) ધર્મનું રક્ષણ કરવું એવો સિદ્ધાન્ત છે.

અપ્રમાણ છે એવી શાસ્ત્રની મર્યાદા છે, કારણ કે તેને જેને આધાર છે તેનો વિરોધ છે. જે પ્રમાણો જણાવેલાં ધર્મોથી આર્ષ જ્ઞાન થયું તે

८६३ मूलविरोधे आर्षज्ञानमप्रमाणमिति शास्त्रमर्यादा, उपजीव्यविरोधात्। यथा प्रमाणबोधितधर्मैरेवमार्षज्ञानं वृत्तमिति प्रमाणविरोधेन निरूपितानि सांख्यादिमतान्यप्रमाणानि। एवं भगवदनुभावकृपाव्यतिरेकेण प्रमेयबलं विना आर्षज्ञानं न भवतीति, तेन ज्ञानेन भगवति दोषदर्शनं स्वजन्मनि मातृव्यभिचारदर्शनमिव सर्वथा बाधितविषयत्वादुपेक्ष्यम्॥ १०-७४-३०

८६४ अयमवतारः नावतारान्तरवत् केनचिदंशेन, अज्ञानशक्तिसहितो वा किं तु साक्षात्पुरुषोत्तमस्यैव पूर्णशक्तिमतः।....पारिजातहरणगोवर्द्धनोद्धरणकालीयदमनादीनि पामराणामपि माहात्म्यज्ञापकानि भगवच्चरित्राणि सन्ति। अतः सर्वथाऽस्मिन्नवतारे केनाप्यंशेनाज्ञानादिकथनं बाधितविषयमेव॥ १०-७४-३१

८६५ मोक्षदानमेवास्यावतारस्य प्रयोजनम्, अन्यत्तु गौणम्, 'नृणां निःश्रेयसार्थाये' ति वाक्यात्। अन्यथा कामादिभिर्भजने मोक्षो न स्यात्॥ १०-७४-३२

८६६ (आत्मविद्या) महद्विचरणसेवया उत्पन्ना भगवच्चरणसेवया पुष्टा भवति। बीजभावदेहभावयोर्लोके महान् विशेषः। तथा गुरोर्भगवतः सकाशाच्च जायमानज्ञानविशेषः॥ १०-७४-३२

८६७ व्याजेन कृतं धर्मो न भवति॥ १०-७५-१८

૮૬૩. મૂલનો વિરોધ હોય ત્યારે આર્ષજ્ઞાન થયું તેથી પ્રમાણના વિરોધ વડે નિરૂપણ કરેલા સાંખ્ય વિગેરે મતો અપ્રમાણ છે તેમ ભગવાનના પ્રભાવ અને કૃપા વિના, પ્રમેયબલ વિના આર્ષજ્ઞાન થતું નથી તેથી એવા (આર્ષ) જ્ઞાનથી ભગવાનમાં દોષ જોવો તે પોતાના જન્મમાં માતાનો વ્યભિચાર જોવા પેઠે બાધિત વિષયવાળું હોવાથી તેની ઉપેક્ષા કરવી જોઈએ.

૮૬૪. બીજા અવતારો પેઠે આ અવતાર કોઈપણ અંશથી, અથવા અજ્ઞાનશક્તિવાળો નથી, પરંતુ પૂર્ણશક્તિવાળા સાક્ષાત્ પુરુષોત્તમનો જ છે........પામરોને પણ માહાત્મ્યનું ભાન કરાવનાર પારિજાતહરણ ગોવર્ધનોદ્ધરણ, કાલીયદમન વિગેરે ભગવાનનાં ચરિત્રો છે. તેથી આ અવતારમાં કોઈપણ અંશથી અજ્ઞાન વિગેરે કહેવું સર્વથા બાધિત વિષયવાળું (અસંભવિત) જ છે.

૮૬૫. "માણસોના નિઃશ્રેયસ માટે" વાક્યથી મોક્ષદાનજ આ અવતારનું પ્રયોજન છે, બીજું તો (પ્રયોજન) ગૌણ છે. નહિ તો કામ વિગેરેથી ભજન કરવાથી મોક્ષ ન થાય.

૮૬૬. બ્રહ્મ જાણનારના ચરણની સેવાથી ઉત્પન્ન થએલી (આત્મવિદ્યા) ભગવાનના ચરણની સેવાથી પુષ્ટ થાય છે. લોકમાં બીજભાવ અને દેહભાવમાં મોટો ભેદ છે. તેવો ગુરુથી અને ભગવાનથી ઉત્પન્ન થતાં જ્ઞાનમાં ભેદ છે.

૮૬૭. બહાનાથી કરેલ (કર્મ) ધર્મ થતું નથી.

८६८ ब्राह्मणाभ्यनुज्ञाव्यतिरेकेण तीर्थपूर्त्यभावः ॥ १०–७५–१८

૮૬૮. બ્રાહ્મણની મંજુરી વિના તીર્થ પૂર્તિ થતી નથી.

८६९ विद्या गुणोत्पादिकाऽऽश्रयदोषाभावे भवति । तत्राजितेन्द्रियत्वं महानाश्रयदोषः ।....अविनीतस्य विद्या निर्वीर्या इति न गुणजननसामर्थ्यम् ॥ १०–७५–२६

૮૬૯. આશ્રયમાં દોષ ન હોય તો વિદ્યા ગુણ ઉત્પન્ન કરનારો થાય છે. અજિતેંદ્રિયપણું એ આશ્રયનો મોટો દોષ છે....વિનયહીનની વિદ્યા વીર્યવિનાની હોઇ ગુણ ઉત્પન્ન કરવાના સામર્થ્ય વિનાની છે.

८७० अधर्मकारिभ्योऽपि धर्मध्वजिनो दुष्टा अन्यानपि नाशयन्तीति ॥ १०–७५–२७

૮૭૦. અધર્મ કરનાર કરતાં પણ ધર્મધ્વજવાળા દુષ્ટ છે. કારણ કે તેઓ બીજાઓનો પણ નાશ કરે છે.

८७१ यद्यपि ब्राह्मणानां कृतिः अन्यथापि भवेत् तथापि वाक् मृषा भवितुं नार्हति ॥ १०–७५–३०

૮૭૧. બ્રાહ્મણોની કૃતિ ખોટી પણ થાય તો પણ વાણી ખોટી પડે તેવી હોતી નથી.

८७२ केवलगयाभिगमनं जीवत्पितृकस्य निषिद्धं, यात्रायां तु न निषिद्धम् ॥ १०–७६–११

૮૭૨. જેના પિતા જીવતા હોય તેણે માત્ર ગયા જવું એ નિષિદ્ધ છે, પરંતુ યાત્રામાં (ગયા જવું) નિષિદ્ધ નથી.

८७३ ( पुण्यश्लोकस्य ) यदैकं चरित्रं श्रुतं तदा यावान् रसः तदपेक्षया द्वितीयचरित्रश्रवणे शतगुणः । ततस्तृतीयेऽपि ततः शतगुणाधिक्यम् । एवमुत्तरोत्तरं श्रोतृणां रसाधिक्यमनुभवसिद्धम् ॥ १०–७७–२

૮૭૩. (પુણ્યશ્લોકના) જ્યારે એક ચરિત્રનું શ્રવણ થાય ત્યારે જેટલો રસ આવે તે કરતાં બીજા ચરિત્રનાં શ્રવણમાં સો ગણો રસ આવે છે. પછી ત્રીજા (ચરિત્રના શ્રવણ)માં પણ તેનાથી (બીજાથી સો ગણો વધારે (રસ આવે છે).

८७४ सर्वथा अवसादे ईश्वरोपसर्पणं विहितम् ॥ १०–७७–४

૮૭૪. સર્વથા નાશ (હોય) ત્યારે ઇશ્વર પાસે જવું એ વિહિત છે.

८७५ रिक्तहस्तो न पश्येत ॥ १०–७७–१३

૮૭૫. ખાલી હાથવાળાએ દર્શન ન કરવાં

८७६ विद्या हि वेधन्यायेन गुरौ स्थिता, अतिमन्थनात् प्रादुर्भूता शिष्ये समायाति । तत्र मंथनस्थानीया परमा दया ॥ १०–७७–४०

૮૭૬. વિદ્યા વેધન્યાયથી (ઉંડી) ગુરુમાં રહેલી છે, બહુ મંથન કરવાથી પ્રકટ થઈ શિષ્યમાં આવે છે. તેમાં મંથન સ્થાને પરમ દયા છે.

८७७ 'द्रव्यसंस्कारविरोधे द्रव्यं बलीयान्' इतिन्यायेन शरीरव्रतयोर्विरोधे शरीरमेवादरणीयम् ॥ १०–७७–४०

૮૭૭. દ્રવ્ય અને સંસ્કારનો વિરોધ (હોય) ત્યાં દ્રવ્ય બળવાન છે એ ન્યાયે શરીર અને વ્રતનો વિરોધ (હોય) ત્યાં શરીરનો આદર કરવો જોઈએ.

८७८ मदर्थे संपाद्य स्वाधिकारानुसारेण यत्र कश्चिन्निवेदयतु, तत्रैवाहं भक्षयामि ।.... तत्स्थानादुद्धरणप्रभृति मत्समीपानयनपर्यन्तं स्नेहस्य अविच्छेदोऽपेक्ष्यते ॥ १०–७८–४

૮૭૮. મારા માટે પ્રાપ્ત કરી પોતાના અધિકાર પ્રમાણે ગમે તે સ્થળે મને નિવેદન કરે ત્યાંજ હું ભક્ષણ કરું છું.... તે સ્થાનમાંથી આણવાથી આરંભી મારી પાસે લાવવા પર્યંત એક ધારા (અવિચ્છિન્ન) સ્નેહની અપેક્ષા છે.

८७९ धनेनावश्यं मदो भवेत् । मदेन च विस्मृतात्मा मां सुतरामेव न स्मरेत् । ततः स्मरणाभावे सर्वनाशः ॥ १०–७८–२०

૮૭૯. ધનથી અવશ્ય મદ થાય. મદથી આત્માનું વિસ્મરણ થતાં મારું સ્મરણ તદ્દન જાય. પછી વિસ્મરણ થતાં સર્વનાશ થાય.

८८० स (भगवान्) हि महानुभावः, तत्सेवकसेवकेष्वपि न संसारादिधर्मा भवन्तीति ॥ १०–७८–३६

૮૮૦. તે (ભગવાન) એવા મોટા પ્રભાવવાળા છે (કે) તેમના સેવકોના સેવકોમાં પણ સંસાર વિગેરેના ધર્મો હોતા નથી.

८८१ तीर्थमपि गृहं चेत्तदा न फलति ॥ १०–७८–३६

૮૮૧. તીર્થ પણ જો ઘર (નિવાસસ્થાન) હોય તો ફલ આપતું નથી.

८८२ दानाभावे स्नानं विफलं स्यात् ॥ १०–७९–११

૮૮૨. (તીર્થમાં) દાન ન કરે તો સ્નાન વિફલ થાય.

८८३ परस्वेति असद्बुद्धिः सतां कदापि न भवति ॥ १०–७९–३९

૮૮૩. સંતોને "પોતાનું" "પારકું" એવી અસદ્બુદ્ધિ કોઈ પણ સમયે થતી નથી.

८८४ मयि भक्तिः शास्त्रीया, आन्तरप्रेमसहिता सेवादिः, इन्द्रियाणामहमहमिकया स्वाभाविकी वृत्तिर्वा अमृतत्वाय मोक्षाय भूतानामिति, नात्रान्तराधिकारभेदो वक्तव्यः । यथा मर्यादायां ब्राह्मण एव मुच्यत इति, न तथा भक्तिमार्गे कल्प्यते इति असहार्थः । भक्तिमोक्षं

૮૮૪. મારામાં (ભગવાનમાં) શાસ્ત્રીય ભક્તિ, અથવા અંદરના પ્રેમસહિત સેવા વિગેરે, અથવા ઇંદ્રિયોની 'હું પહેલી, હું પહેલી' એવી સ્વાભાવિક વૃત્તિ પ્રાણીઓને અમૃતત્વ અથવા મોક્ષ (અપાવનારી છે). અહિં અંદરના અધિકારનો ભેદ જોવાનો નથી. જેમ મર્યાદામાં

दातुं समर्था, न तु ज्ञानमिव कर्मापेक्षतेऽन्तः करणशुद्धिं वा ॥ १०-७९-४५

પ્રાણાયુનેજ મોક્ષ મળે છે તેવું ભક્તિમાર્ગમાં નથી. તેથી સહાય વિનાનીજ ભક્તિ મોક્ષ આપવા સમર્થ છે, પણ જેમ જ્ઞાનને કર્મ અથવા અંતઃકરણની શુદ્ધિની અપેક્ષા છે તેમ (ભક્તિને કોઈની અપેક્ષા) નથી.

८८५ परमानंदस्य तव चरणौ भक्तिमार्गप्रवर्तकः ।....भक्तिमार्गस्यायं सिद्धान्तः । ब्रह्मानंदः स्वेच्छया वस्त्रमिव संकुचितात्मा, शतगुणित इव घनीभूतः, परिणतदधिवदन्यूनः आनंदघनो भवति तदात्मको भगवच्चरणः । स यदा भक्तिमार्गेण गृहीतो भवति तदा भगवद्भक्तानां कायवाङ्मनोभिः दृढं गृहीतः रसात्मकत्वाद्भक्तानामानंदरूपं स्रवति स भक्तिरस उच्यते सोऽपि शब्दब्रह्मणि भगवताऽऽदावुद्धृतः घटोद्धृतजलमिव महतां श्रवणस्मरणकीर्तनादिभिः इन्द्रियाघातैः तच्छिद्रद्वारा सरसो हृदि विनिविशति । स तु भक्तिरसापेक्षयापि पुनः भक्तेन्द्रियैः पावितत्वात् निर्गलितः ततोऽप्यधिकरसः । एवं सति यदायदा वारंवारं भगवद्गुणान् कीर्तयति चरणारविंदमकरंदरूपान् भक्तिमार्गानुसारेण गूढार्थरूपान् तदा महन्मनस्तः महन्मनसि स्थित्वा मुखनिस्सृतो भवति कदाचिदिति ॥ १०-८०-३

૮૮૫. આપ પરમાનંદનો ચરણ ભક્તિમાર્ગનો પ્રવર્તક છે....ભક્તિમાર્ગનો આ (નીચેનો) સિદ્ધાંત છે. બ્રહ્માનંદ સ્વેચ્છાથી વસ્ત્રની પેઠે સંકોચાએલો, એકસો ગણો હોય તેવો ઘન (જાડો) થએલો પરિણામ પામેલા દહીં પેઠે ઘટ્યા વિનાનો આનંદઘન છે. ભગવાનનો ચરણ તેનો (થએલો) છે. તે (ચરણ) જ્યારે ભક્તિમાર્ગ પ્રમાણે ગ્રહણ કરવામાં આવે ત્યારે ભગવાનના ભક્તોની કાયા વાણી અને મનથી દઢ ગ્રહણ થએલ (ચરણ) રસાત્મક હોઈ ભક્તોના આનંદનું સ્રવણ કરે છે તે ભક્તિરસ કહેવાય છે. તેને પણ પ્રથમ ભગવાને શબ્દબ્રહ્મમાં ઘટમાં લીધેલા જલ પેઠે લીધેલો તે મોટાઓના શ્રવણ સ્મરણ કીર્તન વિગેરેથી ઇંદ્રિયોના આઘાતથી તે છિદ્રદ્વારા રસસહિત હૃદયમાં પ્રવેશ કરે છે. ભક્તોની ઇંદ્રિયોથી પુનઃ પવિત્ર થઈ તે નીકળતો હોવાથી ભક્તિરસ કરતાં પણ તે અધિકરસવાળો છે. આમ હોવાથી ચરણારવિંદના મકરંદરૂપ ભક્તિમાર્ગ પ્રમાણે ગૂઢાર્થરૂપ ભગવાનના ગુણોનું તે જ્યારે વારંવાર કીર્તન કરે છે ત્યારે મોટાના મનમાંથી મોટાના મનમાં રહી કોઈવાર મુખમાંથી (બહાર) નીકળે છે.

८८६ अर्चनात्मा रुक्मिणी स्यात् श्रवणं

૮૮૬. રુક્મિણી અર્ચનરૂપ છે. તેના

तदनंतरा ( सत्यभामा ) । सर्वपापक्षयः पूर्वं यस्मादत्र निरूप्यते । एकान्ते च प्रदत्तेति तृतीया (जा.) स्मृतिरुच्यते । चतुर्थ्येव चतुर्थी स्याद् द्वितीया पंचमी (मि. ) मता । सर्वान् बल्वतो दुष्टान् विनिवार्यैव कोर्तयेत् । षष्ठी तु सप्तमी प्रोक्ता सप्तमी (भ०) तद्विपर्यया । नमने पादसंस्पर्शः प्रतिवारं भवेदिति । सख्यरूपा त्वष्टमीयं (ल०) महता विनिरूप्यते ॥ १०–८०–१६

८८७ स एव सख्यं प्राप्नोति यस्य जन्मप्रभृति जन्मान्तरेषु वा भगवत्येव चित्तं भवति ॥ १०–८०–१७

८८८ नरनारायणयोरेतावदन्तरम् । शक्तिद्वयमेकस्य पूर्णम् । अपरस्यैका कथंचिदिति ॥ १०–८०–२४

८८९ अद्भुता भगवल्लीला निरोधः फलसूचकः । फलं स्वफलतासिद्ध्यै किमाश्चर्यमतः परम् ॥ १०–८१–१

८९० यथा गंगा तदधिष्ठातृदेवतयोरन्तरं एवं आत्मपरमात्मनोर्वैलक्षण्यं । यथा जले दृष्टेऽपि गंगादेवता न दृष्टा भवति, जलाच्च तिरोधत्ते तद्वत् ॥ १०–८१–२२

८९१ ऋषयस्तु शास्त्रादिना संजात-

પછીની (સત્યભામા) શ્રવણ છે કારણ કે આના સંબંધમાં સર્વ પાપના ક્ષયનું નિરૂપણ પ્રથમ કરેલું છે. ત્રીજી (જામ્બવતી) એકાંતમાં આપેલી હોવાથી સ્મૃતિ (સ્મરણભક્તિ) કહેવાય છે, ચોથી (કાલિંદી) ચોથીજ (પાદસેવનભક્તિ) છે. પાંચમી (મિત્રવિંદા) બીજી (કીર્તનભક્તિ) છે. ઘણા દુષ્ટ સર્વને રોકીનેજ કીર્તન કરે છે છઠ્ઠી (નાગ્નજીતી) સાતમી (દાસ્યભક્તિ) છે, સાતમી (ભદ્રા) તેથી ઉલટી (છઠ્ઠી વંદન ભક્તિ) છે, કારણકે નમન કરતાં વારંવાર પાદસ્પર્શ થાય છે. આ આઠમી (લક્ષ્મણા)ને મોટાએ સખ્યરૂપા વર્ણવેલી છે. સંવર્ણવી

૮૮૭. જેનું જન્મથી આરંભી અથવા બીજા જન્મોમાં પણ ભગવાનમાંજ ચિત્ત હોય તેજ સખ્ય પ્રાપ્ત કરે છે.

૮૮૮. નર અને નારાયણમાં આટલો ભેદ છે. એકમાં (નારાયણમાં) બંને શક્તિઓ પૂર્ણ છે, બીજામાં એક કાંઈક છે.

૮૮૯. ભગવાનની લીલા અદ્ભુત છે. નિરોધ ફલ સૂચવે છે, પણ ફલ અફલતા પ્રાપ્ત કરાવે છે. આથી વધારે શું આશ્ચર્યકારક હોય?

૮૯૦. જેમ ગંગા અને તેના અધિષ્ઠાત્રી દેવતામાં ભેદ છે તેમ આત્મા અને પરમાત્મામાં ભેદ છે. જેમ જલ જોવામાં આવે તો પણ ગંગાદેવતા દેખાતી નથી, અને જલમાંથી તિરોહિત થાય છે તેવી રીતે (ભગવાન સર્વત્ર હોવા છતાં તિરોહિત રહે છે).

૮૯૧. ઋષિઓને તો શાસ્ત્ર વિગેરેથી

ज्ञानाः, तथापि छिन्नग्रथितपटवत् न तज्ज्ञान मुत्कृष्टं । भगवतस्तु ज्ञानस्य न कदाचिदपि छेदः ॥ १०–८१–२२

८९२ एवं प्रकारत्रयेण यज्ञकरणमुपदिष्टं, कर्मनिर्हारार्थम्, ईषणापरित्यागार्थम्, ऋणापाकरणार्थञ्चेति ॥ १०–८१–४०

८९३ यादवा वैदिकधर्मेन प्रशस्ताः ॥ १०–८१–४३

॥ अथ गुणप्रकरणम् ॥

८९४ ऐश्वर्यं लोकवेदातिशायि। स ईश्वरः योऽलौकिकं करोति यो वा वेदस्याप्यशक्यं करोति ॥ १०–८२–१

८९५ भगवानप्यप्यविकृतः देवकीगृहे प्रादुर्भूतः तत्रत्यमायां दूरीकृत्य जातो निश्चल एव। ततः प्रदेशान्तरगमने पूर्वस्थाने माया संवृत्ता स्थलान्तरस्थाऽपगतेति प्रतिक्षणं रूपान्तराणि भवन्तीतोपि देहग्रहणपरित्यागौ। इयांस्तु विशेषः। उपाधिवशात्तस्य (आकाशस्य) देहग्रहणं, भगवतस्तु मायायवनिकापगमादिति ॥ १०–८२–२०

८९६ (वीर्याणि) सन्तीति, सदा सन्तीति नित्यानीत्यर्थः ॥ १०–८२–५८

८९७ एवं विघ्ननिवृत्तिमारभ्य भगवत्स्वरूपप्राप्तिपर्यन्तं भगवद्वीर्यश्रवणफलान्युक्तानि



જ્ઞાન થાય છે તો પણ ફાડીને સાંધેલા કપડાં પેઠે તે જ્ઞાન ઉત્તમ નથી, પણ ભગવાનના જ્ઞાનમાં કદાપિ છેદ થતો નથી.

૮૯૨. આમ ત્રણ પ્રકારે યજ્ઞ કરવાનો ઉપદેશ કરેલો છે (૧) કર્મ ફીટાડવા માટે, (૨) ઈષણા (કામના)ઓના પરિત્યાગ માટે અને (૩) ઋણ મટાડવા માટે.

૮૯૩. યાદવો વૈદિક ધર્મમાં પંકાએલા નથી.

॥ અથ ગુણપ્રકરણમ્ ॥

૮૯૪. (ભગવાનનું) ઐશ્વર્ય લોક અને વેદથી પર છે. જે અલૌકિક કરે છે અથવા વેદથી પણ અશક્ય (કર્મ) કરે છે તે ઈશ્વર.

૮૯૫. ભગવાન પણ દેવકીજીના ઘરમાં અવિકૃત પ્રાદુર્ભાવ પામ્યા; ત્યાં રહેલી માયાને દૂર કરી નિશ્ચલજ ઉત્પન્ન થયા. પછી બીજા પ્રદેશમાં જવા માટે પૂર્વ સ્થાનમાં માયા ઢાંકી દઈ બીજા સ્થાનમાં દૂર કરી એટલે ક્ષણેક્ષણે જૂદાં જૂદાં રૂપો થાય છે એટલે તેથી પણ દેહનું ગ્રહણ અને પરિત્યાગ થાય છે. તે (આકાશ) ઉપાધિને લીધે દેહ ગ્રહણ કરે છે, પણ ભગવાન માયાનો પડદો દૂર કરીને (દેહ ગ્રહણ કરે છે) એટલો ભેદ છે.

૮૯૬. (વીર્યો) છે એટલે સદા છે એટલે નિત્ય છે એવો અર્થ છે.

૮૯૭. આવી રીતે વિઘ્નનિવૃત્તિથી આરંભી ભગવત્સ્વરૂપપ્રાપ્તિ સુધી

भगवत ऐश्वर्यं स्थापयन्ति। यतो भगवान् कृष्णः सर्वेश्वर इति स्थितम्॥ १०-८२-५९

८९८ सुवर्णशृंखलावत्सात्त्विकमपि गृहमन्धप्रायमेव ॥ १०-८३-४२

८९९ मतांतरोक्तिरेषा हि सिद्धान्ते वैदिके तथा। अनन्तगुणपूर्णो हि हरिर्ब्रह्मश्रुतिस्तथा। त्रयमेकं स्वशक्तिं हि त्रेधा स्वस्मिन्निधाय हि। फलप्रमेयमानत्वं सच्चिदानंदतां गतम्॥ १०-८४-१

९०० उपनिषच्छब्देन च ब्रह्मविद्या निरूप्यते। उपोपसर्गः सामीप्ये। त्रिविधस्य सदर्थस्य निशब्दोऽपि विशेषणं। षद्लृ विशरणगत्यवसादनेषु इत्यनुशासनात्। जीवात्मानं परब्रह्मनयनार्थं पूर्वभावाद्विशीर्णं कृत्वा, ततः संघातात्केवलं उद्धृत्य ब्रह्म प्रापयित्वा तत्रैव तमवसादयतीति। यथा सर्वोऽप्यंशो विशीर्णो भवति, यथा वा सर्वभावेन तं प्राप्नोति यथा वा कदाचिदपि ततो न निवर्तत इति निशब्दार्थः।....सर्वे संदेहा उपनिषदर्थविचारेणैव निराकर्तव्या इति सिद्धान्तः॥ १०-८४-४

९०१ तयश्च प्रथमनिश्वासान्निर्गता इति केचित्। तद् दृष्टान्तादिना विरुध्यते॥ १०-८४-१३

९०२ ब्रह्मविदां सर्वे व्यवहारा ब्रह्मपरा एवेति न केनापि कर्मणा तेषां लोपः॥ १०-८४-१५

ભગવાનના વીર્યનાં કહેલાં છે. તે ભગવાનના ઐશ્વર્યનું સ્થાપન કરે છે. તેથી ભગવાન શ્રીકૃષ્ણ સર્વેશ્વર છે એમ સિદ્ધ છે.

૮૯૮. સુવર્ણની સાંકળ પેઠે સાત્ત્વિક પણ ઘર અંધ જેવું જ છે.

૮૯૯. આ મતાંતર કહેલ છે.(શ્રુતિગીતા) વૈદિક સિદ્ધાંતમાં સચ્ચિદાનંદ થએલું એકજ પોતાની શક્તિને ત્રણ પ્રકારે પોતામાં રાખી (૧) અનંત ગુણોથી પૂર્ણ હરિ, (૨) બ્રહ્મ અને (૩) શ્રુતિ ત્રણ થયું અને ફલ, પ્રમેય અને પ્રમાણ બન્યું.

૯૦૦. 'ઉપનિષદ્' શબ્દથી બ્રહ્મવિદ્યાનું નિરૂપણ કરેલું છે. 'ઉપ' ઉપસર્ગ સામીપ્યના અર્થમાં છે. " ષદ્ધાતુ શરણ, ગતિ અને અવસાદન ત્રણ અર્થમાં છે " સૂત્ર પ્રમાણે ત્રણ પ્રકારના "સત્"ના અર્થનું 'નિ' વિશેષણ છે. (૧) જીવાત્માને પરબ્રહ્મ પાસે લઈ જવા તેના પૂર્વભાવથી છુટો કરી, (૨) પછી સંઘાતમાંથી કેવલ (જીવાત્માનો)નો ઉદ્ધાર કરી તેને બ્રહ્મની પ્રાપ્તિ કરાવી (૩) તેમાં જ તેનો લય એવી રીતે કરાવે છે કે તેમાંથી કદાપિ પાછો ન ફરે એવો 'નિ' શબ્દનો અર્થ છે....ઉપનિષદોના અર્થના વિચારથી જ સર્વે સંદેહોનું નિરાકરણ કરવું એવો સિદ્ધાન્ત છે.

૯૦૧. શ્રુતિઓ પ્રથમ નિઃશ્વાસમાંથી નીકળેલ છે એમ કેટલાક (કહે છે) તે દૃષ્ટાંત વિગેરેથી વિરુદ્ધ છે.

૯૦૨. બ્રહ્મ જાણનારાઓના સર્વે વ્યવહારો બ્રહ્મપરાયણ જ છે તેથી કોઇપણ કર્મથી તેઓનો લોપ (થતો) નથી.

---

કે જેની સર્વ સંશને ક્ષય થાય, અથવા સર્વભાવે તેને પ્રાપ્ત કરે અથવા તે

९७३ येऽविद्यावन्तस्तानेवोदिश्य श्रुतिः शमादिकं विधत्ते, न तु सूरीन्। अतः सूरयः परमानंदरूपं साधनं गृहीत्वा साधनदशायामेव कृतार्थाः सन्तः दुःखसाधनेभ्यो निवर्तन्ते ॥ १०-८४-१६

૯૦૩. જેઓ અવિદ્યાવાળા છે તેમનેજ ઉદ્દેશી શ્રુતિ શમ વિગેરે સાધનોનું વિધાન કરે છે, પરંતુ સૂરિને (ઉદ્દેશી કરતી) નથી. તેથી સૂરિઓ પરમાનંદરૂપ સાધન ગ્રહણ કરી, સાધનદશામાં જ કૃતાર્થ થઈ, દુઃખવાળાં સાધનોથી નિવૃત્ત થાય છે.

९०४ कृतघ्ने नास्ति निष्कृतिः ॥ १०-८४-१७

૯૦૪. કૃતઘ્નની નિષ્કૃતિ નથી.

९०५ भगवच्छेषतया देवतान्तरभजने न कोऽपि दोषः ॥ १०-८४-१७

૯૦૫. ભગવાનના અંગ તરીકે બીજા દેવોને ભજવામાં કાંઈ દોષ નથી.

९०६ आनंदार्थमेव जीवस्य प्रवृत्तिः, आनंदश्च भगवत्येवास्ति नान्यत्र ।........यत्र जीवानामेवानंदस्तिरोहितः तत्र जडानामानंदगंधोऽपि नास्ति । परं मरीचिकावत् अत्यन्तनिर्जलभूमौ यथा जलप्रतीतिर्भ्रान्तानां एवं स्रक्चन्दनादिष्वपि आनन्दोऽस्तीति भ्राम्यति लोकः। सर्वो हि स्वस्मिन् विद्यमानं प्रयच्छति, न त्वविद्यमानम् ।अतःपंडिता इममर्थं ज्ञात्वा भगवत एवांघ्रिमुपासते आनंदनिधिम् ।.... वेदोक्त्यापि भगवच्चरणारविंदादन्यत्र नानन्दः। गुप्तानन्दा यतो जीवा निरानंदं जगद्यतः। पूर्णानन्दो हरिस्तस्माज्जीवैः सेव्यःसुखार्थिभिः ॥ १०-८४-२०

૯૦૬. જીવની પ્રવૃત્તિ આનંદ માટેજ છે, અને આનંદ ભગવાનમાં જ છે, બીજે ક્યાંય નથી....જીવનો જ આનંદ તિરોહિત છે તો જડોમાં તો આનંદની ગંધ પણ નથી. છતાં ઝાંઝવા પેઠે જેમ અત્યંત જલરહિત ભૂમિમાં ભ્રાંતોને જલની પ્રતીતિ થાય છે તેમ માલા, ચંદન વિગેરેમાં પણ આનંદ છે એમ લોક ભૂલે છે. સર્વ પોતાની અંદર હોય તે આપે છે પણ ન હોય તે આપતું નથી. તેથી પંડિતો આ અર્થને જાણી આનંદના નિધિ ભગવાનના જ ચરણની સેવા કરે છે....વેદોક્તિ પ્રમાણે પણ ભગવાનના ચરણારવિંદથી બીજે આનંદ નથી.

જીવો ગુપ્ત આનંદવાળા છે, જગત આનંદ વિનાનું છે. હરિ પૂર્ણ આનંદવાળા છે તેથી સુખ ઇચ્છનાર જીવોએ (હરિ) સેવા કરવા યોગ્ય છે.

९०७ तेषां (ब्रह्मादेवतानां) अपि सकृदपि संगे भगवद्भजनं नश्यति ।....असत्संगो न कर्तव्यो भक्तिमार्गस्य बाधकः ॥ १०-८४-२२

૯૦૭. તેઓના (બ્રહ્મા દેવતાઓના) પણ એકવારના પણ સંગથી ભગવદ્ભજનનો નાશ થાય છે....અસત્‌નો સંગ ન કરવો. તે ભક્તિમાર્ગનો બાધક છે.

९०८ भगवति प्रमेयबलमेव मुख्यं न प्रमाणबलम् ॥ १०-८४-२३

९०९ इहास्मिन् संसारे को वा भगवन्तं जानाति, यतो वयं (श्रुतयो)ऽपि न जानीमः ॥ १०-८४-२३

९१० स्म प्रसिद्धया आर्ताः स्मार्तशब्द-वाच्याः ॥ १०-८४-२५

९११ भगवतः....सेवामात्रेणैव मृत्यो-र्जयो भवति ।....सर्वस्यापि द्वयमभीष्टं दुःख-हानिः सुखावाप्तिश्चेति । तत्र सुखं भगवतैव सिद्ध्यति नान्यथा ।....दुःखहानिरपि भगव-त्सेवयैव नान्यथा ॥ १०-८४-२७

९१२ बहिर्मुखानां सेवा निवारिता ॥ १०-८४-२७

९१३ भगवान् सृष्ट्यादौ कालं मायां च सृष्टवान् । ये मायया मुग्धा भविष्यन्ति तान् कालो ग्रसिष्यति । ये तु लोकान् भगवन्माया-ग्रस्तान् ततः कालेन ग्रस्तानालोक्य, मायापगमे निस्तारे च भगवद्भजनमेव गतिरिति ये भग-वन्तं सेवन्ते तेषां पुनर्मायामोहः सर्वथा संग-च्छते । ततः कालग्रासभावोऽपि सिद्धः । यदि कथंचिद्भक्तिमार्गे विषयाणां विद्यमानत्वात् कदा-चिन्मोहः स्यादपि तथापि कालग्रासो न भवेत् ॥ नृणां दुर्गतिमालोक्य ये सेवन्ते दृढव्रताः । कृष्णं तद् भ्रुकुटिः कालो न तान् हन्ति कदा-चन । १०-८४-२२

૯૦૮. ભગવાનમાં પ્રમેયબલ જ મુખ્ય છે, પ્રમાણબલ (મુખ્ય) નથી.

૯૦૯ અહિં આ સંસારમાં ભગવાનને કોણ જાણે છે? કારણ કે અમે (શ્રુતિઓ) પણ જાણતાં નથી.

૯૧૦. 'સ્મ' એટલે પ્રસિદ્ધિથી "આર્ત" એટલે દુઃખી તે સ્માર્ત શબ્દથી ઓળખાય છે.

૯૧૧. ભગવાનની માત્ર સેવાથી મૃત્યુને જીતાય છે....સર્વને પણ બે ઇષ્ટ છે, દુઃખનો નાશ અને સુખની પ્રાપ્તિ તેમાં સુખ ભગવાનથી જ સિદ્ધ થાય છે, બીજી રીતે થતું નથી....દુઃખનો નાશ પણ ભગવાનની સેવાથી જ થાય છે, બીજી રીતે થતો નથી.

૯૧૨. બહિર્મુખોને સેવાથી દૂર રાખેલા છે.

૯૧૩. ભગવાને સૃષ્ટિના આરંભમાં કાલ અને માયા રચ્યાં. જે માયાથી મુગ્ધ થશે તેનું કાલ ભક્ષણ કરશે, પણ જેઓ લોકોને ભગવાનની માયાએ ગળેલા (અને) પછી કાલે ભક્ષણ કરેલા જોઈ, માયા દૂર કરવા અને મોક્ષ (પ્રાપ્ત કરવા) ભગવાનનું ભજનજ ગતિ છે એમ (જાણી), ભગવાનની સેવા કરે છે, તેઓનો મોહ તદ્દન જાય છે એટલે કાલ તેઓનું ભક્ષણ કરતો નથી. ભક્તિમાર્ગમાં વિષયો હોવાથી કોઈ રીતે કોઈ પણ વખતે જો મોહ થાય પણ (ખરો), તો પણ કાલ ભક્ષણ કરતો નથી........માણસોની દુષ્ટ ગતિ જોઈ, જેઓ દ્રઢવ્રતવાળા થઈ શ્રીકૃષ્ણને ભજે છે તેમને તેમની (શ્રીકૃષ્ણની) ભ્રૂકુટિ કાલ કોઈ પણ સમયે હણતો નથી.

९१४ ये गुरूपदेशादिना त्वयि सकृदपि मनो दधति, यथा कामिनां स्त्रीविशेषे सकृच्चित्तं तत्सर्वथा अननुभूय न निवर्तते, तथा स्नेहे जाते भगवद्रसाभिनिवेशो यदा भगवति चित्तं भवति, तादृशः कदाचिदपि गृहं न सेवते। अदृष्टपूर्वः सेवेतापि, दृष्टपूर्वस्तु न सेवत एव॥ १०-८४-३५

९१५ न हि काष्ठे वह्निरस्ति इति शीतनिवृत्त्यर्थं मोहार्थं वा काष्ठं सेव्यते। तस्माद्-प्रकटस्वरूपाः सर्वथैव न सेव्याः॥ १०-८४-३९

९१६ (परब्रह्मणि) श्रुतय एव प्रमाणं पर्यवसानवृत्त्या, न तु वाच्यवृत्त्या॥ १०-८४-४१

९१७ भगवानेव सेव्य एवेति च। एतावानेव श्रुतिगीतार्थः॥ १०-८४-४२

९१८ शिवादिसर्वदेवानां दातृत्वमविचारतः। विचारेण तु दातृत्वं कृष्णस्यैव विशेषतः। अविचारितदानेन स्वयं दातापि नश्यति। संप्रदानस्य का वार्ता तस्माच्छ्रीशो न तत्प्रदः। दुष्टैव श्रीरन्यगता शुद्धा कृष्णैकतत्परा। कृष्णमेव ततो वाञ्छेत श्रियं बुद्धिमान् क्वचित्॥ १०-८५-९

૯૧૪. જે ગુરુના ઉપદેશ વિગેરેથી આપનામાં (ભગવાનમાં) એકવાર પણ મન રાખે છે, જેમ કામીઓ અમુક સ્ત્રીમાં એકવાર ચિત્ત (કરે) તે સર્વથા અનુભવ કર્યા વિના પાછું ફરતું નથી તેમ સ્નેહ થતાં ભગવદ્રસમાં પ્રવેશ થતાં જ્યારે જેનું ભગવાનમાં ચિત્ત થાય છે તેવો કોઈ પણ સમયે ઘરે રહેતો નથી. જેણે પ્રથમ (ભગવદ્રસનો) અનુભવ ન કર્યો હોય તે (ઘેર) રહે પણ ખરો, પણ જેણે પહેલાં અનુભવ કર્યો છે તે નથી જ રહેતો.

૯૧૫. કાષ્ઠમાં અગ્નિ છે તેથી ટાઢ ઉડાડવા અથવા મોહ માટે કાષ્ઠનો આશ્રય કોઈ કરતું નથી. તેથી જેમાં ભગવાનનું સ્વરૂપ પ્રકટ નથી તે સેવા કરવા યોગ્ય નથી.

૯૧૬. શ્રુતિઓજ (ભગવાન વિષે) પર્યવસાનવૃત્તિથી પ્રમાણ છે, પણ વાચ્યવૃત્તિથી નથી.

૯૧૭. ભગવાન જ સેવા કરવા યોગ્ય જ છે એ અને એટલોજ શ્રુતિગીતાનો અર્થ છે.

૯૧૮. શિવ વિગેરે સર્વ દેવો વિચાર વિના દાન કરનાર છે. પણ ખાસ કરીને વિચારીને દાન કરનાર શ્રીકૃષ્ણ જ છે. વિચાર વિનાના દાનથી દાતાનો પોતાનો પણ નાશ થાય છે તોપછી સંપ્રદાન (દાન, જેને દાન આપ્યું હોય તે?) ની શી વાત કરવી? તેથી શ્રીના પતિ તેવું દાન કરતા નથી. શ્રીકૃષ્ણને જ પરાયણ લક્ષ્મી શુદ્ધ છે, બીજા પાસે ગએલી દુષ્ટ જ છે. તેથી બુદ્ધિમાને શ્રીકૃષ્ણની જ વાંછના કરવી, કોઈ સ્થલે લક્ષ્મીની વાંછના કરવી નહિ.

९१९ शापप्रसादयोः ब्रह्मशिवादयः सर्व एव ईशाः ।....सयः शापप्रसादद: शिवो ब्रह्मा च । ...अच्युतस्तु नैवंविधः । स हि पुरुषस्य स्वरूपं भावि अग्रेकार्यं विचार्यैव शापं वरं वा प्रयच्छति, न त्वन्यथा ॥ १०–८५–१२

९२० भगवद्भजने निपुणा बुद्धिर्नात्यन्तं प्रयोजिका ॥ १०–८६–१८

९२१ भक्त्यैव तुष्टिमभ्येति विष्णुर्नान्येन केनचित् । स एव मुक्तिदाता च भक्तिस्तत्रैव कारणम् ॥ १०–८६–३०

९२२ कुतश्चिदपि श्रुतं भगवच्चरित्रं कार्यं साधयत्येव । फलरूपता तु साधारणानामपि भक्तमुखश्रवणादेव ॥ १०–८६–३१

९२३ अशक्ताः श्रुत्यर्थपरिपालनं मा कुर्वन्तु नाम । शक्ताः कुर्वन्ति ॥ १०–८७–३१

९२४ लक्षं षष्टिः सहस्राणि तथाशीतिर्निरूपिताः । केचित्सहस्रमधिकं प्राहुर्नैतन्मतं सताम् ॥ १०–८७–३२

९२५ कृष्णावतारे यः कश्चन धर्मः मोक्षं दास्यति ॥ १०–८७–४७

९२६ मृत्युस्तावदेव धावति यावदक्षरम् । अक्षरपर्यन्तमेव कालनिरूपणात् ॥ १०–८७–५०

૯૧૯. બ્રહ્મા શિવ વિગેરે સર્વ જ શાપ અને પ્રસાદ કરવા સમર્થ છે....શિવ અને બ્રહ્મા એકદમ શાપ અને વરદાન આપનારા છે....પણ અચ્યુત તેવા નથી. તે પુરુષનું સ્વરૂપ અને ભવિષ્યમાં થનાર કાર્યનો વિચાર કરીને જ શાપ અથવા વરદાન આપે છે, પણ બીજી રીતે (વિચાર કર્યા વિના) આપતા નથી.

૯૨૦. ભગવાનના ભજનમાં નિપુણ બુદ્ધિનું અત્યંત પ્રયોજન નથી.

૯૨૧. ભક્તિથી જ વિષ્ણુ પ્રસન્ન થાય છે, બીજા કોઈ (સાધન)થી (પ્રસન્ન થતા) નથી. તે જ મુક્તિ આપનારા છે અને તેમાં (મુક્તિ પ્રાપ્ત થવામાં) ભક્તિ જ કારણ છે.

૯૨૨. ગમે ત્યાંથી પણ સાંભળેલું ભગવાનનું ચરિત કાર્ય સિદ્ધ કરે છે જ; પણ ભક્તના મુખથી શ્રવણ કરેલું જ સાધારણોને પણ ફલરૂપ થાય છે.

૯૨૩. અશક્તિવાળા શ્રુતિના અર્થનું પરિપાલન ભલે ન કરે. શક્તિવાળા કરે છે.

૯૨૪. એક લાખ સાઠ હજાર અને એંશી (ભગવાનના પુત્રો)નું નિરૂપણ કરેલું છે, કેટલાક એક હજાર વધારે કહે છે, તે સત્પુરુષોને માન્ય નથી.

૯૨૫. શ્રીકૃષ્ણના અવતારમાં હરકોઈ ધર્મ (દ્વેષ, રાગ વિગેરે) મોક્ષ આપશે.

૯૨૬. જ્યાંસુધી અક્ષર છે ત્યાંસુધી જ મૃત્યુ દોડે છે; કારણ કે અક્ષર સુધી જ કાલનું નિરૂપણ કરેલું છે.

|| अथैकादशः स्कन्धः ||

९२७ आनन्दमात्रकरपादमुखोदरादेः बुद्धिरपि तादशी इच्छाशक्तिर्वा। सत्यसंकल्पतो विष्णुर्नान्यथा तु करिष्यति। कर्तुमकर्तुमन्यथा-कर्तुं समर्थ ईश्वरः ॥ ११-१-५

૯૨૭. જેના કર, પાદ, મુખ, ઉદર વગેરે આનંદમાત્ર છે તેમની બુદ્ધિ અથવા ઇચ્છાશક્તિ પણ તેવીજ છે....કર્તુમ્, અકર્તુમ્ અને અન્યથાકર્તુમ્ ઈશ્વર વિષ્ણુ સત્યસંકલ્પ હોવાથી અન્યથા કરશે નહિ.

९२८ दक्षशापोऽपि न नारदं स्पृशति, द्वारकायां शापादेरप्रवेशात्। अनेनैतज्ज्ञापितम्, यदि नारदवद्यादवा भगवत्सेवां कुर्युस्तदा शापो नाभिभवेदिति। अतो भगवत्सेवा देवादीनामपि दुर्लभा सर्वानर्थनिवारिका मुक्तानामप्यभिलषिता ॥ ११-२-१

૯૨૮. દ્વારકામાં શાપ વિગેરેનો પ્રવેશ થતો નથી તેથી દક્ષનો શાપ પણ નારદને લાગતો નથી. આથી એમ જણાવેલું છે કે જો નારદની પેઠે યાદવો ભગવાનની સેવા કરત તો શાપ તેમને લાગત નહિ. તેથી ભગવાનની સેવા દેવોને પણ દુર્લભ છે, સર્વ અનર્થનું નિવારણ કરનારી છે અને મુક્તોએ પણ ઈચ્છેલી છે.

९२९ चतुरशीतिलक्षयोनिष्वेका मनुष्ययोनिः।....देहाभिमानस्य तामसत्वाद्राजसमानुषदेहो दुर्लभः।....क्षणेन भंगुरम्, आरम्भणाद्यो न तिष्ठतीति मानुषदेहप्राप्तिः स्वस्य दुर्लभा। दुर्लभेऽपि दुर्लभा भगवत्प्रियप्राप्तिः। तदभावे प्राप्ताऽपि व्यर्थाऽनर्थहेतुश्चेति ॥ ११-२-२९

૯૨૯. ચોરાશી લાખ યોનિમાં એક મનુષ્યયોનિ છે....દેહનું અભિમાન તામસ હોવાથી રાજસ મનુષ્યદેહ દુર્લભ છે.... ક્ષણમાં નાશ થાય તેવા, નાશનો આરંભ થતાં ન રહે તેવા મનુષ્યદેહની પ્રાપ્તિ પોતાને દુર્લભ છે. (તેવા) દુર્લભમાં પણ ભગવાનને પ્રિય (ભક્ત)ની પ્રાપ્તિ દુર્લભ છે. તે ન હોય તો માનુષદેહપ્રાપ્તિ થઈ હોય તો પણ વ્યર્થ છે અને અનર્થનું કારણ છે.

९३० सुगमोपायप्रेप्सोः केनाप्यंशेन च्युतिरहितस्य चरणसेवैवोपाय इति, तदभावे मानुषदेहसत्संगयोर्वैफल्यम् ॥ ११-२-३३

૯૩૦. સહેલાઈથી થઈ શકે તેવા ઉપાય કરવાની ઈચ્છાવાળાને કોઈપણ અંશથી ચ્યુતિરહિત (અચ્યુત ભગવાન)ના ચરણની સેવાજ ઉપાય હોવાથી તે વિના મનુષ્યનો દેહ અને સત્સંગ નકામો છે.

९३१ समीपे स्थित्वा यथायोग्यकरणमुपासना ॥ ११-२-३३

૯૩૧. સમીપમાં રહી યથાયોગ્ય કરવું તે ઉપાસના.

९३२ (भागवत) धर्मेषु सगर्ताकृष्टभूमिवत् त्वरायां साधनपरित्यागे शास्त्रगुरूल्लंघने फलविलंबः फलाभावो वा न भवति ॥ ११-२-३५

૯૩૨. (ભાગવત) ધર્મોમાં રેતીવાળી સપાટભૂમિની પેઠે ત્વરાને લીધે સાધનનો પરિત્યાગ કરવાથી અથવા શાસ્ત્ર અને ગુરુનું ઉલંઘન થવાથી ફલમાં વિલંબ થતો નથી તેમ ફલ ન મળે તેવું થતું નથી.

९३३ ईशो ह्यनन्ययैव सन्तुष्यति ॥ ११-२-३७

૯૩૩. ઈશ્વર અનન્ય (ભક્તિ)થીજ પ્રસન્ન થાય છે.

९३४ श्रीरूपत्वादधृतं रूपमाकृतिः स्त्री निगद्यते । स्वभोगाय तथा दैत्यमोहाय च सदा हि सा (माया) ॥ ११-३-१६

૯૩૪. (માયા) શ્રીરૂપ હોવાથી તેણે ધારણ કરેલ રૂપ અને આકૃતિ 'સ્ત્રી' કહેવાય છે. તે સદા પોતાના (ભગવાનના) ભોગ માટે અને દૈત્યોના મોહ માટે છે.

९३५ तद्धिचिन्तनामारभ्य विनाशावधि-दुःखदम् (धनम्) । मृत्युस्तु सुलभो लोके दुर्लभं धनमेव हि । एवमपि मृत्युरूपम् ॥ ११-३-१९

૯૩૫. તે (ધન) ચિંતનથી આરંભી વિનાશ પર્યંત દુઃખ આપનારૂં છે. મૃત્યુ તો લોકમાં સુલભ છે, પણ ધનજ દુર્લભ છે એમ પણ (ધન) મૃત્યુરૂપ છે.

९३६ मार्गान्तरस्थितो ह्येव बोधको न स्वमार्गगः । प्रपंचितं तत्प्रथमे शुको यथा न नारदः ॥ ११-३-२१

૯૩૬. બીજા માર્ગમાં રહેલો જ બોધ કરનાર છે, પોતાના માર્ગમાં હોય તે નહિ આ પ્રથમ (સ્કંધ) માં કહેલું છે, કે શુક વક્તા છે, નારદ નથી.

९३७ यथा रोगाधिकारे प्रवृत्त आयुर्वेदः तथा संसाराधिकारे वेदः । अतो वैदिककर्मणा स्वाभाविककर्माणि निवर्तन्ते ॥ ११-३-४४

૯૩૭. જેમ રોગનો અધિકાર થાય ત્યાં આયુર્વેદ (ઉપાય છે) તેમ સંસારનો અધિકાર હોય ત્યાં વેદ (ઉપાય છે). તેથી વૈદિક કર્મથી સ્વાભાવિક કર્મો નિવૃત્ત થાય છે

९३८ औदार्याभावे धनं शिलावत् ॥ ११-४-१३

૯૩૮. ઉદારતા વિના ધન શિલા જેવું છે.

९३९ जारजातकस्यैव वेदवेदार्थयोरन्यथाबुद्धिः ॥ ११-४-२२

૯૩૯. જારથી ઉત્પન્ન થએલાની જ વેદ અને વેદાર્થમાં અન્યથાબુદ્ધિ હોય છે.

९४० परीक्षार्थं वेदनिन्दा (बुद्धावतारेण) ॥ ११-४-२२

૯૪૦. (બુદ્ધાવતારે) પરીક્ષામાટે વેદની નિંદા કરેલ છે.

સમાપ્ત